# બ્રહ્મવિદ્યાનો રાજમાર્ગ :


## સ્વામિનારાયણીય સાધના

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

# બ્રહ્મવિદ્યાનો રાજમાર્ગ : સ્વામિનારાયણીય સાધના

**લેખક**
સાધુ બ્રહ્મદર્શનદાસ

**પ્રકાશક**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ**
શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.



## અર્પણ...

જેઓ બ્રહ્મવિદ્યાના ભોમિયા છે,
જેમના પ્રસંગ થકી બ્રહ્મવિદ્યાનાં રહસ્યો સમજાય છે,
જેમની કૃપાથી બ્રહ્મવિદ્યા જીવનમાં આત્મસાત્ થાય છે,
એવા બ્રહ્મવિદ્યાના મૂર્તિમાન સ્વરૂપ પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી
મહારાજનાં ચરણકમળમાં સાષ્ટાંગ પ્રણામ સાથે...

# પ્રસ્તાવના

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ ***વચ. પ્ર. ૭૮***માં કહે છે : *"અક્ષરાતીત ને મન-વાણી થકી પર ને અગોચર એવા જે ભગવાન, તે જ પોતે કૃપા કરીને એમ ધારે છે જે, 'જ્ઞાની અજ્ઞાની એવા જે મૃત્યુલોકનાં મનુષ્ય તે સર્વે મને દેખો,' એમ ધારીને સત્યસંકલ્પ એવા જે ભગવાન, તે કૃપાએ કરીને મૃત્યુલોકનાં સર્વે મનુષ્ય દેખે એવા થાય છે."*

અક્ષરાતીત પુરુષોત્તમ નારાયણ પોતાનો આ સંકલ્પ સત્ય કરવા પૃથ્વી પર પ્રગટ થાય છે ત્યારે તેઓ એકલા નથી પધારતા. શ્રીજીમહારાજ ***વચ. પ્ર. ૭૧***માં આ સત્ય રજૂ કરતાં કહે છે, *"ભગવાન જીવના કલ્યાણને અર્થે જ્યારે મૂર્તિ ધારણ કરે છે ત્યારે, પોતાનું જે અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ અને પોતાનાં જે સર્વે ઐશ્વર્ય તે સહિત જ પધારે છે."* આ વચનો અનુસાર પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અક્ષરબ્રહ્મ સહિત આ પૃથ્વી પર પ્રગટ થાય છે. આ બ્રહ્માંડમાં સૌપ્રથમ વાર પ્રગટ થયેલા એ પરબ્રહ્મ એટલે સહજાનંદ સ્વામી અર્થાત્ ભગવાન સ્વામિનારાયણ અને અક્ષરબ્રહ્મ એટલે ગુણાતીતાનંદ સ્વામી.

આમ, અપાર કરુણા કરીને બ્રહ્મ અને પરબ્રહ્મ અર્થાત્ અક્ષર અને પુરુષોત્તમ પૃથ્વી પર પ્રગટ તો થયા, પણ એમનાં પ્રત્યક્ષ સ્વરૂપોનો યથાર્થ નિશ્ચય થવો મહાકઠણ છે, કારણ કે એ બંને સ્વરૂપો માયાથી પર છે, જ્યારે આપણાં ઇન્દ્રિય-અંતઃકરણ માયિક છે; તેથી આપણે તેમનું સ્વરૂપ જેમ છે તેમ સમજી શકતા નથી. એટલે તો શ્રીજીમહારાજ ***વચ. મ. ૧૩***માં કહે છે : *"તે સ્વરૂપને તો તમે પણ દેખો છો, પણ તમારા સમજવામાં પરિપૂર્ણ આવતું નથી."*

એમનાં સ્વરૂપ અને હૃદ્ગત સિદ્ધાંતને તથા એમનો સાક્ષાત્કાર કરવા માટેના સાધનામાર્ગને એમના વગર બીજું તો કોણ સમજાવે ? તેથી જ તેમણે કૃપા કરીને પોતાનાં ઉપદેશવચનો દ્વારા એ સર્વે વિશે સ્પષ્ટતા કરી આપી છે. શ્રીજીમહારાજે અને ગુણાતીતાનંદ સ્વામીએ જે ઉપદેશ આપ્યો છે તે આપણને બે અમૂલ્ય ગ્રંથો - 'વચનામૃત' અને 'સ્વામીની વાતો' રૂપે પ્રાપ્ત થયેલ છે. આ બંને ગ્રંથોમાં ભગવાન સ્વામિનારાયણને અભિપ્રેત તત્ત્વજ્ઞાન અને સાધનાલક્ષી સિદ્ધાંતો નિરૂપાયેલાં છે.

આ સિદ્ધાંતોનું વધુ સ્પષ્ટીકરણ થાય તેવા ગ્રંથો લખવા ઈશ્વરચરણ સ્વામીએ

મને આજ્ઞા કરી. તે અનુસાર મુખ્યત્વે વચનામૃત અને સ્વામીની વાતો, તદુપરાંત ગોપાળાનંદ સ્વામીની વાતો, ભાયાત્માનંદ સ્વામીની વાતો, નિષ્કુળાનંદ કાવ્ય, ભક્તચિંતામણિ, શ્રીહરિચરિત્રામૃતસાગર, શ્રીહરિલીલાકલ્પતરુ, શ્રીહરિલીલામૃત, શ્રીહરિચરિત્રચિંતામણિ, શ્રીદુર્ગપુર માહાત્મ્ય વગેરે સંપ્રદાયના અન્ય ગ્રંથો; તેમજ ઉપનિષદો, ભાગવતાદિક પુરાણો, મહાભારત, શ્રીમદ્‌ભગવદ્‌ગીતા જેવા ગ્રંથોના અનેકાનેક સંદર્ભોના આધારે, વચનામૃત રહસ્યના પાંચ ભાગ તથા કર્મસિદ્ધાંત અને પુનર્જન્મના બે ભાગ લખાયા છે. આ ગ્રંથો લખવામાં મહારાજ-સ્વામીની કૃપા, પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ, ઈશ્વરચરણ સ્વામી તથા વિવેકસાગર સ્વામીનું પ્રોત્સાહન, મહંત સ્વામી, નારાયણમુનિ સ્વામી અને શ્રુતિપ્રકાશ સ્વામી તથા અન્ય સંતોનાં સોનેરી સૂચનો પ્રાપ્ત થયાં.

આમ, સૌના સહકારથી આ સાતેય ગ્રંથો લખવાનું કાર્ય પૂરું થયું. સંતો-હરિભક્તો તરફથી આજ સુધી આ સાતેય ગ્રંથો માટે ખૂબ સારો આવકાર અને પ્રતિસાદ મળ્યો છે. વળી, આ ગ્રંથોને આધારે યોજાયેલાં સો કરતાં પણ વધારે જ્ઞાનસત્રો અને સાધનાસત્રોમાં, દેશ-પરદેશના હજારો હરિભક્તોએ ઉત્સાહભેર ઉપસ્થિત રહીને સ્વામિનારાયણીય તત્ત્વજ્ઞાન અને સાધનામાર્ગની સવિશેષ સ્પષ્ટતા પ્રાપ્ત કરી છે.

સૌ કોઈને સવિશેષ ઉપયોગી થઈ શકે, તે માટે મોટેરા સંતોનાં સૂચનથી આ ગ્રંથોમાં, શક્ય એટલા વધુમાં વધુ સંદર્ભો વિવિધ વિષયના મુદ્દા પ્રમાણે સંકલિત કર્યા છે. તેથી સાતેય ગ્રંથોનું કુલ લખાણ લગભગ ૨૮૦૦ પૃષ્ઠોથી વધારે થયેલું છે. આજના આ ઝડપી અને સ્પર્ધાત્મક જમાનામાં  સમયના અભાવે આ બધા જ ગ્રંથોનું વારંવાર વાંચન ન થઈ શકે તે સ્વાભાવિક છે. વળી, આ ગ્રંથોના લખાણની શરૂઆત કરી એ વખતે, સ્વામીશ્રીએ આશીર્વાદની સાથે સાથે મને સૂચન પણ કરેલું કે પહેલાં વિસ્તૃતપણે લખીને પછી તેનું સંક્ષિપ્ત લેખન પણ કરવું. એમની ઇચ્છા અનુસાર ઉપરોક્ત વિસ્તૃત ગ્રંથોનું સંક્ષિપ્તીકરણ થતાં પ્રસ્તુત ત્રણ નાના ગ્રંથો આકાર પામ્યા છે.

જોકે ઉપરોક્ત વિસ્તૃત ગ્રંથોનો સંક્ષેપ કરવો એક પડકારરૂપ કાર્ય હતું, કારણ કે સંક્ષિપ્ત લખાણમાં તત્ત્વજ્ઞાનનાં સર્વે તત્ત્વો અને દરેક તત્ત્વ અંતર્ગત મુખ્ય સર્વે મુદ્દાઓનો તથા સાધનાનાં પણ સર્વે અંગો-ઉપાંગોનો સમાવેશ કરવો પડે. વળી, તત્ત્વજ્ઞાન અને સાધનાના દરેક મુદ્દાને સાંપ્રદાયિક શાસ્ત્રોના સંદર્ભ સાથે સમજાવવા પણ પડે. તદુપરાંત, સંક્ષિપ્તીકરણ કરવામાં ખાસ તો એ ખ્યાલ રાખવો પડે કે તત્ત્વજ્ઞાન કે સાધનાનું કોઈ મુખ્ય અંગ કપાઈ ન જાય, અર્થાત્ એનો મુખ્ય મુદ્દો જતો ન રહે, અથવા તો એ મુદ્દાનું એટલું બધું ટૂંકાણ ન થઈ જાય કે એને સમજવો જ કઠિન થઈ પડે. આ બધી બાબતોનો પૂરતો ખ્યાલ રાખીને ઉપરોક્ત સાતેય ગ્રંથોનો નીચે જણાવેલા ત્રણ નાના ગ્રંથોમાં સંક્ષેપ કર્યો છે.

**૧. બ્રહ્મવિદ્યાના અમૂલ્યગ્રંથો : વચનામૃત અને સ્વામીની વાતો**

આ ગ્રંથમાં વચનામૃત રહસ્ય ભાગ-૧નો સંક્ષેપ કરીને તેમાં 'સ્વામીની વાતો'ની પણ મહત્તા જુદા જુદા દૃષ્ટિકોણથી સમજાવેલ છે.

**૨. બ્રહ્મવિદ્યાનું દર્શન : સ્વામિનારાયણીય તત્ત્વજ્ઞાન**

આ ગ્રંથમાં વચનામૃત રહસ્ય ભાગ-૨ અને ૩ તથા કર્મસિદ્ધાંત અને પુનર્જન્મના બંને ભાગોનો સંક્ષેપ કરવામાં આવેલો છે.

**૩. બ્રહ્મવિદ્યાનો રાજમાર્ગ : સ્વામિનારાયણીય સાધના**

આ ગ્રંથમાં વચનામૃત રહસ્ય ભાગ - ૪ અને ૫નો સંક્ષેપ છે.

આ રીતે ત્રણેય સંક્ષિપ્ત ગ્રંથોમાં ઉપરોક્ત સાતેય ગ્રંથોના અતિ અગત્યના મુદ્દાઓનો સમાવેશ કરીને તેનું સંક્ષિપ્તીકરણ કરવાનો પ્રયત્ન કર્યો છે, પરંતુ એ તો હકીકત જ છે કે વિસ્તૃત ગ્રંથોના સર્વે મુદ્દાઓનો સમાવેશ કરી શકાયો નથી. તેમ છતાં આવશ્યક બાબતોની ઉપયોગી સમજૂતી આ નાના ગ્રંથોમાંથી પણ જરૂર પ્રાપ્ત થઈ શકે તેમ છે. સાંપ્રદાયિક સિદ્ધાંતો અને સાધનામાં ઊંડાણ પામવા ઇચ્છનારે તો વિસ્તૃત ગ્રંથોનું વાંચન કરવું જરૂરી છે.

આ ત્રણ નવા ગ્રંથોના નામાભિધાનમાં *'બ્રહ્મવિદ્યા'* શબ્દ પ્રયોજ્યો છે. એની પાછળ નીચેના બે હેતુઓનો વિચાર રહ્યો છે.

(i) વચનામૃત રહસ્યના વિસ્તૃત પાંચ ગ્રંથોથી આ ત્રણ સંક્ષિપ્ત ગ્રંથોને અલગ પાડવાની સરળતા રહે.

(ii) ભગવાન સ્વામિનારાયણ માટે જનમંગલ નામાવલિમાં '**ब्रह्मविद्या–प्रवर्तक**' એવું નામાભિધાન થયું છે. એમણે પોતાનાં ઉપદેશવચનો દ્વારા બ્રહ્મવિદ્યાનું પ્રવર્તન કર્યું છે. આ ત્રણેય ગ્રંથોમાં એમણે પ્રવર્તાવેલી બ્રહ્મવિદ્યાનું જ નિરૂપણ હોવાથી, ત્રણેય ગ્રંથોમાં *'બ્રહ્મવિદ્યા'* શબ્દનો પ્રયોગ કર્યો છે.

મુંડકોપનિષદ પ્રમાણે બ્રહ્મ-પરબ્રહ્મનાં સ્વરૂપોનું યથાર્થ જ્ઞાન જ બ્રહ્મવિદ્યા છે. 'વચનામૃત' અને 'સ્વામીની વાતો'માં બ્રહ્મ-પરબ્રહ્મનાં સ્વરૂપોનું યથાર્થ નિરૂપણ છે. તેમજ એમાં આ બંને સ્વરૂપોનો સાક્ષાત્કાર કરવાના ઉપાયરૂપ સાધનામાર્ગનું સંપૂર્ણ માર્ગદર્શન છે. આ રીતે આ બંને ગ્રંથો બ્રહ્મવિદ્યાના અમૂલ્ય ગ્રંથો છે, જેનું નિરૂપણ પ્રથમ ગ્રંથમાં થયેલું છે. તેથી તેનું નામાભિધાન *'બ્રહ્મવિદ્યાના અમૂલ્ય ગ્રંથો : વચનામૃત અને સ્વામીની વાતો'* રાખેલું છે.

બ્રહ્મવિદ્યાના જે દાર્શનિક વિચારો પ્રસ્થાનત્રયી(ઉપનિષદો, બ્રહ્મસૂત્ર, ગીતા)માં છે, તેની સુસ્પષ્ટ સમજૂતી ભગવાન સ્વામિનારાયણે પોતાના તત્ત્વજ્ઞાનમાં આપેલી છે, જેનું નિરૂપણ દ્વિતીય ગ્રંથમાં કરેલું છે, તેથી તે ગ્રંથનું નામ *'બ્રહ્મવિદ્યાનું દર્શન : સ્વામિનારાયણીય તત્ત્વજ્ઞાન'* રાખેલું છે.

બ્રહ્મવિદ્યાને આત્મસાત્ કરીને એની ફલશ્રુતિરૂપે બ્રહ્મ-પરબ્રહ્મના સાક્ષાત્કાર માટે સર્વસુગમ અને સર્વસુલભ સાધનામાર્ગ ભગવાન સ્વામિનારાયણે સમજાવેલો છે, જેનું નિરૂપણ તૃતીય ગ્રંથમાં છે, તેથી તેનું નામ *'બ્રહ્મવિદ્યાનો રાજમાર્ગ : સ્વામિનારાયણીય સાધના'* રાખેલું છે.

આ પુસ્તકોના લેખન માટે જે ગ્રંથોનો આધાર લીધો છે તે સર્વેના લેખકો અને પ્રકાશકોના ઋણસ્વીકાર સાથે એ ગ્રંથોની યાદી અંતે સંદર્ભસૂચિમાં દર્શાવેલી છે.

જોકે અધ્યાત્મલેખનમાં મારી તો કોઈ ક્ષમતા જ નથી, પરંતુ વિશેષે કરીને તો મહારાજ-સ્વામીની કૃપા અને પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી વિસ્તૃત તેમજ સંક્ષિપ્ત ગ્રંથોનું લેખન શક્ય બન્યું છે. તેથી મુખ્યત્વે તો એમનો જ આભાર માનવાનો રહે છે, પરંતુ કયા શબ્દોથી અને કેવી રીતે એમનો આભાર માનવો !

વળી, આ સંક્ષિપ્ત ગ્રંથોમાં નારાયણમુનિ સ્વામી, અક્ષરચરણ સ્વામી, ભદ્રેશ સ્વામી, આત્મતૃપ્ત સ્વામી અને પ્રિયસ્વરૂપ સ્વામીનાં ઘણાં ઉપયોગી સૂચનો મળ્યાં છે. માટે એમનો પણ આભાર માનું છું.

આ ગ્રંથોનું કમ્પ્યૂટર ટાઈપિંગ માટે મુખ્યત્વે તો દિવ્યસંકલ્પ સ્વામી અને તેમની સાથે ભગવત્‌ચિંતન સ્વામીના સહકાર બદલ તેમનો આભાર માનું છું.

આ ગ્રંથોમાં જે કંઈ સારું છે તે ભગવાન સ્વામિનારાયણ અને પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજની કૃપા અને પ્રેરણાનું જ પરિણામ છે. આમાં જે કંઈ ક્ષતિ રહી જવા પામી હોય તે મારા વ્યક્તિગત અજ્ઞાન કે પ્રમાદને લીધે છે, એમ માનીને સૌ ક્ષમા કરે અને સાથે સાથે એ ક્ષતિ પ્રત્યે સૌ સુજ્ઞ વાચકો ધ્યાન દોરે એવી વિનંતી છે કે જેથી અન્ય આવૃત્તિમાં સુધારી શકાય.

અને છેલ્લે, આ ગ્રંથોના વાંચનથી મને, તમને અને સૌ કોઈને બ્રહ્મવિદ્યા વિષયક તત્ત્વજ્ઞાન અને સાધનામાર્ગ વિશે વિશેષ સ્પષ્ટતા થાય અને એને આત્મસાત્ કરી શ્રીજીમહારાજ અને પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજને પ્રસન્ન કરીને આ દેહે જ અક્ષરધામના અધિકારી બનીએ, એ જ એમનાં ચરણોમાં પ્રાર્થના.

**– સાધુ બ્રહ્મદર્શનદાસના**
સસ્નેહ જય સ્વામિનારાયણ

# અનુક્રમણિકા

## સંક્ષેપ-સૂચિ

| | | |
|---|---|---|
| વચ. | - | વચનામૃત |
| પ્ર. | - | ગઢડા પ્રથમ પ્રકરણ |
| સા. | - | સારંગપુર પ્રકરણ |
| કા. | - | કારિયાણી પ્રકરણ |
| લો. | - | લોયા પ્રકરણ |
| પં. | - | પંચાળા પ્રકરણ |
| મ. | - | ગઢડા મધ્ય પ્રકરણ |
| વ. | - | વરતાલ પ્રકરણ |
| અમ. | - | અમદાવાદ પ્રકરણ |
| અં. | - | ગઢડા અંત્ય પ્રકરણ |
| જે. | - | જેતલપુર પ્રકરણ |
| સ્વા.વા. | - | મૂળ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની વાતો |

**નોંધ :** આ પુસ્તકમાં ભગવાન સ્વામિનારાયણનો ઉલ્લેખ ઘનશ્યામ, નીલકંઠ, સહજાનંદ સ્વામી, શ્રીજી, શ્રીજીમહારાજ, મહારાજ, શ્રીહરિ જેવાં સાંપ્રદાયિક પ્રચલિત નામોથી પણ કર્યો છે.

બ્રહ્મવિદ્યા
બ્રહ્મ-પરબ્રહ્મના
સાક્ષાત્કારની વિદ્યા છે.
આ સાક્ષાત્કાર માટે
ભગવાન સ્વામિનારાયણે
પોતાની અલૌકિક પ્રજ્ઞાથી
ઉદ્‌બોધેલ સાધનાનો રાજમાર્ગ
સમજવા માટે પ્રસ્તુત ગ્રંથમાં પ્રવેશ કરીએ.

# ૧.
# સ્વામિનારાયણીય સાધના

સાધક પોતાના જીવનના અંતિમ લક્ષ્યને સાધવા માટે મન-કર્મ-વચને જે કાંઈ પ્રયત્ન કરે તેને સાધના કહેવામાં આવે છે. જીવનનું અંતિમ લક્ષ્ય તો પોતાના જીવાત્માની આત્યંતિક મુક્તિ છે, પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણની પ્રાપ્તિ છે, આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર છે. જીવનના આ પરમ પુરુષાર્થને સિદ્ધ કરવા માટે સાધક પોતાને પ્રાપ્ત દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, શાસ્ત્ર, દીક્ષા અને ધ્યાન(દેવતા)ને અનુરૂપ સાધના કરતો હોય છે. આપણે આ ગ્રંથમાં જે સાધનાનું નિરૂપણ કરવાના છીએ તે સ્વામિનારાયણીય સાધના છે. સ્વામિનારાયણીય સાધના એટલે ભગવાન સ્વામિનારાયણે પ્રબોધેલી અને પ્રવર્તાવેલી તથા ગુણાતીત ગુરુઓએ પોષેલી સાધના.

સ્વામિનારાયણીય સાધના વિશે સમજતાં પહેલાં આપણે સૌપ્રથમ આ સાધનાની કેટલીક આગવી વિશેષતાઓ વિશે વિચાર કરીશું.

## ૧.૧ સ્વામિનારાયણીય સાધનાની વિશેષતાઓ

### ૧.૧.૧ સર્વ શાસ્ત્રના સાર-રહસ્યરૂપે સાધના

ભગવાન સ્વામિનારાયણે પોતાનાં ઉપદેશ-વચનોમાં જે સાધના બતાવી છે તે કેવળ બૌદ્ધિક તર્કો, વિચારો કે મનના તરંગો નથી, પરંતુ શાસ્ત્રમાત્રનો રહસ્યરૂપ સાર-સિદ્ધાંત છે. તેઓ પોતે જ કહે છે :

***ગ. ૧ –*** *“વેદ, શાસ્ત્ર, પુરાણ, ઈતિહાસ એ સર્વે ગ્રંથનો એ જ ગલિતાર્થ છે... આ જે અમે વાત કરી છે તે સર્વે શાસ્ત્રનું રહસ્ય છે.”*

***ગ. ૮ –*** *“ચાર વેદ, સાંખ્યશાસ્ત્ર, યોગશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, અઢાર પુરાણ, મહાભારત, રામાયણ અને નારદ પંચરાત્ર એ આદિક સર્વશાસ્ત્રનું એ જ સિદ્ધાંત છે.”*

***ગ. ૨૮ –*** *“આ વાર્તા જે અમે કરી છે તે કેવી છે, તો વેદ, શાસ્ત્ર, પુરાણ આદિક જે જે કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે શબ્દમાત્ર છે, તે સર્વેનું અમે શ્રવણ કરીને તેનું સાર કાઢીને આ વાર્તા કરી છે. તે પરમ રહસ્ય છે ને સારનું પણ સાર*

*છે અને પૂર્વે જે જે મોક્ષને પામી ગયા છે ને હવે જે જે પામશે ને હમણાં જે જે મોક્ષને માર્ગે ચાલ્યા છે, તે સર્વેને આ વાર્તા છે તે જીવનદોરીરૂપ છે.''*

શાસ્ત્રો વાંચવાં કે સાંભળવાં, એનો અભ્યાસ કરવો એના કરતાં એમાંથી સાર, રહસ્ય અને સિદ્ધાંત શોધી આપવો એ તદ્દન જુદી જ બાબત છે. કદાચ કોઈ એકાદ-બે શાસ્ત્રોમાંથી સાર વગેરે કાઢી શકે, પરંતુ સર્વ સચ્છાસ્ત્રમાંથી સાર, રહસ્ય અને સિદ્ધાંત શોધીને કહેવું એ કોઈ સામાન્ય વ્યક્તિનું કામ નથી. એ માટે તો બુદ્ધિપ્રતિભાની સાથે સાથે મનની એકાગ્રતા, સ્થિરતા, સમતા, શુદ્ધિ, સર્વગ્રાહી દૃષ્ટિ અને આંતર-અનુભૂતિની જરૂરિયાત પડે છે. આ બાબતમાં પણ જગતના લોકો કરતાં શ્રીજીમહારાજનું વ્યક્તિત્વ તદ્દન વિલક્ષણ અને દિવ્ય છે.

શ્રીજીમહારાજ ૧૧ વર્ષની નાની વયે ઘરેથી નીકળીને ઉઘાડે શરીરે અને અડવાણે પગે એકલા, હિમાલયના બરફીલા પ્રદેશોમાં અને ઘોર જંગલોમાં સિંહ, વાઘ, વરુ, જંગલી પાડા અને ઝેરી સાપ કે અજગરની વચ્ચે રહ્યા છે, બેઠા છે, સૂતા છે અને ધ્યાન કર્યું છે. મનની કેવી સ્થિરતા, ધીરતા, નિર્ભયતા અને એકાગ્રતા હશે ! આવા સ્થિર, અડગ, નિર્ભય અને એકાગ્ર મનથી જેમણે શાસ્ત્રોનો અભ્યાસ કરીને સાર, રહસ્ય અને સિદ્ધાંત તારવેલા હોય, તેની યથાર્થતામાં સંદેહ ક્યાંથી હોય ?

વળી, મનની એકાગ્રતા તોડીને અસ્થિર અને વિક્ષિપ્ત કરનાર કામાદિક વિકારો અને પંચવિષયમાં આસક્તિ છે. આ બાબતે શ્રીજીમહારાજ પોતાના વિશે કહે છે :

***કા. ૬*** *– ''અમારે તો કામ, ક્રોધ, લોભ, માન, મત્સર, ઈર્ષ્યા એ સર્વેનો ક્યારેય હૈયામાં લેશ પણ આવતો નથી અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ જે પંચવિષય તેનો તો હૈયામાં અતિશય અભાવ વર્તે છે, પણ પંચવિષયમાંથી એકેને વિશે લેશમાત્ર ભાવ થતો નથી.''*

***મ. ૩૩*** *– ''જે દિવસ થકી અમે જન્મ્યા છીએ તે દિવસથી કરીને આજ દિવસ પર્યંત કોઈ દિવસ જાગ્રતમાં અથવા સ્વપ્નમાં દ્રવ્યનો કે સ્ત્રીનો ભૂંડો ઘાટ થયો હોય તો આ સમગ્ર પરમહંસના સમ છે.''*

***મ. ૫૦*** *– ''અમારા અંતરને વિશે તો ક્યારેય સ્વપ્નમાં પણ જગતની કોરનો ઘાટ થતો નથી.''*

શ્રીજીમહારાજનાં ઉપરોક્ત વચનોમાં એમનું નિરાળું વ્યક્તિત્વ પ્રતિ-બિંબિત થાય છે. તેમનું મન કેવું શુદ્ધ, નિર્લેપ અને અનાસક્ત છે ! આવા

મનથી જેમણે શાસ્ત્રોમાંથી સાર, રહસ્ય અને સિદ્ધાંત તારવેલા હોય; તેની ગુણવત્તા કેટલી ઉત્કૃષ્ટ હોય તે સમજી શકાય તેમ છે.

## ૧.૧.૨ સ્વાનુભવના આધારે પ્રમાણભૂત સાધના

સાધનાપંથના સ્વતઃ અનુભવ વગરની વાતો શાસ્ત્રોના સંદર્ભોથી ભરપૂર હોય, બુદ્ધિગમ્ય અને તર્કબદ્ધ હોય, છતાં તે વાતો સાધકને સન્માર્ગે વાળવાને બદલે બહુધા તો તેને ગેરમાર્ગે દોરીને સાચી સાધનાથી ભ્રષ્ટ કરે છે. એવી વાતોથી જીવોનું કલ્યાણ થવાને બદલે ભૂંડું થાય છે. *(વચ. વ. ૧૨)*

શ્રીજીમહારાજ કેવળ શાસ્ત્રોના જ્ઞાતા જ નથી, પરંતુ સાધનાપંથના અનુભવી પણ છે. તેમણે શાસ્ત્રોના શબ્દોને કેવળ બુદ્ધિબળે ગોઠવીને આપણને વાતો નથી કરી, પણ પ્રત્યક્ષપણે દેખીને સ્વાનુભવના નિચોડરૂપે વાતો કરી છે. તેઓ કહે છે :

***પ્ર. ૬૪*** *– "આ જે વાતો છે, તે અમે પ્રત્યક્ષ દેખીને કહી છે, માટે એમાં કોઈ સંશય નથી."*

***મ. ૧૩*** *– "આ જે વાત છે, તે મારી દીઠેલ છે ને મારા અનુભવે કરીને પણ મેં સિદ્ધ કરી છે... અને આ જે અમે તમને વાત કરી તે સર્વ શાસ્ત્રોનો સિદ્ધાંત છે ને અનુભવમાં પણ એમ જ દૃઢ છે અને અમે પ્રત્યક્ષ નજરે જોઈને તમને આ વાત કરી છે. અને જો પ્રત્યક્ષ જોઈને ન કરી હોય તો અમને સર્વે પરમહંસના સમ છે."*

***અં. ૩૯*** *– "આ વાતને અમે કરીએ છીએ તે કાંઈ બુદ્ધિની કલ્પનાએ કરીને નથી કરતા તથા સિદ્ધાઈ જણાવવા સારુ નથી કરતા; આ તો અમારી અજમાવેલ વાત છે ને જેમ અમે વર્તીએ છીએ તેમ વાત કરીએ છીએ... એ બે વાત અમારે સિદ્ધ થઈ છે તે સારુ એમ અમારે વર્તાય છે."*

શ્રીજીમહારાજને સાધનાનો અનુભવ એટલો તો યથાર્થ અને પ્રતીતિપૂર્વક છે કે જેથી તેઓ સમ ખાઈને પણ એ વાતના સત્યપણાની ખાતરી આપે છે. એટલું જ નહિ, પરંતુ બીજા જે કોઈ આ પ્રકારની સાધના કરશે તો તેને પણ આ પ્રકારની સર્વોત્તમ સ્થિતિ પ્રાપ્ત થશે એવું તેઓ ખાતરીપૂર્વક જણાવતાં ***વચ. મ. ૧૩***માં કહે છે : *"જ્યારે એ સ્વરૂપ જેને જાણ્યામાં આવે તેને જેમ અમને કોઈ વિષય સંબંધી સુખમાં આસક્તિ નથી તેમ તે પુરુષને પણ ક્યાંય આસક્તિ રહે જ નહિ. અને તે સ્વરૂપને તો તમે પણ દેખો છો પણ તમારા સમજ્યામાં પરિપૂર્ણ*

*આવતું નથી. અને જ્યારે એ વાર્તા સમજ્યામાં આવશે ત્યારે પંચવિષય કે કામ, ક્રોધાદિક સ્વભાવ તે જીત્યામાં પ્રયાસ થશે નહિ, સહેજે જિતાઈ જશે... એવી રીતે જેણે ભગવાનનું સ્વરૂપ જાણ્યું તેને અમારી પેઠે જ પંચવિષયમાં ક્યાંય પ્રીતિ રહેતી નથી ને તે સ્વતંત્ર થાય છે.''*

વળી, કોઈક રોગના નિષ્ણાત અને અનુભવી ડૉક્ટરે આપેલી સારવારને લીધે જો હજારો દરદીઓ રોગમુક્ત થયા હોય, તો એમની સારવાર અને દવામાં જરૂર વિશ્વાસ આવે. એવી જ રીતે ભગવાન સ્વામિનારાયણે પણ પોતે સમજાવેલી સચોટ આધ્યાત્મિક સાધનારૂપ સારવાર દ્વારા હજારો મુમુક્ષુઓને જન્મ-મરણના ભયંકર રોગથી મુક્ત કર્યા છે, તેમને જીવન્મુક્તપણાની સ્થિતિએ પહોંચાડ્યા છે. તેથી તેમણે સમજાવેલી અધ્યાત્મ-સાધનામાં સો ટકા વિશ્વાસ આવી શકે તેમ છે.

## ૧.૧.૩ સ્વયં પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણે ઉપદેશેલી સાધના

સ્વામિનારાયણીય સાધનાના ઉપદેશક શ્રીજીમહારાજ કેવળ સાધક કે સિદ્ધ મુક્ત કે અનાદિ મુક્ત નથી, પરંતુ સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ, સર્વકર્તાહર્તા, સર્વનિયંતા એવા સર્વોપરી ભગવાન છે. તેઓ પોતાના આ સ્વરૂપ વિષે જણાવતાં ***વચ. અં. ૩૮***માં કહે છે : *''એવા સર્વોપરી જે પુરુષોત્તમ ભગવાન તે જ દયાએ કરીને જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિષે પ્રકટ થયા થકા સર્વ જનના નયનગોચર વર્તે છે ને તમારા ઈષ્ટદેવ છે ને તમારી સેવાને અંગીકાર કરે છે અને એવા જે પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિષે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ પણ ભેદ નથી, એ બે એક જ છે. અને એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે ને સર્વ કારણના પણ કારણ છે ને સર્વોપરી વર્તે છે ને સર્વ અવતારના અવતારી છે ને તમારે સર્વેને એકાંતિકભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે.''*

આમ, શ્રીજીમહારાજ પોતે જ સર્વોપરી સર્વાવતારના અવતારી પૂર્ણ પુરુષોત્તમ નારાયણ હોવાથી તેમણે આપેલા અધ્યાત્મજ્ઞાનમાં જે યથાર્થતા, સચોટતા અને પ્રમાણભૂતતા હોય, તે બીજા કોઈના જ્ઞાનમાં ન હોય તે સ્વાભાવિક જ છે. ટૂંકમાં કહેવું હોય તો એટલું જ કહી શકાય કે તે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ એવા ભગવાન સ્વામિનારાયણે પોતે જ, પોતાના સુધી પહોંચવાનો સાધનામાર્ગ દર્શાવેલો છે. આ સ્વામિનારાયણીય સાધનાની મુખ્ય વિશેષતા છે.

## ૧.૧.૪ જીવોના કલ્યાણાર્થે નિઃસ્વાર્થભાવે ઉપદેશેલી સાધના

શ્રીજીમહારાજનું વ્યક્તિત્વ આ દૃષ્ટિથી મૂલવીએ તોપણ અલૌકિક અને દિવ્ય છે. તેમને સાધના વિશે વાતો કરવામાં કોઈની પાસેથી કોઈ પ્રકારનો સ્વાર્થ સાધવો નથી. તેઓ તો સર્વાવતારી એવા સર્વોપરી ભગવાન છે. પોતે આત્મતૃપ્ત અને પૂર્ણકામ છે. તેઓ પોતે જ સુખના સાગર અને સુખમાત્રના મૂળ કારણ એવા ભગવાન છે. તેમને જીવો પાસેથી શી અપેક્ષા હોય ?

શ્રીજીમહારાજ તો કૃપા-કરુણાએ કરીને અનંત જીવોનું અજ્ઞાન નાશ કરી તેમને બ્રહ્મરૂપ કરી, પોતાના સ્વરૂપનો દૃઢ નિશ્ચય અને સાક્ષાત્કાર કરાવી આત્યંતિક ક્લ્યાણ પમાડવા માટે જ મનુષ્ય જેવા થયા છે. પોતાના પ્રાગટ્યનો હેતુ બતાવતાં તેઓ પોતે જ ***વચ. જેત. ૫***માં કહે છે, *"અમે આ સંત સહિત જીવોના કલ્યાણને અર્થે પ્રગટ થયા છીએ."*

તેઓએ પ્રગટ થઈને જીવોના કલ્યાણ માટે જ સંસારનો ત્યાગ કર્યો, વનમાં વિચરણ કર્યું, વનમાં રહેવાની રુચિનો ત્યાગ કરીને લાખોના ભીડામાં રહ્યા***(વચ. અં. ૧૩, ૨૧),*** પોતાના આશ્રિતોના હિતાર્થે તેમણે બે વરદાનો દ્વારા પોતાના ભક્તોને બદલે પોતે જ ભિક્ષાપાત્ર અને રોમે રોમે કરોડ વીંછીની વેદના માંગી લીધી***(વચ. પ્ર. ૭૦),*** પોતાનો દેહ ભક્તોને અર્થે કૃષ્ણાર્પણ કરી દીધો.***(વચ. કા. ૬)***

શ્રીજીમહારાજ જીવોના કલ્યાણ માટે પોતાની ભાવના વિષે 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે :

◆ *"અમારો જેણે આશ્રય કર્યો છે, તેને અમારે શુદ્ધ કરવા છે."* *(પૂર : ૫, તરંગ : ૫)*

◆ *"અજ્ઞાને કરીને માયામાં સુખ માનીને જીવ બંધાયો છે, તેને છોડાવવા માટેનું જ અમારું તાન છે. અને તે અજ્ઞાનથી છોડાવવા જ અમે વાતો કરીએ છીએ."* *(પૂર : ૬, તરંગ : ૮૦)*

◆ *"અમારે તો હરિભક્તોને બ્રહ્મરૂપ કરવા, એટલો જ ઘાટ છે."* *(પૂર : ૮, તરંગ : ૨૧)*

◆ *"અમારી બધી વાત બ્રહ્મમહોલના માર્ગની છે. અમારી બધી જ ક્રિયાઓ મોક્ષકારી છે. કુમાર્ગ ત્યાગ કરાવવાનું અમારે તાન છે."* *(પૂર : ૧૫, તરંગ : ૮૮)*

◆ *"સહુનો મોક્ષ કરવો તે અમારો સિદ્ધાંત છે અને તે અમને સહુથી વધારે*

*ગમે છે. સહુ કોઈનું હિત કરવું એવી અમારી સ્વાભાવિક રુચિ છે.''*

*(પૂર : ૧૮, તરંગ : ૪૭)*

આમ, મહારાજના સમગ્ર જીવનની બધી જ ક્રિયાનો હેતુ તો જીવોના કલ્યાણનો જ રહ્યો છે. તેથી વાતો કરવાનો હેતુ પણ એ જ હોય ને ! તેઓ પોતે જ વાતો કરવાનો પોતાનો શુભ હેતુ જણાવતાં ***વચ. મ. ૧૩***માં કહે છે : *''આ જે મારે વાત કરવી છે, તે કાંઈ દંભે કરીને નથી કરવી તથા માને કરીને નથી કરવી તથા પોતાની મોટ્યપ વધારવા સારુ નથી કરવી. એ તો એમ જાણીએ છીએ જે, 'આ સર્વે સંત તથા હરિભક્ત છે તેમાંથી એ વાત કોઈને સમજાઈ જાય તો તેના જીવનું અતિ રૂડું થાય.' તે સારુ કરીએ છીએ.''*

વળી, તેઓ કહે છે કે જે મારા કહેવાયા છે એમાં મારે તલમાત્ર કસર રહેવા દેવી નથી***(વચ. મ. ૪૫),*** જે મારી સોબત રાખશે તેના હૃદયમાં કોઈ જાતનો લોચો રહેવા દેવો નથી.***(વચ. મ. ૫૦)***

જીવના કલ્યાણને અર્થે જ પોતાની વાતો છે, એવું સમજાવતાં તેઓ ***વચ. મ. ૩૫***માં કહે છે : *''તમારે સર્વેને મારે વિશે વિશ્વાસ છે ને હું તમને જેવી તેવી અવળી વાતે ચડાવી દઉં, તો જેમ સર્વેને કૂવામાં નાખીને ઉપરથી પાણાની શિલા ઢાંકે ત્યારે તેને નીકળવાની આશા જ નહિ; તેમ તમે પણ મારા વચનને વિશ્વાસે કરીને અવળે માર્ગે ચઢી જાઓ તો એમાં મારું શું સારું થાય ? માટે આ વાર્તા તમારા કલ્યાણની છે, તે મેં તમને હેતે કરીને કહી છે, તે સારુ તમો સર્વે હવે આવી જ રીતે સમજીને દૃઢપણે વર્તજો.''*

આ રીતે તેમણે સાધના વિષે જે કાંઈ વાતો કરી છે, તેમાં જીવોના આત્યંતિક કલ્યાણ કરવા સિવાય અંગત કોઈ સ્વાર્થ નથી.

જેમને કોઈ પણ પાસેથી કોઈ પણ પ્રકારનો લૌકિક સ્વાર્થ ન હોય તેઓ ખોટું શા માટે બોલે ? વળી, જેમને જીવોનું આત્યંતિક કલ્યાણ કરવું એ જ એક માત્ર જીવનમંત્રરૂપ ધ્યેય હોય, તેમની વાતોમાં પણ જીવોનું કલ્યાણ થાય એવી જ યથાર્થ સાધના હોય તે સ્વાભાવિક છે.

## ૧.૧.૫ નિઃસંશય અને સચોટ સાધના

શ્રીજીમહારાજ સ્વયં પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ એવા સર્વોપરી ભગવાન હોવાથી પોતાનાં સર્વજ્ઞત્વ અને અનુભવને આધારે તેમણે નિર્ણયાત્મક અને નિશ્ચયાત્મક જ સાધનાપંથ સમજાવ્યો છે. 'આ વાત તે સત્ય જ છે', 'આ

વાત સાચી છે ને તે વાત ખોટી છે'; એવો પોતાનો સ્પષ્ટ નિશ્ચય જાહેર કર્યો છે. તેથી એવું કહી શકાય કે તેમણે સાધના બાબતે પોતાના ઉપદેશમાં કોઈનેય ક્યાંય, ક્યારેય અને કોઈ પણ રીતે શંકા અને ચર્ચાનાં વમળોમાં ફસાવ્યા નથી કે ડામાડોળ સ્થિતિમાં મૂક્યા નથી.

પોતાના ઉપદેશની નિર્ણયાત્મક યથાર્થતા જણાવતાં તેઓ કહે છે :

***સા. ૪*** *– "એક શ્લોકે કરીને અથવા બે શ્લોકે કરીને અથવા પાંચ શ્લોકે કરીને અથવા સો શ્લોકે કરીને અથવા હજાર શ્લોકે કરીને જે ચોખું સમજાય તે ઠીક છે, જે સમજાણા કેડે આત્મા-અનાત્માના એકપણાનો લોચો જ રહે નહિ અને ચોખું સમજાઈ જાય તે જ સમજણ સુખદાયી થાય છે અને ગોબરી સમજણ સુખદાયી થતી નથી."*

***સા. ૧૧*** *– "એક જન્મે અથવા અનંત જન્મે પણ જે દિવસ પ્રથમ કહ્યા એવે લક્ષણે યુક્ત થઈને અતિશય નિર્વાસનિક થશે ત્યારે જ ભગવાનની કૃપાનું પાત્ર થશે ને આત્યંતિક મોક્ષને પામશે, પણ તે વિના તો નહિ જ પામે."*

***મ. ૨૧*** *– "આ વાર્તા એક વાર કહ્યે સમજો અથવા લાખ વાર કહ્યે સમજો, આજ સમજો અથવા લાખ વર્ષ કેડે સમજો પણ તે વાત સમજે જ છૂટકો છે."*

***મ. ૩૫*** *– "એ તો ગમે તેવો સમાધિનિષ્ઠ હોય અથવા વિચારવાન હોય, ને તે પણ જો સ્ત્રીઓના પ્રસંગમાં રહેવા માંડે તો એનો ધર્મ કોઈ રીતે રહે જ નહિ અને ગમે તેવી ધર્મવાળી સ્ત્રી હોય, ને તેને જો પુરુષનો સહવાસ થાય તો એનો પણ ધર્મ રહે જ નહિ. અને એવી રીતે સ્ત્રી-પુરુષનો પરસ્પર સહવાસ થાય ને એનો ધર્મ રહે એવી તો આશા રાખવી નહિ. તે આ વાર્તા તે એમ જ છે પણ એમાં કાંઈ સંશય રાખવો નહિ."*

શ્રીજીમહારાજે કહેલી અસંદિગ્ધ વાતોના કેટલાક નમૂના આપણે ઉપર જોયા. આવી નક્કર વાતો તો વચનામૃતના પાને પાને છે. અનુભવની અખિલાઈ અને સર્વજ્ઞતા વગર વાતોમાં આવી નક્કરતા હોઈ જ ન શકે.

## ૧.૧.૬ સમન્વયાત્મક સાધના

શ્રીજીમહારાજે જે સાધનામાર્ગ ઉપદેશ્યો છે, તે સર્વશાસ્ત્રોના અને બધાં જ અંગોના સમન્વયરૂપ છે. તેમણે બ્રહ્મવિદ્યાના વિદ્યાર્થી માટે સાધનાપંથમાં ક્યાં, ક્યારે, કોને, કયા સાધનની કેટલા પ્રમાણમાં અને શા માટે જરૂરિયાત છે, તેનું સચોટ માર્ગદર્શન આપ્યું છે.

બટાટાના શાકમાં બટાકા, તેલ, પાણી, મીઠું, મરચું, ટામેટાં, કોથમીર, મીઠો લીમડો, હળદર, ખાંડ, ખટાશ, ગરમ મસાલો બધું જ યોગ્ય પ્રમાણમાં, યોગ્ય સમયે અને યોગ્ય રીતે નાખવામાં આવે, તો જ તે શાક સ્વાદિષ્ટ અને ખાદ્ય બને. ફક્ત બટાટા કે ફક્ત પાણી, ફક્ત તેલ, ખાંડ, મીઠું કે મરચું હોય; તેને બટાટાનું શાક ન કહેવાય. વળી, મીઠાનું પ્રમાણ વધારે હોય, ખટાશ અતિશય વધારે હોય, તોપણ તે શાક ખાવા યોગ્ય ન બને. જો બટાટાનું શાક સ્વાદિષ્ટ અને ખાવા યોગ્ય બનાવવું હોય, તો તેમાં વપરાતી દરેક વસ્તુનું યોગ્ય પ્રમાણમાપ જાળવવું જોઈએ. એવી જ રીતે સાચી અને સફળ સાધનામાં ઉપયોગી, આવશ્યક અને અનિવાર્ય એવા દરેક સાધનનું યોગ્ય પ્રમાણમાપ જાળવવું જોઈએ.

શ્રીજીમહારાજે આ હકીકતને ખ્યાલમાં રાખીને સાધના સમજાવી છે. તેમણે પોતે જે જે સાધનો કર્યાં છે, તેમાંથી કોઈ એક સાધન બતાવીને અટકી ગયા નથી; પરંતુ જ્યાં, જેની, જેટલી જરૂરિયાત હતી; ત્યાં તેની, તેટલી આવશ્યકતા બતાવી છે. સાધક કોઈ એક સાધન કરીને ત્યાં જ અટકી ન જાય, ત્યાં જ સાધનાની ઈતિશ્રી કે પૂર્ણવિરામ ન માની લે, તેનું તેમણે ખૂબ જ ધ્યાન રાખ્યું છે.

તેમણે સાધનામાં તપ, ત્યાગ, નિયમ-ધર્મ, ધ્યાન, યોગ, તીર્થયાત્રા, શાસ્ત્ર-પઠન, આત્મવિચાર વગેરેની ઉપયોગિતા કે આવશ્યકતા સમજાવી છે; પરંતુ કોઈ સાધક ફક્ત તપ કરીને કે ફક્ત ત્યાગ રાખીને, નિયમધર્મ પાળીને કે યૌગિક સાધના કરીને, તીર્થયાત્રા કરીને કે શાસ્ત્રપઠન કરીને અથવા તો ફક્ત આત્મ-વિચારમાં પોતાની સાધનાની પૂર્ણાહુતિ માની લે, એવું તેમણે થવા નથી દીધું. તેમણે સાધનામાં ભગવાનની ઉપાસના અત્યંત મહત્ત્વની અને અનિવાર્ય સમજાવી હોવા છતાં, કોઈક સાધક ભગવાનના જ્ઞાન કે મહિમાના ઓથે નિયમ-ધર્મ લોપે કે તપ અને સંયમનો ત્યાગ કરે, અથવા તો આળસ, પ્રમાદ અને ગાફલાઈ રાખે કે જાણપણું ચૂકી જાય, એવું પણ એમણે થવા નથી દીધું. સાધક સ્વભાવો કે વાસનાના આંતરિક સંઘર્ષમાં હિંમત હારી ન જાય, શ્રદ્ધા ગુમાવી ન બેસે, તે માટે તેમણે ભગવાનની પ્રાપ્તિનો વિચાર કરીને પૂર્ણકામપણું કે કૃતાર્થ-પણું માનવાનું સમજાવ્યું છે. તેમ છતાં પ્રાપ્તિના ખોટા કેફથી સાધક છકી જાય, સાધના છોડી દે કે એની સાધનામાં શિથિલતા આવી જાય, એવું પણ તેમણે થવા નથી દીધું.

ટૂંકમાં એવું કહી શકાય કે તેમણે સાધનાના પ્રત્યેક સોપાનનો યથાયોગ્ય

સમન્વય સમજાવ્યો છે. જેમને અધ્યાત્મનો સર્વાંગી સો ટકા અનુભવ હોય, તે જ વ્યક્તિ આવું સર્વાંગી માર્ગદર્શન આપી શકે. એક ટકોય જો અનુમાન કે કલ્પના હોય તો માર્ગદર્શનમાં ઘણો ફેર પડી જાય.

આ રીતે શ્રીજીમહારાજે દર્શાવેલી સાધના એકાંગી નથી, પરંતુ બધાં જ સાધનો, અંગો અને સદ્‌ગુણોના સમન્વયરૂપ છે.

## ૧.૧.૭ સર્વસુગમ અને સર્વસુલભ સાધના

અધ્યાત્મનો માર્ગ અતિશય ગહન અને કઠણ છે, પરંતુ શ્રીજીમહારાજે સત્શાસ્ત્રોનાં આધ્યાત્મિક ગહન રહસ્યોને લોકભોગ્ય સરળ ગુજરાતી ભાષામાં સમજાવ્યાં છે. સાથે સાથે તેમણે વિવિધ લૌકિક દૃષ્ટાંતો, પૌરાણિક આખ્યાનો, સત્સંગમાં વિદ્યમાન સંતો-હરિભક્તોના પ્રસંગો, વિવિધ ઉપમાઓ, રૂપકો, પ્રચલિત કહેવતો અને રૂઢિપ્રયોગો દ્વારા અધ્યાત્મની ગૂઢ અને સૂક્ષ્મતમ વાતોને ખૂબ જ સરળ રીતે સમજાવી છે.

વળી, તેમણે મોક્ષની મૂળ સાધના જ સરળ, સુગમ અને સૌને સુલભ થાય તેવી, અર્થાત્ સૌ કોઈ એ માર્ગે સરળતાથી ચાલી શકે એવી દર્શાવી છે. તેમણે મોક્ષ માટે અઘરી સાધના કે કઠણ સાધનો ઉપદેશેલાં નથી. તેમણે મોક્ષ માટે નથી બતાવી અષ્ટાંગયોગની કઠિન સાધના કે નથી સમજાવી હઠયોગની કડક સાધના. મોક્ષ માટે નથી હિમાલયમાં વાસ કરવાનું કહ્યું કે નથી જંગલમાં જઈને રહેવાનું કહ્યું. નથી એમણે ઊંધે માથે લટકવાનું કહ્યું કે નથી પાણીમાં જઈને તપ કરવાનું કહ્યું. નથી અન્ન-પાણી મૂકીને દેહને સૂકવી નાંખવાનું કહ્યું કે નથી રાજસૂય, અશ્વમેધ આદિક અટપટા યજ્ઞો કરવાનું કહ્યું. ઇડા, પિંગલા અને સુષુમ્ણા નાડીની સાધના બતાવી નથી કે ષટ્‌ચક્રોની ગતિ ભેદવાનું નથી સમજાવ્યું. નથી ફરજિયાત બતાવી તીર્થયાત્રા કે નથી અનિવાર્ય બતાવ્યું શાસ્ત્રપઠન.

શ્રીજીમહારાજે દર્શાવેલી સાધના એવી સરળ અને સુલભ છે કે તે માર્ગે કોઈ પણ ધર્મનાં, જ્ઞાતિનાં, કુળનાં આબાલવૃદ્ધ સ્ત્રી-પુરુષો ચાલી શકે. આ સાધનામાં ત્યાગી કે ગૃહસ્થનો કોઈ મેળ નથી. જે કોઈને આ સાધનાને માર્ગે જવું હોય તે જઈ શકે છે. આ માર્ગમાં કોઈ એકાદ વ્યક્તિનો ઇજારો નથી. અહીં તો વિસ્તૃત આકાશ છે. જેને જેને આ અધ્યાત્મના આકાશમાં ગતિ કરવી હોય તે દરેકને છૂટ છે.

અનંત કઠિન સાધનોની તુલનામાં મહારાજે આપણને ટૂંકી અને સરળ

સાધના દર્શાવી છે, એ સમજવા માટે વચનામૃતોમાંથી કેટલાક પ્રશ્નોત્તર વાંચીએ :

***પ્ર. ૩૩ –*** *મુક્તાનંદ સ્વામી : "ભગવાનને પ્રસન્ન કરવાનાં સાધન અનંત પ્રકારનાં શાસ્ત્રમાં કહ્યાં છે, પણ તે મધ્યે એવું એક કયું સાધન બળવાન છે, જે સમગ્ર સાધન કર્યે જેવા ભગવાન પ્રસન્ન થાય તેવા એક સાધને કરીને ભગવાન રાજી થાય ? તે એવો એક ઉપાય કહો."*

*શ્રીજીમહારાજ : "એક જ સાધને કરીને ભગવાન રાજી થાય તે કહીએ તે સાંભળો જે, ભગવાનનો જે દૃઢ આશરો એ એક સર્વ સાધનમાં મોટું સાધન છે, તેણે કરીને ભગવાન રાજી થાય છે."*

***સા. ૫ –*** *મુક્તાનંદ સ્વામી : "વાસનાની નિવૃત્તિ થયાનો એવો શો જબરો ઉપાય છે જે, એક ઉપાયને વિષે સર્વ સાધન આવી જાય ?"*

*શ્રીજીમહારાજ : "માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ એ જ વાસના ટાળ્યાનું મહામોટું અચળ સાધન છે."*

***વર. ૪ –*** *મુક્તાનંદ સ્વામી : "ભક્તિમાર્ગને વિષે પ્રવર્ત્યો એવો જે ભગવાનનો ભક્ત તેને એવું એક સાધન તે કયું છે જે સાધનને કર્યા થકી જેટલાં કલ્યાણને અર્થે સાધન છે તે સર્વે તે એક સાધનને વિષે આવી જાય ?"*

*શ્રીજીમહારાજ : "ત્રીસ લક્ષણે યુક્ત એવા જે સંત તેનો જે સંગ તે મન, કર્મ, વચને કરીને રાખે, તો જેટલાં કલ્યાણને અર્થે સાધન છે તેટલાં સર્વે તેના સંગમાં આવી જાય છે."*

અહીં મહારાજ અનંત સાધનોના બદલામાં એક જ સાધન બતાવે છે. એ પણ યથાર્થ અને સંપૂર્ણ ફલશ્રુતિ પ્રાપ્ત થાય એવી સો ટકાની ખાતરી સાથે.

વળી, મહારાજ વચનામૃતમાં કહે છે :

***પ્ર. ૩૦ –*** *"સત્સંગ વિના તો બીજાં કોટિ સાધન કરે પણ તેને ઘાટની તથા રજોગુણ આદિક ગુણની નિવૃત્તિ થાય નહિ."*

***કા. ૧૨ –*** *"ભગવાનનું ધ્યાન અને ભગવાનનું વચન તેણે કરીને કારણ શરીર શેકાઈને આંબલીના ફોતરાની પેઠે જુદું થઈ જાય છે અને તે વિના બીજા કોટિ ઉપાય કરે તોય પણ કારણ શરીરરૂપ જે અજ્ઞાન તેનો નાશ થતો નથી."*

***મ. ૪ –*** *"ભગવાનની મૂર્તિનું માહાત્મ્ય જાણ્યા વિના બીજાં કોટિ સાધન કરે, તોપણ ભગવાનની મૂર્તિનું અખંડ ચિંતવન થતું નથી."*

અહીં જે નમૂનારૂપ સંદર્ભો આપ્યા છે એવા સંદર્ભો પણ સમગ્ર વચનામૃતમાં પુષ્કળ પ્રમાણમાં છે. શ્રીજીમહારાજનાં આ વચનો પણ કેટલાં સ્પષ્ટ

છે ? જે કાર્ય કરોડ સાધન કરવા છતાં સિદ્ધ ન થાય, તે કાર્ય મહારાજે દર્શાવેલા એકાદ સામાન્ય ઉપાયથી થઈ શકે તેમ છે. કેવી અદ્ભુત કરામત ! કેવી સરળ સાધના ! કેવી આધ્યાત્મિક ટેકનોલોજી !

આવી જ ટેકનોલોજીની વાત કરતાં ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ *"કોટિ જન્મે કસર ટળવાની હોય તે આજ ટળી જાય ને બ્રહ્મરૂપ કરી મૂકે, જો ખરેખરા સાધુ મળે ને તે કહે તેમ કરે તો."* *(સ્વા. વા. : ૧/૧૧૯)*

◆ *"કોટિ કલ્પે ભગવાનનું ધામ ન મળે, તે આવા સાધુને હાથ જોડે એટલામાં મળે છે."* *(સ્વા. વા. : ૧/૧૨૧)*

◆ *"બીજે ઠેકાણે જેટલું કામ એક કલ્પે થાય છે તેટલું કામ અહીં એક દિવસે થાય છે."* *(સ્વા. વા. : ૨/૪૫)*

આપણું ભેજું ગાયબ થઈ જાય એવી આ વાતો છે ને ? વિચાર તો કરો ! કરોડો જન્મનું કામ એક દિવસમાં, કોટિ કલ્પનું કામ ફક્ત હાથ જોડવામાં અને એક કલ્પનું કામ ફક્ત એક દિવસમાં !! કલ્પના તો કરો કે એક કલ્પ એટલે કે આઠ અબજ અને ચોસઠ કરોડ વર્ષનું કામ એક દિવસમાં થાય છે. આની ગણતરી કરીએ તો એવું પરિણામ આવે કે એક લાખ વર્ષ બરાબર એક સેકન્ડ અર્થાત્ લાખ વર્ષ સુધી અનેક પ્રકારનાં સાધનો કરવાથી જે કામ થાય છે, તે આ ગુણાતીત સત્પુરુષના સાંનિધ્યમાં એમની આજ્ઞા પ્રમાણે કરવાથી એક સેકન્ડમાં કામ થાય. સો વર્ષનું આયુષ્ય હોય અને જન્મીને તુરત જ સાધના શરૂ કરે અને જિંદગીના અંતિમ શ્વાસ સુધી સાધના ચાલુ રાખે તો એક હજાર જન્મોમાં જે કામ થાય તે અહીં ફક્ત એક જ સેકન્ડમાં !! કેવી દિવ્ય અને અદ્ભુત આ ટેકનોલોજી છે !

ટૂંકમાં એટલું જ કહેવું છે કે આપણી કલ્પનામાં પણ ન આવી શકે એટલી સંક્ષિપ્ત, સુગમ અને સુલભ સાધના મહારાજે આપણને સમજાવી છે.

## ૧.૧.૮ પરબ્રહ્મની પ્રાપ્તિ માટે નહિ, પણ એમના રાજીપા માટે સાધના

સામાન્ય રીતે લોકમાં કંચન, કામિની, કીર્તિ કે સંતાનપ્રાપ્તિ વગેરે અનેકવિધ લૌકિક કામનાઓની પૂર્તિ માટે લોકો વિવિધ સાધનાઓ કરતા હોય છે. કેટલાક સાધકો સાત્ત્વિક ગુણો આત્મસાત્ કરવા માટે તો કેટલાક આત્મદર્શન માટે તો કેટલાક સ્વર્ગાદિકની પ્રાપ્તિ માટે સાધના કરતા હોય છે. વસ્તુતઃ સાધના તો પ્રાયઃ ભગવાનની પ્રાપ્તિ માટે હોય છે, કારણ કે એ પરમતત્ત્વ પરમાત્માની પ્રાપ્તિમાં જ જીવનની સાચી સાર્થકતા છે. એમની પ્રાપ્તિ માટે તો આજ સુધી અસંખ્ય સાધકોએ

કઠિનમાં કઠિન સાધનાઓ કરી છે અને અત્યારે પણ કરી રહ્યા છે.

પરંતુ સ્વામિનારાયણીય સાધનાની આગવી વિશેષતા એ છે કે એમાં ભગવાનને પામવા માટે કોઈ પ્રકારની કઠિન સાધના કરવાની જ નથી, કારણ કે તેઓ આશ્રિતોને મળી ચૂક્યા છે. અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિ-નારાયણ અતિશય કરુણા કરીને અનંત જીવોના આત્યંતિક કલ્યાણ માટે પ્રગટ થયા અને ગુણાતીત ગુરુઓ દ્વારા સાક્ષાત્ અને સમ્યક્પણે પ્રગટ રહ્યા.

વળી, ગુણાતીતાનંદ સ્વામી કહે છે : *“મોરે તો ભગવાનને મુમુક્ષુ ખોળતા ને આજ તો ભગવાન મુમુક્ષુને ખોળે છે !”* *(સ્વા. વા. : ૧/૧૪૨)*

ખરેખર એમણે જ મુમુક્ષુઓને શોધી કાઢ્યા અને પોતાના આશ્રિત બનાવ્યા. આ આશ્રિત ભક્તોને થયેલી પ્રાપ્તિ વિશે ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ *“કોટિ તપ કરીને, કોટિ જપ કરીને, કોટિ વ્રત કરીને, કોટિ દાન કરીને ને કોટિ યજ્ઞ કરીને પણ જે ભગવાનને ને સાધુને પામવા હતા તે આજ આપણને મળ્યા છે.”* *(સ્વા. વા. : ૧/૨૯૪)*

◆ *“આટલું જ સમજવાનું છે જે, દેહને મૂકીને જેને મળવું હતું, જેને પામવું હતું, ને બીજા ભક્ત પણ દેહને મૂકીને જેને પામ્યા છે તેને આપણે છતી દેહે જ પામ્યા છીએ. તેના તે જ ભગવાન ને તેના તે સાધુ છે; પણ આપણને જે પ્રાપ્તિ, મહિમા, સુખ ને લાભ થયો છે તેને આપણે ઓળખતા નથી. કેમ જે, ભગવાનની માયાએ બાંધી લીધા છે, ને એ અજ્ઞાન એટલું દુઃખ છે. આ વાત વારંવાર પાંચ વખત કરી અને દેહને મૂકીને કાંઈ જોવું બાકી રહ્યું નથી, દેહને મૂકીને આ મળ્યા છે તેની પાસે જાવું છે. આના આ ભગવાન છે, આના આ સાધુ છે.”* *(સ્વા. વા. : ૪/૩૦)*

તેથી જ તો શ્રીજીમહારાજ ***વચ. મ. ૯***માં કહે છે : *“આ સમે જેને સત્સંગમાં પ્રતીતિ આવી છે, તેના પુણ્યનો પાર આવે એમ નથી. એવું જાણીને સત્સંગી હોય તેને પોતાને વિશે કૃતાર્થપણું માન્યું જોઈએ.”*

પરંતુ કૃતાર્થપણું ક્યારે મનાય ? એમના પ્રત્યક્ષ સ્વરૂપની અંતરમાં દૃઢ પ્રતીતિ થાય ત્યારે. તેથી તો તેઓ ***વચ. અં. ૨***માં કહે છે : *“જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે તેવી જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે આવે તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે તેટલા સર્વે અર્થ તેને પ્રાપ્ત થાય છે' અને જ્યારે આવો સંત-સમાગમ પ્રાપ્ત થયો ત્યારે દેહ મૂકીને જેને પામવા હતા તે તો દેહ છતાં જ મળ્યા છે. માટે જેને પરમપદ કહીએ, મોક્ષ કહીએ તેને છતે દેહે જ પામ્યો છે.”*

યોગીજી મહારાજ આ પ્રાપ્તિનો કેફ ઘૂંટાવતાં કહે છે :

◆ *"હવે આપણે શું બાકી છે ? શ્રીજીમહારાજ સાક્ષાત્ મળ્યા છે, તો મૂંઝાવું નહિ."*

◆ *"મહારાજને ઓળખ્યા તો બીજાને ઓળખવા ન પડે. આ સાધુને ઓળખ્યા પછી બીજા સાધુને ઓળખવા ન પડે. આ પ્રાપ્તિ થઈ છે, તેવી સમજાય તો બીજી પ્રાપ્તિ શોધવી ન પડે. ભગવાનને ઓળખ્યા તેથી કઈ વસ્તુ વધારે છે ? જોગ ખરેખરો આવી ગયો છે !"*

પ્રમુખસ્વામી મહારાજ પ્રાપ્તિની વાત સમજાવતાં કહે છે :

◆ *"ભગવાન સહજાનંદ સ્વામી પૂર્ણ પુરુષોત્તમ નારાયણ અને એમના ધારક સંત મળ્યા છે એ જ મોટાં ભાગ્ય છે, એ જ મોટો લાભ છે. આવા સંત અનંત કોટિ બ્રહ્માંડોમાં નથી, એ આપણને મળ્યા છે. હવે બીજે ફાંફાં મારવાનાં ન રહ્યાં. આપણને જે મળ્યા છે એ સર્વોપરી છે, તો એનો કેફ રહેવો જોઈએ."*

◆ *"આપણા મનમાં હવે અસંતોષ ન રહેવો જોઈએ કે હજુ આપણે કંઈક કરવાનું બાકી છે, પામવાનું કંઈક બાકી છે. યોગીજી મહારાજ મળ્યા એમાં બધી જ વસ્તુ આવી ગઈ. એમાં શ્રીજીમહારાજ આવી ગયા, ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, અનંત મુક્તો આવી ગયા, બધા અવતારો, દેવો અને બધા મહાત્માઓ પણ આવી ગયા. હવે શોધવાનું કે પામવાનું કાંઈ બાકી રહ્યું નથી. જો આટલું સમજાઈ જાય તો બીજું કાંઈ સમજવાનું બાકી રહેતું નથી."*

શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓનાં આવાં સેંકડો વચનો સાધકોને એક જ વાત વારંવાર ઘૂંટાવે છે કે તમને જે ભગવાન અને સંત મળ્યા છે એમને ઓળખી, એમનામાં અતિ દૃઢ વિશ્વાસ રાખવો.

સ્વામિનારાયણીય સાધનાનો સાર એટલો જ છે કે સર્વોપરી ભગવાન શ્રીજીમહારાજ અને ગુણાતીત સંતની પ્રાપ્તિ થઈ ગઈ છે. તેથી સાધનાના ૧૦૦% માંથી ૯૦% કામ થઈ જ ગયું છે. એવું અંતરના અતિદૃઢ વિશ્વાસથી માનો અને પછી માણો.

સ્વામિનારાયણીય સાધનામાં કરવા કરતાં સમજવાનું વધારે છે અને સમજવા કરતાં માનવાનું વધારે છે. પૂર્ણપણે માનવામાં જ સાધનાનો અધિકાંશ પૂરો થઈ જાય છે.

આજે સૌ આશ્રિત સાધકોને શ્રીજીમહારાજ સાક્ષાત્ પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ દ્વારા મળ્યા છે. તેથી સાધકોનું ૯૦% કામ પૂરું જ થઈ ગયું છે. હવે જે ૧૦% કામ બાકી રહ્યું છે તે પ્રગટ પુરુષોત્તમ નારાયણની

થયેલી પ્રાપ્તિને માણી શકાય, આત્મામાં એમને પ્રગટ કરી શકાય અને એમનો દિવ્ય આનંદ અનુભવી શકાય; તે માટેની યોગ્ય પાત્રતા કેળવવાના હેતુથી એમને અતિશય રાજી કરવા માટે છે.

ટૂંકમાં એટલું કહી શકાય કે સ્વામિનારાયણીય સાધના પરબ્રહ્મ પુરુષોત્તમની પ્રાપ્તિ માટે નથી, પરંતુ એમની અને એમના ગુણાતીત સંતની અતિશય પ્રસન્નતા અને કૃપા પ્રાપ્ત કરવા માટે છે, કારણ કે એમની પ્રસન્નતા અને કૃપામાં જ સર્વે વાતની સિદ્ધિ થવાની છે, સાધકની પાત્રતા તૈયાર થવાની છે.

શ્રીજીમહારાજ કહે છે :

***પ્ર. ૫૮ –*** *"અતિશય જે મોટાપુરુષ હોય તેનો જે ઉપર રાજીપો થાય તેના ગમે તેવા મલિન સંસ્કાર હોય તો નાશ પામે અને મોટાપુરુષનો રાજીપો થયો હોય તો રાંક હોય તે રાજા થાય અને ગમે તેવાં ભૂંડાં પ્રારબ્ધ હોય તો રૂડાં થાય અને ગમે તેવું તેને માથે વિઘ્ન આવનારું હોય તે નાશ થઈ જાય."*

***મ. ૭ –*** *"સાધને કરીને તો બહુકાળ મહેનત કરતાં કરતાં આ જન્મે ટળે અથવા બીજે જન્મે ટળે; અને તરત જે વિકારમાત્ર ટળે તે તો પરમેશ્વરની કૃપાએ કરીને ટળે."*

***મ. ૧૧ –*** *"જો ધર્મ, અર્થ ને કામ સંબંધી જે ફળની ઈચ્છા તેનો ત્યાગ કરીને તેનાં તે શુભ કર્મો જો ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે, તો એ જ શુભ કર્મ છે તે ભક્તિરૂપ થઈ કેવળ મોક્ષને અર્થે થાય છે."*

***મ. ૪૫ –*** *"ભગવાન ને ભગવાનના સંત રાજી થાય એવું કર્મ કર્યું હોય ને તેને જો નરકમાં જવાનું પ્રારબ્ધ હોય, તોપણ તે ભૂંડાં કર્મનો નાશ થઈ જાય ને પરમપદને પામે... અને દેવલોક-મૃત્યુલોકને વિશે જે સુખિયા છે તે સર્વે ભગવાન ને ભગવાનના સંતને રાજી કર્યા હશે તે પ્રતાપે કરીને સુખિયા છે."*

ગુણાતીતાનંદ સ્વામી કહે છે, *"ભગવાન એવા ઉદાર છે જે, જેના ઉપર રાજી થાય તેને પોતાનું ધામ બક્ષિસ આપી દિયે છે."* *(સ્વા. વા. : ૪/૫૨)*

ઉપરોક્ત સંદર્ભો સમજાવે છે કે ભગવાન અને સંતનો રાજીપો તો ઘણું બધું સિદ્ધ કરી આપે છે.

કોટિ કલ્પ સુધી કરોડો સાધનો કરવા છતાં જે અક્ષરધામની પ્રાપ્તિ ન થાય, અર્થાત્ જીવનું આત્યંતિક કલ્યાણ ન થાય, એ એમના રાજીપાથી અલ્પ પ્રયાસે થઈ જાય છે.

શ્રીજીમહારાજ અમૂલ્ય રાજીપાનું અમૂલ્ય મહત્ત્વ સમજાવતાં ***વચ. મ.***

૨૮માં કહે છે : *"અમારો તો એ જ સિદ્ધાંત છે જે, 'ભગવાનનો રાજીપો હોય ને ભગવાનના ભક્તનો સંગ હોય તો ભગવાનથી અનંત વર્ષ સુધી છેટે રહીએ તોપણ કાંઈ મનમાં શોક ન થાય અને ભગવાનની પાસે રહેતા હોઈએ ને જો ભગવાનનો રાજીપો ન હોય તો તેને હું સારું નથી જાણતો.' અને સર્વ શાસ્ત્રોનો પણ એ જ સાર છે જે, 'ભગવાનનો જેમ રાજીપો હોય તેમ જ કરવું.' અને જેમ ભગવાનનો રાજીપો હોય તેમ જે ન કરે તેને ભગવાનના માર્ગ થકી પડ્યો જાણવો. અને જેને ભગવાન ને ભગવાનના ભક્તનો સંગ છે ને ભગવાનનો રાજીપો છે ને તે જો મૃત્યુલોકમાં છે તોપણ ભગવાનના ધામમાં જ છે. કેમ જે, જે સંતની સેવા કરે છે ને ભગવાનના ગમતામાં છે તે ભગવાનને સમીપે જઈને જ નિવાસ કરશે. અને જો ભગવાનના ધામમાં છે ને ભગવાનનો રાજીપો નથી ને ભગવાનના ભક્ત ઉપર ઈર્ષ્યા છે, તો તે ભક્ત ભગવાનના ધામમાંથી પણ જરૂર હેઠો પડશે. માટે અમારે તો ભગવાનનો રાજીપો થયા સારુ જન્મોજન્મ ભગવાનના ભક્તની જ સેવા કરવી છે અને જેમ અમારે નિશ્ચય છે તેમ જ તમારે પણ નિશ્ચય કરવો."*

ખરેખર રાજીપો પ્રાપ્ત કરવો એ જ સાધનાનું હાર્દ છે. એટલે તો શ્રીજી-મહારાજ કહે છે :

**મ. ૨૭** – *"જેને કલ્યાણ ઈચ્છવું તેને તો જેમ મોટાપુરુષ રાજી થાય તેમ કરવું."*

**મ. ૪૫** – *"જે સમજુ હોય તેને તો ભગવાન ને ભગવાનના ભક્ત રાજી થાય તેમ જ વર્તવું અને પોતાના સંબંધી જે માણસ હોય તેને પણ એમ ઉપદેશ કરવો... માટે જે પોતાના આત્માનું રૂડું થવાને ઈચ્છે તેને તો સદ્‌ગ્રંથને વિષે કહ્યા જે સ્વધર્મ તેને વિષે રહીને ભગવાન ને ભગવાનના સંત રાજી થાય એ જ ઉપાય કરવો."*

પ્રમુખસ્વામી મહારાજ પણ કહે છે : *"મોટાપુરુષ રાજી થાય એમ કરીએ તો બધા જ પ્રશ્નોનું સમાધાન થાય. તેમના રાજીપામાં બધુંય જ્ઞાન થઈ જશે. ભક્તિ ને વૈરાગ્ય અને અનંત ગુણ આવી જશે અને આપણું પરિવર્તન પણ થઈ જશે. માટે દરેક ક્રિયામાં એક જ અનુસંધાન રાખવું કે એ રાજી કેમ થાય ? એક જ નિશાન રાખવું કે મોટાપુરુષને રાજી કરવા છે. આપણે એમને રાજી કરવા આવ્યા છીએ તો એ જેમ રાજી થાય એમ કરવું."*

આ રીતે ભગવાન અને સંતની પ્રાપ્તિ માટે નહિ, પણ પ્રાપ્ત થયેલા ભગવાન અને સંતની પ્રસન્નતા અને કૃપા મેળવવા માટે સાધના કરવાની છે. એ સ્વામિનારાયણીય સાધનાની આગવી વિશેષતા છે.

## ૧.૧.૯ સાધનાના ઉત્કૃષ્ટ આદર્શરૂપ ગુણાતીત સત્પુરુષનું પ્રગટપણું

ભગવાન સ્વામિનારાયણ દ્વારા પ્રબોધિત સાધનાની મોટામાં મોટી વિશેષતા હોય, તો એ છે કે તેમણે સાધનાના ઉત્કૃષ્ટ આદર્શરૂપ ગુણાતીત સત્પુરુષની પરંપરા અખંડ આ પૃથ્વી પર પ્રગટ રાખવાની વ્યવસ્થા કરી છે. આ ગુણાતીત સત્પુરુષની પરંપરા તો અનાદિ સિદ્ધ છે. અનાદિ માયા પર એવા સાક્ષાત્ અક્ષરબ્રહ્મની આ પરંપરા છે, જેમને માયાનો કે માયિક ભાવનો ત્રિકાળમાંય સ્પર્શ નથી, જેમને વસ્તુતઃ તો સાધના કરવાની જરૂરિયાત જ નથી, તેમ છતાં તેમણે સાધના પોતાના જીવનમાં પ્રત્યક્ષ દૃષ્ટાંત રૂપે કરી બતાવી છે, કારણ કે સિદ્ધ જ્યારે સાધનાનો આરંભ કરે છે ત્યારે સાધનાનો આદર્શ મૂર્તિમંત થતો હોય છે.

આવા ગુણાતીત સત્પુરુષોનું જીવન જોતાં સાધકને આત્મવિશ્વાસ દૃઢ થાય છે કે આ મનુષ્યદેહે આવી સાધના કરી શકાય છે, ભગવાન અને સંતને રાજી કરી શકાય છે. આવા કલ્યાણકારી ગુણોને આત્મસાત્ કરી શકાય છે. આ સાધના ગગનકુસુમને વીણવા જેવી અશક્ય નથી, પરંતુ આ જ દેહે અને આ જ જીવનમાં કરી શકાય છે, એવો આત્મવિશ્વાસ સાધકના મનમાં ઉદય થાય, તો તેને આ સાધના કરવાની સહેજે જ પ્રેરણા મળે છે.

વળી, જેમ શિલ્પકાર મૂર્તિના મૉડલને જોઈ જોઈને મૂર્તિ તૈયાર કરે છે, તેમ સાધક પણ પોતાની સાધનાના આદર્શરૂપ સત્પુરુષના જીવનને નજર સમક્ષ રાખી, પોતાના જીવનનું ઘડતર કરી શકે છે. સાધક સત્પુરુષના જીવનમાં ડોકિયું કરીને પછી જ્યારે પોતાની સાધનાનું નિરીક્ષણ અને પરીક્ષણ કરે છે ત્યારે તેને પોતાની સાધનામાં ક્યાં, કઈ અને કેટલી ખામી છે તેનું દર્શન થાય છે. પછી તે આ ખામી દૂર કરીને પૂર્ણ બનવાનો પ્રયાસ કરી શકે છે. ઉપદેશના લાખો શબ્દો કરતાં ઉત્કૃષ્ટ દૃષ્ટાંતરૂપ સત્પુરુષનું જીવન વધારે અસરકારક પ્રેરણા આપી શકે છે.

આમ, ગુણાતીત સત્પુરુષ ગુણાતીત સાધનાના એક ઉત્તમ આદર્શરૂપ તો છે જ, પરંતુ સાથે સાથે તેઓ આ બ્રહ્મવિદ્યાની ઉત્તમ સાધનાના માર્ગદર્શક, શિક્ષક અને સહાયક પણ છે. આ ગુણાતીત ગુરુ સાધકને સાચી સાધના કરતાં શીખવે છે. તેઓ સાધકને ડગલે ને પગલે પ્રત્યક્ષપણે અને પરોક્ષપણે માર્ગદર્શન આપીને તેને સાધનાના માર્ગમાંથી ચ્યુત થતાં અટકાવે છે. એ જ માર્ગે આગળ વધવાની પ્રેરણા તથા ઝડપ વધારવાનું માર્ગદર્શન અને પ્રોત્સાહન પણ આપે છે.

ક્યારેક સાધક પોતાના માયિક સ્વભાવો સામે સંઘર્ષ કરતાં કરતાં હિંમત

હારી જાય, શ્રદ્ધા ગુમાવી બેસે, ધીરજ ખોઈ બેસે; ત્યારે તેની હિંમત, શ્રદ્ધા અને ધીરજની જ્યોતને જલતી રાખવાનું અને વધારવાનું બળ પણ સત્પુરુષ જ આપે છે.

વસ્તુતઃ તો આ ગુણાતીત સાધનાનો સાચો માર્ગ જ સ્વયં ગુણાતીત સત્પુરુષ છે. સાધક તેમનું સ્વરૂપ ઓળખી, તેમનામાં નિર્દોષભાવ તથા દિવ્ય-ભાવ રાખી, તેમને અતિશય પ્રસન્ન કરીને તેમની કૃપા અને પ્રસન્નતાના ફળરૂપે સાધનામાં સફળતા મેળવે છે, પ્રગતિની પરાકાષ્ઠાએ પહોંચે છે, સિદ્ધિનાં શિખરો સર કરે છે. આ ગુણાતીત સત્પુરુષ સાધકને 'સાધના'નો માર્ગ બતાવીને ચૂપ થઈ જતા નથી, તટસ્થ થઈને સાક્ષીભાવે દૂર ઊભા ઊભા જોયા કરતા નથી, સાધકથી નિરપેક્ષ કે નિર્લેપ થઈ જતા નથી; પરંતુ તેઓ સાધકને સાધનાનું શિક્ષણ, માર્ગદર્શન, પ્રોત્સાહન આપતાં આપતાં તેનામાં બળ, ધીરજ, હિંમત અને શ્રદ્ધા વધારતાં વધારતાં સાધકનો હાથ પકડીને એ માર્ગે ચલાવે છે. એટલું જ નહિ, પરંતુ સાધકને ઊંચકીને માયાપાર કરી 'સાધ્યરૂપ' ભગવાન સુધી પહોંચાડીને તેમના સાંનિધ્યમાં મૂકી દે છે.

આ રીતે શ્રીજીમહારાજે ગુણાતીત સત્પુરુષ દ્વારા ઉચ્ચતમ સાધનાની સુગમતા અને સુલભતા સૌને માટે કરી આપી છે. વસ્તુતઃ તો તેઓ પોતે જ આ ગુણાતીત સત્પુરુષમાં સમ્યક્‌પણે પ્રગટ રહીને સાધકને આ સાધનાનાં ઉચ્ચતમ શિખરો સર કરાવે છે. ભગવાન સ્વામિનારાયણ સ્વયં અંતર્ધાન થયા પછી આ સંપ્રદાયમાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી, બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને વર્તમાન કાળે પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ દ્વારા સમ્યક્‌પણે પ્રગટ રહીને અગણિત જીવોને પોતે જ પ્રબોધેલા સાધનાને માર્ગે ચલાવ્યા છે, ચલાવી રહ્યા છે અને ભવિષ્યમાં પણ આ જ ગુણાતીત સત્પુરુષની પરંપરા દ્વારા તેઓ અસંખ્ય જીવોને સાધનાના માર્ગે સફળતા અપાવશે. અનંત જીવોને માયાપાર કરી આત્યંતિક મુક્તિ અપાવવાની તેમની આ વ્યવસ્થા છે. તે માટે તેઓ વચનબદ્ધ છે.

સ્વામિનારાયણીય સાધનાની આગવી વિશેષતાઓ જાણ્યા પછી આ સાધનાની સફળતા અને તેના સાત સિદ્ધાંતો વિશે જાણીએ.

## ૧.૨ સ્વામિનારાયણીય સાધનાની સફળતાના સાત સિદ્ધાંતો

### ૧.૨.૧ સ્વામિનારાયણીય સાધનાની સફળતા

કોઈ પણ સાધનાની સફળતા તો તે સાધના જે સાધ્યની સિદ્ધિ માટે

કરવામાં આવી હોય, તે સાધ્યની સિદ્ધિ થાય એ જ છે. અમદાવાદથી સારંગપુર આવવા નીકળેલી વ્યક્તિએ જે કંઈ સાધના કરી હોય, તેની સફળતા કે ફલશ્રુતિ કઈ ? સારંગપુર સહીસલામત પહોંચી જવું એ જ એના માટે સફળતા છે. ડૉક્ટર થવા માટે મૅડિકલ કોલેજમાં દાખલ થઈને વિદ્યાર્થી જે કંઈ સાધના કરે, તેની સાચા અર્થમાં સફળતા કઈ ગણાય ? એ વિદ્યાર્થી પોતાની ઈચ્છા પ્રમાણેના વિષયમાં નિષ્ણાત ડૉક્ટર બને એ જ એના માટે સફળતા છે. એવી જ રીતે સ્વામિનારાયણીય સાધનાની સફળતા તો એના સાધ્યની પ્રાપ્તિ કરવી એ જ છે.

સ્વામિનારાયણીય સાધનાની વિશેષતામાં આપણે સમજી ચૂક્યા છીએ કે આ સાધના કોઈ પણ લૌકિક કામનાની પ્રાપ્તિ માટે નથી. તેથી આ સાધનાની સાચી સફળતા કોઈ લૌકિક સત્તા, સંપત્તિ, સંતાન, કીર્તિ કે શરીરના સ્વાસ્થ્યની પ્રાપ્તિ નથી. માટે સાધના દ્વારા આ બધું પ્રાપ્ત થાય એ કાંઈ સાધનાની સાચી ફલશ્રુતિ નથી.

સ્વામિનારાયણીય સાધનાનું મુખ્ય લક્ષ્ય તો પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ અને તેઓ જેમના દ્વારા સમ્યક્ પ્રગટ રહે છે, એવા ગુણાતીત સત્પુરુષની સંપૂર્ણ પ્રસન્નતા છે.

જો કોઈ પણ સાધક સ્વામિનારાયણીય સાધના સાચી રીતે અને સંપૂર્ણપણે કરે તો તેના પર શ્રીજીમહારાજ અને પ્રગટ ગુરુહરિનો ૧૦૦% રાજીપો થાય જ. સંપૂર્ણ સાધનાની સંપૂર્ણ સફળતા એટલે શ્રીજીમહારાજ અને પ્રગટ ગુરુહરિનો ૧૦૦% રાજીપો. એમનો યથાર્થ અને સંપૂર્ણ રાજીપો અને પરિણામે એમની કૃપા તો ઘણુંબધું સિદ્ધ કરી આપે છે. જો શ્રીજીમહારાજ અને પ્રગટ ગુરુહરિનો સંપૂર્ણ રાજીપો થાય, તો સ્વભાવ-દોષ-વાસનાથી મુક્ત થવાય, એકાંતિક ધર્મ સિદ્ધ થાય અને જીવન્મુક્તિની સ્થિતિ અનુભવાય.

જો સંપૂર્ણ સાધનાની ફલશ્રુતિ સંપૂર્ણ રાજીપો હોય અને સંપૂર્ણ રાજીપાનું ઉપરોક્ત ફળ હોય તો એનો અર્થ એ થાય છે કે સાચી સાધનાની સાચી અને સંપૂર્ણ સફળતા પણ એ જ જીવન્મુક્તિની અર્થાત્ જીવતા હોવા છતાં સદેહે મુક્ત-પણાની અનુભૂતિ જ છે.

તેથી એવું કહી શકાય કે સંપૂર્ણ સાધનાની ફલશ્રુતિ રૂપે સંપૂર્ણ રાજીપાના પરિણામે સાધકને જીવન્મુક્તપણાનો અનુભવ થાય એટલે કે –

- *આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર થાય.* *(વચ. પ્ર. ૨૩; મ. ૮, ૬૨)*
- *દ્વન્દ્વોમાં સ્થિરતા સમતા રહે.* *(વચ. લો. ૧૦, પં. ૧, મ. ૧)*

- *છતે દેહે અક્ષરધામમાં છીએ એવું અખંડ અનુભવાય.*
*(વચ. મ. ૨૮; અં. ૨, ૭)*
- *અહીં જ અક્ષરધામ અને અક્ષરધામના અધિપતિ ક્ષણમાત્ર અને અણુમાત્ર દૂર નથી એવું મનાય.* *(વચ. સા. ૧૦)*

જીવન્મુક્તપણાની આવી સ્થિતિ એ જ સ્વામિનારાયણીય સાધનાની સાચી સફળતા છે. જો આવી સ્થિતિનો અનુભવ ન થાય તો સાધકને ખ્યાલ રહેવો જોઈએ કે સાધનામાં કંઈક ખૂટે છે, કાં તો સાધનાની રીતમાં ક્યાંક ભૂલ છે અથવા તો હજુ સાધના અધૂરી છે. તેથી સાધકે સાધનાની આ ફલશ્રુતિને નજર સમક્ષ રાખીને પોતાની સાધનામાં સતત સુધારો કરતા રહીને તેની સંપૂર્ણતાને પહોંચવા માટે સતત જાગૃતિપૂર્વક પુરુષાર્થ કરવો જોઈએ. છતે દેહે જીવન્મુક્ત-પણાનો અનુભવ કર્યા પછી જીવનના અંતે વિદેહમુક્તિની અર્થાત્ અક્ષરધામની પ્રાપ્તિ થાય.***(વચ. પ્ર. ૧, ૧૨, ૨૧)*** એ જ આત્યંતિક મુક્તિ છે. પછી એને કોઈ માયિક ઉપાધિ વળગતી નથી.***(વચ. અમ. ૨)*** જન્મ-મરણના ભવચક્રમાંથી એનો આત્યંતિક છુટકારો છે.

અહીં એક સ્પષ્ટતા કરવી ઘટે કે કદાચ સાધકને કોઈ પણ કારણસર ઉપરોક્ત જીવન્મુક્તિની સ્થિતિનો અનુભવ ન થાય, પરંતુ એનો જો આવો પ્રામાણિક પુરુષાર્થ ચાલુ હોય તો ભગવાન અને સંત એને અંતકાળે પણ મદદ કરીને વિદેહમુક્તિ અપાવે છે.***(વચ. પ્ર. ૭૦)*** કદાચ કોઈને એવો પ્રામાણિક અને પૂરતો પુરુષાર્થ ન હોય તો મહારાજ પુનઃ સત્સંગમાં જન્મ અપાવીને બાકીની કસર દૂર કરાવીને અંતે અક્ષરધામમાં લઈ જાય છે.

વસ્તુતઃ તો ઉત્કૃષ્ટ સાધકે સાધનાની સફળતારૂપે, શ્રીજીમહારાજ અને પ્રગટ ગુરુહરિનો સંપૂર્ણ રાજીપો, અને પરિણામે જીવન્મુક્તિની સ્થિતિ પ્રાપ્ત કરવાના જીવનધ્યેય સાથે શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વક સાધનામાં મંડી પડવું જોઈએ. એને સંપૂર્ણ સફળતાથી જરાય ઓછું ન ખપે. તે ૯૯.૯૯% રાજીપાથી પણ સંતોષ ન માને. એણે તો ૧૦૦% રાજીપો અને ૧૦૦% જીવન્મુક્તિની સ્થિતિનો અનુભવ મળે તો જ સંતોષ માનવો જોઈએ. એ માટે સાધનાની સફળતાના સિદ્ધાંતો સમજીને જીવનમાં આત્મસાત્ કરવા જોઈએ.

### ૧.૨.૨ સાધનાની સફળતાના સાત સિદ્ધાંતો

શ્રીજીમહારાજે પોતાના સૌ આશ્રિતો સાચી સાધના યોગ્ય રીતે કરીને

સાધનાની ફળશ્રુતિરૂપે સંપૂર્ણ સફળતા પ્રાપ્ત કરે તે માટે વચનામૃતમાં અદ્ભુત માર્ગદર્શન આપ્યું છે. વસ્તુતઃ વચનામૃત સાધનાલક્ષી ઉપદેશનો જ ગ્રંથ છે. સમગ્ર વચનામૃતમાં અદ્વિતીય સાધનાનું આદર્શ શબ્દચિત્ર જોવા મળે છે. શ્રીજી-મહારાજના સાધનાલક્ષી હૃદ્ગત અભિપ્રાયને સમજીને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી અને પછીની ગુણાતીત ગુરુપરંપરાએ પોતાના જીવનવૃત્તાંત અને ઉપદેશ વચનો દ્વારા આ સ્વામિનારાયણીય સાધનાનું સ્પષ્ટીકરણ તથા પોષણ કર્યું છે.

વચનામૃતનાં સર્વે વચનોની સાથે સાથે ગુણાતીત ગુરુઓનાં ઉપદેશ-વચનોનો સમન્વય કરવાથી, અને તેમના જીવનવૃત્તાંતનો અભ્યાસ કરવાથી સાધનાની સફળતા માટેના સાત સિદ્ધાંતો મનમાં ઊપસી આવે છે. આ સાત સિદ્ધાંતો આ પ્રમાણે છે :

૧. સંકલ્પનિષ્ઠા　　૩. સ્વધર્મનિષ્ઠા
૨. સ્વરૂપનિષ્ઠા　　૪. સંપનિષ્ઠા
૫. સાવધાની　　૭. સાતત્ય
૬. સત્પુરુષનો પ્રસંગ

સમગ્ર વચનામૃત અને ગુણાતીત ગુરુઓનાં ઉપદેશ-વચનોના સારરૂપ આ સાત સિદ્ધાંતો પ્રમાણે જો કોઈ પણ સાધક સાધના કરે, તો તે સાધનાની સફળતાને અચૂક પામે એ નિઃસંશય હકીકત છે. હવે પછીનાં પ્રકરણોમાં આપણે આ સાત સિદ્ધાંતોનો ક્રમશઃ વિચાર કરીશું.

# ૨.
# સંકલ્પનિષ્ઠા

## ૨.૧ સંકલ્પનિષ્ઠાની અદ્‌ભુત શક્તિ

સંકલ્પ એટલે ઇચ્છા કે નિર્ણય. કોઈ પણ શુભાશુભ ક્રિયા કે પ્રવૃત્તિનો જનક સંકલ્પ અર્થાત્ ઇચ્છા કે નિર્ણય છે. દેહે કરીને ક્રિયા થતાં પહેલાં એ ક્રિયાનો સંકલ્પ મનમાં ઊઠે છે. દેહ-ઇન્દ્રિયો દ્વારા થતી ક્રિયા એ મનના સંકલ્પ કે બુદ્ધિના નિર્ણયનું સ્થૂળ પરિણામ છે. આ સંકલ્પની અતિશય શ્રદ્ધાપૂર્વક અચલ દૃઢતા એટલે સંકલ્પનિષ્ઠા.

સંકલ્પનિષ્ઠામાં અદ્‌ભુત અને અકલ્પનીય શક્તિ રહેલી છે. સમગ્ર માનવ-જાતનો ઇતિહાસ આ સંકલ્પનિષ્ઠાની શક્તિનો સાક્ષી છે. માનવજીવનના લૌકિક કે પારલૌકિક કોઈ પણ ક્ષેત્રમાં જેણે જેણે જે કંઈક અસાધારણ સફળતા પ્રાપ્ત કરી છે, તેનાં ઘણાં કારણોમાંનું એક મહત્ત્વનું કારણ જે તે વ્યક્તિની સંકલ્પનિષ્ઠા છે.

અનેકવિધ સફળતામાં જેમ સંકલ્પશક્તિ એક કારણ છે, એવી જ રીતે જેને જેને પોતપોતાના ક્ષેત્રમાં જે કાંઈ નિષ્ફળતા મળી છે; તેનાં અનેક કારણોમાં એક મહત્ત્વનું કારણ સંકલ્પ કે સંકલ્પનિષ્ઠાનો અભાવ છે. કેટલીક વાર કંઈક કરવાનો, કંઈક પામવાનો કે કંઈક થવાનો સંકલ્પ તો ઘણા કરતા હોય છે, પરંતુ એમની અચલ દૃઢતા હોતી નથી. એટલે કે સંકલ્પ છે, પણ સંકલ્પનિષ્ઠા નથી. તેથી કંઈક વિઘ્ન આવે તો તેની પાછળનો પ્રયત્ન પડતો મુકાય છે. પરિણામે ધાર્યું પરિણામ મળતું નથી. તેથી જીવનમાં સફળતા પ્રાપ્ત કરવા માટે ફક્ત સંકલ્પ જ નહિ, પરંતુ સંકલ્પનિષ્ઠા જરૂરી છે. સંકલ્પનિષ્ઠા એ જીવનના કોઈક પ્રકારના ધ્યેયની સ્પષ્ટતા અને શ્રદ્ધાપૂર્વકની દૃઢતા જ છે.

માનવમાં શક્તિભંડોળ અમાપ અને અખૂટ છે, પરંતુ જીવનના ધ્યેયની સ્પષ્ટતા અને દૃઢતા વગર વપરાતું નથી. માણસ પાસે કામ કરાવનાર બળ તેનું ધ્યેય છે. ધ્યેયની શક્તિ તો અણુશક્તિથી પણ મહાન છે. જીવનમાં એ આવે તો પ્રગતિ નક્કી અને જીવન સાર્થક. માટે હૃદયમાં જીવનધ્યેયની જ્યોત પ્રગટવી જોઈએ.

જીવનમાં સફળતા પ્રાપ્ત કરવા માટે ધ્યેયની સ્પષ્ટતા અને દૃઢતા કરવી અત્યંત જરૂરી છે. જીવનમાં ધ્યેય જેટલું ઉત્કૃષ્ટ, જેટલું સ્પષ્ટ અને જેટલું દૃઢ હોય, તદનુસાર વ્યક્તિને સફળતા પ્રાપ્ત થાય છે. જીવનમાં જો ધ્યેય સ્પષ્ટ અને દૃઢ હોય તો –

- *વ્યક્તિમાં રહેલી અનંત, અપાર, અદ્ભુત શક્તિ પ્રગટ થાય, એકાગ્ર થાય અને તેનો સદુપયોગ થાય.*
- *સમય અને શક્તિનું આયોજન થાય. તેનો બગાડ થતો અટકે. બિન-જરૂરી અથવા ઓછી જરૂરી બાબતમાં તેનો વિનિયોગ કરવાને બદલે અગ્રિમતા ક્રમ પ્રમાણે અત્યંત મહત્ત્વની, આવશ્યક કે અનિવાર્ય બાબતોમાં જ તેનો ઉપયોગ થાય.*
- *ધ્યેય-સિદ્ધિમાં નડતરરૂપ મન, કર્મ, વચને થતી પ્રવૃત્તિમાત્ર આપોઆપ છૂટી જાય. બિનજરૂરી વસ્તુઓ અને બાબતોનો સહેજે ત્યાગ થઈ જાય.*
- *કોઈનોય અવગુણ ન આવે કે કોઈનોય અવળો વાદ ન લેવાય.*
- *સમગ્ર જીવન વ્યવસ્થિત, નિયમિત, એકાગ્ર અને શિસ્તબદ્ધ બને.*
- *શ્રદ્ધા, વિશ્વાસ, ધીરજ, ઉત્સાહ, ધગશ જળવાઈ રહે. એટલું જ નહિ, પરંતુ દિન-પ્રતિદિન વધતાં રહે.*
- *જે વખતે, જ્યાં, જે કંઈ, જે રીતે કરવાનું છે તેમાં જે કાંઈ જાણતાં કે અજાણતાં ખામી રહેતી હોય કે થતી હોય, તો તે શોધીને દૂર કરવાનો પ્રયત્ન થાય.*
- *મન, કર્મ, વચને થતી પ્રવૃત્તિની ગુણવત્તામાં સતત સુધારો અને વધારો કરવાનો વિચાર આવે, તેવું આયોજન થાય અને તે માટે પ્રયત્ન થાય.*
- *ગમે તેવાં વિપરીત સંજોગો, વિઘ્નો, અગવડ, વિરોધ કે નિષ્ફળતામાં સ્થિર રહેવાય. તેમાંથી પણ કંઈક માર્ગ કાઢીને સતત આગળ વધતા રહેવાય.*
- *અંતે ધાર્યું નિશાન પાર પડે. ક્યારેક તો ધાર્યા કરતાં વધારે સફળતા મળે. સિદ્ધિનાં શિખરો સર થાય. પ્રગતિની પરાકાષ્ઠાએ પહોંચી શકાય. જીવનમાં કૃતાર્થતા અને પૂર્ણતાનો અનુભવ થાય.*

સંકલ્પનિષ્ઠા કે ધ્યેયનિષ્ઠાની શક્તિ જાણ્યા પછી પ્રશ્ન એ છે કે જીવનમાં આ શક્તિનો વાસ્તવિકપણે ઉપયોગ શેમાં કરવાનો છે ? કઈ સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે સંકલ્પનિષ્ઠાની શક્તિને કામે લગાડવાની છે ? જીવનમાં કયો સંકલ્પ

કરીને એની દૃઢતા કરવાની છે ? આ પ્રશ્નોના યથાર્થ ઉત્તર પામવા માટે મનુષ્ય-દેહની દુર્લભતા અને એના વાસ્તવિક પ્રયોજનને સમજવું જરૂરી છે.

## ૨.૨ મનુષ્યદેહની દુર્લભતા અને એનું પ્રયોજન

હિંદુ ધર્મનાં ભાગવતાદિક પુરાણોમાં તથા મહાભારત, રામાયણાદિક ઈતિહાસગ્રંથોમાં મનુષ્યદેહને ખૂબ જ મોંઘો અને દુર્લભ ગણાવ્યો છે. ભગવાન સ્વામિનારાયણ ખગોળ ભૂગોળના વચનામૃતમાં આ જ વાત સમજાવતાં કહે છે; *“ભરતખંડમાં મનુષ્યનો દેહ પામવો તે અતિ દુર્લભ છે, ચિંતામણિ તુલ્ય છે, જે દેહને ઈન્દ્રાદિક દેવતા ઈચ્છે છે. તે દેવતાને વિષય ને વૈભવ-વિલાસ ને આયુષ્ય તે તો મનુષ્યના થકી ઘણું અધિક છે, પણ ત્યાં મોક્ષનું સાધન નથી થાતું. મોક્ષનું સાધન તો ભરતખંડને વિષે મનુષ્યદેહ પામ્યા થકી થાય છે. તે વિના બીજે કોઈ ઠેકાણે ને કોઈ દેહને વિષે થાતું નથી... જીવ યમયાતના ને નરકકુંડનાં દુઃખ ને લખચોરાસી જાતના જે દેહ છે, તેનાં દુઃખ ભોગવીને તેમાં ફરીને પાછો સાડી ત્રણ કોટિ પ્રાકૃત પ્રલય કહ્યા એવા થાશે ત્યારે ફરીને મોક્ષક્ષેત્રમાં આવો મનુષ્યનો દેહ પામે છે. એટલો ફરીને મનુષ્યદેહ પામવાનો વિલંબ છે.”*

ટૂંકમાં એટલું કહી શકાય કે મોક્ષક્ષેત્રમાં આવો મોંઘો મનુષ્યદેહ પ્રાપ્ત કરવો અત્યંત દુર્લભ છે.

મોંઘા અને દુર્લભ મનુષ્યદેહનું પ્રયોજન શું ? શા માટે ભગવાન આ જીવને આટલો મોંઘો દેહ આપે છે ? આ લોકમાં કોઈક ને કોઈક વસ્તુનું કંઈક ને કંઈક પ્રયોજન હોય છે. તદનુસાર તેનો ઉપયોગ કરાય. તેનો બીજો ઉપયોગ કે દુરુપયોગ કરીએ તો તે મૂર્ખાઈ છે. જેમ કે, ઘડિયાળનું પ્રયોજન સમય બતાવવાનું છે. તેનો ઉપયોગ કાગડા ઉડાડવા કે દૂરથી ફેંકીને કોઈકના માથે મારવા માટે કરે તો તેને ડાહ્યો કહેવાય ? તિજોરીમાં કચરો, ફાટેલાં પગરખાં અને ફ્રીઝમાં કપડાં ભરનારને બુદ્ધિશાળી કહેવાય ? ન જ કહેવાય, કારણ કે એ રીતે એ વસ્તુનો ઉપયોગ સાચા અર્થમાં થતો નથી. એવી જ રીતે જે હેતુ માટે ભગવાને મનુષ્ય જન્મ આપ્યો છે, તે હેતુ સિદ્ધ કરવા માટે જ જો તેનો ઉપયોગ ન કરીએ તો તે વિપરીત બુદ્ધિ છે. આ જન્મ ફક્ત વિષય ભોગવવા માટે નથી, કારણ કે તે તો અન્ય યોનિમાં પણ ભોગવાય છે.

અનંત જન્મો પછી પ્રાપ્ત થતા મનુષ્યદેહે કરીને જે વ્યક્તિ વિષયમાંથી વૃત્તિ પાછી વાળીને પોતાના કલ્યાણનું જતન કરે છે તે જ કુશાગ્ર બુદ્ધિવાળો છે,

એમ શ્રીજીમહારાજ **વચ. પ્ર. ૫૦**માં કહે છે : *"કેટલાક તો વ્યવહારમાં અતિ ડાહ્યા હોય તોપણ પોતાના કલ્યાણને અર્થે કાંઈ જતન કરે નહિ તથા કેટલાક શાસ્ત્ર, પુરાણ, ઈતિહાસ તેના અર્થને સારી પેઠે જાણતા હોય તોપણ પોતાના કલ્યાણને અર્થે કાંઈ જતન કરે નહિ. માટે એને કુશાગ્ર બુદ્ધિવાળા ન જાણવા, એને તો જાડી બુદ્ધિવાળા જાણવા અને જે કલ્યાણને અર્થે જતન કરે છે ને તેની બુદ્ધિ થોડી છે તોપણ તે કુશાગ્ર બુદ્ધિવાળો છે અને જે જગત-વ્યવહારની કોરે સાવધાન થઈને મંડ્યો છે ને તેની બુદ્ધિ અતિ ઝીણી છે તોપણ તે જાડી બુદ્ધિવાળો છે... માટે એવી રીતે જે પોતાના કલ્યાણને અર્થે સાવધાનપણે વર્તે છે તે જ કુશાગ્ર બુદ્ધિવાળા છે અને તે વિના તો સર્વ મૂર્ખ છે."*

માટે ગુણાતીતાનંદ સ્વામી પોતાની વાતોમાં કહે છે :

◆ *"કરોડ કામ બગાડીને પણ એક મોક્ષ સુધારવો ને કદાપિ કરોડ કામ સુધાર્યાં ને એક મોક્ષ બગાડ્યો તો તેમાં શું કર્યું ?"* *(સ્વા. વા. : ૧/૧૪)*

મોક્ષ સુધારવો એટલે કે જીવનું આત્યંતિક કલ્યાણ કરવું. જીવને અનાદિ કાળથી માયારૂપ કારણદેહનું જે બંધન વળગેલું છે તેનાથી જીવને મુક્ત કરવો. જીવમાં રહેલો મોહ, પંચવિષયો પ્રત્યેની આસક્તિ કે કામાદિક વિકારોથી જીવને મુક્ત કરવો.

એટલે જ તો ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ *"આપણો જન્મ બે વાત સાધવા સારુ થયો છે, તેમાં એક અક્ષરરૂપ થવું, ને બીજું ભગવાનમાં જોડાવું."* *(સ્વા. વા. : ૪/૧૦૧)*

◆ *"નિર્વાસનિક થાવું ને ભગવાનમાં જોડાવું, પછી ગમે તે કામ કરો, ગૃહસ્થાશ્રમમાં રહો કે ત્યાગી થાઓ, પણ અંતે કરવાનું એ છે."* *(સ્વા. વા. : ૨/૮૪)*

જો આ દેહે કરીને જીવનનું આ અંતિમ ધ્યેય સમજીને સિદ્ધ નહિ કરીએ, તો શ્રીજીમહારાજ ખગોળ-ભૂગોળના વચનામૃતમાં કહે છે, *"હે ભાઈ ! સૂઝે તો આજ સમજીને મોક્ષના દાતા જે સદ્‌ગુરુ ને સંત તેનો આશ્રય કરીને તેની આજ્ઞામાં પોતાનો દેહ ને ઈન્દ્રિયો ને અંતઃકરણને વર્તાવીને પોતાના આત્માનું શ્રેય કરીને ભગવાનના ધામને પહોંચો. ને જો આજ એ વાત નહિ સમજો, ને આવો મનુષ્ય-દેહ મોક્ષના સાધનનું ધામ છે, તે વૃથા હારશો, તો ફરી પાછો આવો જોગ મળવાનો વિલંબ તો મોરે લખ્યો એટલો છે. તે પ્રમાણે ભોગવીને તે અવધિ પૂરી થાશે તે દિવસ જોગ મોક્ષ થાવાનો થાશે. તે દિ' જો વિચારશો તો થાશે ને નહિ વિચારો તો તે દિ' પણ મોક્ષ થાશે નહિ, એ સિદ્ધાંત-વાર્તા છે. સમજુ હોય તો*

*વિચારજો ને મૂરખને માથે તો શ્રુતિ-સ્મૃતિની આમન્યા નથી, તે કોઈ એ વાતને સમજશે નહિ.''*

તેથી જીવનનું અંતિમ ધ્યેય આત્માની આત્યંતિક મુક્તિ છે. માનવદેહની દુર્લભતા તથા મનુષ્યજીવનના અંતિમ ધ્યેયની સ્પષ્ટતા કર્યા પછી હવે આપણે કયા સંકલ્પોની દૃઢતા કરવાની છે તે વિચારીએ.

## ૨.3 કયા સંકલ્પોની નિષ્ઠા કરવી ?

આપણે કયો નિશ્ચય એટલે કે નિર્ણયાત્મક સંકલ્પ દૃઢ કરવાનો છે તે સમજાવતાં શ્રીજીમહારાજ કહે છે :

***વચ. પ્ર. ૨૧*** *– ''આપણા સત્સંગી સર્વેને તો એમ જ નિશ્ચય કરવો જે, આપણે પણ એ અક્ષરરૂપ જે મુકત તેમની પંક્તિમાં ભળવું છે અને અક્ષરધામમાં જઈને અખંડ ભગવાનની સેવામાં હજૂર રહેવું છે પણ નાશવંત ને તુચ્છ એવું જે માયિક સુખ તેને ઈચ્છવું નથી ને એમાં કોઈ ઠેકાણે લોભાવું નથી, એવો દૃઢ નિશ્ચય રાખીને નિરંતર ભગવાનની એકાંતિક ભક્તિ કરવી.''*

***વચ. પં. ૧*** *– ''એમ સર્વે નિશ્ચય રાખજ્યો જે, 'હવે તો ભગવાનના ધામમાં જ ઠેઠ પૂગવું છે, પણ વચમાં કોઈ ઠેકાણે તુચ્છ જે પંચવિષય સંબંધી જે સુખ તેમાં લોભાવું નથી' એવી રીતે સૌ દૃઢ નિશ્ચય રાખજ્યો અને આ તો જે અમારો સિદ્ધાંત છે તે તમને સર્વેને કહ્યો છે માટે દૃઢ કરીને રાખજ્યો.''*

શ્રીજીમહારાજના આ અભિપ્રાયને સમજીને ગુણાતીતાનંદ સ્વામી પણ આપણને કહે છે : *''આપણે તો અક્ષરધામમાં જાવું છે, એવો એક સંકલ્પ રાખવો.''* *(સ્વા. વા. : ૧/૩૦૧)*

તેથી દરરોજ આ પ્રમાણે સંકલ્પો કરવા. મારે તો કોઈ પણ સંજોગોમાં અને કોઈ પણ ભોગે આ ને આ દેહે કરીને જ –

- *અતિશય નિર્વાસનિક થવું જ છે.*
- *સંપૂર્ણપણે કામાદિક વિકારોથી મુક્ત થવું જ છે.*
- *બ્રહ્મરૂપ થવું જ છે.*
- *આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર કરવો જ છે.*
- *જીવન્મુક્તિને પામવું જ છે.*
- *અંતે અક્ષરધામમાં જવું જ છે.*

આપણે અગાઉ જોઈ ગયા છીએ કે આ સ્થિતિ પ્રાપ્ત કરવા માટે શ્રીજી-

મહારાજ અને પ્રગટ ગુરુહરિની પ્રસન્નતા અત્યંત અનિવાર્ય છે. એમની પ્રસન્નતા જ બધું સિદ્ધ કરાવી આપવા સમર્થ છે. તેથી વસ્તુતઃ તો દૈનિક જીવનમાં કોઈ પણ ક્રિયા કરતાં પહેલાં, કરતી વખતે કે કર્યા પછી આ પ્રમાણેનો સંકલ્પ કરવો :

*"મારે તો કોઈ પણ સંજોગોમાં અને કોઈ પણ ભોગે, આ ને આ દેહે કરીને જ કેવળ ભગવાન સ્વામિનારાયણને, અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને, બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજને, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજને, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજને અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને કેવળ રાજી કરવા જ છે, રાજી કરવા જ છે અને રાજી કરવા જ છે."*

## ૨.૪ સંકલ્પનિષ્ઠાની દૃઢતાના ઉપાયો

ઉપરોક્ત સંકલ્પોની વિશેષ દૃઢતા થાય તે માટે,

- *સંત અને સત્‌શાસ્ત્રનાં વચનોમાં અતિ દૃઢ વિશ્વાસ રાખવો.*
- *સંતસમાગમ કરવો.*
- *શુભ સંકલ્પોને પોષણ મળી રહે તેવું શ્રવણ, વાંચન કરવું.*
- *અન્ય સંતો-ભક્તો સાથે એ વિષયક ગોષ્ઠી કરવી.*
- *રોજ એ સંકલ્પ મોટેથી અને મનમાં પણ બોલવો અને લખવો.*
- *એ સંકલ્પોનું મનન કરવું.*
- *વારંવાર એનો વિચાર કરીને એ સંકલ્પોની સ્પષ્ટતા અને દૃઢતા કરવી.*
- *આ સંકલ્પોની વિશેષ દૃઢતા થાય તે માટે શ્રીજીમહારાજ અને પ્રગટ ગુરુહરિને પ્રાર્થના કરવી.*

જો જીવનમાં આવી સંકલ્પનિષ્ઠા દૃઢ થાય, તો સાધનાની સફળતાના બીજા સિદ્ધાંતો આત્મસાત્‌ કરવાની પ્રેરણા અને શક્તિ મળે.

# 3.
# સ્વરૂપનિષ્ઠા

## ૩.૧ સ્વરૂપનિષ્ઠાની અનિવાર્યતા

### ૩.૧.૧ કલ્યાણ માટે અનેક પ્રકારનાં સાધનો

જગતમાં અનેક મનુષ્યો પોતપોતાના કલ્યાણ માટે અનેક પ્રકારનાં જુદાં જુદાં સાધનો કરતા હોય છે, પરંતુ આત્યંતિક મુક્તિની સાધનામાં એ સમજી લેવું જરૂરી છે કે સાધનામાં કેટલુંક ઉપયોગી છે, કેટલુંક આવશ્યક છે તો કેટલુંક અનિવાર્ય છે. ઉપયોગી, આવશ્યક અને અનિવાર્ય શબ્દોને એક દૃષ્ટાંતથી સમજીએ :

બટાટાના શાકમાં કોથમીર(ધાણા) ઉપયોગી છે. તેનાથી કંઈક તો શરીરને લાભ થાય છે અને શાક સ્વાદિષ્ટ લાગે છે, પરંતુ તે ન હોય તોપણ ચાલે. કોથમીર કરતાં મીઠું વધારે આવશ્યક છે. મીઠા વગરનું શાક મોળું કે ફીકું લાગે અને ભાવે પણ નહિ, તેમ છતાં મીઠા વગરનું શાક બની તો શકે; પરંતુ બટાટા વગર બટાટાનું શાક બને જ નહિ. માટે બટાટાના શાકમાં બટાટા અનિવાર્ય છે.

તેવી જ રીતે સાધનામાં શું ઉપયોગી છે, શું આવશ્યક છે અને શું અનિવાર્ય છે તે જાણવું અત્યંત જરૂરી છે.

શ્રીજીમહારાજે પોતાના ઉપદેશોમાં આત્યંતિક કલ્યાણ માટે અનેક પ્રકારનાં સાધનોમાંથી શું ઉપયોગી છે, શું આવશ્યક છે અને શું અનિવાર્ય છે તે સ્પષ્ટપણે સમજાવ્યું છે. તેમણે વચનામૃતમાં સાધનાનો અદ્‌ભુત સમન્વય સમજાવ્યો છે. જે સાધનોની જ્યાં, જેટલી ઉપયોગિતા કે આવશ્યકતા હોય તે જરૂર સમજાવી છે, પરંતુ તેમ છતાં આત્યંતિક મુક્તિ માટે તો ભગવાનના સ્વરૂપનો જ નિર્દેશ કર્યો છે.

### ૩.૧.૨ આત્યંતિક કલ્યાણ માટે ફક્ત સાધનોનું અસામર્થ્ય

શ્રીજીમહારાજે અધ્યાત્મ-સાધનામાં તપ, ત્યાગ, ધર્માદિક સાધનોની આવશ્યકતા સમજાવી છે, પરંતુ સાથે સાથે તેની મર્યાદા પણ સમજાવી છે.

તેમણે સમજાવ્યું છે કે ભગવાનના સ્વરૂપને સમજ્યા વગર ફક્ત તપ, ત્યાગ વગેરે સાધનો જીવાત્માનું આત્યંતિક કલ્યાણ કરવા માટે અસમર્થ છે. તેમનાં વચનોને આધારે આ અભિપ્રાયને સમજવાનો પ્રયત્ન કરીએ.

## (૧) તપ

***કા. ૧૦*** – *"ભગવાનને વિષે જ એક કર્તાપણું સમજવું એ જ કલ્યાણનું પરમ કારણ છે. અને જે તપ કરવું તે તો ભગવાનની પ્રસન્નતાનું કારણ છે."*

***કા. ૧૨*** – *"તપ્તકૃચ્છ્ર ચાંદ્રાયણાદિક વ્રતે કરીને જો દેહને સૂકવી નાખે, તોપણ જેવું આવી ભગવદ્વાર્તા સાંભળનારનું મન નિર્વિષયી થાય છે તેવું થતું નથી."*

***મ. ૧૩*** – *"ભગવાનના સ્વરૂપની દૃઢતા વિના તો ગમે તેટલા ઉપવાસ કરો પણ કોઈ રીતે ખામી ભાંગશે નહિ."*

## (૨) ત્યાગ

***પ્ર. ૬૩*** – *"એવો નિશ્ચય ન હોય ને તે ગમે તેવો ત્યાગી હોય તોય પણ તેના કલ્યાણમાં ફેર છે."*

***મ. ૧૩*** – *"એ ભગવાનના સ્વરૂપની દૃઢતા વિના તો ગમે તેટલો ત્યાગ રાખો... પણ કોઈ રીતે ખામી ભાંગશે નહિ."*

***મ. ૧૪*** – *"જેને ભગવાનના સ્વરૂપનો તો એવો નિશ્ચય નથી ને તે સુધો ત્યાગી રહેતો હોય ને કામ, ક્રોધ, લોભાદિને ટાળ્યામાં સાવધાન વર્તતો હોય, તોપણ એના ટાળ્યા કામાદિક નહિ ટળે અને તે અંતે ખરાબ થઈને નરકમાં જ જશે."*

## (૩) ધર્મ

***મ. ૯*** – *"હમણે સત્સંગમાં રહેતો હશે અને શાસ્ત્રનાં વચનમાં પણ રહેતો હશે અને તેને જો ભગવત્સ્વરૂપની નિષ્ઠા પાકી નહિ હોય, તો તે જ્યારે દેહ મૂકશે ત્યારે કાં તો બ્રહ્માના લોકમાં જશે કાં તો કોઈક બીજા દેવતાના લોકમાં જશે, પણ તે પુરુષોત્તમ ભગવાનના ધામને વિષે નહિ જાય."*

***મ. ૨૧*** – *"વર્ણાશ્રમના ધર્મની જે વાર્તા છે અને તેનું ફળ જે ધર્મ, અર્થ અને કામ છે; તેણે કરીને કાંઈ કલ્યાણ થતું નથી અને કેવળ વર્ણાશ્રમના ધર્મ વર્તે તો સંસારમાં કીર્તિ થાય ને દેહે કરીને સુખિયો રહે એટલું જ ફળ છે અને કલ્યાણને અર્થે તો ભગવાનને સર્વ કર્તાહર્તા જાણવા એ જ છે."*

***મ. ૩૫*** – *"ભગવાનની મૂર્તિની ઉપાસના ને ભગવાનનાં ચરિત્ર ને*

*ભગવાનનું નામ-સ્મરણ એ ત્રણ વાનાં વિના કેવળ ધર્મે કરીને કલ્યાણ થવું તે તો તુંબડાં બાંધીને સમુદ્ર તરવો તેવું કઠણ છે.''*

## (૪) આત્મનિષ્ઠા

***પ્ર. ૬૧ –*** *''અંતકાળે તો ભગવાનનો દૃઢ આશરો હોય તે જ કામમાં આવે છે પણ અંત સમે આત્મનિષ્ઠા કાંઈ કામમાં આવતી નથી, તે સારુ ભગવાનની ઉપાસનાને દૃઢ કરીને રાખવી.''*

***મ. ૩૫ –*** *''આત્મદર્શને કરીને કલ્યાણ કરવું, તે તો જેમ તુંબડાં બાંધીને સમુદ્ર તરવો એવો કઠણ માર્ગ છે... કેવળ એણે કરીને કલ્યાણ થાય એમ તો માનવું નહિ.''*

## (૫) સમાધિ

ફક્ત અષ્ટાંગયોગની નિર્વિકલ્પ સમાધિથી પણ વાસના ટળતી નથી એવું શ્રીજીમહારાજ ***વચ. વ. ૨૦***માં સમજાવતાં કહે છે : *''શિવ, બ્રહ્મા, શૃંગીઋષિ, પરાશર, નારદ એમને શું નિર્વિકલ્પ સમાધિ નહોતી ? જે કામે કરીને સર્વે વિક્ષેપને પામ્યા, માટે એ સર્વે નિર્વિકલ્પ સમાધિવાળા જ હતા, તોપણ ઈન્દ્રિયોની વૃત્તિ અનુલોમ થઈ ત્યારે કામાદિકે કરીને વિક્ષેપને પામ્યા.''*

આમ, ફક્ત નિર્વિકલ્પ સમાધિથી પણ વ્યક્તિનાં સ્વભાવો અને વાસના ટળતાં નથી. જ્યાં સુધી વ્યક્તિના આવા માયિક ભાવો ટળે નહિ, ત્યાં સુધી તેને મુક્ત કેવી રીતે કહી શકાય ? માટે ભગવાનના નિશ્ચય વગર ફક્ત અષ્ટાંગ-યોગની નિર્વિકલ્પ સમાધિથી પણ આત્યંતિક કલ્યાણરૂપ કાર્ય સરતું નથી.

અષ્ટાંગયોગનાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા અને સમાધિ – આ પ્રત્યેક અંગની મુક્તિ માટેની સાધનામાં ઉપયોગિતા તો છે જ. આ સાધનાથી મનની તત્કાલીન સ્થિરતાને લીધે થોડી શાંતિનો અનુભવ તો જરૂર થાય, પણ તે અનુભવ તો તત્કાલીન પૂરતો જ છે, પરંતુ જ્યાં સુધી અનાદિ અજ્ઞાન, વાસના કે સ્વભાવ ટળતાં નથી, ત્યાં સુધી શાશ્વત શાંતિ કે આત્યંતિક મુક્તિનો અનુભવ થતો નથી. તે માટે તો ભગવાનના સ્વરૂપનો નિશ્ચય જ અનિવાર્ય છે.

તેથી જ શ્રીજીમહારાજ ***વચ. મ. ૧૪*** અને ***વચ. વ. ૧***માં સમજાવે છે કે સમાધિથી નહિ, પરંતુ ભગવાનના સ્વરૂપના અડગ નિશ્ચયથી જ ભગવાનના તદાત્મકપણાને પમાય છે, તેમજ ગુણાતીત સ્થિતિ થાય છે.

આ રીતે, જો ભગવાનના નિશ્ચય વગર ફક્ત તપ, ત્યાગ, ધર્મ, આત્મ-

નિષ્ઠા અને અષ્ટાંગયોગની સમાધિ જેવાં અત્યંત કઠિન સાધનોથી પણ કામાદિક વિકારો કે વાસના જેવા દૈહિક ભાવો ટળી શકે તેમ ન જ હોય; અર્થાત્ જીવનું આત્યંતિક કલ્યાણ થઈ શકતું ન જ હોય; તો પછી ફક્ત, તીર્થયાત્રા, શાસ્ત્ર પઠન, યજ્ઞયાગ, દાન-દક્ષિણાથી કે વિવિધ પ્રકારની સમાજ-સેવાથી જીવનું આત્યંતિક કલ્યાણ કેવી રીતે થઈ શકે ? ન જ થઈ શકે તે સ્વાભાવિક છે.

આ બધાં સાધનોથી કોઈ લાભ જ નથી, અથવા તેનો કોઈ ઉપયોગ જ નથી, તેથી તે કરવાની જરૂરિયાત જ નથી, એવું કહેવાનું અહીં તાત્પર્ય નથી. એનો ઉપયોગ છે, એનાથી જરૂર કંઈક લાભ પણ થાય છે, તે સાધનો કરવાં જરૂરી પણ છે; પરંતુ ભગવાનના સ્વરૂપને સમજ્યા વગર આ પ્રકારનાં સાધનોથી આત્યંતિક કલ્યાણ થઈ શકતું નથી, એટલું જ અહીં કહેવાનું તાત્પર્ય છે.

ગુણાતીતાનંદ સ્વામી પોતાની વાતોમાં કહે છે : *“ભગવાન છે તે એકડો છે ને સાધન છે તે મીંડાં છે. એકડા વિના સરવાળો ન થાય.” (સ્વા. વા. : ૫/૧૯૨)*

આ વાતમાં સ્વામી સમજાવે છે કે એકડા વગર મીંડાંની કોઈ કિંમત નથી. એકડાને મુખ્ય રાખીને પછી મીંડાંની કિંમત વધતી જાય છે. એમ ભગવાનનો નિશ્ચય અને આશ્રય દૃઢ રાખીને પછી તેમની પ્રસન્નતાર્થે જે કાંઈ સાધનો કરીએ તો તેમાં કંઈક અર્થ સરે છે, પરંતુ ભગવાનને મૂકીને ફક્ત સાધનો કરવામાં આવે તો જીવનું આત્યંતિક કલ્યાણ થવારૂપ કાર્ય સિદ્ધ થતું નથી.

## ૩.૧.૩ સ્વરૂપનિષ્ઠાથી જ કલ્યાણ

વચનામૃતમાં શ્રીજીમહારાજનો સ્પષ્ટ સિદ્ધાંત એ જોવા મળે છે કે જીવનું આત્યંતિક કલ્યાણ ફક્ત સાધનોથી નહિ, પરંતુ ભગવાનના સ્વરૂપની નિષ્ઠાથી જ થાય છે. તેઓ સ્વરૂપનિષ્ઠા માટે ભગવાનના સ્વરૂપનું જ્ઞાન, ભગવાનનો મહિમા, નિશ્ચય કે આશ્રય; ભગવાનની શરણાગતિ, ઉપાસના કે નિષ્ઠા જેવા શબ્દો વાપરીને ભારપૂર્વક કહે છે કે એનાથી જ જીવ માયા પર થાય છે અને અક્ષરધામને પામે છે એટલે કે જીવનું આત્યંતિક કલ્યાણ થાય છે. અહીં વચનામૃતના કેટલાક સંદર્ભો વિચારીએ :

***પ્ર. ૫૬ –*** *“કેટલાક સિદ્ધ થાય છે ને કેટલાક સર્વજ્ઞ થાય છે ને કેટલાક દેવતા થાય છે, ઇત્યાદિક અનંત પ્રકારની મોટ્યપ પામે છે; તથા પરમપદને પામે છે; એ સર્વે ભગવાનની ઉપાસનાને બળે પામે છે, પણ ઉપાસના વિના કોઈ વાત સિદ્ધ થતી નથી.”*

***પ્ર. ૫૭*** – *"ભગવાનના સ્વરૂપનું જ્ઞાન અને ભગવાનનું માહાત્મ્ય જાણવું એ બે અસાધારણ મોક્ષના હેતુ છે."*

***મ. ૩૨*** – *"જીવનું જે કલ્યાણ થાય અને જીવ માયાને તરીને બ્રહ્મસ્વરૂપ થાય તેનું કારણ તો પુરુષોત્તમ એવા જે વાસુદેવ ભગવાન, તેના પ્રત્યક્ષ સ્વરૂપનું જ્ઞાન, ધ્યાન, કીર્તન અને કથાદિક એ જ છે; ને એણે કરીને જ એ જીવ છે તે માયાને તરે છે અને અતિ મોટાઈને પામે છે અને ભગવાનનું જે અક્ષરધામ તેને પામે છે."*

અનાદિ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી પણ પોતાની વાતોમાં આ જ સિદ્ધાંતને વારંવાર દોહરાવે છે. જેમ કે,

- *"મોક્ષનું કારણ તો ભગવાનની નિષ્ઠા છે."* *(સ્વા. વા. : ૧/૩૦૭)*
- *"નિશ્ચય છે એ જ આત્યંતિક કલ્યાણ છે ને નિશ્ચય છે એ જ સિદ્ધદશા છે."* *(સ્વા. વા. : ૧/૩૦૯)*
- *"ભગવાનના સ્વરૂપની નિષ્ઠા થઈ તેને સાધન સર્વે થઈ રહ્યાં બાકી કાંઈ કરવું રહ્યું નથી."* *(સ્વા. વા. : ૧/૧૨૩)*

આ રીતે જીવના આત્યંતિક કલ્યાણ માટે તો ભગવાનનું સ્વરૂપ યથાર્થ સમજવું અત્યંત અનિવાર્ય છે. તેમાં કોઈક પ્રકારની ખામી રહી જાય તો જીવનું કોઈ રીતે કોઈ પ્રકારના સાધનથી કલ્યાણ થતું નથી. શ્રીજીમહારાજ આ હકીકતને સમજાવતાં કહે છે :

***પ્ર. ૭૨*** – *"જેને ભગવાન ને સંતને વિષે જો નિષ્ઠામાં કાંઈક ફેર હોય તો તેનું ભગવાન રૂડું કરવાને ઈચ્છે તો ય રૂડું થતું નથી."*

***મ. ૧૩*** – *"ભગવાનના સ્વરૂપમાં જો કોઈ રીતની સમજણમાં કસર રહી તો કોઈ રીતે વાંધો ભાંગશે નહિ."*

## ૩.૨ સ્વરૂપનિષ્ઠાનું તાત્પર્ય

સ્વરૂપનિષ્ઠા અંતર્ગત નીચે જણાવેલ સમજણની દૃઢતા કરવાની છે :

- *પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ સદા દિવ્ય સાકાર, સર્વ કર્તાહર્તા, સર્વોપરી સર્વાવતારના અવતારી અને સદૈવ પ્રગટ છે.*
- *સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષરબ્રહ્મનો અવતાર છે, ગુણાતીત સત્પુરુષ છે, કે જે મોક્ષનું દ્વાર છે. આ ગુણાતીત સત્પુરુષની પરંપરા દ્વારા ભગવાન સ્વામિનારાયણ સદૈવ સાક્ષાત્ પ્રગટ રહે છે.*
- *વર્તમાનકાળે એવા ગુણાતીત સત્પુરુષ પ્રમુખસ્વામી મહારાજ છે, જેમના*

*દ્વારા ભગવાન સ્વામિનારાયણ સાક્ષાત્ પ્રગટ રહીને અનંત જીવોનું આત્યંતિક કલ્યાણ કરી રહ્યા છે.*

- *હું ત્રણ દેહથી ભિન્ન એવો આત્મા છું, અક્ષર છું, બ્રહ્મ છું, ગુણાતીત સત્પુરુષ મારો આત્મા છે; બ્રહ્મરૂપ એવા મારા આત્મામાં પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ અખંડ વિરાજમાન છે.*[1]

આ સ્વરૂપોની પર્વતપ્રાય અચલ અને દૃઢ નિષ્ઠા અત્યંત અનિવાર્ય છે. ગમે તેવાં સુખ-દુઃખમાં કે માન-અપમાનમાં પણ સ્વરૂપનિષ્ઠામાં રંચમાત્ર ફેરફાર ન થવો જોઈએ. ગમે તેવાં શાસ્ત્રો વાંચવામાં કે સાંભળવામાં આવે, તોપણ સ્વરૂપમાં સંશય ન થવો જોઈએ***(વચ. પ્ર. ૪૦, ૬૨)***, અન્ય કોઈકના વચને પણ ભગવાનના સ્વરૂપમાં ડગમગાટ ન થવો જોઈએ***(વચ. લો. ૧)*** અથવા તો પોતાનું અંતઃકરણ પણ સંશય કે કુતર્ક કરે છતાં પણ એમના નિશ્ચયમાં ડગમગાટ ન થવો જોઈએ***(વચ. પ્ર. ૬૨, મ. ૫૯)***. જેમ આંબાનો કે લીંબડાનો નિશ્ચય છે, તેમાં કોઈ પ્રકારે ફેરફાર નથી થતો, એમ ભગવાનના નિશ્ચયમાં પણ કોઈ પ્રકારનો ફેરફાર ન થવો જોઈએ.***(વચ. મ. ૧૪, વ. ૧)***

## 3.3 સ્વરૂપનિષ્ઠાની દૃઢતાના ઉપાયો

ભગવાનના સ્વરૂપની નિષ્ઠા દૃઢ કરવા માટે શ્રીજીમહારાજ વચનામૃતમાં મુખ્યત્વે તો સત્શાસ્ત્રમાં વિશ્વાસ અને સત્પુરુષનો સંગ બતાવે છે. જેમ કે,

***સા. ૧૩*** – *"જેને શાસ્ત્રના વચનનો વિશ્વાસ હોય તેને જ ભગવાનના સ્વરૂપનો નિશ્ચય અડગ થાય છે."*

***મ. ૧૩*** – *"આવી ભગવત્સ્વરૂપ સંબંધી જે વાર્તા તે તો શાસ્ત્રમાંથી પણ પોતાની મેળે સમજાય નહિ અને સદ્ગ્રંથોમાં આવી વાર્તા તો હોય પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ વાત સમજ્યામાં આવે છે, પણ પોતાના બુદ્ધિબળે કરીને સદ્ગ્રંથોમાંથી પણ સમજાતી નથી."*

વળી, સ્વરૂપનિષ્ઠાની જીવનમાં દૃઢતા થાય તે માટે નીચેના મુદ્દાઓ આત્મસાત્ કરવા પ્રયત્નો કરવા જોઈએ.

- *શુદ્ધ મુમુક્ષુતા અને પુરુષોત્તમ નારાયણના યથાર્થ જ્ઞાનની ઊંડી જિજ્ઞાસા.*

---

૧. *સ્વરૂપનિષ્ઠા અંતર્ગત આ સમજણોનું સંક્ષિપ્ત નિરૂપણ 'બ્રહ્મવિદ્યાનું દર્શન : સ્વામિનારાયણ તત્ત્વજ્ઞાન' તથા વિસ્તૃત નિરૂપણ વચનામૃત રહસ્ય ભાગ-૨ અને ૩ – આ ગ્રંથોમાં કરવામાં આવ્યું છે.*

- *સર્વે સત્‌શાસ્ત્રોમાં અને તેમાંય ખાસ કરીને તો સર્વે શાસ્ત્રોના સારરૂપ વચનામૃત અને સ્વામીની વાતો તથા ગુણાતીત ગુરુઓનાં વચનોમાં અતિશય દૃઢ વિશ્વાસ.*
- *વચનામૃત અને સ્વામીની વાતોના નિયમિત વાંચનની સાથે સાથે ભગવાન સ્વામિનારાયણનાં અને ગુણાતીત ગુરુઓનાં જીવનચરિત્રોનો નિત્ય અભ્યાસ; અને તેનું મનન અને નિદિધ્યાસન.*
- *પરબ્રહ્મ એવા ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપને યથાર્થ સમજનારા અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી અને એ જ ગુણાતીત પરંપરામાં બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને વર્તમાનકાળે પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો મન-કર્મ-વચને દૃઢ પ્રસંગ.*
- *આપણા ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણ અને જેમના દ્વારા તેઓ પ્રગટ છે, એવા પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની કૃપા પ્રસન્નતા મેળવવા તેમના આદેશો પ્રમાણે જીવન જીવવા પ્રામાણિક પુરુષાર્થ.*
- *ભગવાન સ્વામિનારાયણ અને ગુણાતીત પરંપરાને શુદ્ધભાવે પ્રાર્થના.*

જો આ પ્રમાણે પ્રયત્ન કરવામાં આવે, તો શ્રીજીમહારાજ અને પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજની કૃપાથી એમનાં સ્વરૂપની નિષ્ઠા દૃઢ થાય છે. આવી અતિ દૃઢ સ્વરૂપનિષ્ઠા સાધકને સાધનાની સંપૂર્ણ સફળતા અપાવે છે.

# ૪.
# સ્વધર્મનિષ્ઠા

## ૪.૧ સ્વધર્મનિષ્ઠાનું તાત્પર્ય અને તેની આવશ્યકતા

અહીં સ્વધર્મ એટલે ફક્ત વર્ણાશ્રમનો જ ધર્મ નહિ, પરંતુ ભાગવતધર્મ એટલે કે એકાંતિક ધર્મ; કારણ કે જીવના આત્યંતિક કલ્યાણ માટે ફક્ત વર્ણાશ્રમનો ધર્મ નહિ, પરંતુ ભાગવતધર્મ અર્થાત્ એકાંતિક ધર્મ આવશ્યક છે. શ્રીજીમહારાજ વર્ણાશ્રમધર્મની મર્યાદા અને તેનું ફળ સમજાવતાં કહે છે :

***મ. ૨૧ –*** *'વર્ણાશ્રમના ધર્મની જે વાર્તા છે અને તેનું ફળ જે ધર્મ, અર્થ ને કામ છે તેણે કરીને કાંઈ કલ્યાણ થતું નથી; અને કેવળ વર્ણાશ્રમના ધર્મ વતે તો સંસારમાં કીર્તિ થાય ને દેહે કરીને સુખિયો રહે એટલું જ ફળ છે.''*

***અં. ૨૧ –*** *''કેવળ વર્ણાશ્રમના ધર્મ છે, તે તો ભાગવત ધર્મ થકી અતિશય ગૌણ છે અને ભાગવત ધર્મે કરીને તો જીવ જે તે ભગવાનની માયાને તરીને પુરુષોત્તમના ધામને પામે છે.''*

આ રીતે આત્યંતિક મુક્તિની સાધનામાં કેવળ વર્ણાશ્રમના ધર્મો કરતાં એકાંતિક ધર્મની મહત્તા અને આવશ્યકતા સવિશેષ હોવાથી આપણે 'સ્વધર્મનિષ્ઠામાં 'સ્વધર્મ' એટલે 'એકાંતિક ધર્મ'નું જ નિરૂપણ કરીશું.

એકાંતિક ધર્મમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાને સહિત ભક્તિ – આ ચાર ગુણોનો સમાવેશ છે. *(વચ. પ્ર. ૨૧)*

જીવનમાં આ ચારેય ગુણોને સિદ્ધ કરવા જરૂરી છે. શ્રીજીમહારાજ કહે છે કે જેના જીવનમાં આ ચારેય ગુણો યથાર્થપણે દૃઢ થયા હોય, એટલે કે જેણે એકાંતિક ધર્મ સિદ્ધ કર્યો હોય –

- *તે જ એકાંતિક ભક્ત કહેવાય.* *(વચ. મ. ૨૨, વ. ૩, અં. ૧૩)*
- *તેના પર ભગવાનની અતિશય પ્રસન્નતા થાય છે.* *(વચ. પ્ર. ૨૧)*
- *તેની વાસના નિર્મૂળ થઈ જાય.* *(વચ. લો. ૧૬)*
- *તેનો ભગવાનમાં પ્રવેશ થાય છે અર્થાત્ તે ભગવાનમય થઈ જાય છે.* *(વચ. મ. ૩૮, અં. ૩૩)*

- *તેનું આત્યંતિક કલ્યાણ થાય છે.* *(વચ. પ્ર. ૧૯)*
- *તેની ક્યારેય ભૂંડાં દેશકાળાદિકે કરીને વિપરીત મતિ થાય નહિ.* *(વચ. લો. ૧૭)*
- *તે ક્યારેય અધ્યાત્મમાર્ગમાંથી પડે નહિ.* *(વચ. સા. ૧૪)*
- *તેનો જ સંપૂર્ણ સત્સંગ થયો કહેવાય.* *(વચ. લો. ૧)*
- *તે મોટી પદવીને પામે.* *(વચ. મ. ૨૨)*
- *તે જ આપણા સત્સંગમાં મોટેરો કરવા યોગ્ય છે.* *(વચ. વ. ૩)*

તેથી જીવનમાં એકાંતિક ધર્મરૂપ સ્વધર્મ દૃઢ કરવો જરૂરી છે. સત્સંગનો યોગ પ્રાપ્ત થયા પછી અને એમાંય પણ એકાંતિક ધર્મના ધારક આવા પ્રગટ ગુણાતીત સત્પુરુષની પ્રાપ્તિ થયા પછી, જીવનમાં એકાંતિક ધર્મ સિદ્ધ કરીને ભગવાન અને ગુણાતીત સંતને અતિશય પ્રસન્ન કરી લેવા એ જ જીવનનું ધ્યેય છે. આ એકાંતિક ધર્મ સિદ્ધ થાય એ જ જીવનની સાર્થકતા છે. જીવનમાં જો એકાંતિક ધર્મ સિદ્ધ થાય, તો જ દેહભાવમૂલક દોષો અને વાસના ટળે; કૃતાર્થતા, અને સંતોષનો અનુભવ થાય, છતે દેહે અહીં જ જીવન્મુક્તિના સુખનો અનુભવ થાય. તેથી જ મહારાજ અને ગુણાતીત ગુરુઓએ એકાંતિક ધર્મ સિદ્ધ કરવાનો વારંવાર આગ્રહપૂર્વક ઉપદેશ આપ્યો છે.

જીવનમાં આ ધર્માદિક સિદ્ધ કર્યા વગર છૂટકો જ નથી એવું સમજાવતાં ભગતજી મહારાજ કહે છે : *“આ જીવનમાં સંપૂર્ણ ધર્મ આવે ત્યારે કામનું મૂળ જાય છે, સંપૂર્ણ જ્ઞાન આવે ત્યારે માન જાય છે અને સંપૂર્ણ વૈરાગ્ય આવે ત્યારે સ્નેહનો ફાસલો કપાય છે અને મહિમાએ સહિત એકાંતિક ભક્તિ આવે ત્યારે સ્વાદ અને લોભમાંથી મન ઊખડે છે. માટે કોટિ કલ્પે પણ એકાંતિક ધર્મ સિદ્ધ કર્યા વિના દોષ ટળશે નહિ અને સુખ પણ આવશે નહિ અને રઝળી-રઝળીને મરવું પડશે. માટે આવો અવસર ફરી ફરીને નહિ મળે. તે ચૂકવો નહિ. સર્વ મનસૂબા મૂકીને બ્રહ્મરૂપ થવું અને પ્રભુનું સુખ પામવામાં તત્પર થવું અને જે જે સાધન શાસ્ત્રમાં કહ્યાં છે તે કરવાં.”* *(બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત; પૃષ્ઠ : ૨૮૬)*

## ૪.૧.૧ ધર્માદિક ચારેય ગુણોની અપેક્ષા છતાં ભક્તિનું પ્રાધાન્ય

શ્રીજીમહારાજ ***વચ. પ્ર. ૧૯***માં ધર્મ, જ્ઞાન(આત્મનિષ્ઠા), વૈરાગ્ય અને ભક્તિની પરસ્પર કેવી અપેક્ષા છે, તે સમજાવીને અંતે નિર્ણય આપતાં કહે છે : *“એવી રીતે આત્મનિષ્ઠા આદિક જે ચાર ગુણ તેમને એકબીજાની અપેક્ષા છે.”*

આમ, ધર્માદિક ચારેય ગુણોની પરસ્પર એકબીજાને અપેક્ષા છે, તેમ છતાં મહારાજ વચનામૃતમાં અનેક વાર કહે છે કે અન્ય ત્રણ ગુણો કરતાં ભગવાનની ભક્તિનું સવિશેષ પ્રાધાન્ય છે. અહીં આપણે બે સંદર્ભો વિચારીએ :

***મ. ૧૦*** – *"ભક્તિને વિષે દૈવત ઘણું છે અને જ્ઞાન-વૈરાગ્યમાં દૈવત તો છે પણ ભક્તિ જેટલું નથી અને ભક્તિ તો અતિ દુર્લભ છે... એવી ભક્તિ છે તે જ પરમપદ છે. માટે આવી રીતની જે ભક્તિ તે જ્ઞાન-વૈરાગ્ય થકી અધિક છે.*

***મ. ૩૨*** – *"આત્મનિષ્ઠા, વૈરાગ્ય ને ધર્મ તે તો ભગવાનની ભક્તિનાં સહાયરૂપ ઉપકરણ છે, પણ ભગવાનની ભક્તિ વિના એકલો વૈરાગ્ય તથા આત્મનિષ્ઠા તથા ધર્મ તે જીવને માયા તર્યાનું સાધન નથી અને જો અતિશય ધર્મ, આત્મનિષ્ઠા ને વૈરાગ્ય ન હોય ને એકલી ભગવાનની ભક્તિ હોય, તોપણ એ જીવનું કલ્યાણ થાય ને માયાને તરે, એટલો ધર્માદિક થકી ભક્તિને વિષે વિશેષ છે."*

આ રીતે અન્ય સાધનો કરતાં ભક્તિની વિશેષતા હોવાને લીધે જ શ્રીજીમહારાજ **વચ. મ. ૨૬**માં કહે છે, *"ભગવાનના ભક્તને તો ભગવાનની ભક્તિ કરતાં આત્મજ્ઞાન તથા વૈરાગ્ય તથા ધર્મ તે જો અંતરાય કરતાં હોય, તો તેને પણ પાછા પાડીને ભગવાનની ભક્તિનું જ મુખ્યપણું રાખવું અને જો ભક્તિને વિષે સહાયરૂપ થતા હોય તો તો એ ઠીક છે, એમ સમજે તે જ ભગવાનનો પૂરો ભક્ત કહેવાય."*

આ રીતે સ્વધર્મનિષ્ઠા એટલે કે એકાંતિક ધર્મ અંતર્ગત ધર્માદિક ચારેય ગુણોની અપેક્ષા હોવા છતાં, મહારાજને મતે ભક્તિનું સવિશેષ પ્રાધાન્ય છે. તેથી આપણે સ્વધર્મનિષ્ઠાના નિરૂપણમાં સૌપ્રથમ ભક્તિનું નિરૂપણ કરીશું અને ત્યાર બાદ ભક્તિનાં સહાયક ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યનું નિરૂપણ કરીશું.

## ૪.૨ ભક્તિ

### ૪.૨.૧ ભક્તિની આવશ્યકતા

ભગવાન સ્વામિનારાયણે સાધનામાં ભક્તિથી થતા લાભ અને ભક્તિ વગર રહી જતી ખોટ વિશે સમજાવીને ભક્તિની વિશેષ મહત્તા અને આવશ્યકતા જણાવી છે. એ વિષયક સંદર્ભોને ભાવાર્થરૂપે જોઈએ.

- **ભક્તિથી લાભ**

➤ *ભગવાન પમાય.* *(વચ. જેત. ૨)*

- *ભગવાન વશ થાય, પ્રસન્ન થાય.* *(વચ. પ્ર. ૫, પ્ર. ૬૧)*
- *વાસના, દોષ, પાપનો નાશ થાય.* *(વચ. સા. ૫, લો. ૧૬)*
- *મન જિતાય.* *(વચ. અં. ૧૧, મ. ૩૩)*
- *કલ્યાણકારી ગુણો આવે.* *(વચ. સા. ૫, લો. ૧૬)*
- *જીવને તત્કાળ અતિશય બળ મળે.* *(વચ. મ. ૬૩)*
- *કાળ, કર્મ ને માયા પણ ભૂંડું કરી શકે નહિ.* *(વચ. પ્ર. ૭૨, મ. ૬૨)*
- *ભવસાગર તરાય, આત્યંતિક કલ્યાણ થાય.* *(વચ. મ. ૩૨)*

### • ભક્તિ વગર ખોટ

જેના હૃદયમાં ભગવાનની યથાર્થ ભક્તિ નથી,

- *તે નારદજી જેવો ગુણવાન હોય તોપણ મહારાજને ન ગમે.(વચ. પ્ર. ૩૭)*
- *તેનામાં શમ-દમાદિક કલ્યાણકારી રૂડા ગુણ હોય, તોપણ તે અંતે નાશ પામી જશે.* *(વચ. સા. ૫)*
- *તેનું આત્યંતિક કલ્યાણ ન થાય.* *(વચ. લો. ૭)*
- *તેનાં બ્રહ્મજ્ઞાન અને વૈરાગ્ય અકલ્યાણકારી છે.* *(વચ. મ. ૬૫)*
- *તેને ભગવાનનું સાકારપણું ન સમજાય.* *(વચ. મ. ૧૦)*

આમ, ભક્તિહીન સાધકને ભક્તિ વગરની સાધનામાં અનેક પ્રકારનાં દૂષણો લાગે છે. એ પ્રકારનાં દૂષણો સાધકને લાગુ ન પડે અને સાધનાને અંતે યોગ્ય ફલશ્રુતિ મેળવી શકે, એટલા માટે જ ભગવાન સ્વામિનારાયણે સાધનામાં ભક્તિતત્ત્વનું પ્રાધાન્ય સમજાવ્યું છે.

## ૪.૨.૨ ભક્તિનું તાત્પર્ય અને તેના પ્રકારો

શ્રીજીમહારાજે ભક્તિની જે જુદી જુદી વ્યાખ્યાઓ વચનામૃતમાં આપી છે, તેને ભાવાર્થરૂપે જોઈએ :

- *ભગવાનના કલ્યાણકારી ગુણ જાણીને એમનો દૃઢ આશ્રય કરવો એનું નામ ભક્તિ.* *(વચ. મ. ૧૦)*
- *ભગવાનનાં પ્રાકૃત ચરિત્રોમાં પણ મનુષ્યભાવ ન આવે ને દિવ્યભાવ રહે એ ભક્તિ.* *(વચ. મ. ૧૦)*
- *ભગવાનને વિશે માહાત્મ્યે સહિત પ્રેમ એ પ્રેમલક્ષણા ભક્તિ.* *(વચ. પ્ર. ૫૬, મ. ૯, વ. ૩)*

- *આ દેહ કરીને ભગવાનનું ગમતું કરવું એ જ ભક્તિ છે. (વચ. જે. ૩)*
- *ભગવાનની પ્રસન્નતાર્થે જે જે કર્મ કરે તે ભક્તિરૂપ થાય છે. (વચ. મ. ૧૧)*
- *ભગવાન ને ભગવાનના ભક્તને અર્થે પ્રવૃત્તિમાર્ગમાં જોડાવું એનું નામ ભક્તિ. (વચ. વ. ૧૭)*
- *ટેલ-ચાકરી કરવી તે પણ ભક્તિ છે. (વચ. પ્ર. ૩૧)*
- *શ્રવણાદિક નવધા ભક્તિ. (વચ. પ્ર. ૪૦)*

ઉપરોક્ત ભક્તિ વિષયક વિવિધ વ્યાખ્યાઓને આધારે ભક્તિનાં સ્વરૂપ અને લક્ષણ વિશે ટૂંકમાં આ પ્રમાણે કહી શકાય :

પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ નારાયણના પ્રગટ સ્વરૂપને યથાર્થ ઓળખી, તેમનો આશ્રય દૃઢ કરી, તેમનામાં નિર્દોષબુદ્ધિ(દિવ્યભાવ)ની દૃઢતા કરી, તેમની આજ્ઞા અને અનુવૃત્તિ સમજીને પ્રેમલક્ષણા અને નવધા ભક્તિ કરવી.

હવે આપણે ભક્તિના ઉપરોક્ત તાત્પર્ય પ્રમાણે નીચે જણાવ્યા મુજબ ભક્તિના વિવિધ પ્રકારોનું ક્રમશઃ નિરૂપણ કરીશું.

- દિવ્યભાવ-નિર્દોષબુદ્ધિરૂપ ભક્તિ
- આજ્ઞા-અનુવૃત્તિરૂપ ભક્તિ
- પ્રેમલક્ષણાભક્તિ
- શ્રવણભક્તિ
- કીર્તનભક્તિ
- સ્મરણભક્તિ
- સેવાભક્તિ
- અર્ચનભક્તિ
- વંદનભક્તિ
- દાસ્યભક્તિ
- સખ્યભક્તિ
- આત્મનિવેદનરૂપ ભક્તિ

## ૪.૨.૩ નિર્દોષબુદ્ધિ(દિવ્યભાવ)રૂપ ભક્તિ

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ અને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી સદૈવ નિર્દોષ અને દિવ્ય છે. ભગવાન સ્વામિનારાયણ અંતર્ધાન થયા પછી તેઓ જે ગુણાતીત સત્પુરુષો દ્વારા પ્રગટ રહ્યા છે, એ બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને વર્તમાનકાળે પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ પણ સદૈવ નિર્દોષ અને દિવ્ય છે. તેમાં પણ ત્રિકાળમાંય માયા કે માયિકભાવનો લેશમાત્ર સ્પર્શસુધ્ધાં નથી. તેઓ માયામાં રહેવા છતાં માયાથી તદ્દન નિર્લેપ છે.

આ રીતે ભગવાન અને ગુણાતીત સંત તો દિવ્ય છે, છે ને છે જ; પરંતુ

તેમનામાં અને તેમના પ્રત્યેક ચરિત્રમાં નિર્દોષભાવ, દિવ્યભાવ રાખવો એ જ ભક્તની ભક્તિ છે, ભક્તનો સાચો ધર્મ છે અને સાધકની સાચી સાધના છે. શ્રીજીમહારાજ ***વચ. મ. ૧૦***માં કહે છે : *''જ્યારે ભગવાન મનુષ્યનાં જેવાં પ્રાકૃત ચરિત્ર કરે તોપણ તેને વિષે જેને દિવ્યપણું જ જણાય પણ કોઈ રીતે ભગવાનનાં તે ચરિત્રમાં અભાવ આવે નહિ, એવી જેની બુદ્ધિ હોય તેને પરમેશ્વરની ભક્તિ કહેવાય અને એવી ભક્તિ કરે તે જ ભક્ત કહેવાય... માટે જે જે ભગવાન ચરિત્ર કરે તે સર્વેને ગોપીઓની પેઠે દિવ્ય જાણે, પણ કોઈ રીતે પ્રાકૃત જાણીને અભાવ તો આવે જ નહિ, એવી જે ભક્તિ તે તો મહાદુર્લભ છે... અને એવી ભક્તિ છે તે જ પરમપદ છે.''*

યોગીજી મહારાજ કહે છે, *''સત્સંગમાં અખંડ દિવ્યભાવ રહે એ જ ભક્તિ. નિર્દોષબુદ્ધિ જેવી કોઈ સેવા જ નથી અને એ જેવી કોઈ ભક્તિ નથી. નિર્દોષબુદ્ધિ એ જ ભક્તિ અને એ જ પરાભક્તિ.''*

આ રીતે ભગવાન અને ગુણાતીત સંતને વિષે નિર્દોષબુદ્ધિ(દિવ્યભાવ)રૂપ પરાભક્તિ સિદ્ધ કરવી, એ એક અત્યંત અગત્યની અને અનિવાર્ય સાધના છે.

## ● નિર્દોષબુદ્ધિ (દિવ્યભાવ) રાખવાથી લાભ

ભગવાન અને ગુણાતીત સંતમાં દિવ્યભાવ રાખવાથી અનેક પ્રકારના લાભ થાય છે. વચનામૃતોના કેટલાક સંદર્ભો ભાવાર્થરૂપે જોઈએ :

- *પોતાના ગમે તેવા કામક્રોધાદિક ભૂંડા સ્વભાવ હોય પણ ભગવાન અને સંતને નિર્દોષ સમજે, તો સાધક પણ નિર્દોષ અને વિકારોથી રહિત થઈ જાય છે. (વચ. પ્ર. ૨૪, ૫૮; સા. ૧૮)*
- *ભગવાન અને સંતને માયા પર સમજે, તો ભક્ત પણ માયા પર થાય. (વચ. લો. ૪; પં. ૭; વર. ૫)*
- *ભગવાન માયિક પદાર્થની જેમ વિકાર પામતા નથી, પરંતુ સદા દિવ્યરૂપે કરીને વિરાજમાન રહે છે, એવી પ્રત્યક્ષ ભગવાનની નિષ્ઠાથી આત્યંતિક કલ્યાણ થાય છે. (વચ. કા. ૭)*
- *સત્પુરુષને વિશે દિવ્યભાવ રહે, તો તેમના જેવા ગુણ આવે. (વચ. પ્ર. ૬૭)*
- *ભગવાનને તત્ત્વે કરીને દિવ્યભાવે સહિત સમજાય, તો બીજું કાંઈ જાણવાનું અને કરવાનું બાકી ન રહે. (વચ. પ્ર. ૬૩)*

➤ *સાધનામાં વિઘ્ન ન આવે, ભગવાન અને સંતથી વિમુખ થવું ન પડે.*
*(વચ. લો. ૧૮; વર. ૧૨)*

આમ, સાધનામાં ભગવાન અને ગુણાતીત સંતને વિશે નિર્દોષભાવ અને દિવ્યભાવ રાખવાથી જ જીવદશા ટળીને બ્રહ્મભાવ આવે છે.

## ● નિર્દોષભાવ (દિવ્યભાવ) વગર ખોટ

ભગવાન અને ગુણાતીત સંતમાં નિર્દોષભાવ અને દિવ્યભાવ રાખવાની મહત્તા અને આવશ્યકતા સમજીને જો એની દૃઢતા નહિ કરવામાં આવે તો –

➤ *ભગવાન અને સંતનો અતિશય રાજીપો નહિ મળે.*
➤ *આજ્ઞા, અનુવૃત્તિ, રુચિ યથાર્થ નહિ પળાય.*
➤ *કોઈ પણ પ્રશ્નનું કાયમી, શાશ્વત કે આત્યંતિક સમાધાન નહિ થાય.*
➤ *સ્વભાવ, વાસના, દેહભાવ નહિ ટળે. અર્થાત્ નિર્વાસનિક, નિર્દોષ નહિ થવાય.*
➤ *ઉદ્વેગ, અશાંતિ, મનદુઃખ, ફરિયાદ કે ધોખો નહિ મટે.*
➤ *સાચા અર્થમાં સુખ, શાંતિનો અનુભવ નહિ થાય.*
➤ *કૃતાર્થતા, પૂર્ણતા નહિ મનાય.*
➤ *એકાંતિક ધર્મ સિદ્ધ નહિ થાય.*
➤ *આત્યંતિક કલ્યાણ નહિ થાય, છેલ્લો જન્મ નહિ થાય.*
➤ *માયાપર નહિ થવાય, અક્ષરધામમાં નહિ જવાય.*
➤ *સાધનામાં વિઘ્ન આવશે.*
➤ *ભગવાન અને સંતનો સંબંધ છૂટશે.*

માટે નિર્દોષભાવ-દિવ્યભાવની સાધનામાં વૃત્તિ અને દૃષ્ટિ પરોવવાની છે. એમાં રુચિ થાય એવું કંઈક કરવાનું છે. અહીં એ યાદ રાખીએ કે દિવ્યભાવ અનિવાર્ય છે એટલું જ નહિ, પરંતુ સંપૂર્ણ દિવ્યભાવ અનિવાર્ય છે. આમાં ૩૫%, ૪૦%, ૬૦%, ૭૦%, ૮૦%, ૯૦% તો ન ચાલે, પરંતુ ૯૯% કે ૯૯.૯૯૯૯....%. પણ ન ચાલે, પૂરેપૂરા સોએ સો ટકા દિવ્યભાવ અનિવાર્ય છે. બિલકુલ દિવ્યભાવ હોય જ નહિ, તેના કરતાં તો ૧% કે ૨% પણ દિવ્યભાવ હોય, તે તો સારું જ છે. જેમ જેમ દિવ્યભાવ વધતો જાય, તેમ તેમ વધારે લાભ થતો જાય એ વાત પણ સાચી છે, પરંતુ સંપૂર્ણ દિવ્યભાવ વગર સંપૂર્ણપણે માયાથી મુક્ત થવાય તેમ નથી, બ્રહ્મરૂપ થવાય તેમ નથી.

એટલા માટે તો શ્રીજીમહારાજ ***વચ. મ. ૧૩***માં કહે છે, *"તે સ્વરૂપને તો તમે પણ દેખો છો, પણ તમારા સમજવામાં પરિપૂર્ણ આવતું નથી."*

શ્રીજીમહારાજના આ વચનનું તાત્પર્ય શું છે ? તેઓ કહેવા માગે છે કે તમે બિલકુલ સમજતા જ નથી એમ નહિ, પરંતુ પરિપૂર્ણ સમજતા નથી. અર્થાત્ સો એ સો ટકા સમજતા નથી. જો સંપૂર્ણપણે દિવ્યભાવે સહિત આ સ્વરૂપ સમજાણું હોય તો તેની પારાશીશી કઈ ? આપણી દિવ્યભાવની દૃઢતાનો પુરાવો કયો ?

ક્યારેક આપણે ભ્રમમાં હોઈએ છીએ કે મને તો પ્રત્યક્ષ સ્વરૂપમાં સંપૂર્ણ દિવ્યભાવ છે. જો આ હકીકત હોય તો તેનો તાળો મળવો જોઈએ. શ્રીજી-મહારાજ સંપૂર્ણ દિવ્યભાવની પારાશીશી બતાવતાં આ જ વચનામૃતમાં કહે છે : *"જ્યારે એ સ્વરૂપ જેને જાણ્યામાં આવે તેને જેમ અમને કોઈ વિષય સંબંધી સુખમાં આસક્તિ નથી તેમ તે પુરુષને પણ ક્યાંઈ આસક્તિ રહે જ નહિ... જ્યારે એ વાર્તા સમજ્યામાં આવશે ત્યારે પંચવિષય કે કામ-ક્રોધાદિક સ્વભાવ તે જીત્યામાં પ્રયાસ થશે નહિ, સહજે જિતાઈ જશે... એવી રીતે જેણે ભગવાનનું સ્વરૂપ જાણ્યું, તેને અમારી પેઠે જ પંચવિષયમાં ક્યાંઈ પ્રીતિ રહેતી નથી ને તે સ્વતંત્ર થાય છે."*

સંપૂર્ણ દિવ્યભાવની આ અસલ સાબિતી છે. અગાઉ પણ આપણે દિવ્ય-ભાવથી થતા લાભમાં ***વચ. પ્ર. ૨૪, ૫૮; પં. ૭; વર. ૫*** વગેરે વચનામૃતોના આધારે જોયું છે કે જો સંપૂર્ણ દિવ્યભાવ દૃઢ થાય, તો દોષો ખરી જાય, માયા ટળી જાય, નિર્દોષ અને બ્રહ્મરૂપ થઈ જવાય.

યોગીજી મહારાજ પણ કહે છે : *"આપણે સત્પુરુષને નિર્દોષ તો સમજીએ છીએ, પણ સમ્યક્ પ્રકારે નિર્દોષભાવ રહે તો નિષ્કામી, નિર્લોભી થઈ જઈએ."*

જ્યાં સુધી આપણામાં કામાદિક દોષો અને વાસના આદિક માયિક દેહ-ભાવ છે, ત્યાં સુધી હજી આપણે એમને સમ્યક્ અને સંપૂર્ણ દિવ્ય જાણ્યા નથી. એટલે ખોટા ભ્રમમાં રહેવા કરતાં સાચા અર્થમાં એમને દિવ્ય સમજવાની સાધના કરવાની છે. ફક્ત શબ્દાર્થ નહિ, પરંતુ લક્ષ્યાર્થ સિદ્ધ કરવાનો છે.

એટલે તો યોગીજી મહારાજ નિર્દોષબુદ્ધિની દૃઢતા કરવાનું સમજાવતાં કહે છે :

◆ *"સત્પુરુષની રજેરજ જેવી ક્રિયામાં અખંડ દિવ્યભાવ અને નિર્દોષભાવ રાખવો. સાધુ-સમાગમમાં આજ્ઞા પ્રમાણે વર્તીને માયા પરનું નિર્દોષબુદ્ધિનું જ્ઞાન*

*શીખી લેવું, જેથી કદીય દેશકાળ લાગે જ નહિ.''*

◆ *''અમે પચાસ વર્ષથી સત્સંગમાં છીએ, તે મોટા સદ્‌ગુરુઓ થકી એક જ વાત શીખ્યા છીએ કે નિર્દોષબુદ્ધિ રાખવી. દિવ્યતા જોવી. બધાં વચનામૃતનો એક જ સિદ્ધાંત – નિર્દોષબુદ્ધિ રાખવી.''*

◆ *''ખરો મુદ્દો – પોતાને મળી જે મનુષ્યમૂર્તિ, તેમાં અખંડ દિવ્યભાવ રાખવો. ભગવાન અને સંતમાં નિર્દોષબુદ્ધિ રાખવી. સત્સંગમાં દિવ્યભાવ રાખવો. આપણે આખો ગુણાતીત બાગ દિવ્ય સમજવો. ભગવાનના ભક્તને દિવ્ય જ સમજવા.''*

## ● દિવ્યભાવ દૃઢ કરવાના ઉપાયો

ભગવાન અને ગુણાતીત સંતમાં દિવ્યભાવની દૃઢતા માટે શ્રીજીમહારાજે વચનામૃતમાં માર્ગદર્શન આપ્યું છે, તે સંદર્ભોને ભાવાર્થરૂપે જોઈએ.

- *એમનાં અને શાસ્ત્રોનાં વચનમાં અતિશય દૃઢ શ્રદ્ધા અને વિશ્વાસ રાખવાં.* *(વચ. પ્ર. ૭૮, સા. ૧૩)*
- *એમના મૂળ સ્વરૂપનો યથાર્થ નિશ્ચય તથા એમનું મનુષ્ય જેવા થવાનું પ્રયોજન તથા એવા થવાની રીતની સ્પષ્ટતા કરવી.* *(વચ. પ્ર. ૬૩, ૭૨; પં. ૪)*
- *દેહભાવ ટાળીને પોતાને વિશે આત્મભાવ, બ્રહ્મભાવ કેળવવો.* *(વચ. પ્ર. ૨૩, મ. ૫૭, વ. ૧૧)*
- *ભગવાન અને ગુણાતીત સંતમાં અતિશય પ્રીતિ અને આત્મબુદ્ધિ દૃઢ કરવી.* *(વચ. મ. ૫૪, ૫૯; વ. ૧૧)*
- *દિવ્યભાવની દૃઢતા માટે જેને લઈને મનુષ્યભાવ આવે છે, તેવા દેહાભિમાન મૂલક સ્વભાવો, કુસંગ, મનના ઠરાવો, વ્યક્તિગત આગ્રહો અને અપેક્ષાઓનો ત્યાગ કરી; પ્રવૃત્તિમાત્રમાં કેવળ એમને રાજી કરવાનું જ તાન રાખવું જરૂરી છે.*
- *જે જે સંતો-ભક્તોએ કઠણ સંજોગોમાં પણ ભગવાન અને સંતમાં અખંડ દિવ્યભાવ રાખ્યો છે; તેમના પ્રસંગોનું શ્રવણ, વાચન અને મનન કરવાથી પણ દિવ્યભાવ રાખવાની પ્રેરણા મળે અને એવી દૃઢતા વધે.*
- *વિશેષ તો એમનામાં ક્યારેય મનુષ્યભાવ ન આવે અને અખંડ દિવ્યભાવ રહે, એવી શુદ્ધભાવે પ્રાર્થના જ વધુ મદદરૂપ થઈ શકે તેમ છે.*

## ૪.૨.૪ આજ્ઞા-અનુવૃત્તિરૂપ ભક્તિ

ભગવાન કે ગુણાતીત સત્પુરુષ કહે તેમ કરવું એટલે કે એમની આજ્ઞા પાળવી એ પણ એક પ્રકારની ભક્તિ છે.*(વચ. પ્ર. ૧૫)* વિશેષ તો એમની મરજી કે અનુવૃત્તિમાં ભળી જવું, એમનું ગમતું કરવું, એ એક વિશેષ પ્રકારની ભક્તિ છે.*(વચ. પ્ર. ૭૬, જે. ૩)*

સામાન્ય રીતે આજ્ઞા બે પ્રકારની હોય છે :

(૧) **નિત્ય આજ્ઞા** : તેમાં શિક્ષાપત્રી આદિક ગ્રંથોમાં દર્શાવેલ પોતપોતાના વર્ણ અને આશ્રમ પ્રમાણેના ત્યાગ સંબંધી નિયમો(પંચ વર્તમાન આદિક) અને ભક્તિ સંબંધી નિયમ(પૂજા, આરતી, કથા વગેરે)નો સમાવેશ થાય છે.

(૨) **નૈમિત્તિક આજ્ઞા** : તેમાં પ્રગટ ભગવાન કે સંત કોઈક પ્રસંગને અનુરૂપ તન-મન-ધનથી કે મન-કર્મ-વચને સેવા કરવાની જે આજ્ઞાઓ કરે છે, તેનો સમાવેશ થાય છે.

સાધનામાં આ બંને પ્રકારની આજ્ઞા-અનુવૃત્તિ પાળવી અત્યંત આવશ્યક છે. શ્રદ્ધા, વિશ્વાસ અને પ્રીતિપૂર્વક ભગવાન અને સંતની બધી જ આજ્ઞા-અનુવૃત્તિ પાળવામાં સાધનાની સાચી સફળતા છે. એનાથી જ ગહન સાધનાનો માર્ગ સુગમ બને છે. આ આજ્ઞા-અનુવૃત્તિરૂપ ભક્તિ કરવાથી થતા લાભ વિશે મહારાજે અને ગુણાતીત ગુરુઓએ સમજાવ્યું છે.

### ● આજ્ઞા-અનુવૃત્તિ પાળવાથી લાભ

ભગવાન કે ગુણાતીત સત્પુરુષની આજ્ઞા કે અનુવૃત્તિ પાળવાથી જે લાભ થાય છે, તે હવે આપણે જોઈએ :

- *ભગવાન અને સંતની કૃપા-પ્રસન્નતા પ્રાપ્ત થાય. (વચ. પ્ર. ૨૫, ૭૮)*
- *ભગવાન અને સંતને ભક્ત પર હેત થાય. (વચ. પ્ર. ૭૬)*
- *દોષો ટળે, સદ્‌ગુણો આવે અને બ્રહ્મરૂપ થવાય. (વચ. સા. ૧૮; મ. ૫૧)*
- *ભગવાન અને સંતના સાંનિધ્યનો અનુભવ થાય. (વચ. પ્ર. ૭૩; કા. ૧૧)*
- *શાશ્વત સુખ, શાંતિ કે આનંદનો અનુભવ થાય. (વચ. પ્ર. ૩૪)*
- *મોક્ષ થાય. (વચ. પ્ર. ૭૮)*

વળી, મનધાર્યાં અનંત સાધનો કરવા કરતાં ભગવાન અને સંત કહે તેમ કરવું તે શ્રેષ્ઠ અને નિર્ગુણ છે, એમ ગુણાતીતાનંદ સ્વામી પોતાની વાતોમાં

સમજાવતાં કહે છે :

◆ *"સંત કહે તેમ કરવું તે શ્રેષ્ઠ છે ને મનધાર્યું કરવું તે કનિષ્ઠ છે, ને મનગમતું કરતો હોય ને તે ત્યાગ રાખતો હોય ને આખા મંદિરનું કામ એકલો કરતો હોય ને ગમે એટલા માણસને સત્સંગ કરાવતો હોય, તોપણ તે ન્યૂન છે ને તેને કોઈક દિવસ વિઘ્ન છે અને જે ત્રણ ટાણાં ખાતો હોય ને આળસુ હોય ને ઊંઘતો હોય, એવી રીતના દોષે યુક્ત હોય, પણ જો તે પોતાનું મનગમતું મૂકીને સંત કહે તેમ કરે તો તે અધિક છે. ને સંત કહે એમ કરવું એ નિર્ગુણ છે ને મનગમતું કરવું એ સગુણ છે."* *(સ્વા.વા. : ૨/૫૭)*

મનધાર્યું કરવાથી થતા નુકસાન અને ભગવાનનું ગમતું કરવાથી થતા વિશેષ લાભનો નિર્દેશ કરીને, મનધાર્યું મૂકવાનો અને ભગવાનની આજ્ઞા પાળવાનો ઉપદેશ આપતાં મહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે :

◆ *"અમારા જનોએ મનમુખી ન થવું પણ આજ્ઞામાં રહેવું. મનમુખી થાય તે ભલે અનેક ધર્મ પાળે, કે મહાવૈરાગ્યવાળો હોય, કે મારું નામ લે, કે મારો મહિમા કહે, કે મને સંભારીને રોઈ જાય, શરીર સૂકવી નાખે, કે અહોનિશ ધ્યાન કરે કે કાવ્ય, કીર્તન કરે; તોપણ મારાથી વિમુખ છે."* *(પૂર : ૪, તરંગ : ૧૮)*

◆ *"મનનું ધાર્યું કરે ત્યાં સુધી જીવપણું મટતું નથી. ઈશ્વરનું ધાર્યું કરે ત્યારે ઈશ્વર જેવા બને છે."* *(પૂર : ૫, તરંગ : ૫)*

◆ *"સૂર્ય ઉદય થાય તો દીવા, મશાલની જરૂર રહેતી નથી. વરસાદ પડે ત્યારે કોશથી પાણી કાઢવાની જરૂર રહેતી નથી. વહાણમાં બેસે તેને તુંબડાં બાંધવાની જરૂર રહેતી નથી. તેમ ભગવાનનું ગમતું કરે તેને બીજાં સાધન આપોઆપ થઈ જાય છે."* *(પૂર : ૫, તરંગ : ૭૨)*

◆ *"અમારાં વચન પ્રમાણે જ વર્તવું. અમારાં વચનમાં અનંત સાધન રહેલાં છે. એમ અમારા નિશ્ચયવાળા ગૃહી-ત્યાગી અનુયાયીઓએ જાણવું."*

*(પૂર : ૧૨, તરંગ : ૧૭)*

યોગીજી મહારાજ આજ્ઞાપાલનથી થતા લાભ વિશે કહે છે :

◆ *"સત્પુરુષ આગળ મનધાર્યું મૂકીને કહે તેમ કરવું તો સત્પુરુષ રાજી થાય."*

◆ *"ગુરુમુખી થાય તેના ઉપર રાજીપો થાય. સત્પુરુષ કહે એમ કરે એની અનુવૃત્તિ પાળે. રાત હોય ને દિવસ કહે તો દિવસ. દિવસ હોય ને રાત કહે તો રાત. તો ગુરુ કૃપા થાય."*

◆ *"આજ્ઞા અને અનુવૃત્તિમાં ટુકટુક વર્તે તો ગુણ આવે. વચન અધ્ધર ઝીલી*

*લેવાં. વચન તો સૌ પાળે પણ અધ્ધર વચન થોડા પાળે. અધ્ધર વચન ઝીલવામાં ત્યાગ, ભક્તિ, ધર્મ વગેરે આવી જાય છે. આજ્ઞા યથાર્થ પળાય તો માયાના પેચમાં ન અવાય.''*

◆ *''સત્પુરુષની આજ્ઞાથી જો ઘંટડી ખખડાવે તોપણ આત્મસત્તારૂપે વર્ત્યા કહેવાય. નાની-મોટી આજ્ઞામાં ફેર ન પડવા દેવો એ બ્રહ્મભાવ.''*

પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ કહે છે :

◆ *''ઉત્તમ થવાની, બ્રહ્મરૂપ થવાની, કોલસામાંથી હીરા જેવા થવાની આ એક જ ટેક્નિક છે. 'ગુરુમુખી થવું પણ મનમુખી ન થવું. મનગમતું મૂકીને ગુરુ કહે તેમ કરવું.' આ ટેક્નિક કાયમ ગાંઠ વાળીને ભેગી રાખવી. 'મનધાર્યું કરવું નથી પણ સંત કહે તેમ જ કરવું છે,' એટલી ગાંઠ આપણે વાળવાની છે. આ હૃદયમાં લખી રાખવું, જેથી જ્યારે મનધાર્યું થતું હોય ત્યારે યાદ આવે કે હું મન-ધાર્યું કરું છું. મારાથી આ ન થાય. મારે મનધાર્યું તો મૂકવાનું છે. બ્રહ્મરૂપ થવા માટે આ ટેક્નિક સિવાય બીજી કોઈ ટેક્નિક નથી. બધાં શાસ્ત્રમાત્ર વાંચી નાખો, ગમે તે મહાપુરુષો પાસે જાઓ, પણ આ જ વાત આવશે, એમાં કોઈ ફેરફાર નથી. ગમે ત્યાં જાઓ પણ જેદિ' તેદિ' આ વાત સમજશો ને આ રીતે કરશો ત્યારે જ તમારો છૂટકો છે. આજે સમજો કે લાખ વર્ષ કેડે સમજો, પણ આ વાત સમજ્યે જ છૂટકો છે. જો આપણે આપણું મનગમતું મૂકીએ, મોટાપુરુષની આજ્ઞા પાળીએ અને એ કહે તેમ જ કરીએ, તો બ્રહ્મરૂપ થવાશે અને ત્યારે જ આપણને શાંતિ થશે.''*

મનધાર્યું મૂકીને આજ્ઞા અને અનુવૃત્તિના પાલનથી આવા અનેક લાભો થતા હોવાથી જ ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ *''મન અકળાય તો મર અકળાય, પણ સત્પુરુષ જે આજ્ઞા કરે તે કદી લોપવી નહિ.''* *(સ્વા. વા. : ૮/૨૧૮)*

◆ *''ઠેઠ અક્ષરધામમાં પૂગવું હોય તો આજ્ઞા બરાબર પાળજો, નીકર લેણા કે દેણા નથી.''* *(સ્વા. વા. : ૯/૮૪)*

◆ *''અણીશુદ્ધ આજ્ઞા પાળવી. તે સુખ, દુઃખ, મંદવાડ, હાણ, વૃદ્ધિમાં કોઈ રીતે આજ્ઞામાં ફેર પડવા દેવો નહિ.''* *(સ્વા. વા. : ૧૫/૧૧૯)*

## ● આજ્ઞા-અનુવૃત્તિ ક્યારે પળાય ?

ભગવાન અને સંતની આજ્ઞા અને અનુવૃત્તિ યથાર્થ પળાય તે માટે નીચેના મુદ્દા આત્મસાત્ કરવા જોઈએ.

- *જીવનના અંતિમ ધ્યેયની સ્પષ્ટતા અને દૃઢતા કરવી. ભગવાન અને સંતને અતિશય રાજી કરવાનું તાન રાખવું.*
- *ભગવાન અને સંતમાં અને તેમનાં વચનમાં અતિશય શ્રદ્ધા અને વિશ્વાસ.*
- *ભગવાન અને સંતનો માહાત્મ્યજ્ઞાન અને દિવ્યભાવે સહિત પરિપક્વ નિશ્ચય. (વચ. પ્ર. ૬૩, લો. ૩)*
- *ભગવાન અને સંતમાં અતિશય પ્રીતિ દૃઢ કરવી. (વચ. કા. ૧૧, અં. ૨૯)*
- *ભગવાન ને સંતનાં વચન અધ્ધર ઝીલવા માટે શૂરવીરપણું દૃઢ કરવું.*
- *પૂર્વે કે અત્યારે જે કોઈ ભક્તોએ કઠણ સંજોગોમાં કઠણ આજ્ઞા-અનુવૃત્તિ પાળી હોય તેવા પ્રસંગો, અને તેમાંય પણ ગુણાતીત સત્પુરુષના આજ્ઞા-પાલનના પ્રસંગોનું મનન-ચિંતન અને નિદિધ્યાસન કરવું.*
- *આજ્ઞાનો લોપ કરાવે એવા કોઈ પણ પ્રકારના કુસંગનો ત્યાગ કરવો.*
- *ભગવાન અને સંતની આજ્ઞા-અનુવૃત્તિ સમજાય, અધ્ધર ઝિલાય, યથાર્થ પળાય અને આત્મસાત્ થાય; આજ્ઞા પાળવામાં લેશમાત્ર મનધાર્યું ન થાય; કુસંગ અને પ્રલોભન આદિક કોઈ પણ પ્રકારનાં વિઘ્નો નડતરરૂપ ન થાય તે માટે ભગવાન અને સંતને શુદ્ધભાવે નિયમિત પ્રાર્થના કરવી.*

## ● આજ્ઞા-અનુવૃત્તિ કેવી રીતે પાળવી ?

ભગવાન અને સંતની આજ્ઞા-અનુવૃત્તિ કેવી રીતે પાળવી જોઈએ, તેના વિશે ભગવાન સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુઓએ પોતાના જીવન અને ઉપદેશ દ્વારા જે માર્ગદર્શન આપ્યું છે, તેના સારરૂપે કેટલાક મુદ્દાઓ જોઈએ :

- *તત્કાળ આજ્ઞા પાળવી, પરંતુ આજ્ઞાપાલનમાં વિલંબ ન કરવો.*
- *પ્રત્યેક આજ્ઞા રાજી થકા અર્થાત્ પ્રસન્ન ચિત્તે પાળવી, પરંતુ આજ્ઞા પાળતી વખતે કોઈ પ્રકારનો શોક કે ઉદ્વેગ મનમાં આવવા દેવો નહિ.*
- *મનનાં સર્વ પ્રકારનાં ઠરાવો, આગ્રહો અને માન્યતાઓ છોડીને અર્થાત્ સર્વે પ્રકારનું મનધાર્યું કે મનગમતું મૂકીને આજ્ઞા પાળવી.*
- *આજ્ઞા-અનુવૃત્તિ પાળવામાં પોતે ઓશિયાળા થવું, પણ ભગવાન અને સંતને ઓશિયાળા ન કરવા. આપણને આજ્ઞા કરતાં એમને ડર રહે તો ઓશિયાળા કર્યા કહેવાય. તેઓ આપણને નિધડકપણે કોઈ પણ પ્રકારની આજ્ઞા કરી શકે, એવો વિશ્વાસ સંપાદન કરવો જોઈએ.*

- *એમની આજ્ઞા-અનુવૃત્તિ સમજવા, સ્વીકારવા કે પાળવામાં કોઈ પણ પ્રકારની જડતા કે મૂઢતાનો ત્યાગ કરવો.*
- *આજ્ઞા-અનુવૃત્તિ અધ્ધર ઝીલવી. વચન હેઠું ન પડવા દેવું.*
- *આજ્ઞા પાળવામાં ટુકટુક થઈ જવું. આજ્ઞામાં દેહને વાટી નાખવું. દેહ, મન અને બુદ્ધિના ભુક્કા બોલાવી દેવા.*
- *દિવસ કહે તો દિવસ અને રાત કહે તો રાત. એમાં તર્ક-વિતર્ક, શંકા-કુશંકા કે આડા-અવળા વિચારો મૂકીને આજ્ઞામાં ઝંપલાવી દેવું. યાહોમ કે કુરબાન થઈ જવું.*
- *ગમે તેવા કઠણ સંજોગોમાં ગમે તેવી કઠણ આજ્ઞા થાય, તોપણ બીજો વિચાર જ નહિ, કોઈ સંકલ્પ જ નહિ. 'મારાથી એ નહિ થાય' એવો સંકલ્પ પણ ઊઠવા ન દેવો. 'થશે જ, કેમ ન થાય ?' એમ માનીને આજ્ઞામાં કૂદી પડવું.*
- *શ્રદ્ધા, વિશ્વાસ, ધીરજ અને હિંમત રાખીને આજ્ઞા પાળવી.*
- *આજ્ઞા પાળવામાં નિત્ય નવો ઉત્સાહ અને ઉમંગ રાખવો, પરંતુ મરતાં મરતાં કાંધ ન હલાવવી.*
- *આજ્ઞા પાળવામાં લેશમાત્ર કંટાળો લાવ્યા વગર કે વેઠ ઉતાર્યા વગર ચોકસાઈપૂર્વક વ્યવસ્થિત અને નિયમિતપણે પ્રત્યેક આજ્ઞા પાળવી.*
- *કદાચ કોઈ બીજો એ પ્રકારની આજ્ઞા ન પાળે, તો એ પૂર્વે પાળીને આવ્યો છે એમ માનીને આજ્ઞા યથાર્થ પાળવી, પણ આજ્ઞા પાળવામાં કોઈનો વાદ કે અવગુણ ન લેવો.*
- *આજ્ઞા પાળવામાં હઠ, માન, ઈર્ષ્યા, અસૂયા, મત્સર, રાગ-દ્વેષ, અહં-મમત્વ આદિક કોઈ પ્રકારના સ્વભાવોનો મલિન ભેગ ન ભળી જાય તેનું ધ્યાન અને જાણપણું રાખવું.*
- *પોતાના નિયમ-ધર્મમાં દૃઢ રહીને આજ્ઞા પાળવી.*
- *સરળતા રાખી, સૌને અનુકૂળ થઈને સંપ, સુહૃદભાવ અને એકતા જળવાઈ રહે, તેમાં સુધારો ને વધારો થતો રહે, એ રીતે આજ્ઞા-અનુવૃત્તિ પાળવી.*
- *માન-અપમાન, પ્રશંસા-ટીકા, સુખ-દુઃખ, સગવડ-અગવડ, સફળતા-નિષ્ફળતા જેવાં દ્વંદ્વોમાં સ્થિર રહીને, મનની સમતુલા જાળવી રાખીને, સર્વેનું સર્વ પ્રકારનું સહન કરીને આજ્ઞા-અનુવૃત્તિ પાળવી.*

ભગવાન સ્વામિનારાયણે અને ગુણાતીત ગુરુઓએ આજ્ઞા-અનુવૃત્તિ

પાળવાનું જે માર્ગદર્શન આપ્યું છે, તે પ્રમાણે જો સાધક આજ્ઞા-અનુવૃત્તિ પાળે તો મહારાજ, સ્વામી અને પ્રગટ ગુરુ હરિને અતિશય પ્રસન્ન કરીને સાચા અર્થમાં આ જીવનને સાર્થક કરી શકશે. અનંત જન્મો સુધી અનંત પ્રકારનાં અનંત સાધનો કરવા છતાં જે કાર્યો સિદ્ધ ન થાય, તે એમની આજ્ઞા-અનુવૃત્તિ પાળવાથી સહજતાથી સિદ્ધ થશે.

ઉપરોક્ત બંને પ્રકારની ભક્તિ દરેક સાધક માટે અનિવાર્ય છે. આ બંને ભક્તિ જીવનમાં સિદ્ધ થાય તો જ સાધકની સાધના સફળ બને છે. હવે પછી ભક્તિના વિવિધ પ્રકારોનું નિરૂપણ છે, તેમાંથી જુદી જુદી ભક્તિ જુદા જુદા સાધકના પોતાના ભિન્ન ભિન્ન અંગ પ્રમાણે મુખ્ય કે ગૌણરૂપે હોઈ શકે.

## ૪.૨.૫ પ્રેમલક્ષણા ભક્તિ

ભગવાનને વિશે અતિશય માહાત્મ્યે સહિત આત્યંતિક પ્રેમ એ જ પ્રેમ-લક્ષણા ભક્તિ છે.

### ● ભગવાનને વિશે પ્રીતિના લાભ

શ્રીજીમહારાજ કહે છે કે જેને ભગવાન પ્રત્યે આવો પ્રેમ છે –

- *તે કૃતાર્થ થઈ જાય છે.* *(વચ. મ. ૫૯)*
- *તેને સદાય સુખ અને શાંતિનો અનુભવ થાય છે.* *(વચ. અં. ૮)*
- *તેને મૃત્યુનો ભય રહેતો નથી.* *(વચ. લો. ૨)*
- *તેને તો સર્વે સાધન સંપૂર્ણ થયાં છે.* *(વચ. પ્ર. ૫૬)*
- *તેને તો કાંઈ કરવું રહ્યું નથી.* *(વચ. મ. ૯)*

આમ, ભગવાન વિશેની પ્રેમલક્ષણા ભક્તિથી સાધકની સાધના ઘણી સરળ થઈ જાય છે. એમને વિશેની પ્રીતિ સાધકને ઘણું ઘણું સહેલાઈથી સિદ્ધ કરી આપે છે. તેથી જ તો શ્રીજીમહારાજ કહે છે કે જેવી આ જીવને પોતાના શરીર અને શરીરના સંબંધીને વિશે પ્રીતિ અને આત્મબુદ્ધિ છે તેવી ભગવાન અને સંતને વિશે રાખવી જોઈએ. *(વચ. મ. ૫૯, અં. ૭)*

### ● ભગવાનને વિશે પ્રીતિ થવાના ઉપાયો

શ્રીજીમહારાજે ભગવાન વિશે પ્રીતિ થવાના જે ઉપાયો દર્શાવ્યા છે, તે સારરૂપે જોઈએ :

- *ભગવાનનાં ગુણ, ઐશ્વર્ય, કાર્ય અને સ્વરૂપનો અસાધારણ મહિમા સમજવો. (વચ. પ્ર. ૫૯, મ. ૫૭)*
- *રૂડા દેશકાળાદિકનો યોગ રાખવો. (વચ. લો. ૧૦, અં. ૧૪)*
- *ગુણાતીત સત્પુરુષનો મન, કર્મ, વચને પ્રસંગ કરવો. (વચ. પ્ર. ૪૪)*
- *ભક્તિ સંબંધી અને પંચવિષયના ત્યાગ સંબંધી નિયમોનું યથાર્થ પાલન કરવું. (વચ. અં. ૩૪)*
- *ભગવાન વિના અન્ય વિષયમાંથી રાગ ટાળવો. (વચ. મ. ૩૬)*
- *શુદ્ધભાવે પ્રાર્થના કરવી. (વચ. અં. ૩૯)*

## ● કેવી રીતે પ્રીતિ કરવી ?

ભગવાનને વિષે પ્રીતિ કેવી રીતે કરવી તેનું માર્ગદર્શન આપતાં શ્રીજી-મહારાજ કહે છે :

- *સગાં-સંબંધી સાથે જેવું હેત છે એવું મૂઢપણાનું હેત ભગવાનને વિશે કરવું. (વચ. પ્ર. ૫૭)*
- *ભગવાનનો યથાર્થ મહિમા સમજીને પ્રીતિ કરવી. (વચ. પ્ર. ૫૭)*
- *માયિક ભાવ ટાળીને અત્યંત શુદ્ધભાવે પ્રીતિ કરવી. (વચ. અં. ૩૯)*
- *આત્મસત્તારૂપે એટલે કે બ્રહ્મરૂપ થઈને પ્રીતિ કરવી. (વચ. પં. ૩, મ. ૫૭)*
- *ભગવાન અને ગુણાતીત સંત સિવાય, એમને ગૌણ કરીને કે મૂકીને અન્ય કોઈ પણ વ્યક્તિ, વસ્તુ, વિષય, સ્થાન કે પ્રવૃત્તિમાં હેતરૂપી બંધન ન થઈ જાય; એવું જાણપણું રાખીને ભગવાન સિવાય અન્ય સર્વમાંથી રાગ ટાળીને એટલે કે વૈરાગ્ય કરીને ભગવાનને વિશે દૃઢ પ્રીતિ કરવી. (વચ. પ્ર. ૩૪; અં. ૧૭, ૨૨)*

## ● પ્રીતિવાળાનાં લક્ષણો

ભગવાનને વિશે પ્રીતિવાળાનાં લક્ષણો સમજાવતાં મહારાજ કહે છે :

- *ભગવાનની અખંડ સ્મૃતિ રહે. (વચ. પ્ર. ૪૪)*
- *એમનું ગમતું થાય, આજ્ઞા ન લોપાય. (વચ. કા. ૧૧, અં. ૨૯)*
- *એમનો અભાવ-અવગુણ ન આવે અર્થાત્ એમનામાં દોષ કે મનુષ્યભાવ ન પરઠાય. (વચ. વર. ૧૧, અં. ૧)*
- *પંચવિષય કે પદાર્થમાં પ્રીતિ ન રહે. (વચ. પ્ર. ૩૩, મ. ૫૭)*

પ્રીતિવાળાનાં લક્ષણો સામે નજર રાખીને ઉપર દર્શાવેલાં ઉપાયો અને

રીત પ્રમાણે ભગવાનને વિશે પ્રેમલક્ષણા ભક્તિ દૃઢ કરવી જોઈએ.

## ૪.૨.૬ શ્રવણભક્તિ

ભગવાનનાં નામ, અલૌકિક ચરિત્રો, મહિમા, કલ્યાણકારી ગુણો તથા ભગવાન અને સંતનાં ઉપદેશવચનોની કથાઓનું પ્રેમ અને શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરવું તે શ્રવણભક્તિ છે.

### ● શ્રવણભક્તિ(કથાવાર્તા)થી લાભ

ભગવાનનાં વિભિન્ન લીલાચરિત્રો, ઉપદેશવચનો અને મહિમાદર્શક કથાઓનું શ્રવણ કરવામાં આવે, તો મનુષ્યના હૃદયમાં ભગવાન પ્રત્યે પ્રેમલક્ષણા આદિક ભક્તિનાં અન્ય અંગોનો પણ આવિર્ભાવ થાય છે. શ્રવણભક્તિથી જ ભક્તિનાં અન્ય બધાં અંગોને પોષણ મળે છે. તેથી જ શ્રીજીમહારાજ ***વચ. અં. ૨૪***માં કહે છે : *''શાસ્ત્રમાં નવ પ્રકારની ભક્તિ કહી છે. તેમાં શ્રવણ-ભક્તિને પ્રથમ ગણી છે. માટે જો શ્રવણભક્તિ જેને હોય તો પ્રેમલક્ષણા પર્યન્ત સર્વે ભક્તિનાં અંગ એને પ્રાપ્ત થશે.''*

આત્યંતિક મુક્તિની સમગ્ર સાધનામાં શ્રવણભક્તિ અર્થાત્ કથાશ્રવણનો ખૂબ મહત્ત્વનો ફાળો છે. કથાશ્રવણથી થતા લાભ વિશે મહારાજે કહેલાં વચનોને ભાવાર્થરૂપે જોઈએ :

- *આસ્તિક થઈને વાતમાં વિશ્વાસ રાખી પ્રીતિએ સહિત કથાશ્રવણ કરવામાં આવે, તો ગમે તેવા કામ ક્રોધાદિક વિકારો નાશ પામે, મન સ્થિર અને નિર્વિષયી બને. (વચ. કા. ૧૨)*
- *ભગવાનની કથાવાર્તા સાંભળ્યામાં જેને જેટલી પ્રીતિ તેને તેટલો જગતનો અભાવ થાય તથા કામ, ક્રોધ, લોભાદિક દોષનો નાશ થાય. (વચ. અં. ૨૪)*

ગુણાતીતાનંદ સ્વામી પણ કથાવાર્તાનો અપરંપાર મહિમા સમજાવતાં કહે છે :

◆ *''નવધા ભક્તિ આદિક સાધને કરીને જીવ શુદ્ધ તો થાય છે, પણ વાતે કરીને જેવો શુદ્ધ થાય એવો થતો નથી. માટે શબ્દ જેવું તો કોઈ બળવાન નથી.''* *(સ્વા. વા. : ૧/૧૫)*

◆ *''આ વાતુંમાંથી તો બ્રહ્મરૂપ થવાશે ને બાળ, જોબન ને વૃદ્ધ એ ત્રણ*

*પ્રકારની સ્ત્રીઓ, ને કચરો ને કંચન એ સર્વે સરખું થઈ જાશે ને કાંઈ દીઠું નહિ ગમે એવું થાશે.''* *(સ્વા. વા. : ૧/૩૩)*

◆ *''આ સર્વે કામ મૂકીને આવીને નવરા બેસીને વાતું સાંભળીએ છીએ, તે એમ સમજવું જે, કરોડ કામ કરીએ છીએ. તે શું જે, જમપુરી, ચોરાસી, ગર્ભવાસ એ સર્વેને માથે લીટા તાણીએ છીએ, પણ નવરા બેઠા છીએ એમ ન સમજવું.''*
*(સ્વા. વા. : ૧/૫૦)*

◆ *''આ વાત તો કરોડ ધ્યાન કરતાં અધિક છે.''* *(સ્વા. વા. : ૩/૬૭)*

◆ *''કોટિ સાધન કરે પણ આમ વાતું કરવી અને સાંભળવી તેની બરોબર થાય નહિ.''* *(સ્વા. વા. : ૧/૨૨૬)*

◆ *''કરોડ જન્મ તપ કરીએ તોપણ આટલી વાતુંના જેટલો સમાસ ન થાય, જો વિચાર હોય તો.''* *(સ્વા. વા. : ૬/૧૯૮)*

યોગીજી મહારાજ કહે છે :

◆ *''સમાગમ થાય ત્યારે અવયવ ફરી જાય, વિચારો બદલાઈ જાય અને જીવન શાંતિમય થઈ જાય. સત્સંગના શબ્દો ધારી લઈએ તો તેમાંથી સ્થિતિ થાય છે. તીવ્ર વેગ - શ્રદ્ધાથી કથા સાંભળીએ તો શબ્દો હૃદયમાં બેસી જાય.''*

◆ *''કથાવાર્તા સાંભળે તો જીવમાં જડતા ન આવે. હેત થાય. પ્રેમ વધે. સદ્ભાવ આવે. દુઃખ ન રહે. કથાવાર્તાના અખાડા સારુ આ સ્થાન, આ મંદિરો શાસ્ત્રીજી મહારાજ બાંધી ગયા. આ અખાડામાં નાનો-મોટો કોઈ પણ આવે, સત્સંગમાં કાંઈ ન સમજતો હોય તેવો પણ જો આવે તો પાકી જાય. જેમ નીંભાડામાં માટલાં પાકે છે તેમ પાકી જાય. આ અખાડામાં આવે તેને અજ્ઞાનરૂપી અંધારું, જગતની વાસના વગેરે ટળી જાય. મોટી વસ્તુ આવે એટલે નાની વસ્તુ એની મેળે નીકળી જાય.''*

આ ઉપરાંત ભગવાન સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુઓએ કથા-વાર્તાથી થતા લાભ વિશે જે વાતો કરી છે, તેના સારરૂપે એવું કહી શકાય કે કથાવાર્તાથી –

- *જીવનનું અંતિમ ધ્યેય સ્પષ્ટ અને દૃઢ થાય.*
- *ધ્યેયની સિદ્ધિ માટે સાચો સાધનામાર્ગ સમજાય.*
- *આત્યંતિક મુક્તિના મુખ્ય ઉપાયરૂપે ભગવાન સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુઓનું સાચું સ્વરૂપ ઓળખાય અને સમજાય. એમનો મહિમા સમજાય. એમના સ્વરૂપને વિશે દિવ્યભાવની દૃઢતા થતી જાય.*

*કદાચ ક્યારેક મનુષ્યભાવ આવે, તો તે પણ દૂર થાય.*

- *પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજને વિશે હેત અને આત્મબુદ્ધિની વૃદ્ધિ અને દૃઢતા થતી જાય. એમના સ્વરૂપમાં દૃઢ જોડાણ થતું જાય.*
- *શ્રીજીમહારાજ અને પ્રમુખસ્વામી મહારાજને અતિશય પ્રસન્ન કરવાના યથાર્થ ઉપાય સમજાય. એમને સાચી રીતે રાજી કરતાં આવડે.*
- *ભગવાન અને સંતની આજ્ઞા, અનુવૃત્તિ અને રુચિ સમજાય. તદનુસાર વર્તવાનું અને સાધના કરવાનું બળ મળે. ભગવાન અને સંત માટે શું ન થાય ? એવી સમર્પણભાવના વિશેષ દૃઢ થતી જાય.*
- *સાધના માટે આવશ્યક હિંમત, શ્રદ્ધા, વિશ્વાસ, ઉત્સાહ, ધગશ, ઈશક, ધીરજ વગેરે દિન-પ્રતિદિન વધતાં રહે.*
- *ભગવાન અને ગુણાતીત સત્પુરુષના સંબંધવાળા સંતો-ભક્તોનો મહિમા સમજાય. તેમનો અવગુણ ન આવે. કદાચ ક્યારેક કોઈકનો અવગુણ આવ્યો હોય, તો તે નીકળી જાય. પરિણામે કોઈ સાથે આંટી ન પડે. કુસંપ ન થાય. પરસ્પર સંપ, સુહૃદભાવ અને એકતાનું દિવ્ય વાતાવરણ સર્જાય. તેમાં સુધારો ને વધારો થતો રહે.*
- *પૂર્વના અથવા વર્તમાનકાલિક સંતો-ભક્તોના ઉત્કૃષ્ટ ગુણો, પ્રસંગોમાંથી સાધના માટે ઉત્કૃષ્ટ પ્રેરણા મળે.*
- *દેહના ખોરાકથી દેહ પુષ્ટ બને, દેહને શક્તિ મળે. એવી જ રીતે કથા-વાર્તા આત્માનો ખોરાક છે. એનાથી આત્માને શક્તિ મળે. આત્મા બળિયો થાય; જેથી માયા સામે, સ્વભાવો સામે લડી શકાય, ટકી શકાય અને એના પર વિજય મેળવી શકાય.*
- *ચોકિયાતની જેમ કથા આપણને જાગ્રત કરે, કુકર્મ કરતાં અટકાવે, ઢાલની જેમ રક્ષા કરે, જેથી માયિક સ્વભાવોથી કે દેહભાવોને લીધે સાધનામાં વિક્ષેપ ન થાય. સમૂહમાં સેવા, પ્રવૃત્તિ કે ભક્તિ કરતી વખતે માન, ક્રોધ, ઈર્ષ્યા, અસૂયા, રાગદ્વેષ કે અહં-મમત્વ જેવા સ્વભાવોના ઘર્ષણમાં જાગૃતિ રહે. સવળી દૃષ્ટિ ને સમજણ રહે. આ વિકૃતિ પોતાના જીવનમાં ન આવે.*
- *માન-અપમાન, સુખ-દુ:ખ કે સફળતા-નિષ્ફળતા જેવાં દ્વંદ્વોમાં સ્થિરતા અને સમતા રહે.*
- *પાછી વૃત્તિ વળે, અંતર્દૃષ્ટિ થાય. જાણપણું અને ખટકો રહે. હું કોણ છું ? હું કોનો છું ? હું શા માટે છું ? તો મને આ શોભે ? આ વિચારનું સતત*

*અનુસંધાન રહ્યા કરે. સાધનામાં પોતે ક્યાં પહોંચ્યો છે ? કેટલું કામ થયું છે અને કેટલું બાકી છે ? સાધનામાં ક્યાં, કઈ, કેવી અને કેટલી કચાશ કે કસર છે તેનો ખ્યાલ આવે. તે દૂર કરવાનો વિચાર આવે. તે માટે આયોજન અને પ્રયત્ન થાય. અને જ્યાં સુધી એ ખામી દૂર ન થાય, ત્યાં સુધી પુરુષાર્થનું સાતત્ય જળવાઈ રહે.*

- *સત્સંગની ઈમારતનો પાયો વધુ મજબૂત બને. ગમે તેવા વિકટ ઝંઝાવાતોમાં પણ સત્સંગ કદાપિ ન છૂટે.*
- *સમજણ દૃઢ થવાથી ગમે તેવા વિપરીત સંજોગોમાં પણ અલમસ્ત આનંદ અને કેફમાં અખંડ રહેવાય. જગતનાં કોઈ પ્રકારનાં દુઃખોમાં નિરાશ ન થઈ જવાય. અંતરનાં આનંદ કે શાંતિમાં કોઈ વિક્ષેપ ન થાય.*
- *સાધનાના પ્રત્યેક અંગની ગુણવત્તા અને તીવ્રતામાં સતત સુધારો અને વધારો થતો રહે. દુર્ગુણો ઓછા થતા જાય, સદ્‌ગુણોનો વિકાસ થતો જાય. ચાર આની સત્સંગમાંથી ધીરે ધીરે સોળ આની સત્સંગ દૃઢ થાય. બ્રાહ્મીસ્થિતિ સુધી પહોંચી શકાય અર્થાત્ બ્રહ્મરૂપ થઈ શકાય.*

## ● શ્રવણભક્તિ(કથાવાર્તા) વગર ખોટ

જો કથાવાર્તા કરવામાં કે સાંભળવામાં રુચિ અને શ્રદ્ધા ન હોય ને આળસ હોય કે એમાં કંટાળો ચડે, તો કથાવાર્તાથી જે કંઈ લાભ થાય છે તે લાભ સાધકને થાય નહિ. કદાચ અન્ય સાધનોથી આવો કંઈક લાભ થતો હોય એમ લાગે, પરંતુ એમાં બહુ વિશ્વાસ ન રાખી શકાય. એનાં મૂળ બહુ દૃઢ ન હોય. તેથી એ ટકી શકે નહિ. એટલે તો શ્રીજીમહારાજ ***વચ. અં. ૨૪***માં કહે છે : *"જો કથાવાર્તામાં જેને આળસ હોય, તેની કોરની એમ અટકળ કરવી જે, એમાં મોટા ગુણ નહિ આવે."*

શ્રીજીમહારાજ અહીં કથાવાર્તામાં આળસ રાખનારને કેટલી મોટી ખોટ જાય છે તે સમજાવે છે. તેઓ કહે છે કે એમાં મોટા ગુણ એટલે કે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, માહાત્મ્યે સહિત ભક્તિ આદિક ગુણો નહિ આવે. જો આ ગુણો ન આવે તો એકાંતિક પણ ન થવાય અને આત્યંતિક મુક્તિ પણ ન થાય.

કથાવાર્તાના અભાવે થતા નુકસાન વિષે ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

- *"આવી વાતું વિના પરભાવને નહિ પમાય."* *(સ્વા. વા. : ૬/૧૯૧)*
- *"આવી વાતું વિના મોક્ષ ન થાય."* *(સ્વા. વા. : ૬/૨૧૫)*

◆ *"કથાવાર્તા વિના જડતા આવી જાય."* *(સ્વા. વા. : ૧૧/૧૩૬)*

◆ *"કથાવાર્તા વિના જીવમાં ખોટ રહી જાશે."* *(સ્વા. વા. : ૧૨/૭૮)*

◆ *"શ્રવણભક્તિ વિના ગમે તેટલાં શાસ્ત્ર પોતાની મેળે વાંચે પણ જ્ઞાન થાય નહિ."* *(સ્વા. વા. : ૧૩/૨૨૩)*

આપણા વ્યક્તિગત કે સામૂહિક જીવનમાં કથાવાર્તાની ગૌણતા થશે તો –

- *વ્યક્તિગત રીતે કે સત્સંગમાં સામૂહિક રીતે પુષ્ટિ અને પ્રગતિ નહિ થાય.*
- *દિવ્ય વાતાવરણ ટળી જશે. સત્સંગ વ્યવહારિયો થઈ જશે.*
- *અહં-મમત્વ, રાગદ્વેષ, ઈર્ષ્યા, અસૂયા જેવા વિકારોને લીધે પરસ્પર ટકરામણ થશે.*
- *અધ્યાત્મ-સાધનામાં વિઘ્નો આવશે.*
- *આવા સર્વોપરી ભગવાન શ્રીજીમહારાજ અને સર્વોપરી ગુરુ પ્રમુખસ્વામી મહારાજનો સંબંધ છૂટી જશે. કદાચ સત્સંગમાં પડ્યા રહીએ તોપણ બીજે રવાડે ચડી જવાશે. જે કરવાનું છે તે નહિ થાય અને જે નથી કરવાનું તે જ થશે.*
- *સ્વભાવ સામે હિંમત હારી જવાશે, ભાંગી જવાશે.*
- *જીવનમાં અસંતોષ, ઉદ્વેગ, અશાંતિ, હતાશા અને અપૂર્ણતા અનુભવાશે.*
- *જીવનનું સાચું ઘડતર નહિ થાય. જીવનો સત્સંગ નહિ થાય. બ્રહ્મરૂપ નહિ થવાય.*
- *મહારાજ અને સ્વામી આપણને જેવા બનાવવા માગે છે, એવા સંત કે ભક્ત નહિ બની શકાય.*

## ● કથાવાર્તા માટે આગ્રહ

કથાવાર્તાથી સાધકને થતા લાભ અને તે વગર થતા નુકસાનને ધ્યાનમાં રાખીને જ શ્રીજીમહારાજે અને ગુરુઓએ કથાવાર્તામાં અભિરુચિ કેળવવાનો સૌને આગ્રહપૂર્વક ઉપદેશ અને આદેશ આપ્યો છે.

શ્રીજીમહારાજ ***વચ. મ. ૪૯***માં કહે છે, *"અમારે તો ભગવાનની કથા, કીર્તન કે વાર્તા કે ભગવાનનું ધ્યાન એમાંથી કોઈ કાળે મનની તૃપ્તિ થતી જ નથી, ને તમારે પણ સર્વેને એવી રીતે વર્તવું"*

ગુણાતીતાનંદ સ્વામી પણ કથાનો આગ્રહ રખાવતાં કહે છે :

◆ *"આથી કરોડ ગણો સત્સંગ થાશે ને આથી કરોડ ગણાં મંદિર થાશે પણ*

*આ વાતું ને આ કથા નહિ મળે ને વહેવાર પ્રધાન થઈ જાશે, માટે સહેજે સહેજે કરવું. ને આ કારખાનાં તો બ્રહ્માંડ રહેશે ત્યાં સુધી ચાલશે, માટે કથાવાર્તા કરવા-સાંભળવાનો અભ્યાસ રાખવો.'' (સ્વા. વા. : ૧/૩૧)*

◆ *''જેમ ખાધાથી ધરાતા નથી તેમ કથાવાર્તાથી ધરાવું નહિ. આપણે ઉપરથી બીજો વહેવાર કરવો, પણ મુખ્યત્વે તો કથાવાર્તા કરવી.'' (સ્વા. વા. : ૧૨/૧૯૯)*

યોગીજી મહારાજ કથાવાર્તાનો આગ્રહ રખાવતાં કહે છે :

◆ *''કથાવાર્તાનું વ્યસન રાખવું, કથાવાર્તાનું વ્યસન હોય તો કર્યા વિના રહેવાય જ નહિ. મોટા વાતો કરતા હોય અને પોતે હાજર ન હોય તો હૃદયમાં બળતરા થવી જોઈએ. જ્યારે કથા સાંભળીએ ત્યારે શાંતિ થાય. માટે શબ્દ ઝીલવા શીખવું. એકે શબ્દ વૃથા જાવા દેવો નહિ. નવીન નવીન વાતો યાદ રાખવી. તો જ શ્રુત કહેવાય. માટે ખરા શ્રુત થવું.''*

પ્રમુખસ્વામી મહારાજ કથાવાર્તાનો આગ્રહ રખાવતાં કહે છે :

◆ *''આપણો પ્રૉગ્રેસ નથી થતો તેનું મુખ્ય કારણ કથાવાર્તા નથી કરતા, નથી સાંભળતા એ છે. બીજું ઓછું થાય તો વાંધો નહિ, પણ આનો તો આગ્રહ રાખો, રાખો ને રાખો. આપણા સંતો-ભક્તો જે આગળ વધ્યા છે તે આનાથી જ વધ્યા છે, પરંતુ બહારની પ્રવૃત્તિથી વધ્યા નથી. ગુણાતીતાનંદ સ્વામી આઠ પુરાણી રાખતા. બીજાને કંટાળો નહિ આવતો હોય ? ભલે કંટાળો આવે, પણ આ કર્યા વગર છૂટકો જ નથી. જે'દિ તે'દિ આ કર્યા વગર છૂટકો જ નથી. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અખંડ વાતો કરતા. આપણું જો આગળ ચલાવવું હોય, ખરેખર ચલાવવું હોય અને તમારે બધાને ખરેખર જો અક્ષરપુરુષોત્તમ સંસ્થા ને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજની સેવા કરવી હોય, તો આનો આગ્રહ રાખજ્યો જ ! તો જ તમારી સેવા સાચી ગણાશે અને તો જ તમારી ઉપર ખરેખરો શ્રીજીમહારાજનો રાજીપો થશે. કથાવાર્તાનો તો આગ્રહ રાખવો જ. તો જ આપણું આગળ વધવાનું છે. જે વધ્યું છે તેનું મુખ્ય કારણ પણ આ જ છે અને આગળ વધશે એનું મુખ્ય કારણ પણ આ જ છે. આને માટે આપણે જેટલું નહિ કરીએ તેટલું દુઃખ છે. જેટલું કરીશું એટલો લાભ છે. આપણને તો લાભ છે જ ને બીજા હજારોની પણ સેવા કરી શકીશું અને આ સંસ્થાની મહાન સેવા થશે. માટે આ વાતનો બરોબર વિચાર રાખીને એવો દૃઢાવ કરો કે ફરી ફેરવણી ન થાય, આ માટે ફરી વાર કહેવું ન પડે. આ વાતનું નિરંતર અનુસંધાન રાખજ્યો. 'કથા-વાર્તાનો આગ્રહ રાખવો' – એ વાતનું બીજ નિરંતર રાખજ્યો.''*

## ● કથાશ્રવણની કળા

કથાશ્રવણ એ એક કળા છે. કોઈ પણ કળા શીખવી પડે છે. તબલાં, હાર્મોનિયમ વગાડવું એ કળા છે. ચિત્ર દોરવું કે શિલ્પ બનાવવું એ કળા છે. તે શીખ્યા વગર ન આવડે. એ કળાને સુધારવા અને તેમાં પારંગત થવા નિત્ય અભ્યાસ કરવો પડે. તેમ કથાશ્રવણની કળામાં પારંગત થવા માટે નિત્ય અભ્યાસ જરૂરી છે. જો સાચી રીતે કથાશ્રવણ કરીએ તો જરૂર તેનાથી યથાર્થ લાભ થાય છે. કથાશ્રવણની કળામાં પારંગત થવા અને તેનો સાચો લાભ લેવા માટે નીચેના મુદ્દાનો ખ્યાલ રાખીને તેને આત્મસાત્ કરવા માટે પ્રયત્ન કરવો જરૂરી છે.

### (૧) એકાગ્રતાથી કથાનું શ્રવણ

કેટલીક વાર કથામાં આપણી ફક્ત સ્થૂળ દેહથી જ હાજરી હોય છે. મન તો ભૂતકાળ અને ભવિષ્યકાળની અનેક પ્રવૃત્તિવિષયક વિચારો, વિષયોના સંકલ્પો અને કામાદિક વિકારોમાં ઓતપ્રોત હોય છે. તેથી મનની એકાગ્રતા વગર કથાના શબ્દો નથી ગ્રહણ થતા, નથી યાદ રહેતા કે નથી સમજાતા. માટે કથાના પ્રત્યેક શબ્દને અધ્ધર ઝીલવા અત્યંત એકાગ્રતાથી કથાશ્રવણ કરવું જરૂરી છે.

### (૨) મનન અને નિદિધ્યાસન

કથાશ્રવણ પછી તેનું મનન કરવું અત્યંત જરૂરી છે. કથાનું મનન એટલે કથામાંથી પોતાને ઉપયોગી વાતોનું ગ્રહણ કરવું. જે જે વાતો પોતાને ઉપયોગી હોય તેની જુદી નોંધ કરવી. એમાંથી કઈ વાત ક્યારે, ક્યાં, કેવી રીતે અને શા માટે ઉપયોગી છે એનું વિશેષ મનન કરવું જોઈએ. એમાંથી પણ જે વાત આપણને તાત્કાલિક ઉપયોગી થઈ શકે તેમ હોય, તેવી વાતોનું વિશેષ મનન કરવું જોઈએ. ત્યાર બાદ મનન દ્વારા ગ્રહણ કરેલી વાતોને વારંવાર સંભારીને એટલે કે તેનું નિદિધ્યાસન કરીને તેની દૃઢતા કરવી જોઈએ.

કથાશ્રવણ પછી મનન અને નિદિધ્યાસન કર્યા વગર લાખ વર્ષ સુધી કથાશ્રવણ કરીએ તોપણ તેનાથી કોઈ વિશેષ લાભ થતો નથી, એમ મહારાજે ***વચ. સા. ૩***માં સમજાવ્યું છે. આપણે કથાશ્રવણ પછી તેનું મનન અને નિદિધ્યાસન કરતા નથી એ મોટામાં મોટી ખામી છે. તેથી જ તો કથાશ્રવણથી યથાર્થ લાભ થતો નથી.

### (૩) જીવનમાં આત્મસાત્ કરવાનો પ્રામાણિક પ્રયત્ન

સાધક કદાચ કથામાં જાય, રસપૂર્વક એકાગ્રતાથી કથા સાંભળે, એનું મનન-નિદિધ્યાસન પણ કરે; પરંતુ એ વાતોને જીવનમાં ઉતારવાનો અર્થાત્ આત્મસાત્ કરવાનો નિર્ણય અને પ્રામાણિક પ્રયત્ન ન કરે, તોપણ તે કથાથી કોઈ વિશેષ લાભ થતો નથી.

અમૃતના કૂવામાં સ્નાન કરવાથી અમર ન થવાય. અમૃતનું એકાદ બુંદ પણ ગળા નીચે ઉતારવું પડે તો એનો લાભ થાય. એમ કથામૃતનું શ્રવણ, મનન અને નિદિધ્યાસન કર્યા પછી જીવનમાં ઉતારવાના દૃઢ નિશ્ચય સાથે પ્રયત્ન કરીએ તો જ એનો યથાર્થ લાભ થાય.

તેથી જ તો ગુણાતીતાનંદ સ્વામી કહે છે : *“સો મણ અન્નનો ઢગલો હોય, પણ માંહીથી શેર ખાઈએ તો જ ભૂખ જાય; તેમ વાતું ધારીને તે પ્રમાણે જ્યારે વરતશું ત્યારે જ સુખ થાશે.”* *(સ્વા. વા. : ૧૩/૧૮૭)*

## ૪.૨.૭ કીર્તનભક્તિ

ભગવાનનાં નામ(મંત્રજાપ), લીલાચરિત્રો અને ગુણો વગેરેનું ઉચ્ચ સ્વરથી ઉચ્ચારણ કરવું તે કીર્તનભક્તિ છે. એવી જ રીતે જેમાં ભગવાનની દિવ્ય મૂર્તિનું વર્ણન હોય; ભગવાનનાં શણગાર, વસ્ત્રાલંકાર અને ભગવાનની દિવ્ય શોભા કે ભગવાનના અસાધારણ મહિમાનું વર્ણન હોય, તેવાં તથા ઉપદેશનાં ભજનો, પદો કે કીર્તનોનું ગાન કરવું એ પણ કીર્તનભક્તિ છે.

### ● કીર્તનભક્તિથી લાભ

*શ્રીમદ્‌ભાગવતમાં કહ્યું છે કે* ***कलौ तद्धरिकीर्तनात्*** *અર્થાત્ કળિયુગમાં કીર્તન-ભક્તિથી પરમપદની પ્રાપ્તિ થાય છે.* *(ભાગવત : ૧૨/૩/૫૧,૫૨)*

કીર્તનભક્તિ અંતર્ગત ભગવાનનાં કલ્યાણકારી નામોનું કીર્તન કરવાથી, ગાન કરવાથી અથવા તો તેમના નામનો જપ કરવાથી અનેક પ્રકારના લાભ થાય છે.

આપણા ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણે ‘સ્વામિનારાયણ’ મહામંત્ર આપણને સૌને આપ્યો. એ મહામંત્રનો મહિમા સમજાવતાં તેમણે જ ***વચ. પ્ર. ૫૬***માં કહ્યું છે : *“ગમે તેવો પાપી હોય ને અંત સમે જો તેને ‘સ્વામિનારાયણ’*

*એવા નામનું ઉચ્ચારણ થાય, તો તે સર્વ પાપ થકી છૂટીને બ્રહ્મમહોલને વિશે નિવાસ કરે.''*

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી આ 'સ્વામિનારાયણ' મહામંત્રનો મહિમા સમજાવતાં કહે છે :

◆ *''સ્વામિનારાયણ નામના મંત્ર જેવો બીજો કોઈ મંત્ર આજ બળિયો નથી, ને એ મંત્રે કાળા નાગનું પણ ઝેર ન ચડે, ને એ મંત્રે વિષય ઊડી જાય છે, બ્રહ્મરૂપ થાય છે ને કાળ, કર્મ, માયાનું બંધન છૂટી જાય છે, એવો બહુ બળિયો મંત્ર છે. માટે નિરંતર ભજન કરવું.''* *(સ્વા. વા. : ૧/૧૫૩)*

◆ *''હાલતાં-ચાલતાં સ્વામિનારાયણનું ભજન કર્યેથી પાપ બળી જાય.''* *(સ્વા. વા. : ૫/૨૩૩)*

જો આ રીતે કીર્તનભક્તિ કરવામાં આવે તો તેનાથી બાહ્ય વિષયોમાં ભટકતી ઇન્દ્રિયો, તેમજ જગતના વિચારો, વિષયના સંકલ્પો અને કામાદિક વિકારોમાં અટવાતું અંતઃકરણ પાછું વળે, શાંત થાય, સ્થિર થાય, એકાગ્ર થાય. ઇન્દ્રિયો, અંતઃકરણની અશુદ્ધિ દૂર થાય. આસક્તિ નાશ પામે. પછી ભગવાનના સ્વરૂપમાં તન્મય થવાથી ભગવાનના દિવ્યસુખનો અનુભવ થાય.

## ૪.૨.૮ સ્મરણભક્તિ

કોઈ પણ પ્રકારે ભગવાનની સાથે મનના સંબંધને સ્મૃતિ-સ્મરણભક્તિ કહેવામાં આવે છે.

ભગવાન સ્વામિનારાયણ સ્મરણભક્તિ વિશે 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે, *''શ્રીહરિનાં અંગો તથા ઉપાંગો જે મુરલી, આયુધ વગેરે સહિત સમગ્ર મૂર્તિને હૃદયમાં વારે વારે ચિંતવવી તથા તેમનાં એક એક અંગનું પૃથક્ પૃથક્ ધ્યાન કરવું તથા તેમના નામનું પ્રેમથી ચિંતવન કરવું, તેને સ્મરણભક્તિ કહેવાય છે. ભગવાનનાં ગુણ તથા ઐશ્વર્ય સંભારવાં તથા તેમનાં દિવ્ય ધામોનું ઐશ્વર્ય વગેરે ચિંતવવું તથા મનથી મંત્રજાપ કરવો વગેરે સ્મરણભક્તિ કહેવાય છે.''* *(પૂર : ૧, તરંગ : ૬૫)*

### ● સ્મરણભક્તિના પ્રકારો

સ્મરણભક્તિમાં નીચે જણાવેલ પાંચ બાબતોનો સમાવેશ થાય છે :

૧. અંતરમાં ભગવાનનું નામસ્મરણ.

૨. ભગવાનનાં લીલાચરિત્રોની સ્મૃતિ.

૩. ભગવાનના અસાધારણ ગુણોનું સ્મરણ અને અનુસંધાન.

૪. ભગવાનના સ્વરૂપનું ધ્યાન.

૫. ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ.

ઉપરોક્ત પાંચેય પ્રકારે સ્મરણભક્તિ કરવામાં આવે, તો ભગવાનને વિશે પરાભક્તિ દૃઢ થાય છે, અંતર શુદ્ધ થાય છે, અખંડ ભગવાનના સાંનિધ્યનો તથા એમના અનંત, અપાર અને દિવ્યસુખનો અનુભવ થાય છે.

## ૪.૨.૯ સેવાભક્તિ

સેવાભક્તિ એટલે ભગવાન સ્વામિનારાયણ, ગુણાતીત સંત અને એમના સંબંધવાળા સર્વે સંતો, ભક્તોની સેવા કરવી.

### ● સેવાભક્તિથી લાભ

આત્યંતિક મુક્તિની સાધનામાં ભગવાન અને સંતની સેવા અનેક રીતે ઉપયોગી થઈ પડે છે. જેમ કે,

- ➤ *રાજીપો મળે.* *(વચ. મ. ૨૮)*
- ➤ *પાપનો નાશ થાય.* *(વચ. પ્ર. ૮, ૫૫)*
- ➤ *સ્વભાવ, વાસના ટળે.* *(વચ. મ. ૭, ૨૫)*
- ➤ *જીવ બળવાન થાય.* *(વચ. મ. ૬૩)*
- ➤ *ઉપશમ દશા આવે.* *(વચ. અમ. ૩)*
- ➤ *મોક્ષ થાય.* *(વચ. મ. ૨૮, ૪૦)*
- ➤ *ભગવાનમાં આસક્તિ વધે.* *(વચ. મ. ૨૯)*

### ● સેવાની મહત્તા અને આવશ્યકતા

શ્રીજીમહારાજ સેવાનો મહિમા સમજાવતા 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે :

◆ *"ભરતખંડમાં મનુષ્ય તન પામી હરિ-સેવામાં ક્યારેય યોગ ન આવ્યો, તો બ્રહ્માંડ જેટલું કનક મળે તોપણ છૂટી પડ્યું છે. બીજી સેવામાં ચિત્ત નહિ દઈને જેણે હરિની સેવા કરી છે, તે પળે પળે બ્રહ્માંડ જેટલું સોનું કમાયો છે. હરિની સેવાથી તેનું માયિક તન દિવ્ય થઈ જાય છે."* *(પૂર : ૯, તરંગ : ૨૯)*

◆ *''સત્સંગની સેવા તે ધ્યાન અને તપ કરતાં અધિક છે. કોટિ વરસનાં તપ અને ધ્યાનથી જે ફળ થાય, તે એક દિવસની સત્સંગ-સેવામાં સમાઈ જાય છે.''*

*(પૂર : ૧૧, તરંગ : ૫૨)*

◆ *''સેવા સમાન કોઈ કસોટી નથી. સેવા બધાંય સાધનોનું મૂળ છે.''*

*(પૂર : ૧૧, તરંગ : ૫૭)*

◆ *''સમાધિ, ધ્યાન, ધારણા, જપ, તપ, તીર્થ, દાન, પુણ્ય અને આત્મનિષ્ઠા એ બધાંય સાધનોનું ફળ સેવા છે. સેવા વિનાનાં સાધન તે ફળ વિનાનાં વૃક્ષ જેવાં છે.''* *(પૂર : ૧૧, તરંગ : ૬૦)*

◆ *''દુઃખી સંતની સેવા કરે તે ધ્યાનમાં મૂર્તિનો સાક્ષાત્કાર કરે તેના કરતાં પણ અધિક છે.''* *(પૂર : ૧૩, તરંગ : ૧૫)*

આમ, અન્ય સાધનો કરતાં સેવાનું વિશેષ મહત્ત્વ છે. વસ્તુતઃ સેવા એક વિશિષ્ટ પ્રકારની સાધના છે. સામાન્યતઃ એકાંતમાં ધ્યાન, જપ, તપ, શાસ્ત્રપઠન વગેરેની સાધના થતી હોય છે, પરંતુ એમાં પ્રાયઃ સ્વભાવને ઘસારો આવતો જ નથી. કોઈની સાથે કોઈ પ્રકારનું ઘર્ષણ થવાનો પ્રસંગ જ ઊભો થતો નથી. આવા સંજોગોમાં સાધકને પોતાને ખ્યાલ જ આવતો નથી કે પોતાનામાં અહં-મમત્વ, રાગ-દ્વેષ, માન, ક્રોધ, ઈર્ષ્યા, અસૂયા, મત્સર આદિક સ્વભાવો પડેલા છે. જ્યાં સુધી સ્વભાવોનું દર્શન ન થાય ત્યાં સુધી તે દબાયેલા રહે, પણ તેને ટાળવાનો વિચાર જ ન આવે અને તે માટે પ્રયત્ન પણ ન થાય. તેથી પોતાના સ્વભાવોનું દર્શન થાય, યોગ્ય નિદાન થાય ને પછી તે ટાળવાનો પ્રયત્ન થાય તે માટે સેવા કે પ્રવૃત્તિ એ એક અદ્‌ભુત આયોજનપૂર્વકની સાધના પદ્ધતિ છે.

શ્રીજીમહારાજનો સાધના વિષયક આ ઉત્કૃષ્ટ મત હતો, એટલે જ તેમણે પોતે સેવા-પ્રવૃતિ કરી છે અને પરમહંસો પાસે પણ સેવા-પ્રવૃત્તિ કરાવી છે. તેમણે સદાવ્રતો ચલાવવાની, વાવ-તળાવ ખોદાવવાની સામાજિક પ્રવૃત્તિઓ તથા સમૈયા-ઉત્સવો કે મંદિરોની પ્રવૃત્તિમાં ગૃહસ્થો હરિભક્તોને તો જોડ્યા છે, પરંતુ પરમહંસોને પણ જોડ્યા છે. સખત અને સતત સેવા-પ્રવૃત્તિમાં સૌને વ્યસ્ત રાખ્યા છે. સેવાનો મહિમા અને સેવા કરવાની સાચી રીત પણ સમજાવી છે. શ્રીજીમહારાજની રુચિ સમજીને સૌ પરમહંસો અને હરિભક્તો પોતાનું મન-ગમતું મૂકીને દિલથી ઉત્સાહપૂર્વક અનેક વિધ સેવા-પ્રવૃત્તિમાં જોડાયા પણ છે.

શ્રીજીમહારાજના હૃદયગત અભિપ્રાયને સમજનારા અક્ષરબ્રહ્મ ગુણા-તીતાનંદ સ્વામી જીવનભર મંદિરની, સત્સંગની અનેકવિધ પ્રવૃત્તિ-સેવામાં

જોડાયા છે અને તેમણે બીજાને પણ સેવામાં જોડ્યા છે. શ્રીજીમહારાજ અને ગુણાતીતાનંદ સ્વામીના પગલે પગલે ચાલીને બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ પણ જીવનમાં અંતિમ શ્વાસ સુધી સેવામાં વ્યસ્ત રહ્યા છે. પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામીએ પણ બાળપણથી માંડીને આજ સુધી સતત અને સખત અનેકવિધ સેવા-પ્રવૃત્તિ કરી છે અને બીજા પાસે પણ કરાવી છે. શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓનો સાધના-વિષયક આ જ ઉચ્ચતમ આદર્શ અને અભિપ્રાય છે. એમણે આ જ કર્યું છે અને પોતાના આશ્રિતો પાસે પણ આ જ કરાવ્યું છે.

સેવાની આ ભીડાભક્તિમાં જ સાચું ઘડતર અને ચણતર થાય છે. આ ભીડામાંથી છટકવાની વૃત્તિ હશે તો યથાર્થ ઘડતર પણ નહિ થાય, સ્વભાવો પણ નહિ ટળે અને ભગવાનનો કે ગુણાતીત સંતનો સાચો રાજીપો પણ નહિ મળે. જગત સંબંધી પ્રવૃત્તિ બંધનનું કારણ છે, જ્યારે ભગવાન સંબંધી પ્રવૃત્તિ તો મુક્તિનું કારણ છે. તેથી આ પ્રવૃત્તિ કર્યા વગર છૂટકો જ નથી.

સેવા-પ્રવૃત્તિની અનિવાર્યતા સમજાવતાં પ્રમુખસ્વામી મહારાજ કહે છે :

◆ *''મહારાજે ઉપાસનામાં રહેવા સારુ ત્યાગનો પક્ષ મોળો પાડીને પણ મંદિરો કરાવ્યાં છે. જો મહારાજને આ પ્રવૃત્તિ ન કરાવવી હોત, તો બધાને પાછી વૃત્તિ વાળીને ધ્યાનમાં બેસવાની જ વાત કરી હોત. પ્રવૃત્તિમાં શા માટે જોડ્યા ? શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજે આ જ કર્યું છે. કોઈ ધ્યાનમાં ઊંડા ઊતરીને બેસી નથી રહ્યા. કેવળ ધ્યાનમાં તો આળસ અને દેહાભિમાન જ વધશે. ધ્યાન કરવું, આત્મવિચાર કરવો એ બધું જરૂરી છે, એની ના નથી, પરંતુ મુખ્ય વાત તો સત્પુરુષની આજ્ઞા પ્રમાણે આ સેવા છે. એ કરશો તો સુખ આવશે, સમાસ થશે અને બ્રહ્મરૂપ થવાશે. એમની આજ્ઞાથી જેમાં જોડાઈએ એ બ્રહ્મરૂપ થવાનું સાધન છે. ભગતજી મહારાજ તો ગુણાતીતાનંદ સ્વામી પાસે જ્ઞાન શીખવા જ આવેલા. એમને પણ ગુણાતીતાનંદ સ્વામીએ કારખાનામાં નાખ્યા. સેવા કરાવી. પથ્થર ઊંચકાવ્યા. શાસ્ત્રીજી મહારાજ પણ સૌને મંદિરના કારખાનામાં, સેવામાં જોડતા. યોગીજી મહારાજ તો યુવાનો પાસે પણ ખેતરમાં કાંકરા વિણાવતા, સંડાસ-બાથરૂમ ધોવરાવતા. માટે મોટામાં મોટી વાત એ છે કે સત્પુરુષની આજ્ઞા. એમની આજ્ઞામાં બધું જ આવી ગયું.''*

◆ *''સ્થિતિ કરવાની છે, એની ના નથી, પરંતુ મનધારી સ્થિતિ નહિ થાય; સત્પુરુષની આજ્ઞા પ્રમાણે સેવા કરશો તો સ્થિતિ થશે, બ્રહ્મરૂપ થવાશે. સત્પુરુષ*

*અને એમની આજ્ઞા ગૌણ ન થવાં જોઈએ, કારણ કે એમની દૃષ્ટિ વગર બ્રાહ્મી-સ્થિતિ નહિ થાય. માટે સત્પુરુષની આજ્ઞા મુખ્ય રાખવી. એમની આજ્ઞા ગૌણ કરીને મનધારી બીજી કોઈ સાધના કરવાની જરૂર નથી.''*

◆ *''જો આ પ્રવૃત્તિમાં નહિ ભળો અને પોતાની મેળે, પોતાની માની લીધેલી અલૌકિક સ્થિતિમાંથી બહાર નહિ નીકળો, તો અંધારામાં અટવાઈ જશો, કંઈ ગોટાળા વાળશો. આ માયાના અંધકારમાંથી બહાર નીકળવા માટે જ આ પ્રવૃત્તિ છે. હકીકતમાં તો આ પ્રવૃત્તિ કહેવાય જ નહિ. આ જગત સંબંધી પ્રવૃત્તિ નથી, આ તો ભગવાનને રાજી કરવાની પ્રવૃત્તિ છે. તેથી આ પ્રવૃત્તિ પણ નિવૃત્તિ જ છે. આ તો ભગવાન અને સંતની તથા એમના સંબંધવાળા સંતો-ભક્તોની સેવા છે. આ સેવા આપણા માટે ખૂબ અગત્યની વસ્તુ છે. એનાથી જ ભગવાન અને સંત રાજી થશે અને તેઓ રાજી થશે તો જ આપણે જે મોક્ષનું કાર્ય સિદ્ધ કરવા આવ્યા છીએ તે સિદ્ધ થશે.''*

આ પ્રમાણે આધ્યાત્મિક સાધનામાં અત્યંત આવશ્યક એવી સેવા બહુ મોટાં પુણ્યવાળાને મળે છે, પણ થોડાં પુણ્યવાળાને મળતી નથી, એમ શ્રીજી-મહારાજ ***વચ. મ. ૫૯***માં કહે છે.

## ● સેવા કરવાની કળા

સેવા કરવી એ એક પ્રકારની કળા છે. જો તે યથાર્થ રીતે કરવામાં આવે તો અગાઉ જણાવ્યા પ્રમાણેના લાભ જરૂર થાય છે. તેથી સેવા કરવાની સાચી રીત શીખવી જરૂરી છે. સેવા કેવી રીતે કરવી જોઈએ એ વિશે શ્રીજીમહારાજે અને ગુણાતીત ગુરુઓએ પોતાનાં જીવન અને ઉપદેશ દ્વારા જે કાંઈ માર્ગદર્શન આપ્યું છે, તેના સારરૂપે કેટલાક મુખ્ય મુદ્દાઓ જોઈએ :

➤ *શ્રીજીમહારાજ, ગુણાતીત ગુરુઓનું યથાર્થ સ્વરૂપ સમજીને, તેમને વિશે દિવ્યભાવની દૃઢતા કરીને, તેમજ તેમનો યથાર્થ મહિમા સમજીને સેવા કરવી.*

➤ *તેમના સંબંધવાળા સંતો, ભક્તોનો મહિમા સમજીને, તેમના સદ્‌ગુણો વિચારીને તેમની સેવા કરવી.*

➤ *'મને આ સેવા મળી છે તે મારાં અતિશય મોટાં ભાગ્ય છે' એમ સેવાનો મહિમા સમજીને સેવા કરવી જોઈએ.*

➤ *પોતાનું મનધાર્યું કે મનગમતું મૂકીને મહારાજ અને પ્રગટ ગુરુહરિ*

*પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા, રુચિ, અનુવૃત્તિ સમજીને સેવા કરવી.*

- *મહારાજ, પ્રગટ ગુરુહરિ અને સંસ્થાને સંપૂર્ણ સમર્પિત થઈને એમના માટે કુરબાન-ફના થઈ જવાની ભાવનાથી, એમને સંપૂર્ણ વફાદાર રહીને સેવા કરવી.*
- *એમની આજ્ઞાથી જે કંઈ સેવા કરવાની થાય, તે સેવા કોઈ પણ પ્રકારની લૌકિક કામના માટે, માન-મોટપ માટે, કોઈ વખાણે તે સારુ નહિ, લોક રીઝવવા માટે નહિ; પરંતુ કેવળ પોતાના કલ્યાણ માટે જ તેમ જ કેવળ મહારાજ, સ્વામી અને પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજને રાજી કરવા માટે જ કરવી. સેવા પહેલાં, સેવા દરમ્યાન અને સેવા પછી પણ એવું અનુસંધાન રાખવું કે આ સેવાથી તેઓ...*
  *રાજી તો થશે ને ?*
  *રાજી તો થાય છે ને ?*
  *રાજી તો થયા છે ને ?*
- *'સંસ્થા અને સ્વામી મારા માટે શું કરે છે કે શું કરશે ?' તેવો વિચાર નહિ, પણ 'હું એમના માટે શું કરું છું અને શું કરીશ ?' એ વિચાર સાથે સેવા કરવી.*
- *સેવા કરતી વખતે ક્યારેય કોઈનોય વાદ ન લેવો કે તે નથી કરતો તો હું શા માટે કરું ? એવી જ રીતે કોઈનોય અભાવ પણ ન લેવો કે એ કેમ સેવા નથી કરતો ? બીજા કરે કે ન કરે, પણ મારે તો મારા કલ્યાણ માટે અને ગુરુને રાજી કરવા માટે સેવા કરવી જ છે. બીજા ન કરતા હોય તો તે કરીને આવ્યા છે એમ માનીએ, તો તેમનો વાદ પણ ન લેવાય અને તેમનો અભાવ પણ ન આવે.*
- *શ્રીજીમહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ સર્વત્ર છે, સર્વમાં છે, મારા હૃદયમાં છે. તેઓ સર્વજ્ઞ છે. તેથી હું જે કંઈ કરું છું તે બધું જ તેઓ જુએ છે અને જાણે છે, એવા વિચાર સાથે સેવા કરવી.*
- *શ્રીજીમહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ જ સર્વકર્તાહર્તા છે, તેઓ જ કરે છે, મારાથી તો કંઈ જ થઈ શકે તેમ નથી; એમ અહંભાવ ટાળીને પોતાનું અસ્તિત્વ ભૂલીને મારા દ્વારા તેઓ જ કરે છે, એમ તેમના સર્વ-કર્તૃત્વનું અનુસંધાન રાખીને સેવા કરવી.*
- *મહારાજ અને પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજની સ્મૃતિ સહિત*

*ભજન કરતાં કરતાં સેવા કરવી.*

- *માન-અપમાન, પ્રશંસા-ટીકા, સુખ-દુઃખ, સગવડ-અગવડ, સફળતા-નિષ્ફળતા જેવાં દ્વંદ્વોમાં સ્થિરતા અને સમતા રાખીને સેવા કરવી.*
- *અહં-મમત્વ, રાગ-દ્વેષ, માન, ક્રોધ, ઈર્ષ્યા, અસૂયા, મત્સર વગેરે સ્વભાવો મૂકીને સેવા કરવી. સેવા કરતી વખતે આ વિકારો ન ભળે તેનું ધ્યાન રાખીને, જાણપણું રાખીને સેવા કરવી.*
- *પોતાનું સ્વરૂપ ત્રણ દેહ, ત્રણ ગુણ અને કામક્રોધાદિક વિકારોથી જુદું સમજીને, પોતાને બ્રહ્મરૂપ માનીને સેવા કરવી.*
- *નિરાશ કે ઉદાસ થયા વગર, સેવાને વેઠ માન્યા વગર, સેવામાં કંટાળો લાવ્યા વગર, ટેન્શન કે ચિંતા રાખ્યા વગર, આનંદ અને ઉત્સાહથી સેવા કરવી.*
- *પરસ્પર સંપ, સુહૃદભાવ, એકતા રાખીને, એકબીજાનો મહિમા સમજીને, એકબીજાના સ્વભાવો સહન કરીને, એકબીજાને સમજીને, અનુકૂળ થઈને અને મદદરૂપ થઈને; દાસભાવે, સેવકભાવે તથા નમ્રભાવે સેવા કરવી.*
- *પોતપોતાના નિયમ-ધર્મમાં રહીને સેવા કરવી. સેવા દરમ્યાન પોતાના નિયમ-ધર્મનો લોપ ન થાય, તેનું ખાસ જાણપણું રાખીને સેવા કરવી.*
- *સેવાની ગુણવત્તામાં સતત સુધારો અને વધારો થતો રહે તે માટે પ્રાર્થનાપૂર્વક અંતર્દૃષ્ટિ કરીને જાણપણું રાખીને પુરુષાર્થ કરવો.*

## ૪.૨.૧૦ અર્ચનભક્તિ

પ્રત્યક્ષ ભગવાન કે તેમની અષ્ટ પ્રકારની મૂર્તિ; અથવા તો જેમના દ્વારા તેમનું સમ્યક્ પ્રાગટ્ય છે, તેવા ગુણાતીત સત્પુરુષની મંત્ર, પુષ્પ, ગંધાદિક પ્રત્યક્ષ ઉપચારોથી કે માનસ ઉપચારોથી શ્રદ્ધાપૂર્વક પૂજા કરવી, તે અર્ચન-ભક્તિ છે.

### ● અર્ચનભક્તિના પ્રકારો

આ ભક્તિના મુખ્ય બે પ્રકાર છે :

(i) માનસી (આભ્યંતર) પૂજા

(ii) પ્રત્યક્ષ (બાહ્ય) પૂજા

હવે આપણે આ બન્ને પ્રકારની પૂજા વિષે ક્રમશઃ જોઈએ.

### (i) માનસી પૂજા

પ્રત્યક્ષ ભગવાન કે પ્રત્યક્ષ સંત, અથવા તો તેમની મૂર્તિઓને મનમાં ચિંતવેલાં દ્રવ્યો વડે પૂજા કરવી તે માનસી પૂજા છે. એવી જ રીતે મનોમયી (મનમાં ચિંતવેલ) મૂર્તિની મનમાં ચિંતવેલાં દ્રવ્યો વડે ઋતુ પ્રમાણે અને સમય પ્રમાણે વિવિધ પ્રકારે જે પૂજા કરવામાં આવે છે, તેને માનસી પૂજા કહેવામાં આવે છે. શ્રીજીમહારાજ ***વચ. અં. ૨૩***માં કહે છે : *"જે ભગવાનનો ભક્ત હોય તે નિત્યે ભગવાનની માનસી પૂજા કરે."*

ભક્તિનો આ આદર્શ દર્શાવીને પછી તેઓ આ જ વચનામૃતમાં ઉનાળો, શિયાળો અને ચોમાસું એ ત્રણ ઋતુ પ્રમાણે જુદી જુદી રીતે માનસી પૂજાનો વિધિ સમજાવે છે. ત્યાર પછી આ વચનામૃતને અંતે તેઓ કહે છે, *"એવી રીતે ત્રણે ઋતુમાં ભિન્ન ભિન્ન પૂજા કરે, તો તે ભક્તને ભગવાનને વિષે હેતની વૃદ્ધિ થાય છે, ને તેના જીવને બહુ સમાસ થાય છે. માટે જેણે આ વાત સાંભળી છે તે રાખજ્યો, ને નિત્યે આવી રીતે ભગવાનની માનસી પૂજા કરજ્યો."*

આપણા સંપ્રદાયમાં પાંચ સમયની માનસી પૂજા કરવાની પ્રણાલિકા છે. શ્રીજીમહારાજના વખતથી આજ સુધી ઘણા સંતો-હરિભક્તો નીચે જણાવેલી પાંચ સમયની માનસી પૂજા કરે છે.

૧. **પ્રાતઃ માનસી :** આ માનસી સવારે કરવામાં આવે છે. તેમાં ભગવાનને જગાડીને સ્નાન કરાવી, નવાં વસ્ત્રાલંકાર ધારણ કરાવીને ફૂલહાર પહેરાવી, ચંદનપુષ્પાદિકથી પૂજા કરીને પોતાને ભાવતાં ભાતભાતનાં ભોજન કે નાસ્તો જમાડી, આરતી-દંડવત્ વગેરે કરવામાં આવે છે.

૨. **રાજભોગ માનસી :** આ માનસી બપોરે કરવામાં આવે છે. તેમાં વિવિધ પ્રકારનાં ભોજન ભગવાનને ધરાવીને ત્યાર બાદ શયનખંડમાં આરામ કરાવવામાં આવે છે. ભગવાન પોઢે એ વખતે ભક્ત ભગવાનની પગચંપી કરે છે.

૩. **ઉત્થાન માનસી :** આ માનસી બપોર પછી ત્રણથી ચાર વાગ્યા દરમ્યાન કરવામાં આવે છે. તેમાં ભગવાનને જગાડીને સ્નાન કરાવી, વિવિધ પ્રકારનાં ફળો તથા સૂકામેવાના થાળ અને ઠંડાં પીણાં ધરાવવામાં આવે છે.

૪. **સંધ્યા માનસી :** આ માનસી સાંજે સંધ્યા આરતી બાદ કરવામાં આવે છે. તેમાં ભગવાનને સાંજનાં વિવિધ ભોજન ધરાવવામાં આવે છે.

૫. **શયન માનસી :** આ માનસી રાત્રે કરવામાં આવે છે. તેમાં ભગવાનને જળ ધરાવી સુગંધીમાન ઓરડામાં સુંદર પથારી ઉપર પધરાવી શયન કરાવવામાં આવે છે. ભગવાનના શયન વખતે ભક્ત ભગવાનની પગ-ચંપી કરે છે.

આ રીતે ભિન્ન ભિન્ન ઋતુ પ્રમાણે વિભિન્ન પ્રકારે પાંચ સમયની માનસી પૂજા કરી શકાય છે. પ્રત્યક્ષ પૂજા કરતાં માનસી પૂજા સર્વસુલભ છે. તે સર્વ-સુલભ એટલા માટે છે કે એમાં ભગવાન કે સંતનું, અથવા તો એમની મૂર્તિનું પ્રત્યક્ષ સાંનિધ્ય ન હોય તોપણ ચાલે. મનોમયી મૂર્તિ અર્થાત્ હૃદયમાં પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિને ધારીને એની માનસી પૂજા કરી શકાય છે. તેથી ભક્ત કોઈ પણ સ્થળે અને કોઈ પણ સમયે માનસી પૂજા કરી શકે છે.

વળી, માનસી પૂજામાં કોઈ પણ પ્રકારના બાહ્ય પદાર્થોની આવશ્યકતા રહેતી નથી. મનમાં ચિંતવેલ સારામાં સારી સુવિધા અને વસ્તુઓ કે પૂજા સામગ્રી દ્વારા પૂજા કરી શકાય છે. માનસી પૂજામાં સ્થળ, સમય, વર્ણ, આશ્રમ, વય, લિંગ કે પદાર્થનું કોઈ પ્રકારનું બંધન નથી રહેતું. તેથી કોઈ પણ વર્ણ, આશ્રમ કે જ્ઞાતિના કોઈ પણ ગરીબ કે તવંગર આબાલવૃદ્ધ, સ્ત્રી-પુરુષો આ પ્રકારની માનસી પૂજા કરી શકે છે. તેથી કોઈ પણ વ્યક્તિ માટે માનસી પૂજા સુલભ છે.

## (ii) પ્રત્યક્ષ પૂજા

પ્રત્યક્ષ ભગવાન અથવા પ્રત્યક્ષ ગુણાતીત સત્પુરુષની પૂજાનાં પ્રત્યક્ષ દ્રવ્યો વડે પૂજા કરવી તે પ્રત્યક્ષ પૂજા છે. તદુપરાંત અષ્ટપ્રકારની મૂર્તિઓની પણ પ્રત્યક્ષ પૂજાદ્રવ્યો દ્વારા થતી પૂજા પણ પ્રત્યક્ષ પૂજા છે.

મંદિરમાં સ્થાપિત મૂર્તિ અચલ મૂર્તિ કહેવાય છે, જ્યારે ઉત્સવ માટે એક સ્થાનેથી અન્યત્ર લઈ જઈ શકાય એવી પંચધાતુની કે અન્ય મૂર્તિ ચલ મૂર્તિ છે. પોતાની વ્યક્તિગત પૂજાની મૂર્તિઓ ચલ મૂર્તિઓ છે, જેમાં પૂજા વખતે ભગવાનનું આવાહન અને પછી વિસર્જન કરી શકાય છે.

મંદિરમાં કે પોતાના ઘરમાં બનાવેલી ઘરમંદિરમાં પધરાવેલી મૂર્તિઓને સમયાનુસાર વિધિવત્ અને ભક્તિભાવપૂર્વક પૂજા, આરતી, થાળ કરવાં જરૂરી છે.

ભગવાનના અનંત ઉપકાર આપણા ઉપર છે. તેના ઋણસ્વીકાર સાથે તેમનો ભક્તિભાવપૂર્વક આભાર માનવા માટે નિત્યપૂજા દરેક સત્સંગીએ કરવી જોઈએ. નિત્યપૂજા તો અનંત કોટિ બ્રહ્માંડના સર્વકર્તાહર્તા, નિયંતા જીવોના કર્મ-

ફળપ્રદાતા, મોક્ષના દાતા અને સુખમાત્રના નિધિ એવા પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ; અને તેઓ જેમના દ્વારા આ પૃથ્વી પર પ્રગટ રહ્યા છે, એવા ગુણાતીત ગુરુઓ સાથેની વ્યક્તિગત મુલાકાત છે. જીવનમાં અનેક પ્રકારના અનેક પ્રશ્નોના સમાધાન અને શાશ્વત શાંતિ માટે ભગવાન અને સંતમાં જોડાણ અનિવાર્ય છે. એમની સાથેના જોડાણમાં વધારો કરાવનાર આ વ્યક્તિગત નિત્ય-પૂજા છે. તેથી આબાલવૃદ્ધ બધાં જ સત્સંગી સ્ત્રી-પુરુષોએ તથા ત્યાગીઓએ દરરોજ નિત્યપૂજા કરવી જ જોઈએ, એમ મહારાજે શિક્ષાપત્રી (૪૯-૫૪)માં આદેશ આપીને પૂજા કરવાની રીત પણ સમજાવી છે.

પ્રત્યક્ષ પૂજા અને માનસી પૂજામાં મનના શુદ્ધભાવની વિશેષ જરૂરિયાત રહે છે. જો ભક્ત સાચા ભાવથી પ્રત્યક્ષ પૂજા કરે કે માનસી પૂજા કરે, તો તે બન્ને સમાન છે, એવું સમજાવતાં શ્રીજીમહારાજ ***વચ. સા. ૩***માં કહે છે : *"જો ભગવાનને વિષે પ્રેમે કરીને અતિ રોમાંચિત ગાત્ર થઈને તથા ગદ્‌ગદ કંઠ થઈને જો ભગવાનની પ્રત્યક્ષ પૂજા કરે છે, અથવા એવી રીતે જ ભગવાનની માનસી પૂજા કરે છે, તો એ બેય શ્રેષ્ઠ છે. અને પ્રેમે કરીને રોમાંચિત ગાત્ર અને ગદ્‌ગદ કંઠ થયા વિના કેવળ શુષ્ક મને કરીને પ્રત્યક્ષ ભગવાનની પૂજા કરે છે, તોય ન્યૂન છે અને માનસી પૂજા કરે છે, તોય ન્યૂન છે."*

## ૪.૨.૧૧ વંદનભક્તિ

ભગવાનનાં શ્રીચરણોમાં મહિમા, શ્રદ્ધા અને ભક્તિપૂર્વક અનન્ય ભાવથી પ્રણામ કરવા તે વંદનભક્તિ છે. શ્રીજીમહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં વંદનભક્તિ વિષે કહે છે, *"ભગવાનના ભક્ત પુરુષોએ ભગવાનને આઠ અંગે સહિત વંદન કરવું. તે આઠ અંગ – પગ, હાથ, ઢીંચણ, મસ્તક, છાતી, દૃષ્ટિ, મન અને વચન જાણવાં. તે અંગો ભૂમિને અડે તેમ નમાવીને વંદન કરવું. સ્ત્રીભક્તોએ પાંચ અંગથી નમસ્કાર કરવા. પાંચ અંગમાં હાથ, મસ્તક, મન, વચન અને દૃષ્ટિ એટલાં કહેવાય છે. ભગવાનની ચરણરજમાં આળોટવું તથા તેને માથે ધારવી તે પણ વંદનભક્તિ છે."* *(પૂર : ૧, તરંગ : ૬૭)*

આ પ્રકારે દંડવત્ પ્રણામ કે વંદન કરતી વખતે ભગવાને આપણા પોતાના પર કરેલા અનંત ઉપકારનો વિચાર અને સ્વીકાર કરવો જોઈએ. આ અનુસંધાન સાથે વંદન કરવાથી વિશેષ આનંદ અને અહોભાવ પ્રગટ થાય છે.

## ૪.૨.૧૨ દાસ્યભક્તિ

શ્રીજીમહારાજ દાસત્વભક્તિ વિષે 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે : *"માનમાત્રને તજીને ભગવાનના દાસ થઈને વર્તવું, અને સમયે સમયે સેવામાં હાજર રહેવું તેને દાસભક્તિ કહેવાય છે. ભગવાનને માટે જે કાંઈ જળ, પુષ્પ, તુલસી, ચંદન, ભોજન વગેરે જોઈએ, તે પોતે જાતે તૈયાર કરે અને ઋતુને અનુસારે વિનયપૂર્વક તે તે વસ્તુ અર્પણ કરવામાં તત્પર રહે, તે દાસભક્તિ કહેવાય છે. દાસભક્તિથી યુક્ત પુરુષ ગમે તેટલો મહાન હોય, તોપણ ભગવાનની નીચામાં નીચી કોઈ પણ ટહેલ કરવામાં તથા મંદિરમાં વાળવું, લીંપવું વગેરે ક્રિયામાં સહેજ પણ માન નહિ રાખતાં, પોતાનાં અહોભાગ્ય સમજે છે; તથા બીજા ભક્તોને પોતાથી અધિક માની તેમને નમતો રહે છે, તેમની સાથે કપટ રાખતો નથી."*

*(પૂર : ૧, તરંગ : ૬૭)*

### ● દાસભાવે ભક્તિ કરવાથી લાભ

દાસત્વભક્તિથી થતા લાભ વિશે ભગવાન સ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે :

- ➤ *દાસાનુદાસ થવાથી સહેજે પંચવિષયનો અભાવ રહે, વિકારમાત્ર નાશ પામે, પાકા હરિભક્ત થવાય અને ધર્માદિક શુભ ગુણની વૃદ્ધિ થાય છે.* *(વચ. પ્ર. ૫૮)*
- ➤ *કૃતાર્થ થવાય છે.* *(વચ. મ. ૬૨)*
- ➤ *ભગવાનની અતિશય પ્રસન્નતા પ્રાપ્ત થાય છે.* *(વચ. મ. ૨૫)*
- ➤ *એવો ભક્ત ભગવાનને ગમે છે.* *(વચ. અં. ૨૬)*

વળી, શ્રીજીમહારાજ દાસત્વના લાભ જણાવીને દાસની વિશેષતા સમજાવતાં 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે :

◆ *"ધ્યાન, ભજન, યોગાભ્યાસ, જપ, તપ, ત્યાગ, વૈરાગ્ય વગેરેનું ફળ એટલું જ છે જે, પોતાને ભગવાનના ભક્તના દાસનો દાસ માને. અમે એને જ શ્રેષ્ઠ માનીએ છીએ."* *(પૂર : ૩, તરંગ : ૫૬)*

◆ *"દાસના દાસ થઈને રહે તેને વિઘ્ન નડતાં નથી." (પૂર : ૫, તરંગ : ૫૩)*

◆ *"દાસના દાસ થઈને સત્સંગ કરે તેની જ ભક્તિ પ્રમાણભૂત છે."*

*(પૂર : ૧૫, તરંગ : ૫૭)*

◆ *"દાસભાવ ન રહે તો મેરુ સમાન ગુણ હોય તોપણ શોભતા નથી. અનંત*

*ધ્યાન-ધારણા કરતો હોય, ભૂત-ભવિષ્ય કહેતો હોય, અંતરનું જાણતો હોય, અનંત જીવોની નાડી જાણતો હોય, અનંત પરાક્રમ કરતો હોય, તોપણ જો દાસપણું ન હોય તો અંક વિનાના શૂન્ય જેવું છે... દાસના ઉરમાં શ્રીહરિ નિવાસ કરીને રહે છે.''*

*(પૂર : ૧૬, તરંગ : ૩૯)*

મહારાજ ભક્તચિંતામણિમાં કહે છે :

દાસના દાસ થઈને, વળી જે રહે સતસંગમાં;
ભક્તિ તેની ભલી માનીશ, રાચીશ તેના રંગમાં.

આ રીતે જીવનમાં દાસભાવ દૃઢ થાય તો આધ્યાત્મિક સાધના ઘણી સરળ અને સફળ બને છે. વસ્તુતઃ તો આધ્યાત્મિક સાધના કરવાનું માધ્યમ જ દાસપણું છે. દાસાનુદાસ થઈને જ સત્સંગની સર્વે પ્રવૃત્તિ-સેવા કરવાની છે. તેથી જ તો શ્રીજીમહારાજ કહે છે :

***અં. ૧૨*** *– ''જેને પોતાનું કલ્યાણ ઇચ્છવું તેને કોઈ પ્રકારનું માન રાખવું નહિ... અને ગરીબ સત્સંગી હોય તેના પણ દાસાનુદાસ થઈને રહેવું.''*

***મ. ૬૨*** *– ''હનુમાનજી તથા ઉદ્ધવની પેઠે દાસભાવે ભગવાનનું ભજન કરવું.''*

## ● દાસત્વભક્તિવાળાનાં લક્ષણો

ખરા દાસનાં લક્ષણો સમજાવતાં શ્રીજીમહારાજ કહે છે :

***પ્ર. ૧૪*** *– ''ભગવાનના દાસ હોય તેનાં તો એ લક્ષણ છે જે, દેહને મિથ્યા જાણે ને પોતાના આત્માને સત્ય જાણે અને પોતાના જે સ્વામી તેને ભોગવ્યાનાં જે પદાર્થ તેને પોતે ભોગવવાને અર્થે ઇચ્છે જ નહિ અને પોતાના સ્વામીનું ગમતું મૂકીને બીજું આચરણ કરે જ નહિ, એવો હોય તે હરિનો દાસ કહેવાય.''*

***મ. ૬૨*** *– ''જેને દાસભાવે કરીને ભક્તિનું અંગ છે તેને પણ પોતાના જે ઈષ્ટદેવ છે તેનું જ દર્શન ગમે, અને તેની જ વાર્તા સાંભળવી ગમે, ને પોતાના ઈષ્ટદેવનો જ સ્વભાવ ગમે, અને તેની જ પાસે રહેવું ગમે. એવો પ્રીતિવાન હોય તોપણ પોતાના ઈષ્ટદેવની સેવા સારુ ને રાજીપા સારુ રાત-દિવસ એમ ઇચ્છ્યા કરે જે, 'મને મારા ઈષ્ટદેવ કાંઈક આજ્ઞા કરે તો હું અતિશય હર્ષે કરીને કરું.' પછી પોતાના ઈષ્ટદેવ છે તે આજ્ઞા કરે તો છેટે જઈને રહે તોપણ રાજી થકો રહે, પણ કોઈ રીતે અંતઃકરણમાં ખેદ પામે નહિ, અને આજ્ઞાને વિષે જ પરમ આનંદ માને. એ દાસત્વભક્તિની ઉત્તમ દશા છે.''*

આવું દાસપણું ભગવાન અને સંતનો અતિશય મહિમા સમજવાથી આવે છે.
*(વચ. સા. ૧૭, લો. ૧૭, અં. ૨૮)*

## ૪.૨.૧૩ સખ્યભક્તિ

ભગવાનમાં અટલ વિશ્વાસ અને એમની સાથે મિત્ર જેવો વર્તાવ કરવો અર્થાત્ તેમને વિષે મિત્રભાવે પ્રેમ કરવો તે સખ્યભક્તિ છે.

ભગવાનમાં સખ્યભાવ થવો એ બધા ભક્તો માટે શક્ય નથી. તેથી સખ્ય-ભક્તિનો અધિકાર તો ભક્તના એ પ્રકારના અંગ તથા ભગવાન પોતાની ઇચ્છાનુસાર અમુક ભક્તો સાથે સખાભાવે વર્તે છે.

## ૪.૨.૧૪ આત્મનિવેદનરૂપ ભક્તિ

અહંકાર-રહિત થઈને દાસભાવે પોતાનાં તન, મન, ધન અને પરિવાર-જન સહિત પોતાનું તથા સર્વસ્વનું શ્રદ્ધા અને પ્રેમપૂર્વક ભગવાનને સમર્પણ કરવું એ જ આત્મનિવેદન-ભક્તિ છે.

શ્રીજીમહારાજ આત્મનિવેદન-ભક્તિ વિષે ‘શ્રીહરિચરિત્રામૃતસાગર’માં કહે છે, *“હવે આત્મનિવેદીની વાત કહું છું. ઈન્દ્રિયો-અંતઃકરણ ને સ્વભાવે યુક્ત જે પોતાનો દેહ, તેને ભગવાનને માટે જ પ્રેમથી કરી રાખવો. પણ માતા, પિતા, સુત, નારી વગેરે સંબંધીઓને આધીન રાખવો નહિ. એમ અતિશય આધીનપણે બધી જ ક્રિયાઓ કેવળ ભગવાનને માટે જ થાય, તેને આત્મસમર્પણ કહેવાય છે. ભગવાનના ભજનમાં વિઘ્ન કરે એવા કોઈ પણ સંબંધી કે પદાર્થ, તેનો તે તત્કાળ ત્યાગ કરી દે. દરેક ઈન્દ્રિયોથી ભગવાનનો જ સંબંધ રાખે. ખેતી, વેપાર વગેરે જે કાંઈ કરે, તે પણ ભગવાનનું જાણીને, ભગવાનનો થઈને જ કરે. કોઈ પણ પ્રિય વસ્તુ ભગવાનને અર્પણ કર્યા વિના પોતે ઉપયોગમાં લે નહિ. તપ, યજ્ઞ વગેરે જે કાંઈ સાધન કરે, તે પણ કેવળ ભગવાનની પ્રસન્નતા માટે જ કરે. એ બધાં આત્મ-નિવેદીનાં લક્ષણ છે.”* *(પૂર : ૧, તરંગ : ૬૭)*

સર્વસ્વનું અર્પણ કરવારૂપ આત્મનિવેદનરૂપ ભક્તિ કરનાર ભક્તની વિશેષતા અને તેને થતી પ્રાપ્તિ વિશે ભગવાન સ્વામિનારાયણ કહે છે :

- *ભગવાન તે ભક્તના બંધનમાં આવે, એને વશ થઈ જાય, એનાથી પળ-માત્ર છેટે ન રહે.* *(વચ. પ્ર. ૬૧)*
- *તે સર્વે હરિભક્તોમાં મોટેરો ભક્ત છે.* *(વચ. મ. ૬૧)*

➤ *ગૃહસ્થાશ્રમી હોય તોપણ ભગવાનના ધામમાં જાય, પરમ મોક્ષને પામે.* *(વચ. મ. ૬૨)*

ભગવાન અને ગુણાતીત સંતનો યથાર્થ માહાત્મ્યે સહિત નિશ્ચય હોય તો પોતાના મન સહિત સર્વસ્વનું સમર્પણ થઈ શકે, અર્થાત્ યથાર્થ આત્મ-નિવેદન-રૂપ ભક્તિ થઈ શકે.

અહીં સુધી આપણે ભક્તિનાં વિવિધ અંગોનું નિરૂપણ કર્યું. હવે આપણે ભક્તિ વિષયક કેટલાક વિશેષ મુદ્દાઓનો વિચાર કરીશું.

## ૪.૨.૧૫ ભક્તિ વિષયક વિશેષ વિભાવના

### ● કઈ ભક્તિ શ્રેષ્ઠ ?

ભક્તિના વિવિધ પ્રકારો વિષેનું આ બધું નિરૂપણ વાંચવા કે સાંભળવામાં આવે, ત્યારે કેટલીક વાર કોઈકને મૂંઝવણ થવાનો સંભવ છે કે ભક્તિમાં આટલું બધું કરવું પડે ? દરરોજ આ બધું કરવા બેસીએ તો બીજું કામ ક્યારે કરીએ ? આમાં તો નવરા પડાય એમ જ નથી, પરંતુ આવી મૂંઝવણ કરવાની જરૂરિયાત નથી. મૅડિકલ સ્ટોરમાં બધી દવા જોઈને કોઈક દરદી મૂંઝવણ અનુભવે કે મારે આ બધી જ દવા લેવાની ? શું એની આ મૂંઝવણ વાજબી છે ? આ અજ્ઞાન-મૂલક મૂંઝવણ કહેવાય. બધી દવા એને લેવાની નથી. એને જે રોગ થયો હોય તે રોગ જેનાથી મટે તેમ હોય એવી એક, બે કે બહુ બહુ તો ચાર-પાંચ પ્રકારની દવા લેવાની હોય છે અને એ પણ બધી જ દવા એકસાથે એક જ દિવસમાં લેવાની નથી હોતી. વળી, આમાં પણ દરદી પ્રમાણે, દરદીના જુદા જુદા રોગ પ્રમાણે દવા બદલાય છે.

આવી જ વાસ્તવિકતા આ ભક્તિમાર્ગમાં છે. વિવિધ પ્રકારની ભક્તિ વિષે જે કાંઈ લખ્યું છે તે બધું જ બધાએ એકસાથે કરવાનું નથી હોતું, પરંતુ આમાંથી જેને જેનાથી પોતાનો ભવરોગ ટળે તેમ હોય, જે અંગથી પોતાને વિશેષ સમાસ થતો હોય, તે અંગમાં રહીને ભક્ત ભક્તિ કરી શકે છે.

શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે :

***અં. ૧૪*** *– "નવધા ભક્તિમાંથી જેને જે ભક્તિએ કરીને ભગવાનમાં દૃઢ સ્નેહ થાય તે જ ભક્તિ તેને શ્રેષ્ઠ છે."*

***અં. ૧૫*** *– "એ નવધા ભક્તિમાંથી જે ભક્તિ કરતે થકે પોતાનું મન ભગવાનમાં ચોંટે અને ભગવાન વિના બીજો ઘાટ કરે નહિ, ત્યારે તે હરિભક્તને*

*એમ જાણવું જે, 'મારું તો એ જ અંગ છે.' પછી તે જાતની ભક્તિ એને પ્રધાન રાખવી, એ સિદ્ધાંત-વાર્તા છે.''*

શ્રીજીમહારાજનાં આ વચનોનું તાત્પર્ય એ છે કે ભક્તિના ઉપરોક્ત વિવિધ પ્રકારનાં અંગોમાંથી જેને જે અંગ થકી પોતાને વિશેષ લાભ થાય, મન સ્થિર અને ધીરે ધીરે નિર્વિષય અને નિર્વિકાર થાય; તેણે ભક્તિનું એ અંગ મુખ્ય રાખવું. બીજાં અંગોની જરૂરિયાત જ નથી, એવું અહીં સમજવાનું નથી. મુખ્ય અંગની સાથે બીજાં સહાયકારક અંગો ગૌણપણે હોય છે.

## ● ભક્તિમાં પતિવ્રતાની ટેક

ભક્તિમાર્ગમાં પોતાના ઇષ્ટદેવ કે ગુરુને વિશે પતિવ્રતાની ટેક રાખવી અત્યંત આવશ્યક છે. શ્રીજીમહારાજે ભક્તિમાર્ગમાં પતિવ્રતાની ટેક રાખવાની ઘણાં વચનામૃતોમાં સમજાવ્યું છે. અહીં આપણે ફક્ત બે સંદર્ભોથી પતિવ્રતાની ટેકથી ભક્તિ કરવાની વાત સમજીએ.

***મ. ૧૯*** *– ''ભગવાન વિના બીજા દેવની ઉપાસના ન કરવી અને જો બીજા દેવની ઉપાસના કરીએ તો તેમાં મોટો દોષ લાગે છે ને પતિવ્રતાપણું જાય છે ને વેશ્યાના જેવી ભક્તિ થાય છે. માટે ભગવાનને વિષે સીતા ને રુક્મિણીના જેવી ભક્તિ કરવી અને તે ભગવાનનું જ ધ્યાન કરવું અને તે વિના બીજા કોઈ દેવનું ધ્યાન ન કરવું.''*

***અં. ૧૬*** *– ''જેમ પતિવ્રતા સ્ત્રી હોય તેને પોતાનો પતિ કંગાલ હોય ને કુરૂપ હોય અથવા રોગી કે વૃદ્ધ હોય, તોપણ બીજા જે તાલેવર ને રૂપવાન ને યૌવનવાન પુરુષ તેને જોઈને લેશમાત્ર મનમાં ગુણ આવે નહિ. અને જે પતિવ્રતા હોય તે તો બીજા પુરુષ સામું ભાવે કરીને જુએ અથવા હસીને બોલે ત્યારે એનું પતિવ્રતાપણું નાશ પામે. અને તે પતિવ્રતાને ઘરે કોઈક પરૂણા આવ્યા હોય તેને અન્નજળ આપે તે તો પતિના સંબંધી જાણીને આપે; પણ પોતાના પતિના જેવી બીજા પુરુષમાત્ર સંગાથે લેશમાત્ર પ્રીતિ ન હોય અને પોતાના પતિના જેવો બીજા પુરુષનો ગુણ પણ ન આવે ને પોતાના પતિની મરજી પ્રમાણે જ વર્તે એવી રીતે પતિવ્રતા સ્ત્રીને પોતાના પતિ સંગાથ દૃઢ ટેક છે.*

*તેમ જ ભગવાનના ભક્તને પણ ભગવાન સંગાથે દૃઢ ટેક જોઈએ. અને જેવે રૂપે કરીને ભગવાનનું દર્શન પોતાને થયું છે ને તે સંગાથે જેને પતિવ્રતાના જેવી દૃઢ પ્રીતિ બંધાણી છે, તેને મોટા મોટા જે બીજા મુક્ત સાધુ તે સંગાથે પણ*

*પ્રીતિ થાય જ નહિ અને પોતાના ઈષ્ટદેવ જે ભગવાન તેના જે બીજા અવતાર હોય તે સંગાથે પણ પ્રીતિ થાય નહિ, કેવળ જે સ્વરૂપની પોતાને પ્રાપ્તિ થઈ હોય તેને સંગાથે જ પ્રીતિ રહે ને તેની મરજી પ્રમાણે જ વર્તે; અને બીજાને જે કાંઈક માને તે તો તેના જાણીને માને. એવી જેને પોતાના ઈષ્ટદેવ જે ભગવાન તેને વિષે પતિવ્રતાના જેવી દૃઢ ભક્તિ હોય ને તે ગમે તેવા બીજા ગુણવાનને દેખે પણ તેને વિષે હેત થાય જ નહિ... એવી રીતે જે ભગવાનના ભક્તની ટેક હોય તેની પતિવ્રતાના જેવી ભક્તિ કહેવાય અને જેનું અંગ એવું ન હોય તો તેની વ્યભિ-ચારિણીના જેવી ભક્તિ કહેવાય. માટે જાણી જોઈને પોતાનું નાક કપાય એવી ભક્તિ ન કરવી ને ભગવાનના ભક્તને તો સમજી-વિચારીને પતિવ્રતાના જેવી દૃઢ ભક્તિ કરવી.''*

ગુણાતીતાનંદ સ્વામી પણ પતિવ્રતાની ટેકથી દૃઢ ભક્તિ-ઉપાસના કરવાનું સમજાવતાં કહે છે :

◆ *''પતિવ્રતાની રીત રાખવી તો ઠેઠ અક્ષરધામમાં પુગાશે.''*

*(સ્વા. વા. : ૬/૭)*

◆ *''ઉપાસના ઉપર વાત કરી જે, સ્ત્રી હોય તેને ગામમાં જેટલા માણસ હોય તે બધા પતિ ન કહેવાય, પતિ તો એક જ હોય. તેમ આ બ્રહ્માંડમાં ભગવાન તો ઘણા કહેવાય છે. તેમાં ઉપાસના તો સ્વયં એક ભગવાન સ્વામિનારાયણની જ છે. ને બીજાને માનવા તે તો એની આજ્ઞા છે, તે દર્શન કરવાં પણ નિષ્ઠા તો એક સ્વામિનારાયણની જ રાખવી.''* *(સ્વા. વા. : ૧૧/૧૬૬)*

પતિવ્રતાની ટેકની દૃઢતા રાખવા વિષે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સમજાવે છે :

◆ *''નિશ્ચય હોય પણ ભગવાન કામ કરે નહિ એટલે બીજા પાસે જાય. નિશ્ચય તો રાખે પણ આટલું જે વ્યવહારનું કામ સત્પુરુષ ના કરે એટલે બીજે જાય. બીજા કાંઈ આપી દે તો એમનામાં બે આની હેત રાખે. તે નિશ્ચય ન કહેવાય. નિષ્ઠા હોય તો બીજા દેવની આસ્થા રાખે નહિ. ઘરમાં બીજા દેવની મૂર્તિ પધરાવીને કહે, 'સ્વામી ! મારું સારું કરજો.' પણ ક્યાંથી કરે ? મહારાજ સિવાય ક્યાંય દીવેટ ન પલળે. પુરુષોત્તમ નારાયણનો ચાંદલો થયો, બીજાની જરૂર રહેતી નથી. આમ સમજાય કે કડછો થૂલું આ અક્ષરપુરુષોત્તમ ભગવાનને ત્યાં જ છે. એવો મહિમા સમજાય તો ધખે, વઢે તોય પછી બીજે ન જવાય.''*

◆ *''સ્વરૂપનિષ્ઠા કામ કરે. મહારાજ પુરુષોત્તમ, સ્વામી અક્ષર અને આપણા*

*ગુરુ શાસ્ત્રીજી મહારાજ; એ વિના સાંધા એટલા વાંધા. એક શાસ્ત્રીજી મહારાજ એક જ આપણા ગુરુ. તે સિવાય બીજા ગમે તેટલા સદ્‌ગુરુ હોય તેને માથાના મુગટ માનવા, પણ શાસ્ત્રીજી મહારાજ આપણા ગુરુ છે.''*

ઉપરોક્ત સર્વે સંદર્ભોના સાર-રહસ્યરૂપે સમજવાનું એટલું જ છે કે આપણા ઈષ્ટદેવ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અર્થાત્ ભગવાન સ્વામિનારાયણ વિશે પતિવ્રતાની ટેક રાખવી. એમની જ એકાંતિકભાવે અને અનન્યરૂપે ભક્તિ-ઉપાસના કરવી*(વચ. અં. ૩૮)*, પરંતુ એમના સિવાય અન્ય કોઈ પણ અવતાર કે દેવ-દેવીઓની સ્વતંત્રપણે ભક્તિ-ઉપાસના કરી ન શકાય. એમને સૌને પુરુષોત્તમ નારાયણના શરીરભૂત માનીને, એ સૌમાં પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ સર્વાત્મારૂપે રહ્યા છે એમ માનીને તેમને નમસ્કાર કે તેમની પૂજા-અર્ચા કરી શકાય. પુરુષોત્તમ નારાયણથી સ્વતંત્રપણે અને તેમના વિના કેવળ અક્ષરબ્રહ્મ કે અક્ષરમુક્તોને વિશે પણ પ્રીતિ કે ભક્તિ જો ન થઈ શકે તો પછી અન્ય અવતારો કે દેવ-દેવીઓની સ્વતંત્રપણે ભક્તિ-ઉપાસના કેવી રીતે થઈ શકે ? આ પતિ-વ્રતાની સાચી રીત છે.

પતિવ્રતાની ટેકથી ભક્તિ-ઉપાસના કરવામાં અન્ય કોઈ અવતાર, દેવ કે દેવીની ઉપેક્ષા નથી કે તેમનો તિરસ્કાર નથી કે તેમનું ખંડન પણ નથી. આમ સમજવામાં તેમના અસ્તિત્વનો અસ્વીકાર પણ નથી. તે સર્વેના અસ્તિત્વનો સ્વીકાર છે, તેમના પ્રત્યે આદર છે, સર્વેને નમસ્કાર છે, તેમ છતાં પતિવ્રતાની ટેકથી ભક્તિ-ઉપાસના તો ફક્ત આપણા ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણ વિશે જ છે, અને એમનું જેમના દ્વારા સમ્યક્ પ્રગટપણું છે એવા ગુણાતીત સત્પુરુષ પ્રમુખસ્વામી મહારાજને વિશે છે.

## ● ભક્તિમાં માહાત્મ્યનું તત્ત્વ

અગાઉ નિરૂપેલ સર્વ પ્રકારની ભક્તિમાં ભગવાનના અસાધારણ માહા-ત્મ્યનું તત્ત્વ ઉમેરવાની અત્યંત આવશ્યકતા છે. ભક્તિમાં માહાત્મ્ય હોય તો શો લાભ થાય અને ન હોય તો શું નુકસાન થાય છે ? તેની સમજણ મહારાજે વચનામૃતોમાં આપી છે. જેમ કે,

***પ્ર. ૭૮** – ''પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ પુરુષોત્તમ ભગવાન તેનો મહિમા અતિશયપણે કરીને સમજે તો તેને ભગવાનની શ્રવણાદિક જે નવધા ભક્તિ તે અચળ રહે.''*

***સા. ૫** – ''માહાત્મ્ય વિનાની ભક્તિ હોય તે પણ પરિપક્વ થતી થતી*

*નાશ થઈ જાય છે. અને જેના હૃદામાં માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ હોય, તો બીજા કલ્યાણકારી ગુણ ન હોય તોપણ તેના હૃદામાં સર્વે આવે છે. અને જો માહાત્મ્યે સહિત ભક્તિ જેના હૃદામાં નથી, તો શમદમાદિક જે કલ્યાણકારી રૂડા ગુણ તે તેના હૃદામાં છે તોય પણ નહિ જેવા જ છે, કેમ જે, અંતે નાશ પામી જશે. માટે એક માહાત્મ્યે સહિત ભક્તિ હોય તો તેની વાસના પણ નિવૃત્ત થઈ જાય અને કલ્યાણકારી જે ગુણ તે સર્વે આવીને હૃદયને વિશે નિવાસ કરીને રહે. તે માટે માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ એ જ વાસના ટાળ્યાનું મહામોટું અચળ સાધન છે.''*

***અં. ૫*** *– ''એવી રીતે માહાત્મ્ય સહિત ભગવાનની ભક્તિ હોય તેમાં તો કોઈ જાતનું વિઘ્ન આવે નહિ અને માહાત્મ્ય જાણ્યા વિના પ્રાકૃતબુદ્ધિએ કરીને જો ભક્તિ કરે તો તેમાં વિઘ્ન આવે છે.''*

માટે ભક્તિને અચળ રાખવી હોય, ભક્તિમાં કોઈ પ્રકારનું વિઘ્ન આવવા ન દેવું હોય, તો ભક્તિમાં ભગવાનના અસાધારણ માહાત્મ્યનું તત્ત્વ ઉમેરવું જરૂરી છે. એટલે કે ભગવાનની ભક્તિ ભગવાનના અતિશય માહાત્મ્ય જ્ઞાને સહિત કરવાની છે.

## ● માહાત્મ્યે સહિત ભક્તિનો ઉપાય

ભગવાનના અતિશય માહાત્મ્યે સહિત અસાધારણ ભક્તિ કેવી રીતે ઉદય થાય તે સમજાવતાં શ્રીજીમહારાજ કહે છે :

***વર. ૩*** *– ''એવી રીતે ચાર પ્રકારના જે મોટાપુરુષ કહ્યા તેમાં જે વીજળીના અગ્નિ જેવા તથા સમુદ્રના અગ્નિ જેવા મોટાપુરુષ છે, તેમની સેવા જો પોત-પોતાના ધર્મમાં રહીને મન-કર્મ-વચને કરે તો તે જીવના હૃદયમાં માહાત્મ્ય સહિત ભક્તિ આવે છે.''*

***અં. ૫*** *– ''શુક-સનકાદિક જેવા જે મોટાપુરુષ તેની જે સેવા ને પ્રસંગ તેમાંથી માહાત્મ્યે સહવર્તમાન એવી જે ભક્તિ તે જીવના હૃદયમાં ઉદય થાય છે.''*

આમ, સાધકના હૃદયમાં માહાત્મ્યે સહિત ભક્તિનો ઉદય થાય તે માટે સત્પુરુષનો પ્રસંગ અનિવાર્ય છે. એમના સાંનિધ્યમાં રહેવાથી સહેજે જ સાચી ભક્તિનાં પૂર્વોક્ત વિભિન્ન અંગોને જીવનમાં યથાર્થ રીતે આત્મસાત્ કરવાની પ્રેરણા અને શક્તિ પ્રાપ્ત થાય છે. સત્પુરુષ થકી જ ભક્તિનું સંરક્ષણ, પોષણ અને સંવર્ધન થાય છે.

અહીં સુધી આપણે સ્વધર્મનિષ્ઠામાં એકાંતિક ધર્મ અંતર્ગત વિવિધ પ્રકારની ભક્તિનું નિરૂપણ કર્યું. હવે ભક્તિના સહાયક ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય વગેરે ગુણોનું નિરૂપણ કરીશું.

## ૪.3 ધર્મ

શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં ધર્મે રહિત નહિ પણ ધર્મે સહિત ભક્તિ કરવાનો આદેશ આપ્યો છે. જેમ કે,

◆ *धर्मेण रहिता कृष्णभक्तिः कार्या न सर्वथा।*

*ધર્મે રહિત ભગવાનની ભક્તિ કોઈ પ્રકારે ન કરવી.* *(શિક્ષાપત્રી : ૩૯)*

◆ *धर्मेण सहिता कृष्णभक्तिः कार्येति तद्रहः।*

*ધર્મે સહિત જ ભગવાનની ભક્તિ કરવી તે સર્વ સત્શાસ્ત્રનું રહસ્ય છે.*

*(શિક્ષાપત્રી : ૧૦૨)*

તેમણે ***વચ. મ. ૨૭***માં પણ કહ્યું : *"પોતપોતાના ધર્મમાં રહીને ભગવાનની ભક્તિ-ઉપાસના કરવી એ અમારો સિદ્ધાંત છે."*

## ૪.૩.૧ ધર્મનું તાત્પર્ય

ધર્મની વ્યાખ્યા કરતાં શ્રીજીમહારાજ શિક્ષાપત્રીમાં કહે છે :

◆ *धर्मो ज्ञेयः सदाचारः श्रुतिस्मृत्युपपादितः।*

*શ્રુતિ અને સ્મૃતિએ પ્રતિપાદિત કરેલ સદાચારને ધર્મ જાણવો.*

*(શિક્ષાપત્રી : ૧૦૩)*

શ્રુતિ અને સ્મૃતિ ગ્રંથોમાં વિધિ અને નિષેધરૂપ ધર્મો વિસ્તૃતપણે વર્ણવેલા છે. તેના સારરૂપે ત્યાગી અને ગૃહસ્થોના ધર્મો ભગવાન સ્વામિનારાયણે શિક્ષાપત્રી અને વચનામૃતમાં આપેલા છે. તે પ્રમાણે તથા શ્રીજીમહારાજ જેમના દ્વારા પ્રગટ છે, એવા પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના વિધિનિષેધાત્મક આદેશો પ્રમાણે મન-કર્મ-વચને પ્રેમ, ઉત્સાહ અને શ્રદ્ધાપૂર્વક વર્તવું એ જ સાચો ધર્મ છે.

## ૪.૩.૨ ધર્મની આવશ્યકતા

શ્રીજીમહારાજે પોતાનાં ઉપદેશવચનોમાં ધર્મની આવશ્યકતા સમજાવી છે. સાધનામાં ધર્મ પાળવાથી થતા લાભ અને ન પાળવાથી થતા નુકસાનની વાત કરીને ધર્મ પાળવાનો અત્યંત આગ્રહ રાખ્યો છે.

## ● ધર્મથી લાભ

પંચવર્તમાનરૂપ ધર્મ પાળવાથી ભક્તને થતા લાભ વિશે શ્રીજીમહારાજ કહે છે :

➤ *ભગવાન અને સંતની પ્રસન્નતા પ્રાપ્ત થાય.* *(વચ. પ્ર. ૨૫, ૭૮)*

➤ *પંચવિષય જિતાય, વાસના ટળે.* *(વચ. મ. ૧૬, અં. ૩૪)*

➤ *અનેક પ્રકારે રક્ષા થાય.* *(વચ. જેત. ૫)*

➤ *સુખ, શાંતિ, આનંદનો અનુભવ થાય.* *(વચ. પ્ર. ૩૪, અં.૮)*

➤ *સાચી મોટપ પ્રાપ્ત થાય.* *(વચ. પ્ર. ૩૧, મ. ૩૯)*

આ રીતે ધર્મપાલનથી સાધકને લૌકિક અને આધ્યાત્મિક દૃષ્ટિએ અનેક પ્રકારના લાભ છે. વિશેષે કરીને તો મનધાર્યા ધર્મપાલન કરતાં ભગવાનના માહાત્મ્ય, નિશ્ચય અને આશ્રયરૂપી સંબંધે કરીને તથા એમની આજ્ઞાએ કરીને નિયમધર્મનું પાલન કરવામાં આવે તો એનું અનંતગણું ફળ મળે છે.

## ● ધર્મ વગર ખોટ

સાધકના જીવનમાં ધર્મ ન હોય, તો સાધકને સાધના અને જીવનમાં શી ખોટ જાય છે તે મહારાજે સમજાવ્યું છે :

➤ *વિષયમાં લેવાઈ જવાય.* *(વચ. મ. ૩૫, અં. ૩૩)*

➤ *અંતઃકરણ ભ્રષ્ટ થાય.* *(વચ. પ્ર. ૮, ૧૮)*

➤ *આત્મનિષ્ઠા આદિક અન્ય ગુણોની સિદ્ધિ ન થાય.* *(વચ. પ્ર. ૧૯)*

➤ *દુઃખ, ક્લેશ, અશાંતિ રહે.* *(વચ. પ્ર. ૩૪, મ. ૫૧, અં. ૮)*

ધર્મ વગર સાધનામાં રહેતી ખોટ વિષે મહારાજ ‘શ્રીહરિચરિત્રામૃત-સાગર’માં કહે છે :

◆ *“ધર્મ વિના ભક્તિ, તીર્થ કે વ્રત વગેરે કરે તે ફળીભૂત થતું નથી.”*

*(પૂર : ૮, તરંગ : ૪૮)*

◆ *“ભગવાનનો આશ્રય કરે પણ ધર્મ-નિયમ ન રાખે, તો તે આશ્રય ભાંગેલા નાવ સમાન છે. ધર્મ-નિયમ વિનાની કોઈ વાત ફળીભૂત થતી નથી.”*

*(પૂર : ૨૨, તરંગ : ૮૭)*

◆ *ધર્મ વિનાની ભક્તિ તે વિધવા ભક્તિ છે. સૂકું વૃક્ષ ફળ આપે તો વિધવા ભક્તિથી ફળ થાય.* *(પૂર : ૨૨, તરંગ : ૧૫)*

## ૪.૩.૩ શ્રીજીમહારાજનો ધર્મ પાળવા માટે આગ્રહપૂર્વક આદેશ

સાધનામાં 'ધર્મ'ની અત્યંત આવશ્યકતા છે. તેથી જ તો શ્રીજીમહારાજે પોતાના આશ્રિતો ધર્મ પાળે એ માટે અત્યંત આગ્રહ રાખ્યો છે. પોતાનાં ઉપદેશ-વચનોમાં પણ ધર્મ પાળવાનો ઉપદેશ આગ્રહપૂર્વક આપ્યો છે :

***પ્ર. ૮*** *– "શાસ્ત્રમાં જે રીતે વિષયને ભોગવ્યાનું કહ્યું છે, તેવી રીતે નિયમમાં રહીને વિષયને ભોગવવા, પણ શાસ્ત્રની મર્યાદાને ઉલ્લંઘન કરીને ભોગવવા નહિ."*

***પ્ર. ૧૮*** *– "મારા મનમાં તો એમ થાય છે જે વાત ન કહું, પણ તમે અમારા છો માટે જાણીએ છીએ જે, કહીએ જ. અને આ વાત છે તેને સમજીને તે જ પ્રમાણે વર્તે તે જ મુક્ત થાય છે અને તે વિના તો ચાર વેદ, ષટ્ શાસ્ત્ર, અઢાર પુરાણ અને ભારતાદિક ઈતિહાસ તેને ભણવે કરીને તથા તેના અર્થને જાણવે કરીને અથવા તેને શ્રવણે કરીને પણ મુક્ત થાય નહિ."*

વહેલી સવારે ત્રણ વાગ્યે પરમહંસો અને સત્સંગીઓની એક વિશિષ્ટ સભા ગોઠવીને એમાં આવી પૂર્વભૂમિકા બાંધ્યા પછી મહારાજે નિયમમાં રહીને શુદ્ધપણે ઈન્દ્રિયોનો આહાર કરવાનો ઉપદેશ આપ્યો. ત્યાર પછી તેઓ આ વચનામૃતમાં કહે છે :

*"આ અમારું વચન છે તે ભલા થઈને સર્વે જરૂર રાખજો, તો જાણીએ તમે અમારી સર્વ સેવા કરી અને અમે પણ તમને સર્વને આશીર્વાદ દઈશું ને તમો ઉપર ઘણા પ્રસન્ન થઈશું, કાં જે, તમે અમારો દાખડો સુફળ કર્યો અને ભગવાનનું ધામ છે ત્યાં આપણ સર્વે ભેળા રહીશું. અને જો એમ નહિ રહો તો તમારે ને અમારે ઘણું છેટું થઈ જાશે અને ભૂતનું કે બ્રહ્મરાક્ષસનું દેહ આવશે ને હેરાન થાશો. અને જે કાંઈ ભગવાનની ભક્તિ કરી હશે તેનું ફળ તો રઝળતાં રઝળતાં કોઈક કાળે પ્રગટ થાશે, ત્યારે પણ અમે વાત કરી તે પ્રમાણે રહેશો ત્યાર પછી મુક્ત થઈને ભગવાનના ધામમાં જાશો."*

શ્રીજીમહારાજનાં આ વચનોમાં સૌને શુદ્ધપણે નિયમમાં વર્તાવવાનો કેટલો આગ્રહ છે તે જણાઈ આવે છે. વળી, તેઓ કહે છે :

***સા. ૯*** *– "ગમે તેવો આપત્કાળ પડે અથવા અમે આજ્ઞા કરીએ તોપણ તમારે પોતાના ધર્મમાંથી ચળવું નહિ... પોતાના ધર્મથી ચલાયમાન થઈને પરમેશ્વરની પૂજા કરવી એ ઠીક નહિ. માટે સર્વને પોતાના ધર્મમાં રહ્યા થકા જેટલી*

*પૂજા થાય તેટલી કરવી, એ અમારી આજ્ઞા છે તેને દૃઢ કરીને સર્વે રાખજ્યો.''*

***જેત. ૪*** *– ''મારી બાંધેલી જે ધર્મમર્યાદા તેને જ્યાં સુધી દેહની સ્મૃતિ રહે ત્યાં સુધી તમારે સર્વે પ્રકારે પાળવી.''*

વચનામૃતના ઉપરોક્ત સંદર્ભોમાં શ્રીજીમહારાજનો ધર્મપાલન કરાવવાનો હૃદ્‌ગત અભિપ્રાય સ્પષ્ટપણે સમજાય છે.

***મ. ૩૫***માં જીવાત્માના કલ્યાણ માટે ઉપાસના, આત્મનિષ્ઠા, ભગવાનનાં ચરિત્રો ઉપરાંત ત્યાગી-ગૃહસ્થના ધર્મ વિષયક વિશેષ વાત કરીને ધર્મપાલન માટે આગ્રહ કરતાં મહારાજ કહે છે, *''માટે આ વાર્તા તમારા કલ્યાણની છે તે મેં તમને હેતે કરીને કહી છે. તે સારુ તમો સર્વે હવે આવી જ રીતે સમજીને દૃઢપણે વર્તજો. જો તમે સર્વે આ અમે વાર્તા કરી એવી રીતે વર્તવાનો નિશ્ચય કર્યો હોય, તો એક એક આવીને મારે પગે અડીને સમ ખાઓ ને એવી પ્રતિજ્ઞા કરો જે, અમારે દૃઢપણે એમ જ વર્તવું છે.''*

પોતાના આશ્રિતોને નિયમબદ્ધ કરવાનો અને એમને શુદ્ધપણે વર્તવાનો મહારાજનો કેવો કરુણાસભર આગ્રહ છે !

## ૪.૩.૪ ધર્મ દૃઢ કરવાના ઉપાયો

નીચે જણાવેલા ઉપાયો પ્રમાણે પ્રામાણિક પુરુષાર્થ કરવાથી જીવનમાં નિયમ-ધર્મ દૃઢ થાય છે.

- *જીવનના અંતિમ ધ્યેયની દૃઢતા કરીને પછી 'મારે શ્રીજીમહારાજ અને પ્રમુખસ્વામી મહારાજને રાજી કરવા માટે કોઈ પણ સંજોગોમાં ને કોઈ પણ ભોગે મારા નિયમધર્મ પાળવા જ છે.' એવો પાકો નિર્ણય હોય, તો નિયમ-ધર્મ પાળવાનું અંતરમાં બળ રહ્યા કરે.*
- *નિયમ-ધર્મનું નિરૂપણ અને પોષણ કરનારા સદ્‌ગ્રંથોનું વાંચન, શ્રવણ, ચિંતન અને મનન અતિશય શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વક કરવું.* *(વચ. સા. ૧૩, લો. ૯)*
- *ભગવાન અને ગુણાતીત સંતનો માહાત્મ્યજ્ઞાને સહિત યથાર્થ નિશ્ચય હોય તો નિયમ-ધર્મ લોપાય જ નહિ.* *(વચ. લો. ૩, મ. ૧૩)*
- *શ્રીજીમહારાજ અને પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજમાં અતિશય હેત હોય તો તેમની મરજી અને આજ્ઞા વિરુદ્ધ વર્તન થાય જ નહિ.* *(વચ. કા. ૧૧, અં. ૨૯)*

- *સારાં-નરસાં કર્મોનાં સારાં-નરસાં ફળ જરૂર ભોગવવાં જ પડે છે. એવો આસ્તિકભાવ અંતરમાં દૃઢ હોય; અને ભૂંડાં કર્મોથી લોકમાં લાજ જશે એવી અંતરમાં બીક હોય, તો નિયમ-ધર્મમાં સહેજે જ રહેવાય. (વચ. અં. ૨૬)*
- *ઇન્દ્રિયો-અંતઃકરણ, કુસંગ, સગાં-સંબંધી તથા અન્યની મહોબ્બત અને અનેક પ્રકારનાં પ્રલોભન સામે ટકી રહેવા માટે શૂરવીરતા હોય તો નિયમ-ધર્મમાં ક્યારેય ભંગ ન થાય. (વચ. લો. ૨)*
- *નિયમ-ધર્મમાં ભંગ કરાવનાર કોઈ પણ પ્રકારના કુસંગથી દૂર રહેવાથી નિયમ-ધર્મની દૃઢતા ટકી શકે છે. (વચ. પ્ર. ૧૭, લો. ૬)*
- *કોઈ પણ કારણસર નિયમ-ધર્મમાં ભંગ ન થાય એ માટે સાવધાનપણે ખટકો અને જાણપણું રાખવું જોઈએ. (વચ. પ્ર. ૫૪; અં. ૯, ૨૪)*
- *કટોકટીના વિષમ દેશકાળાદિકમાં પણ જેણે જેણે નિયમ-ધર્મની દૃઢતા રાખી હોય એવા સંતો-ભક્તોના ઉત્કૃષ્ટ પ્રસંગોનું શ્રવણ, વાંચન અને મનન કરવાથી નિયમ-ધર્મ પાળવાની પ્રેરણા અને શક્તિ મળે.*
- *વિપરીત સંજોગોમાં પણ નિયમ-ધર્મમાં દૃઢતા રહે એવી શ્રીજીમહારાજ અને પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજને પ્રાર્થના કરવાથી નિયમ-ધર્મના પાલનની બુદ્ધિ, શક્તિ અને પ્રેરણા મળ્યા કરે.*

## ૪.૪ જ્ઞાન (આત્મનિષ્ઠા)

### ૪.૪.૧ જ્ઞાનનું તાત્પર્ય

જ્ઞાન એટલે તો જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ – આ પાંચ અનાદિ તત્ત્વોનું જ્ઞાન. આત્યંતિક મુક્તિની સાધનામાં આ પાંચેય તત્ત્વોના જ્ઞાનની આવશ્યક્તા છે. જોકે એકાંતિક ધર્મમાં આ સર્વે તત્ત્વોના જ્ઞાનનો અંતર્ભાવ તો થઈ જ જાય છે. તેમ છતાં મહારાજે એમાં જે 'જ્ઞાન'નો નિર્દેશ કરેલો છે. તેમાં મુખ્યત્વે આત્મનિષ્ઠારૂપ જ્ઞાનનું જ તાત્પર્ય છે.

શ્રીજીમહારાજ એકાંતિક ધર્મનું નિરૂપણ કરતી વખતે ઘણી વાર ધર્મ, આત્મનિષ્ઠા, વૈરાગ્ય અને માહાત્મ્યે સહિત ભક્તિનો નિર્દેશ કરે છે ***(વચ. પ્ર. ૧૯; મ. ૩૨; વર. ૩)*** તો ઘણાં વચનામૃતોમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યે સહિત ભક્તિનો ઉલ્લેખ કરે છે. ***(વચ. પ્ર. ૧૭; લો. ૬; મ. ૨૨; વર. ૩)*** એટલે કે શ્રીજીમહારાજ એકાંતિક ધર્મ અંતર્ગત ધર્મ, વૈરાગ્ય અને

માહાત્મ્યે સહિત ભક્તિ ઉપરાંત ચોથા અંગ તરીકે ક્યારેક 'જ્ઞાન' તો ક્યારેક 'આત્મનિષ્ઠા'નો ઉલ્લેખ કરે છે. વળી, તેઓ સત્સંગિજીવન ગ્રંથમાં એકાંતિક ધર્મના નિરૂપણ વખતે આત્મનિષ્ઠાને જ જ્ઞાન કહે છે.(**एषात्मनिष्ठा सुदृढा ज्ञानमित्युपवर्णितम्।**) તેથી શ્રીજીમહારાજના મતે અહીં એકાંતિક ધર્મમાં જ્ઞાન એટલે આત્મનિષ્ઠા છે એવું નિશ્ચિત થાય છે.

વળી, તેઓ ***વચ. લો. ૧૬***માં એકાંતિક ધર્મનાં આ ચાર અંગોની વાત કરતી વખતે સ્પષ્ટપણે કહે છે : *"આત્મનિષ્ઠારૂપ એવું જે જ્ઞાન."* તેથી એવું ફલિત થાય છે કે એકાંતિક ધર્મનાં ચાર અંગો(ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, અને માહાત્મ્યે સહિત ભક્તિ)માં જે જ્ઞાન છે તે આત્મનિષ્ઠારૂપ જ્ઞાનનો જ નિર્દેશ છે. ગુણાતીતાનંદ સ્વામી પણ આત્મનિષ્ઠારૂપ જ્ઞાનનો નિર્દેશ કરતાં કહે છે : *"કોટિ કલ્પે પણ જ્ઞાન કર્યા વિના છૂટકો નથી. તે શું જે, निजात्मानं ब्रह्मरूपम् એ શિક્ષાપત્રીના શ્લોકમાં કહ્યું છે એમ માનવું."* *(સ્વા. વા. : ૧/૧૫૭)*

તેથી અહીં આપણે આત્મનિષ્ઠારૂપ જ્ઞાનનું જ નિરૂપણ કરીશું.

## ● આત્મનિષ્ઠારૂપ જ્ઞાન-વિષયક સ્પષ્ટતા

આત્મનિષ્ઠારૂપ જ્ઞાનનો વિચાર કરતાં પહેલાં એ અંગેની એક સ્પષ્ટતા કરવી આવશ્યક લાગે છે. આત્મનિષ્ઠા માટે શાસ્ત્રોમાં અને વિશેષે કરીને તો આપણા સંપ્રદાયમાં 'આત્મારૂપ, આત્મસત્તારૂપ, અક્ષરરૂપ, બ્રહ્મરૂપ' વગેરે શબ્દો વપરાય છે. 'અક્ષરરૂપ' અને 'બ્રહ્મરૂપ' શબ્દો તો પર્યાયવાચી જ છે. બન્ને એક જ અર્થનો નિર્દેશ કરે છે, પરંતુ 'આત્મારૂપ' તથા 'બ્રહ્મરૂપ' એ મૂળ શબ્દોના તાત્પર્યાર્થ જુદા છે. 'આત્મારૂપ' એને કહેવાય કે જેમાં સાધકને તેના આત્માની સ્વાભાવિક ગુણરૂપ(અછેદ્ય, અભેદ્ય, અજર, અમર, જ્ઞાનરૂપ, સુખરૂપ, સત્તારૂપ) સંપત્તિ પ્રાપ્ત થઈ હોય, જેને શાસ્ત્રમાં કેવળ આત્મનિષ્ઠ કે કૈવલ્યાર્થી પણ કહેવામાં આવે છે. આ સ્થિતિમાં સાધક ફક્ત ત્રણ દેહ, ત્રણ ગુણ અને ત્રણ અવસ્થાથી પર એવા કેવળ આત્માનો અનુભવ કરે છે. આ 'આત્મારૂપ' શબ્દથી 'બ્રહ્મરૂપ' શબ્દનું તાત્પર્ય ભિન્ન છે. સાધક 'બ્રહ્મરૂપ'ની સ્થિતિમાં ઉપરોક્ત કેવળ આત્મનિષ્ઠ કે આત્મારૂપ કરતાં કાંઈક વિશેષ ગુણધર્મને પ્રાપ્ત કરતો હોય છે. 'બ્રહ્મભાવ' એ એક એવો આગંતુક વિશેષ ધર્મ છે, જે સાક્ષાત્ અક્ષરબ્રહ્મ કે તત્સ્વરૂપ સત્પુરુષના સમાગમથી મુમુક્ષુ પ્રાપ્ત કરે છે. આ રીતે 'આત્મારૂપ' અને 'બ્રહ્મરૂપ'ની સ્થિતિમાં ભેદ છે. તેમ છતાં મહારાજે વચનામૃતમાં પ્રાયઃ પૂર્વોક્ત

'આત્મારૂપ' શબ્દને જ પારિભાષિક રીતે વિશિષ્ટ અર્થમાં વાપર્યો છે ***(વચ. સા. ૧૨; મ. ૬૨, ૬૬; અં. ૩૬)*** એ પારિભાષિક અર્થાત્ શ્રીજીમહારાજે વિશેષ રીતે કહેલા 'આત્મારૂપ', 'આત્મસત્તારૂપ' કે 'આત્મનિષ્ઠ' વગેરે શબ્દો 'બ્રહ્મરૂપ' કે 'અક્ષરરૂપ' શબ્દોના પર્યાય બને છે.

અહીં વિશેષ સ્પષ્ટતા એ કરવાની કે શ્રીજીમહારાજ દ્વારા વિશિષ્ટ અર્થમાં પારિભાષિક રીતે પ્રયોજાયેલા 'આત્મારૂપ', 'આત્મસત્તારૂપ' કે 'આત્મનિષ્ઠ' વગેરે શબ્દો જ 'બ્રહ્મરૂપ' કે 'અક્ષરરૂપ' શબ્દોના પર્યાય બને છે, પરંતુ ઇતર શાસ્ત્રોમાં કે ઇતર સંપ્રદાયોમાં જે કેવળ આત્મનિષ્ઠ કે કૈવલ્યાર્થી મુમુક્ષુ માટે 'આત્મારૂપ' શબ્દ વપરાયેલો છે, તે 'બ્રહ્મરૂપ' શબ્દનો પર્યાય નથી. તેથી અહીં કહી શકાય કે ઇતર શાસ્ત્રોમાં કે ઇતર સંપ્રદાયોમાં કેવળ આત્મનિષ્ઠ વ્યક્તિ માટે વપરાયેલા 'આત્મારૂપ' શબ્દ કરતાં શ્રીજીમહારાજે વિશિષ્ટ અર્થમાં દર્શાવેલા 'આત્મારૂપ, આત્મસત્તારૂપ, આત્મનિષ્ઠ' વગેરે શબ્દો કાંઈક વિશેષ અર્થને સમાવતા હોઈ જુદા પડે છે. એ વિશેષ અર્થ એટલે –

૧. આત્માના સ્વાભાવિક મૂળ ધર્મો કરતાં પણ વધુ અને આગંતુક એવા બ્રહ્મભાવાત્મક ગુણની પ્રાપ્તિ.

૨. એવા બ્રહ્મરૂપ આત્મામાં પરમાત્માનો નિત્ય સંબંધ.

વચનામૃતના બે સંદર્ભો દ્વારા પારિભાષિક આત્મારૂપ સ્થિતિના આ વિશેષ ગુણો સમજીએ :

***સા. ૧૨*** – *"પરિપક્વ જ્ઞાની તેને તો આત્માનું જ અભિમાન દૃઢ રહે છે ને તે પોતાના આત્માને બ્રહ્મરૂપ માને છે અને તે બ્રહ્મને વિશે પરબ્રહ્મ જે પુરુષોત્તમ ભગવાન તે અખંડ વિરાજમાન છે અને તે ભગવાનના સ્વરૂપનો નિશ્ચય પણ એને અખંડ ને અખંડ રહે છે."*

***મ. ૬૨*** – *"પોતાના આત્માનું બ્રહ્મરૂપે દર્શન થાય છે ને તે બ્રહ્મને વિશે પરબ્રહ્મ જે નારાયણ તેનું પણ દર્શન થાય છે. અને તે દર્શનના કરનારાને એમ અનુભવ થાય છે જે, 'હું આત્મા છું અને મારે વિશે જે પરમાત્મા છે તે અખંડ રહ્યા છે.' અને એવી રીતની અખંડ સ્થિતિ રહે એ આત્મનિષ્ઠાની અતિ ઉત્તમ દશા છે.*

આ બંને સંદર્ભોમાં મહારાજ સ્પષ્ટપણે સમજાવે છે ત્રણ દેહાદિકથી ભિન્ન એવા આત્માનું બ્રહ્મરૂપે દર્શન થાય છે. એટલે કે આત્મા બ્રહ્મભાવ પ્રાપ્ત કરે છે. એવા બ્રહ્મરૂપ આત્મામાં પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણનો નિત્ય સંબંધ પણ રહે છે.

ફલતઃ કેવળ 'આત્મનિષ્ઠ', 'આત્મસત્તારૂપ' કે 'આત્મારૂપ' કરતાં

બ્રહ્મભૂત કે બ્રહ્મરૂપ ભક્તો જુદા તથા વિશેષ છે, પરંતુ મહારાજે પ્રાયઃ પારિભાષિક(સાંપ્રદાયિક) રીતે પ્રયોજેલા 'આત્મનિષ્ઠ, આત્મસત્તારૂપ, આત્મારૂપ' વગેરે શબ્દો 'બ્રહ્મરૂપ' કે 'અક્ષરરૂપ' શબ્દના પર્યાય બની શકે છે. તેથી એવું કહી શકાય કે શ્રીજીમહારાજે વચનામૃતમાં આત્મનિષ્ઠા માટે આત્મસત્તારૂપ, આત્મારૂપ, બ્રહ્મરૂપ, અક્ષરરૂપ કે ચૈતન્યરૂપ એવા પર્યાયવાચી શબ્દોનો પ્રયોગ પ્રાયઃ એક જ અર્થમાં કર્યો છે.

## ૪.૪.૨ આત્મનિષ્ઠા(બ્રહ્મરૂપપણાની સ્થિતિ)ની આવશ્યકતા

### ● આત્મનિષ્ઠાથી લાભ

અધ્યાત્મ-સાધનામાં આત્મનિષ્ઠાની અર્થાત્ આત્મારૂપ કે બ્રહ્મરૂપ થવાની અત્યંત આવશ્યકતા છે. જો આમાં આપણી દૃષ્ટિ પડે અને એમાં ઊંડા ઊતરીને એને આત્મસાત્ કરીએ તો જીવનમાં કે સત્સંગમાં કોઈ પ્રશ્ન જ ન રહે. પરસ્પર અહં-મમત્વ, રાગ-દ્વેષ, ઈર્ષ્યા-અસૂયા, ક્લેશ, સંઘર્ષ કે કુસંપ ન થાય. કોઈનોય અભાવ-અવગુણ ન આવે. કોઈ સાથે આંટી ન પડે. ભગવાન અને ગુણાતીત સંતમાં મનુષ્યભાવ ન આવે. આ બધું થવાનું મૂળ કારણ જ દેહભાવ છે. જો બ્રહ્મરૂપ થવાય તો દેહભાવમૂલક બધા જ સ્વભાવો અને તેને લીધે થતા બધા જ પ્રશ્નો એક ઝાટકે નીકળી જાય. પછી કોઈ હક્ક કે દાવો ન થાય. કોઈ પ્રત્યે અસંતોષ કે ફરિયાદ ન રહે. પોતાની જેમ બીજા પણ બ્રહ્મરૂપ મનાય. બધાની સાથે સંપ, સુહૃદભાવ અને એકતા જળવાઈ રહે. સમગ્ર સત્સંગમાં દિવ્યતા અને શાંતિનું વાતાવરણ જળવાઈ રહે.

આ સ્થિતિ થાય તો વિષયો પ્રત્યેની આસક્તિ કે વાસના આપમેળે ખરી જાય. પછી તેની પાછળનાં વલખાં મટી જાય. લૌકિક માન-મોટપ પાછળની ઝંખના અને દોટ ટળી જાય. પછી વિષય અને લૌકિક મોટપ માટે જ્યાં-ત્યાં ઘૂસી ન જવાય. જ્યાં-ત્યાં ફંટાઈ ન જવાય. વિષયો, માન-મોટપ, અંતઃશત્રુઓ કે કુસંગ આવા ભક્તને પરાભવ ન પમાડી શકે. ઇન્દ્રિયો-અંતઃકરણ એને દબાવી ન શકે. પોતે જ કાયાનગરીના પ્રભાવશાળી શાસક તરીકે વર્તે. એ ઇન્દ્રિયો-અંતઃકરણનો દોર્યો ન દોરાય, પરંતુ એ સર્વેને ભગવાન અને સંતની મરજી પ્રમાણે વર્તાવે. ભગવાન સિવાય બીજા કશાની ઇચ્છા જ ન રહે. એકમાત્ર ભગવાન અને ગુણાતીત સંતના આધારે જ સુખિયા રહેવાય. કંગાળપણું, રાંકપણું જતું રહે. કૃતાર્થપણું અને પૂર્ણકામપણું મનાય. આત્મા-પરમાત્માના દિવ્ય

આનંદમાં અલમસ્ત રહેવાય.

આ બ્રાહ્મીસ્થિતિમાં માન-અપમાન, સુખ-દુઃખ, હર્ષ-શોક, સફળતા-નિષ્ફળતા, સગવડ-અગવડ જેવાં અનેક પ્રકારનાં દ્વન્દ્વોમાં સ્થિરતા અને સમતા રહે. કોઈ પણ પ્રકારના દુઃખના ઝંઝાવાતો સામે ટકી રહેવાય.

આ સ્થિતિમાં તપ, ત્યાગ, વૈરાગ્ય, નિયમ-ધર્મ, નવધાભક્તિ વગેરે બધાં જ પ્રસન્નતાનાં સાધનો યથાર્થ, નક્કર અને શુદ્ધપણે થશે. બ્રહ્મરૂપે થતાં બધાં જ સાધનો હૃષ્ટ-પુષ્ટ અને શુદ્ધ હશે. એ માયકાંગલાં જેવાં નહિ રહે. તેમજ એમાં માન, ઈર્ષ્યા, મત્સર, અસૂયા, અહં-મમત્વ, રાગ-દ્વેષ આદિક કોઈ પણ પ્રકારની મલિનતા નહિ ભળે. આ સાધનો કરવામાં લાચારી નહિ પણ ખુમારી રહેશે. એમાં કંટાળો નહિ ચડે, થાક નહિ લાગે. એ વેઠરૂપ, ભારરૂપ કે બંધનરૂપ નહિ મનાય. આ બધું કરવામાં ઈશક, ઉત્સાહ અને બળ રહેશે. ક્યારેય ઢીલા નહિ પડાય. મૂકી દેવાનું મન નહિ થાય.

બ્રહ્મભાવ સાધકને નિર્વિઘ્નપણે ભગવાન સુધી પહોંચાડે. વચ્ચે ક્યાંય અટકવા ન દે, લોભાવા ન દે કે ફંટાવા ન દે. ભગવાન અને સંતનો સંબંધ તૂટવા ન દે.

બ્રહ્મરૂપ થયા પછી સાચા અર્થમાં પ્રાપ્તિને માણી શકાય. એ વગર આઈસ-ક્રીમમાં રેતી ભળી હોય તો જેમ આઈસક્રીમનું સુખ ન આવે; એમ દેહભાવ, સ્વભાવની કચકચને લીધે પ્રગટ ભગવાનનું પણ સુખ યથાર્થ રીતે ન લઈ શકાય. તેથી પ્રાપ્તિને જાણવા, માણવા અને ટકાવી રાખવા માટે પણ આ સ્થિતિ આત્મ-સાત્ કરવી જરૂરી છે. જો આ સ્થિતિ નહિ થાય, તો ગમે ત્યારે ભગવાન અને આ ગુણાતીત સંતનો સંબંધ છૂટી જવાની પૂરી શક્યતા છે. માટે પ્રાપ્તિને જાણવા, માણવા અને વિઘ્ન ટાળવા માટે આત્મનિષ્ઠાની અત્યંત આવશ્યકતા છે.

બ્રહ્મભાવની દૃઢતા એક અદ્ભુત ટેક્નિક (કરામત) છે. એનાથી ઘણું બધું અઘરું કામ સરળ અને સુગમ થઈ જાય. ટૂકમાં, બ્રહ્મભાવ સાધકને ઘણું ઘણું સિદ્ધ કરી આપે છે.

મહારાજે આત્મનિષ્ઠાથી અર્થાત્ આત્મારૂપ કે બ્રહ્મરૂપ થવાથી જે લાભ વચનામૃતમાં બતાવ્યા છે, તેના સારરૂપે સંદર્ભો જોઈએ :

- *જન્મભૂમિ અને દેહનાં સગાં પ્રત્યેની આસક્તિ ટળે.* *(વચ. પ્ર. ૩૭; કા. ૭; મ. ૩૨)*
- *જ્ઞાનીને મૃત્યુનો ભય ન રહે.* *(વચ. લો. ૨)*
- *માયિક સુખ-દુઃખ ખોટાં થઈ જાય.* *(વચ. અં. ૧)*

➤ *બીજે આસ્થા ન થાય.* *(વચ. અં. ૩૩)*
➤ *કામાદિકને યોગે કરીને ધીરજ રહે.* *(વચ. પ્ર. ૬૧)*
➤ *કામાદિકે કરીને જીવ ક્ષોભને ન પામે.* *(વચ. વર. ૨૦)*
➤ *વિષયની નિવૃત્તિ થાય.* *(વચ. સા. ૧, ૧૨)*
➤ *અતિશય નિર્વાસનિક થવાય.* *(વચ. સા. ૪)*
➤ *વાસનાલિંગ દેહનો નાશ થાય.* *(વચ. મ. ૬૨)*
➤ *ઉપશમ દશાથી પંચવિષય જન્મ-મરણનું કારણ ન બને.* *(વચ. અમ. ૩)*
➤ *આત્મજ્ઞાનમાં બીજું કાંઈ પેસે જ નહિ.* *(વચ. અં. ૩)*
➤ *આત્મવિચારથી જીવ બળને પામે.* *(વચ. મ. ૬૩)*
➤ *સંતનો અવગુણ ન આવે.* *(વચ. અં. ૩૯)*
➤ *પંચવિષયનું કે દેહાભિમાનનું ખંડન થાય છતાં સંતનો અવગુણ ન આવે.* *(વચ. લો. ૧૭)*
➤ *ભગવાનમાં મનુષ્યભાવ ન આવે.* *(વચ. મ. ૫૭)*
➤ *આત્મારૂપે હેત થાય તો પ્રીતિ અને ભક્તિમાં વિઘ્ન ન નડે.* *(વચ. સા. ૧૫; પં. ૩; મ. ૩૨)*
➤ *સર્વે ગુણો આવે.* *(વચ. લો. ૬)*
➤ *આત્મારૂપે વર્તે તો જ સુખ આવે.* *(વચ. મ. ૫૧)*
➤ *પૂર્ણકામપણું મનાય.* *(વચ. પ્ર. ૨૫)*

ગુણાતીતાનંદ સ્વામીએ બ્રહ્મરૂપ થવાના અર્થાત્ આત્મનિષ્ઠાની દૃઢતાના નીચે જણાવ્યા પ્રમાણે લાભ સમજાવ્યા છે :

◆ *“બ્રહ્માંડમાં એવો કોઈ પુરુષ નથી જેને સ્ત્રી ન જોઈએ, ને એવી કોઈ સ્ત્રી નથી જેને પુરુષ ન જોઈએ. તેમાંથી નોખા પડવાનો તો મહારાજે એક શ્લોક લખ્યો છે જે, निजात्मानं ब्रह्मरूपम्। જેમ ગુજરાતની પૃથ્વીમાં પાતાળ સુધી ખોદીએ તોપણ પાણો ન મળે, તેમ બ્રહ્મરૂપ થાવું તેમાં કોઈ દોષ જ ન મળે.” (સ્વા. વા. : ૧/૧૪૧)*

◆ *“વિષય ભોગવવાનો કોટિ કલ્પથી ખાડો પડેલો છે, તે પુરાય તેવો નથી; તેને પૂરવાનો બધાં શાસ્ત્રમાં એક જ ઉપાય છે જે, निजात्मानं ब्रह्मरूपम् એ એક જ શ્લોક છે.” (સ્વા. વા. : ૫/૨૦૮)*

◆ *“બ્રહ્મરૂપ થાય ત્યારે જ કોઈ વિઘ્ન ન આવે ને ગુણાતીત કહેવાય; ગુણાતીત થાય તો જ ભગવાન વરે. માટે ब्रह्मभूतः प्रसन्नात्मा। निजात्मानं ब्रह्म–रूपम् એવું થવું. ગુણાતીતને તો વિષયનાં સુખ નરક જેવાં થઈ જાય છે. માટે*

*સિદ્ધાંત કરવો જે, સો કરોડ જન્મ ધરીને પણ બ્રહ્મરૂપ થવાશે ત્યારે જ મહારાજની સેવામાં રહેવાશે. જ્ઞાનીને આત્મા કહ્યો છે, પણ પ્રેમીને નથી કહ્યો. માટે બ્રહ્મરૂપ થઈને ભગવાનની સેવા કરે તેનો જ પાયો અચળ છે. હેતે કરીને જોડાણા હોય તેને કોઈક દિવસ વિઘ્ન થાય ખરું. બ્રહ્મરૂપ થયા વિના તો સુહૃદપણું પણ નહિ રહે.''*

*(સ્વા. વા. : ૧૪/૧૯૧)*

આમ, આત્મનિષ્ઠાથી આધ્યાત્મિક સાધનામાં અનેક પ્રકારના લાભ થાય છે. તેથી જ તો ગુણાતીતાનંદ સ્વામી કહે છે : *''निजात्मानं ब्रह्मरूपम् એમ માનવું એ (મહારાજની) આજ્ઞા છે. તે એક વચનમાં મહારાજે સૌને એકાંતિક કરી મૂક્યા.''*

*(સ્વા. વા. : ૧/૧૩૦)*

## ● આત્મનિષ્ઠા વગર ખોટ

બ્રહ્મરૂપ થયા વગર જીવનમાં સર્વત્ર અને સર્વદા પ્રશ્નો, પ્રશ્નો અને પ્રશ્નો જ રહે. દેહભાવમૂલક સ્વભાવો, વિષયો પ્રત્યેની આસક્તિથી વિક્ષેપ રહ્યા કરે. વિષયો અને માન-મોટપમાં ફંટાઈ જવાય. જ્યાં-ત્યાં ઘૂસી જવાય. ઇન્દ્રિયો-અંતઃકરણ, અંતઃશત્રુઓ અને વિષયો પરાભવ પમાડે.

પરસ્પર અભાવ-અવગુણ, અહં-મમત્વ, રાગ-દ્વેષ, ક્લેશ અને કુસંપ રહે. દ્વંદ્વોમાં અસ્થિર થઈ જવાય. જીવનમાં અસંતોષ, ઉદ્વેગ, અશાંતિ અને અપૂર્ણતા રહ્યા કરે. ભગવાન અને સંતને રાજી કરવાનાં જે કાંઈ સાધનો કરવામાં આવે, તેમાં પણ કોઈ જાતની બરકત નહિ આવે. સાધનો બધાં માયકાંગલાં જેવાં રહે. એમાં નક્કરપણું આવે જ નહિ. તેમાં દેહભાવ-મૂલક અનેક સ્વભાવોની મલિનતા ભળે.

ભગવાન અને સંતમાં મનુષ્યભાવ આવે. પ્રગટ ભગવાનની પ્રાપ્તિને જાણી અને માણી નહિ શકાય. એમનો આ દિવ્ય અને દુર્લભ સંબંધ છૂટી જાય.

હવે મહારાજે વચનામૃતમાં આત્મનિષ્ઠા વગર જે ખોટ બતાવી છે, તે ભાવાર્થરૂપે જોઈએ :

- *પોતાના સ્વરૂપને ન જાણે તે સર્વ અજ્ઞાનીમાં અજ્ઞાની, ઘેલામાં અતિશય ઘેલો, મૂર્ખમાં અતિશય મૂર્ખ અને સર્વ નીચમાં અતિશય નીચ છે.* *(વચ. પ્ર. ૨૦)*
- *આત્મનિષ્ઠાની સમજણ રહિત પ્રાકૃત બુદ્ધિવાળો સત્સંગમાં છે, છતાં પશુ જેવો છે.* *(વચ. પ્ર. ૨૧)*
- *ઘણી કાચ્યપ રહી જાય.* *(વચ. પ્ર. ૨૫)*
- *જ્યાં સુધી દેહને પોતાનું રૂપ માને છે, ત્યાં સુધી બધી સમજણ વૃથા છે.*

*અહં-મમત્વના ઘાટ ન ટળે. (વચ. પ્ર. ૪૪)*

- *કામાદિકને યોગે કરીને ધીરજ રહે નહિ. (વચ. પ્ર. ૬૧)*
- *સત્તારૂપ રહી નહિ શકે, તો તેને કામાદિક શત્રુ પીડ્યા વિના રહે જ નહિ. તેનું રૂપ ઉઘાડું થયા વિના રહે જ નહિ. (વચ. અં. ૨૧)*
- *આત્મનિષ્ઠા વગર બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય. (વચ. અં. ૧)*
- *ભક્તને માથે વિઘ્ન છે, કલંક લાગે, ભગવાનમાં મનુષ્યભાવ આવે. (વચ. પ્ર. ૨૩)*
- *પ્રીતિમાં વિઘ્ન આવે. (વચ. સા. ૧૫; પં. ૩)*
- *દેહાભિમાનને યોગે કરીને પ્રીતિની સિદ્ધિ ન થાય. (વચ. પ્ર. ૧૯)*
- *દેહાભિમાનમાં સર્વે દોષો રહ્યા છે. (વચ. લો. ૬)*
- *આત્મનિષ્ઠા વગર ભૂંડું થાય. (વચ. અં. ૩૯)*
- *બ્રહ્મરૂપ થઈને ભક્તિ ન કરે, તો આત્યંતિક કલ્યાણને પામ્યો ન કહેવાય. (વચ. લો. ૭)*

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ *“બ્રહ્મરૂપ થયા વિના મહારાજની સેવામાં રહેવાશે જ નહિ.” (સ્વા. વા. : ૧૧/૧૩૩)*

◆ *“બ્રહ્મરૂપ થયા વિના અંતરમાં સુખ ન થાય.” (સ્વા. વા. : ૧૨/૧૪૧)*

◆ *“**निजात्मानं ब्रह्मरूपम्** એવું થયા વિના તો મર ભક્તિ કરતો હોય, પણ દેશકાળે કોઈક ઠોકર લાગે ત્યારે પડી જવાય.” (સ્વા. વા. : ૧૪/૧૧૬)*

આ રીતે સમગ્ર સાધનામાં આત્મનિષ્ઠા સિદ્ધ કરવી એટલે કે બ્રહ્મરૂપ થવું એ અત્યંત આવશ્યક છે, કારણ કે શ્રીજીમહારાજ ***વચ. લો. ૭***માં સમજાવે છે : *“બ્રહ્મરૂપ થયો તેને જ પુરુષોત્તમની ભક્તિનો અધિકાર છે. તે ભક્તિ તે શું ? તો જેમ શ્વેતદ્વીપવાસી જે નિરન્નમુક્ત છે તે બ્રહ્મરૂપ થકા ચંદન-પુષ્પાદિક નાના પ્રકારની પૂજા-સામગ્રીએ કરીને પરબ્રહ્મ જે વાસુદેવ તેને પૂજે છે, તેમ એ પણ બ્રહ્મરૂપ થકો પ્રત્યક્ષ ભગવાનની ભક્તિ ચંદન-પુષ્પ, શ્રવણ-મનનાદિકે કરીને કરે. તે ભગવાને ગીતામાં કહ્યું છે જે,*

*ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति।*
*समः सर्वेषु भूतेषु मद्‌भक्तिं लभते पराम्॥*

*માટે બ્રહ્મરૂપ થઈને જે પરબ્રહ્મની ભક્તિ ન કરે તો તે પણ આત્યંતિક કલ્યાણને ન પામ્યો કહેવાય.”*

## ● શ્રીજીમહારાજનો હૃદ્‌ગત સિદ્ધાંત

બ્રહ્મરૂપ થઈને ભગવાનની ભક્તિ-ઉપાસના કરવી એ શ્રીજીમહારાજનો હૃદગત અભિપ્રાય અને સિદ્ધાંત છે. તેથી જ તો શ્રીજીમહારાજે પોતાનાં ઉપદેશ-વચનોમાં વારંવાર આત્મારૂપ, બ્રહ્મરૂપ કે અક્ષરરૂપ થવાની વાત પર ભાર મૂક્યો છે. તેમણે પરમહંસો પાસે અનેક કઠણ સાધનો કરાવ્યાં, પરંતુ તેમ છતાંય તેમણે 'આત્મારૂપ' માનવાનો આગ્રહ રાખતાં કહ્યું :

*એક વાત કહું માનો તેહ, આપણે આત્મા નહિ દેહ;*
*માનો ચૈતન્યરૂપ તમારું, દુઃખરૂપ દેહ તેહ ન્યારું. (ભક્તચિંતામણિ : ૭૧)*

ગુણાતીતાનંદ સ્વામી મહારાજના આ હૃદ્‌ગત સિદ્ધાંત વિશે કહે છે :

◆ *"સર્વ ઉપદેશમાત્રનો સાર અને આત્યંતિક મોક્ષનું સાધન પણ એ જ છે જે, અક્ષરબ્રહ્મરૂપે થઈને મહારાજની ઉપાસના કરવી; એ મહારાજનો અચળ સિદ્ધાંત છે." (સ્વા. વા. : ૧૪/૨૨૧)*

◆ *એક હરિજને ચાર-પાંચ વચનામૃત વાંચ્યાં. તે વચનામૃતનાં નામ-પ્રથમનું ત્રેવીસ, ને મધ્યનું ત્રીસ ને પિસ્તાલીસ, ને અમદાવાદનું બીજું ને ત્રીજું. ત્યારે સ્વામી બેઠા થઈને બોલ્યા જે, 'આ વચનામૃત તો જાણે સાંભળ્યાં જ નહોતાં.' એમ કહીને બોલ્યા જે, 'ફરીથી વાંચો.' ત્યારે ફરીથી વાંચ્યાં. ત્યારે સ્વામી બોલ્યા જે, 'આ વચનામૃત સાંભળતાં એમ જણાણું જે, કોટિ કલ્પ સુધી એમ કર્યા વિના છૂટકો નથી. તે આપણે તો કર્યા વિના છૂટકો નથી, પણ આચાર્ય હોય કે ભગવાનનો પુત્ર હોય કે ઈશ્વર હોય કે નાના-મોટા ભગવાન હોય, પણ એમ કર્યા વિના છૂટકો નથી, કેમ જે, એ પણ મહારાજનો મત છે... આપણે બ્રહ્મરૂપ થયા વિના પુરુષોત્તમને પધરાવશું ક્યાં ? માટે પુરુષોત્તમ પધરાવવા હોય તો બ્રહ્મરૂપ થાવું. (સ્વા. વા. : ૩/૧૩)*

આ રીતે શ્રીજીમહારાજે પોતાનો જે હૃદ્‌યગત સિદ્ધાંત હતો, તે વારંવાર વ્યક્ત કર્યો છે. એ જ સિદ્ધાંતની પુષ્ટિ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ અને તેમના પછી ગુણાતીત પરંપરાએ કરી છે.

યોગીજી મહારાજ બ્રહ્મરૂપ માનવા ઉપર ભાર મૂકતાં કહે છે :

◆ *"આપણે તો અક્ષરરૂપ માનવું. દેહરૂપ મનાય એ મોટી કસર. શબ્દ લાગે, માન-અપમાન લાગે. અક્ષરરૂપ માનશો તો પછી આ બધું ફીફાં લાગશે. માટે 'ગુણાતીત મારું સ્વરૂપ છે' એમ માનવું. ગુણાતીત-સ્વરૂપ થઈએ તો મોટાપુરુષના ગુણ આવે."*

◆ *"પોતાના આત્માને બ્રહ્મરૂપ માની મહારાજનું ભજન કરવું, એમાં જ માલ છે. પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને પુરુષોત્તમને ધારવા તે સિદ્ધાંત છે. માટે બ્રહ્મરૂપ થવા ઉપર તાન રાખવું. પોતાના આત્માને બ્રહ્મરૂપ માનવાની સમજણ દૃઢ કરવી."*

પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ પણ વારંવાર આત્મારૂપ, અક્ષર-રૂપ કે બ્રહ્મરૂપ માનવાની આવશ્યકતા ઉપર ભાર મૂકે છે :

◆ *"જ્યાં દેહભાવ છે ત્યાં દુઃખ અને દોષ છે. દેહભાવ હોય તો આપણને દુઃખ થતાં વાર ન લાગે. નાની નાની વાતમાં ખોટું લાગી જાય. માન-અપમાનથી આપણાં કાર્યમાં વિક્ષેપ-વિઘ્ન થઈ જાય. એ વિઘ્નોમાં મૂંઝવણ થઈ જાય. એટલે દેહભાવને લઈને બધું દુઃખ છે. જો આત્મભાવ, બ્રહ્મભાવ આવે, અક્ષરરૂપ મનાય ત્યારે એમાં કોઈ દુઃખ જ નથી, કારણ કે આત્મભાવમાં કોઈ દુઃખ પણ નથી અને કોઈ દોષ પણ નથી."*

◆ *"બંદૂકની ગોળી વાગે તો શરીર નાશ પામે, પણ તેના કરતાંય શબ્દરૂપી ગોળી તો વધારે ભયંકર. આ ગોળીથી વધારે દુઃખી થવાય છે. જો આત્મારૂપ-બ્રહ્મરૂપ મનાય તો આ ગોળી વાગે જ નહિ, કંઈ અસર જ ન થાય. ભલેને કોઈ કંઈક કહી જાય, પણ શબ્દ લાગે જ નહિ. બ્રહ્મરૂપપણાનું કવચ કરવાનું છે, ઘડવાનું છે. જો આપણું આ બખ્તર ઘડાઈ જાય, તો પછી ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની જેમ કોઈ ટોચો વાગે જ નહિ. એમના જીવનમાં કેટલાં દુઃખો અને પ્રશ્નો આવ્યાં છે ? કેટલાં અપમાન થયાં છે ! એમના માટે લોકો કેટલું બોલ્યા છે ! એમણે તો મારેય ખાધા છે. છતાં કોઈ જાતનો ટોચો એમને વાગ્યો ? એમણે કોઈ જાતની ફરિયાદ કરી ? બિલકુલ નહિ. કેમ ? આત્મારૂપ માની લીધું. એમ આપણે પણ જો 'હું આત્મા છું, અક્ષર છું, બ્રહ્મ છું', એમ અંતર્દૃષ્ટિ કરી લઈએ, આત્મસન્મુખ વૃત્તિ કરીને બેસી જઈએ, તો ગમે તેવા શબ્દો, ગમે તેટલા આરોપો મૂકે, તોપણ દુઃખ ન થાય, ટોચો વાગે જ નહિ. આત્મામાં તો એ વાત જ નથી. આત્માને કશું અડતું જ નથી."*

◆ *"આત્મદૃષ્ટિ થાય તો દેહનો વિચાર જ ન આવે. આત્માને કાંઈ જરૂર જ નથી, તો દેહ માટે બીજાનો અભાવ-અવગુણ આવે જ નહિ. આત્મભાવ દૃઢ નથી થયો. દેહનો આદર છે એટલે દેહની સગવડ ન સચવાય, દેહ માટે ખાવા-પીવાની વસ્તુ ન મળે, એટલે અભાવ-અવગુણની વાતો થાય છે, પરંતુ આપણે તો દેહનો અનાદર કરી બ્રહ્મરૂપ થવા માટે જ સત્સંગમાં આવ્યા છીએ, તો આત્મ-*

*વિચાર અખંડ રાખવો.''*

◆ *''અક્ષર અને પુરુષોત્તમની વાત, બ્રહ્મરૂપ થવાની વાત જો સમજાઈ જાય, તો પછી પ્રકૃતિ-પુરુષ સુધી ક્યાંય માલ જણાશે નહિ. શિક્ષાપત્રીમાં પણ મહારાજે બધી આજ્ઞાઓ પાળવાની વાત કરી, પણ મુખ્ય 'निजात्मानं ब्रह्मरूपम्' આ આજ્ઞા પળાશે તો બધી આજ્ઞા પળી ગઈ. પોતાના આત્માને બ્રહ્મરૂપ માની ભક્તિ કરીએ તો બધી આજ્ઞા પળવાની. આપણે જ્યારે બ્રહ્મરૂપ થયા પછી આ લોકની તુચ્છ વસ્તુઓમાં આપણું મન ન રહે. પછી 'આ મળ્યું, ફલાણું ન મળ્યું' એવા પ્રશ્ન જ ન થાય, પંચવિષયમાં આસક્તિ જ ટળી જવાની. તેથી ખાવા-પીવાના અને એ માટે જ્યાં-ત્યાં ફાંફાં મારવાના કે આઘું-પાછું કરવાના વિચારો જ નહિ આવે. એટલે આ જ્ઞાનની દૃઢતા એવી કરો કે બીજી કોઈ અસર થાય નહિ.''*

◆ *''જીવનો સત્સંગ થાય તો અખંડ આનંદ, આનંદ ને આનંદ; અખંડ સુખ, સુખ ને સુખ; અખંડ શાંતિ, શાંતિ ને શાંતિ. જીવનો સત્સંગ એટલે 'निजात्मानं ब्रह्मरूपम्' એટલે કે પોતાના આત્માને બ્રહ્મરૂપ માનવો.''*

શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓનાં ઉપરોક્ત ઉપદેશવચનોમાં તેમની શુભ ભાવનાનાં દર્શન થાય છે. તેમને પોતાના આશ્રિત સૌ સાધકોની આવી બ્રાહ્મીસ્થિતિ કરાવવી છે. સૌને બ્રહ્મરૂપ કરીને ભગવાનના સુખે સુખિયા કરવા છે. એટલે તો તેમણે વારંવાર આ પ્રકારનો ઉપદેશ આપ્યો છે. તેમની ઇચ્છા પૂરી કરવી એ તેમના આશ્રિત તરીકે સૌ સાધકોની પવિત્ર ફરજ છે.

## ૪.૪.૩ આત્મનિષ્ઠા(બ્રહ્મરૂપપણાની સ્થિતિ)ની દૃઢતાના ઉપાયો

શ્રીજીમહારાજે આત્મનિષ્ઠાની દૃઢતા માટે અર્થાત્ બ્રાહ્મીસ્થિતિ માટે વચનામૃતોમાં મુખ્યત્વે ચાર ઉપાયો બતાવ્યા છે :

૧. ભગવાનની ઉપાસના-નિષ્ઠા.

૨. સત્પુરુષનો દૃઢ પ્રસંગ.

૩. શ્રવણ-મનન-નિદિધ્યાસન.

૪. ગુણાતીત સત્પુરુષને વિષે આપોપું.

આ ચારેય ઉપાયોને ક્રમશઃ સમજીએ :

### ૧. ભગવાનની ઉપાસના-નિષ્ઠા

આત્મા-અનાત્માનો વિવેક સિદ્ધ કરીને આત્મદર્શન માટે પુરુષોત્તમ

નારાયણની ઉપાસના-નિષ્ઠા દૃઢ કરવી જરૂરી છે. શ્રીજીમહારાજ કહે છે :

***પ્ર. ૫૬*** *– "શાસ્ત્રમાંથી આત્મા-અનાત્માની વિગત સમજીને અથવા કોઈક મોટા સંતના મુખથી વાત સાંભળીને જાણે જે 'હું આત્મા-અનાત્માની વિગતિ કરી લઉં', એમ વિગતિ થતી નથી. એ તો એ જીવને જેટલી પોતાના ઈષ્ટદેવ જે પરમેશ્વર તેને વિષે નિષ્ઠા હોય, તેટલો જ આત્મા-અનાત્માનો વિવેક થાય છે, પણ ઈષ્ટદેવના બળ વિના તો કોઈ સાધન સિદ્ધ થતાં નથી."*

***અં. ૩૬*** *– "હું તો એમ જાણું છું જે, ભગવાનની મૂર્તિની જે ઉપાસના ને ધ્યાન તે વિના જે આત્માને દેખવો ને બ્રહ્મને દેખવું તે તો થાય જ નહિ. ને ઉપાસનાએ કરીને જ આત્મા દેખાય, બ્રહ્મ દેખાય પણ તે વિના તો દેખાય જ નહિ. અને ઉપાસના વિના આત્મા બ્રહ્મને દેખવાને ઈચ્છવું તે કેમ છે ? તો જેમ આકાશને જીભે કરીને સો વર્ષ સુધી ચાટીએ તોપણ ક્યારેય ખાટો, ખારો સ્વાદ આવે જ નહિ, તેમ ભગવાનની મૂર્તિની ઉપાસના વિના આત્મા બ્રહ્મ દેખાય જ નહિ, તે ગમે તેટલું જતન કરે પણ ન દેખાય અને નિર્બીજ એવાં જે સાંખ્ય ને યોગ તેણે કરીને જે આત્માનું દર્શન શાસ્ત્રમાં કહ્યું છે, તે ભલે કહ્યું છે, પણ અમે એવો કોઈ દીઠો નથી ને અનુભવમાં પણ એ વાર્તા મળતી આવતી નથી. માટે એ વાર્તા ખોટી છે."*

આ રીતે ભગવાનના સ્વરૂપની નિષ્ઠા–ઉપાસના અને ધ્યાનથી જ આત્મ-દર્શન થાય છે, આત્મનિષ્ઠા દૃઢ થાય છે, કારણ કે ભગવાનના સ્વરૂપની દૃઢ નિષ્ઠા થાય તો જ માયા કે અવિદ્યારૂપ કારણ દેહ ટળે છે.***(વચ. કા. ૧૨, મ. ૧૩)*** જ્યાં સુધી માયિક ભાવો દૂર ન થાય, ત્યાં સુધી આપણને આપણા શુદ્ધ સ્વરૂપની પ્રતીતિ અને અનુભૂતિ થતી નથી, તથા બ્રહ્મરૂપ પણ થવાતું નથી. તેથી ભગવાનના સ્વરૂપની નિષ્ઠા–ઉપાસનાથી માયિક ભાવ ટળે છે, પરિણામે આપણા શુદ્ધ આત્મસ્વરૂપની અનુભૂતિ થાય છે અને સાથે સાથે બ્રહ્મરૂપ પણ થવાય છે.

## ૨. ગુણાતીત સત્પુરુષનો પ્રસંગ

શ્રીજીમહારાજ બ્રહ્મરૂપ થવાનો ઉપાય બતાવતાં કહે છે :

***સા. ૯*** *– "માટે અતિ સાચે ભાવે કરીને સત્સંગ કરે તો તેને કોઈ જાતનો દોષ હૈયામાં રહે નહિ, અને દેહ છતાં જ બ્રહ્મરૂપ થઈ જાય."*

***પ્ર. ૨૦*** *– "જેને સત્સંગ થયો છે, તેને તો પોતાના જીવાત્માનું દર્શન પોતાના હાથમાં જ છે."*

ઉપરોક્ત બે વચનામૃતમાં કહ્યા મુજબ સાધક જો આવો સત્સંગ કરે

અર્થાત્ સત્પુરુષનો મન-કર્મ-વચને સંગ કરે તો તેનો જીવ દેહ છતાં બ્રહ્મરૂપ થઈ જાય, અને તેને પોતાના બ્રહ્મરૂપ એવા જીવાત્માનું દર્શન પણ થાય.

જો એવા બ્રહ્મસ્વરૂપ સત્પુરુષનો સંગ કરે તો જીવ બ્રહ્મરૂપ થાય છે, અર્થાત્ બ્રહ્મના ગુણ આવે છે, એવી વાત મહારાજ ***વચ. મ. ૩૧***માં સ્પષ્ટપણે કહે છે, *"નિરંતર મનન કરતો સતો બ્રહ્મનો સંગ કરે, તો એ બ્રહ્મનો ગુણ એ જીવને વિશે આવે."*

વળી, મન-કર્મ-વચને સત્પુરુષનો સમાગમ કરીએ એટલે એમનામાં આત્મબુદ્ધિ અને પ્રીતિ પણ દૃઢ થાય. સત્પુરુષમાં દૃઢ પ્રીતિને આત્મદર્શનનું સાધન જણાવતાં શ્રીજીમહારાજ ***વચ. વ. ૧૧***માં કહે છે : *"સત્પુરુષને વિશે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે."*

વળી, સત્પુરુષને વિશે દૃઢ પ્રીતિને લીધે ***વચ. કા. ૧૧*** પ્રમાણે એમની આજ્ઞા પળાય છે. સત્પુરુષની આજ્ઞા પાળવાનું ફળ જણાવતાં શ્રીજીમહારાજ ***વચ. મ. ૫૧***માં કહે છે : *"માટે સત્પુરુષની આજ્ઞાને વિશે વર્તે છે તે જ આત્મ-સત્તા રૂપે વર્તે છે."*

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી પોતાની વાતોમાં બ્રહ્મરૂપ થવાનો ઉપાય બતાવતાં કહે છે :

◆ *"મુમુક્ષુ હોય તે જો શ્રદ્ધાએ કરીને આ સત્પુરુષનો મન, કર્મ, વચને સંગ કરે છે તો તે બ્રહ્મરૂપ થાય છે."* *(સ્વા. વા. : ૩/૬૦)*

◆ *"જેમ ભમરીના સંબંધે કરીને ઈયળ જે તે ભમરી થઈ જાય છે, તેમ પ્રગટ અક્ષરમૂર્તિના સાક્ષાત્ સંબંધથી આ જીવ બ્રહ્મરૂપ થાય છે, પણ તે વિના થવાતું નથી."* *(સ્વા. વા. : ૮/૬)*

ભગતજી મહારાજ કહે છે :

◆ *"સર્વ પ્રકારે નિર્દોષ થઈ બ્રહ્મરૂપ થવાનો ઉપાય તો અનાદિ બ્રહ્મ જે ગુણાતીતાનંદ સ્વામી તેમાં અખંડ પ્રીતિ કરવી એ જ છે, કારણ કે એ એક જ સ્વરૂપ પ્રકૃતિથી પર છે અને એના સંબંધથી જ આપણે પ્રકૃતિથી પર થઈશું. એ સંબંધ વિના આપણને આપણા વિકાર ટળી ગયા છે એમ જે જણાય છે તે તો ભ્રમ છે. કદાચ વિકારનો ઉદ્ભવ સાધારણ પ્રસંગે ન થતો હોય, તોપણ વિષમ પ્રસંગે તો થવાનો જ. તેથી જાણવું કે આપણે શુદ્ધ ચૈતન્યબ્રહ્મ તો નથી થયા. અને માન અને ઈર્ષ્યા અતિ વિષમ પ્રસંગે જાગ્રત થઈ જાય છે, એટલે વિકાર નિર્મૂળ થયા જ નથી. જેમ સ્થિર થયેલા તળાવના પાણીમાં એક કાંકરો નાંખીએ તો પાણીમાં તરંગ*

*ઊઠે છે. એટલે દેખીતી રીતે સ્થિર પાણીને જો કાંકરાનો યોગ થયો તો તરંગ ઊઠ્યો. પણ જો હિમના યોગે એ તળાવનું પાણી જો બરફ થઈ જાય, તો કાંકરો ઊથડકીને પાછો પડે પણ તરંગ ઊઠે જ નહિ. એમ દેખીતી રીતે અંતઃકરણ સ્થિર થયેલું લાગે, પણ માન-અપમાનરૂપી દેશકાળનો યોગ થાય તો સંકલ્પ-વિકલ્પરૂપી તરંગો ઊઠવાના જ; પણ ગુણાતીતના યોગે કરીને એકરસ ચૈતન્યસ્વરૂપ થઈ જઈએ, તો સંકલ્પ નિર્મૂળ થઈ જાય અને દેશ-કાળાદિકના ભાવો ઊથડકીને પાછા પડે, પણ વિક્ષેપ કરવા સમર્થ થાય નહિ. માટે આપણે તો અનાદિ અક્ષરબ્રહ્મ જે ગુણાતીતાનંદ સ્વામી, તે રૂપે થઈને મહારાજની મૂર્તિમાં હેત કરવું. એવું હેત થાય ત્યારે આનંદના અખંડ ફુવારા છૂટશે. શબ્દમાત્ર આકાશનો ભાગ મનાશે અને પ્રકૃતિનો ભાવ જ રહેશે નહિ અને સદા આનંદ વર્તશે. આ વાર્તા ધારશો અને વિચારશો તો શાંતિ થશે.'' (બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત; પૃષ્ઠ : ૧૭૮)*

ટૂંકમાં બ્રહ્મરૂપ કે અક્ષરરૂપ થવા માટે સાક્ષાત્ અક્ષરબ્રહ્મને ઓળખીને મન-કર્મ-વચને સંગ કરવાની અત્યંત આવશ્યકતા રહે છે.

## ૩. શ્રવણ, મનન અને નિદિધ્યાસન

પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અને એમના અખંડ ધારક ગુણાતીત સત્પુ-રુષનો યથાર્થ મહિમા વિચારીને, દૃઢ કરીને, તેમના શ્રીમુખનાં વચનો દ્વારા આત્મસ્વરૂપનું શ્રવણ કર્યા પછી તેનું મનન અને નિદિધ્યાસન કરવાથી આત્માના સ્વરૂપની દૃઢતા થાય છે. અને પછી એમની કૃપાથી બ્રહ્મરૂપ પણ થવાય છે. અહીં સ્પષ્ટતાપૂર્વક સમજવું જરૂરી છે કે ભગવાનના આશ્રય વગર અથવા તો ગુણાતીત સત્પુરુષના દૃઢ પ્રસંગ વગર કેવળ પોતાની મેળે શાસ્ત્રો વાંચીને 'હું આત્મા છું' 'હું આત્મા છું' એમ કહેવાથી કે વિચારવાથી આત્મારૂપ થવાતું નથી***(વચ. પ્ર. ૫૬; મ. ૩૫; અં. ૩૬)***, પરંતુ ભગવાનની ઉપાસનાના બળે અને સત્પુરુષના પ્રસંગે જો આત્માના સ્વરૂપનું શ્રવણ કર્યા પછી તેનું મનન અને નિદિધ્યાસન કરે તો આત્માના સ્વરૂપની પ્રતીતિ અને અનુભૂતિ જરૂર થાય છે. ***(વચ. સા. ૩, અં. ૨૭)***

તેથી જ તો ગુણાતીતાનંદ સ્વામી પણ આત્માનો વિચાર કરવાનું કહે છે :

◆ *''જેમ નાતનો, નામનો ને ગામનો નિશ્ચય થયો છે, તેમ જ એવો અભ્યાસ કરે જે, 'હું આત્મા છું, બ્રહ્મ છું, સુખરૂપ છું ને ભગવાનનો ભક્ત છું, પણ દેહ તે હું નહિ,' એમ કરે તો તે પણ થાય.'' (સ્વા. વા. : ૧/૯૮)*

◆ *"આઠે પહોર ભજન કરવું જે, હું દેહ નથી ને દેહમાં રહ્યો એવો જે હું, આત્મા છું, બ્રહ્મ છું, અક્ષર છું ને મારે વિષે પરમાત્મા પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રગટ પ્રમાણ અખંડ રહ્યા છે." (સ્વા. વા. : ૧/૩૪૨)*

પ્રમુખસ્વામી મહારાજ કહે છે :

◆ *"निजात्मानं ब्रह्मरूपम् – આ શ્રીજીમહારાજની મુખ્ય આજ્ઞા છે. તેનું નિરંતર અનુસંધાન રાખવું. સવાર-સાંજ આત્મચિંતન કરવું. એમ કરતાં કરતાં એવી સ્થિતિ થાય છે. નિરંતર આનો અભ્યાસ હોય તો આ વાત સિદ્ધ થઈ જાય છે. રોજ રાતે એક કલાક આત્માનો વિચાર કરવો."*

◆ *"ब्रह्माऽहं परब्रह्मदासोऽस्मि – હું બ્રહ્મ છું અને પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણનો દાસ છું. આ મંત્ર દૃઢ કરવો. અમથા બેઠા હો તોય ગોખ્યા કરો, બોલ્યા કરો, વિચાર્યા કરો કે હું આત્મા છું, અક્ષર છું, બ્રહ્મ છું અને ભગવાનનો દાસ છું. આપણે ઠેઠ અક્ષરધામમાં જઈએ ત્યાં સુધી આ મંત્રનું અનુસંધાન રાખવાનું છે."*

## ૪. ગુણાતીત સત્પુરુષને વિશે આપોપું

બ્રહ્મરૂપ થવા માટે અર્થાત્ બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત કરવા માટે ગુણાતીત સત્પુરુષને વિશે આપોપું કરવું એ એક સુગમ ઉપાય છે. ગુણાતીત સત્પુરુષને વિશે આપોપું કરવું એટલે એમને પોતાનું સ્વરૂપ માનવું, પોતાનો આત્મા માનવો. અર્થાત્ 'ગુણાતીત સત્પુરુષ હું છું' એવી ભાવના કરવી.

શ્રીજીમહારાજ આત્માના નિશ્ચયની રીત સમજાવતાં ***વચ. જે. ૧***માં કહે છે : *"આત્માનો એમ નિશ્ચય કરવો જે, પ્રગટ ભગવાન જેને મળ્યા હોય એવા જે સંત તેને વિશે આત્મબુદ્ધિ રાખવી ને તેને જ પોતાનું સ્વરૂપ માનવું... બ્રહ્મવેત્તાને વિશે આત્મબુદ્ધિ માનવી. તે શા સારુ જે, એને આવરણ ભેદ્યાની ગતિ છે, તે સારુ એને વિશે આત્મબુદ્ધિ રાખવી.' પછી એમ કહ્યું જે, 'આ વાર્તા સર્વે રાખજો ને આ વાત સર્વેનું જીવન છે !"*

અહીં શ્રીજીમહારાજ સત્પુરુષને પોતાનું સ્વરૂપ માનવાની વાતને સર્વેનું જીવન કહે છે. આ ઉપરથી સાધનામાં આ વાત કેટલી અગત્યની છે તેની પ્રતીતિ થાય છે.

ફક્ત ત્રણ દેહ, ત્રણ અવસ્થા અને ત્રણ ગુણથી પોતાનું સ્વરૂપ જુદું માનવું એ તો સામાન્ય આત્મનિષ્ઠા છે. વસ્તુતઃ તો ગુણાતીત સત્પુરુષના સંબંધ વગર કેવળ આ પ્રમાણે બોલવાથી કે વિચારવાથી સાચી આત્મનિષ્ઠા દૃઢ થતી

જ નથી. સાક્ષાત્ અક્ષરબ્રહ્મ વગર કે તત્સ્વરૂપ ગુણાતીત સત્પુરુષ વગર જીવાત્માનું અનાદિ અજ્ઞાનરૂપ કારણ શરીર ટળતું જ નથી. ગુણાતીત સત્પુરુષ જીવનું આ માયિક આવરણ ભેદી શકે છે. તેથી તેમને પોતાનું સ્વરૂપ માનવાથી આ આવરણ ભેદાય છે અને બ્રહ્મરૂપ થવાય છે, અર્થાત્ પોતાને વિશે બ્રહ્મભાવ કેળવાય છે અને દૃઢ થાય છે. તેથી જ તો શ્રીજીમહારાજ ***વચ. મ. ૩૦***માં પ્રકૃતિ-પુરુષથી પર એવા શુદ્ધ ચૈતન્યબ્રહ્મને જ પોતાનું સ્વરૂપ માનવાનું કહે છે.

આ સુગમ અને સરળ સાધનામાર્ગ છે. આ જ સાચી અને સબીજ આત્મનિષ્ઠા છે. આ સાધનામાં ગુણાતીત સત્પુરુષને નિર્દોષ, દિવ્ય, ગુણાતીત માનીને પછી એમને જ પોતાનું સ્વરૂપ માનવાનું છે. આ રીતે પ્રગટ બ્રહ્મનો મનન દ્વારા સંગ કરવાથી એમના ગુણો આપણામાં આવે છે.

ભગતજી મહારાજ કહે છે : *"આત્મારૂપે રહેવું એટલે કેવળ આત્મા જે અલિંગ, અરૂપ, અને નિરાકાર છે, તે રૂપે રહેવું કહ્યું નથી; કારણ કે એમ આધાર વગર રહીને તો ક્રિયા થાય જ નહિ. માટે પોતાના આત્માનો વારંવાર વિચાર કરીને, આ સત્પુરુષ એ જ મારો આત્મા છે, કારણ કે તેમને સર્વે રીતે દેહ, ઇન્દ્રિયોના ભાવ નષ્ટ થઈ ગયા છે અને પૂર્ણ બ્રહ્મની સ્થિતિમાં વર્તે છે, એમ લક્ષણ ઓળખી, તે જ મારું સ્વરૂપ છે એમ સમજી, પોતાનો ભાવ ભૂલી, સત્પુરુષનો ભાવ પોતાને વિષે લાવીને, સર્વ ક્રિયાને જ્યારે એ કરે છે, ત્યારે જેમ ઇયળ ભમરીના સંબંધે કરીને ભમરી થઈ જાય છે, એમ એ મુક્ત પણ સત્પુરુષના સંબંધે કરીને બ્રહ્મરૂપ થઈ જાય છે."* *(બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત; પૃષ્ઠ : ૩૩૫)*

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સત્પુરુષને જ પોતાનો આત્મા માનવાની સાધના સમજાવતાં કહે છે :

◆ *"સબીજ આત્મનિષ્ઠા એટલે ગુણાતીત સત્પુરુષ એ જ મારો આત્મા. પ્રગટ સત્પુરુષને પોતાનો આત્મા માનવો. હાથમાં હાથ, પગમાં પગ, એમ ધારવા. જેતલપુરના પહેલા વચનામૃત પ્રમાણે સત્પુરુષમાં આપોપું કરવું. સબીજ આત્મા છે તે માનવો, પણ નિર્બીજ જે આત્મા છે તેનું મનન કર્યે અક્ષરરૂપ નહિ થવાય. આખા સત્સંગમાં આ જ ખોટ છે કે ગુણાતીતને પોતાનો આત્મા નથી માનતા. સત્સંગ થયો તે શું ? સત્પુરુષમાં આત્મબુદ્ધિ. જેને સત્સંગ થયો છે તેને સહેજે સત્પુરુષ પોતાનો આત્મા મનાય છે."*

આ પ્રકારની સાધનાના અનુસંધાનમાં પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ સાથે થયેલી પ્રશ્નોત્તરી સમજીએ :

**પ્રશ્ન :** *''આત્મવિચાર એટલે શું ?''*

**ઉત્તર :** *ભગવાનના ધારક એવા સત્પુરુષ તે આપણો આત્મા છે તે વિચાર.*

**પ્રશ્ન :** *''આત્મવિચાર કેવી રીતે કરવો ?''*

**ઉત્તર :** *આત્મા સુખરૂપ, સત્તારૂપ, અચ્છેદ્ય, અભેદ્ય, અવિનાશી છે. સત્પુરુષ મારો આત્મા છે તે સતત મનન કરવું.*

**પ્રશ્ન :** *''સત્પુરુષને પોતાનો આત્મા માનવો એટલે કેવળ બોલવું કે હું આત્મા છું, આત્મા છું ? કે બીજું કાંઈ ?''*

**ઉત્તર :** *''બોલવાનું એટલે મનમાં એવો વિચાર કરવાનો કે 'હું આત્મા છું, અક્ષર છું, બ્રહ્મ છું. સત્પુરુષ મારો આત્મા છે, મારું સ્વરૂપ છે.' એમ એનું ચિંતવન કરતાં કરતાં દૃઢ થઈ જાય. એમને કોઈ જાતનું બંધન થતું નથી. એમ એ વિચારથી આપણને એની દૃઢતા થાય તો પછી આપણને પણ જગતના વિચારો ઓછા થતા જાય. સત્પુરુષને પોતાનું સ્વરૂપ માનતાં માનતાં એની દૃઢતા થઈ જાય.*

**પ્રશ્ન :** *''સત્પુરુષને પોતાનું સ્વરૂપ માનવું એટલે શું ?''*

**ઉત્તર :** *''આપણું સ્વરૂપ આત્મા છે, દેહ નથી. સત્પુરુષ આપણો આત્મા તે આપણું સ્વરૂપ છે, એમ માનવું. જોકે તેથી કાંઈ આપણું બાહ્યસ્વરૂપ પલટાઈ નહિ જાય, પરંતુ આવી એક સમજણ કરવાની છે. સત્પુરુષને વિશે આપોપું કરવું. તે ભાવને પામવું છે તો તેને પોતાનું સ્વરૂપ માનીને કાર્ય કરવું. એ સ્વરૂપ શુદ્ધ છે. એમાં વિકાર કે માયિકભાવ નથી. એમને વિશે આવી દૃઢતા થતી જાય તેમ આપણા માયિકભાવ ટળતા જાય.''*

**પ્રશ્ન :** *''આ મનાય કઈ રીતે ?''*

**ઉત્તર :** *''વિચાર કરતાં કરતાં દૃઢ થઈ જાય, પછી આવરણ રહેશે નહિ. આપણે દેહરૂપ નથી, પરંતુ આત્મારૂપ, અક્ષરરૂપ, બ્રહ્મરૂપ છીએ. સત્પુરુષ આપણું સાચું સ્વરૂપ છે. દેહમાં વિકારો છે, તે નાશવંત છે. જે આપણું સ્વરૂપ છે એ સત્પુરુષમાં કોઈ વિકારો નથી. તેમનું સ્વરૂપ તો અજર, અમર, સત્તારૂપ, નિર્દોષ, માયાપર અને ગુણાતીત છે, એમ માનીને એમની આજ્ઞામાં વર્ત્યા તો આત્મ-સત્તારૂપ વર્ત્યા. તેઓ જેમ કહે તેમ વર્તાય તો એમને પોતાનું સ્વરૂપ મનાયું તે સાચું. અત્યારે આપણે દેહ અને મનના કહ્યા પ્રમાણે ચાલીએ છીએ, પરંતુ જ્યારે સત્પુરુષ કહે તેમ મનાય અને વર્તાય ત્યારે સાચું સ્વરૂપ મનાણું કહેવાય.''*

આ રીતે શ્રીજીમહારાજે અને આપણા ગુણાતીત ગુરુઓએ સત્પુરુષને પોતાનું સ્વરૂપ માનવાની સાધના દ્વારા બ્રહ્મરૂપ થવાનો સરળ ઉપાય બતાવ્યો છે.

એમણે જે કાંઈ વાતો કરી છે, તેના સારરૂપે એટલું કહી શકાય કે પ્રગટ ગુણાતીત સત્પુરુષને માયાપર, નિર્દોષ, દિવ્ય સમજીને એમને વિષે આપોપું કરવું અર્થાત્ એમને પોતાનો આત્મા માનવો. એમને જ પોતાનું સ્વરૂપ માનવું. આપણી દરેક ક્રિયા કરતી વખતે એવું જ અનુસંધાન રહ્યા કરે કે તેઓ જ સર્વે ક્રિયા કરી રહ્યા છે. તેઓ જ જુએ છે, સાંભળે છે, બોલે છે, ખાય છે, પીએ છે, સુએ છે, જાગે છે, બેસે છે, ઊઠે છે, ચાલે છે, લખે છે, વાંચે છે, સેવા કરે છે, તપ કરે છે, આરતી ઉતારે છે, દંડવત્ કરે છે.... એમ દરેક ક્રિયા સત્પુરુષ જ કરે છે. પોતાના અસ્તિત્વને જ પ્રગટ બ્રહ્મસ્વરૂપ સત્પુરુષને વિષે હોમી દેવાનું છે. એમાં લીન કરી દેવાનું છે.***(વચ. મ. ૫૦)*** અર્થાત્ પોતાના અસ્તિત્વને જ ભૂલી જવાનું છે. તેઓ પોતે જ સર્વે પ્રકારે આપણા માયિકભાવને દાબીને, ટાળીને વર્તી રહ્યા છે, સર્વે ક્રિયા કરી રહ્યા છે, એમ ધારવાનું છે, સમજવાનું છે અને માનવાનું છે.

સત્પુરુષને ધારીને જ વર્તવું. સત્પુરુષ જ દરેક ક્રિયા કરે છે, એમ સમજવામાં એ વિચાર રહ્યા કરે કે મારે સ્થાને પ્રમુખસ્વામી મહારાજ હોય તો કેવી રીતે વર્તે ? કઈ ક્રિયા કેવી રીતે કરે ? એમની ક્રિયામાં રાગ-દ્વેષ, અહં-મમત્વ, ઈર્ષ્યા-અસૂયા, માન-મોટપની મલિનતા હોય ખરી ? એમની દૃષ્ટિ અને વૃત્તિ વિષયો તરફ હોય ખરી ? તેમને ક્યારેય અવગુણ આવે ખરો ? એમના માયા પરનાં દિવ્ય સ્વરૂપ અને જીવન-પ્રસંગોને આધારે પ્રતીતિ થાય છે કે ઉપરોક્ત પ્રશ્નોના ઉત્તર 'ના' છે. જો એમ જ હોય તો મારા સ્થાને અથવા તો મારા દ્વારા તેઓ જ ક્રિયા કરતા હોય, તો પછી એમાં કોઈ પ્રકારે મલિનતા ભળવી ન જોઈએ. આ પ્રકારે જાણપણું રાખીને સત્પુરુષનું અનુસંધાન રાખવાથી ધીરે ધીરે બ્રહ્મભાવ કેળવાતો જાય છે.

પરંતુ આ ઉપાય અજમાવી શકાય, આત્મસાત્ કરી શકાય તે માટેની યોગ્યતા કે પાત્રતા તૈયાર થાય, તે માટે આ પૂર્વેના ત્રણેય ઉપાયો પણ અજમાવવા જોઈએ. તેથી આ સાધનાનો ક્રમ આ પ્રમાણે ગણાવી શકાય.

- *ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુઓના સ્વરૂપની નિષ્ઠા દૃઢ કરવી.*
- *પ્રગટ ગુણાતીત સત્પુરુષનો મન, કર્મ અને વચને દૃઢ પ્રસંગ કરીને એમને અતિશય પ્રસન્ન કરવા.*
- *ત્રણ દેહ, ત્રણ અવસ્થા અને ત્રણ ગુણથી જુદા પડીને પોતાના આત્માના*

*શુદ્ધ સ્વરૂપના ગુણનો વિચાર કરવો.*

- *ગુણાતીત સત્પુરુષને માયાપર નિર્દોષ, દિવ્ય સમજીને એમને જ પોતાનું સ્વરૂપ માનવું. એમને જ પોતાનો આત્મા માનવો. એમના ગુણોને પોતાને વિશે ધારવા. મન-કર્મ-વચને થતી પ્રત્યેક ક્રિયામાં પોતાનું સ્વરૂપ સત્પુરુષ છે એમ માનીને તેઓ જ આ ક્રિયા કરે છે એવું અનુસંધાન રાખવું.*
- *દેહભાવ ટળે અને બ્રહ્મભાવ કેળવાય તે માટે શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓને અંતઃકરણ પૂર્વક પ્રાર્થના કરવી.*

આ રીતે સાધક જો આળસનો ત્યાગ કરીને પ્રયત્ન કરે તો જરૂર આત્માનો અનુભવ થાય છે.***(વચ. પ્ર. ૨૦)*** નિરંતર આ વાતનો વેગ લાગે અને તેનો આલોચ રહ્યા કરે તો આ જ્ઞાન સિદ્ધ થાય છે.***(વચ. અં. ૩૯)***

## ૪.૫ વૈરાગ્ય

શ્રીજીમહારાજે એકાંતિક ધર્મમાં વૈરાગ્યનું સ્થાન પણ મહત્ત્વનું ગણ્યું છે. તેમણે ભક્તિમાં વિઘ્ન ન આવે તે માટે વૈરાગ્યની પણ આવશ્યકતા સમજાવી છે.

### ૪.૫.૧ વૈરાગ્યની આવશ્યકતા

- **વૈરાગ્યથી લાભ**

શ્રીજીમહારાજ વૈરાગ્યથી થતા લાભ વિશે કહે છે :

- *વિષયસુખની વાસનાની નિવૃત્તિ થઈ જાય છે.* *(વચ. સા. ૧)*
- *ભગવાનની મૂર્તિ વિના બીજા માયિક આકારમાત્ર ખોટા થઈ જાય છે.* *(વચ. અં. ૧)*
- *ધર્મમાં રહેવાય.* *(વચ. અં. ૨૯)*
- *પરમપદને પમાય છે.* *(વચ. કા. ૭)*

ગુણાતીતાનંદ સ્વામી પણ વૈરાગ્યની મહત્તા સમજાવતાં કહે છે :

- *“વૈરાગ્ય છે તે તો વિષય સાથે વેર કરાવે.”* *(સ્વા. વા. : ૧/૨૦)*
- *“વૈરાગ્યે કરીને નાશવંતપણું દેખાય એટલે બંધાય નહિ.”* *(સ્વા. વા. : ૫/૧૫૬)*
- *“વૈરાગ્ય છે તે રાગ ટાળવાનો કુહાડો છે.”* *(સ્વા. વા. : ૧૪/૧૦૨)*

વળી, શ્રીજીમહારાજે વાસના કે પંચ વિષયની આસક્તિ ટાળવા માટે,

જગતના વિક્ષેપોમાંથી નિર્લેપ રહેવાય તે માટે અને ભક્તિમાં વિઘ્ન ન આવે તે માટે આત્મનિષ્ઠા ને ભગવાનના માહાત્મ્યની સાથે સાથે વૈરાગ્યની કે જગતના નાશવંતપણાના અનુસંધાનની આવશ્યકતા ઘણાં વચનામૃતો***(વચ. પ્ર. ૬૦; સા. ૧; લો. ૧૦; મ. ૧)***માં સમજાવી છે. આ ઉપરાંત, ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રહે***(વચ. મ. ૩૬)***, ઈન્દ્રિયો જિતાય***(વચ. અં. ૧૧)*** અને સદાય સુખિયા રહેવાય***(વચ. અં. ૮)***, તે માટે અન્ય ઉપાયોની સાથે સાથે વૈરાગ્યનો પણ નિર્દેશ શ્રીજીમહારાજે કરેલો છે.

## ● વૈરાગ્ય વગર ખોટ

વૈરાગ્ય વગર સાધકને થતી ખોટ વિશે શ્રીજીમહારાજ કહે છે :

- *સમર્થ હોય છતાં માયિક પદાર્થમાં તણાઈ જાય. (વચ. પ્ર. ૩૪)*
- *ભગવાન વિના બીજા પદાર્થમાં પણ ભગવાનના જેવી પ્રીતિ થઈ જાય છે. (વચ. અં. ૧)*
- *જગતનું પ્રધાનપણું ન મટે ને ભગવાનમાં પ્રીતિ ન થાય. (વચ. અં. ૨)*
- *પ્રીતિ અને આત્મનિષ્ઠા તેની સિદ્ધિ થતી નથી. (વચ. પ્ર. ૧૯)*
- *સ્વભાવ ટાળ્યાની શ્રદ્ધા હોય તોય ન ટળે અને સાધુતાના ગુણ ન આવે. (વચ. મ. ૭)*

વળી, આત્મનિષ્ઠાની સાથે સાથે વૈરાગ્યની જો સમજણ ન હોય તો ભક્તને ઘણી કચાશ રહી જાય છે, એવું મહારાજે ***વચ. સા. ૧, ૧૫; અં. ૧*** વગેરે વચનામૃતોમાં સમજાવ્યું છે.

સાધકને વૈરાગ્ય વગર રહેતી ખોટ વિષે મહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે :

◆ *"જેમ ભોજન, પાત્ર તથા આભૂષણ અગ્નિ વિના તૈયાર થાય નહિ અને સુધરે નહિ, તેમ વૈરાગ્ય પક્વ થયા વિના મોક્ષનો માર્ગ સુધરે નહિ. વૈરાગ્યથી પાપરૂપી મળ બળી જાય છે. અગ્નિ પ્રગટ થાય નહિ ત્યાં સુધી કાગળમાં લખેલા અગ્નિથી કામ થાય નહિ, તેમ વૈરાગ્ય પ્રગટ્યા વિના કેવળ વૈરાગ્યની વાતથી પાપનો નાશ થાય નહિ. વૈરાગ્ય વિના મોક્ષની લાલચ રાખવી તે વ્યર્થ છે."*

*(પૂર : ૧, તરંગ : ૬૩)*

◆ *"વૈરાગ્ય વિનાના જનની ભક્તિ શોભતી જ નથી."*

*(પૂર : ૧, તરંગ : ૬૪)*

## ૪.૫.૨ વૈરાગ્યનું સ્વરૂપ

વૈરાગ્યની વ્યાખ્યા આપતાં શ્રીજીમહારાજ શિક્ષાપત્રીમાં કહે છે :

◆ *वैराग्यं ज्ञेयमप्रीतिः श्रीकृष्णेतरवस्तुषु।*

*શ્રીકૃષ્ણ ભગવાન વિના અન્ય પદાર્થમાં પ્રીતિ નહિ તે વૈરાગ્ય જાણવો.*

*(શિક્ષાપત્રી : ૧૦૪)*

શ્રીજીમહારાજ વૈરાગ્યનું સ્વરૂપ સમજાવતાં ***વચ. મ. ૧૦***માં કહે છે : *"જીવમાત્રનો એવો સ્વભાવ છે જે, 'સારું પદાર્થ દેખે ત્યારે તેથી ઊતરતું જે પદાર્થ હોય તેમાંથી સહેજે જ પ્રીતિ ટળી જાય છે'... જ્યારે ભગવાન સંબંધી સુખમાં દૃષ્ટિ પહોંચે ત્યારે જેટલું માયિક સુખ છે તે સર્વ થકી વૈરાગ્ય પામે છે અને એક ભગવાનની મૂર્તિમાં જ હેત થાય છે. એ વૈરાગ્યનું સ્વરૂપ કહ્યું છે."*

વૈરાગ્ય વિષે શ્રીજીમહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે : *"દેહ અને દેહનાં સંબંધી પદાર્થ જે સ્ત્રી, પુત્ર, ધન, પશુ, વાહન, આભૂષણ વગેરેમાં જે અરુચિ વર્તે તેને વૈરાગ્ય કહેવાય. ભગવાન વિના સારા-નરસા બધા જ પ્રકારના ભોગમાં તથા સ્વર્ગાદિક લોક સંબંધી ભોગમાં અરુચિ રહે, તે જ સાચો વૈરાગ્ય છે."*

*(પૂર : ૧, તરંગ : ૬૧)*

કેટલીક વાર ત્યાગને જ વૈરાગ્ય માની લેવામાં આવે છે. વસ્તુતઃ ફક્ત દૈહિક ત્યાગ હોય, પરંતુ અંતરમાં વિષયો પ્રત્યેનો રાગ હોઈ શકે. તેથી સાચો વૈરાગ્ય તો એ જ છે કે જેમાં ભગવાન સિવાય બીજા કશામાંય રાગ ન હોય.

શ્રીજીમહારાજે ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એમ ત્રણ પ્રકારના વૈરાગ્યનું સ્વરૂપ ***વચ. પ્ર. ૨*** અને ***લો. ૧***માં સમજાવેલ છે.

## ૪.૫.૩ વૈરાગ્યના ઉપાયો

સાધકના હૃદયમાં વૈરાગ્ય ઊપજે તે માટે જુદા જુદા ઉપાયો વચનામૃતમાં શ્રીજીમહારાજે દર્શાવ્યા છે. જેમ કે,

- **આત્મા-પરમાત્માનું જ્ઞાન**

જો આત્મા અને પરમાત્માના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય તો વિષયો પ્રત્યે વૈરાગ્ય ઊપજે છે અને વિષયોની નિવૃત્તિ થઈ જાય છે, એવું મહારાજ નીચેનાં વચનામૃતોમાં સમજાવે છે.

***પ્ર. ૭૩*** *– "જ્યારે આત્મનિષ્ઠા હોય અને ભગવાનની મૂર્તિનું યથાર્થ જ્ઞાન હોય, પછી એમ વિચારે જે, 'હું તો આત્મા છું, સચ્ચિદાનંદરૂપ છું અને પિંડ-બ્રહ્માંડ તો માયિક છે ને નાશવંત છે. માટે હું ક્યાં ? ને એ પિંડ-બ્રહ્માંડ ક્યાં ? અને મારા ઈષ્ટદેવ જે પુરુષોત્તમ ભગવાન તે તો અનંત કોટિ બ્રહ્માંડના આધાર જે અક્ષર તે થકી પણ પર છે. તે ભગવાનનો મારે દૃઢ આશરો થયો છે.' એવા વિચારમાંથી જે વૈરાગ્ય ઉદય થાય તે વૈરાગ્ય જ્ઞાને યુકત કહેવાય ને એ વૈરાગ્યનો કોઈ કાળે નાશ થાય નહિ. જેમ અગ્નિ બળતો હોય તેને માથે જળ પડે તો ઓલાઈ જાય અને વડવાનળ અગ્નિ સમુદ્રને વિશે છે તે જળનો ઓલાવ્યો ઓલાતો નથી; તેમ જે જ્ઞાને યુક્ત વૈરાગ્ય છે તે તો વડવાનળ અગ્નિ તથા વીજળીનો અગ્નિ તેવો છે, તે કોઈ કાળે ઓલાઈ નહિ અને તે વિના બીજા વૈરાગ્યનો તો વિશ્વાસ આવે નહિ."*

***સા. ૧*** *– "એક તો વિષયની નિવૃત્તિનું કારણ આત્મનિષ્ઠા છે અને બીજું માહાત્મ્યે સહિત જે ભગવાનનું જ્ઞાન તે છે... એવી રીતે જે આત્મજ્ઞાન અને પરમાત્માનું જ્ઞાન તેમાંથી જે વૈરાગ્ય પ્રકટે તે વૈરાગ્યે કરીને સર્વ વિષયસુખની વાસનાની નિવૃત્તિ થઈ જાય છે."*

આવી જ વાત મહારાજે આ ઉપરાંત ***વચ. લો. ૧૦, ૧૭; અં. ૨૪, ૩૯*** વગેરે વચનામૃતોમાં કરી છે.

## ● સાંખ્યજ્ઞાન

સાંખ્યજ્ઞાનથી કેવી રીતે વૈરાગ્ય ઊપજે છે તે સમજાવતાં શ્રીજીમહારાજ ***વચ. મ. ૨૪***માં કહે છે : *"સાંખ્યનિષ્ઠાવાળો જે ભગવાનનો ભક્ત તે તો મનુષ્યનાં સુખ તથા સિદ્ધ, ચારણ, વિદ્યાધર, ગંધર્વ, દેવતા એ સર્વેનાં જે સુખ તેને સમજી રાખે તથા ચૌદ લોકની માંહેલી કોરે જે સુખ છે તે સર્વેનું પરિમાણ કરી રાખે જે, 'આ સુખ તે આટલું જ છે.' અને એ સુખની કેડ્યે જે દુઃખ રહ્યું છે તેનું પણ પરિમાણ કરી રાખે. પછી દુઃખે સહિત એવાં જે એ સુખ તે થકી વૈરાગ્યને પામીને પરમેશ્વરને વિષે જ દૃઢ પ્રીતિ રાખે. એવી રીતે સાંખ્યનિષ્ઠાવાળાને તો સમજણનું બળ હોય."*

સાંખ્ય વિચાર વગર જગતના વિષયોમાંથી વૃત્તિ પાછી ન વળે. તેથી જ તો ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ *"સાંખ્ય વિચાર કરવા શીખવો. ને સાંખ્ય વિના લોભ, કામ, સ્વાદ, સ્નેહ ને માન એ પાંચ દોષ તથા અધ્યાત્મ, અધિભૂત ને અધિદૈવ એ ત્રણ તાપ એ સર્વેનું*

*દુઃખ મટે નહિ. ને સાંખ્ય વિના અરધો સત્સંગ કહેવાય. માટે સુખિયા રહેવાને અર્થે સાંખ્ય વિચાર શીખવો.''* *(સ્વા. વા. : ૧/૨)*

◆ *''સાંખ્ય વિચાર કરવાની બહુ વાત કરી. તે સાંખ્ય વિચાર તો નિત્ય નિયમ રાખીને કરવો, ને સાંખ્ય વિના તો અરધો સત્સંગ કહેવાય, ને સાંખ્ય વિના સુખ થાય નહિ, ને સાંખ્ય છે તે તો આંખ છે, ને આંખે કરીને સર્વે દેખાય. દત્તાત્રેય સાંખ્યવાળા ને સુખિયા રહેતા. માટે સાંખ્ય વિચાર કરવા માંડે તો આવડે ને ધીરે ધીરે સિદ્ધ થાય. તેમાં સાંખ્ય શું ? જે, આ લોક, ભોગ, સર્વે ખોટું છે, ને આત્મા છે તે સત્ય છે ને આકાશ સરખો નિર્લેપ છે, ને દેહ, ઈન્દ્રિયું, અંતઃકરણ અસંગી છે.''* *(સ્વા. વા. : ૧/૨૭૯)*

◆ *''સાંખ્યે કરીને વિષયનો નિષેધ થઈ જાય તો તેમાં માલ ન જ રહે. માયાના ગુણથી રહિત થાવું હોય તેને સાંખ્ય વિચારે કરીને બધું ખોટું કરી નાખવું.... તે સો વરસે કરો પણ કરે જ છૂટકો છે.''* *(સ્વા. વા. : ૧૩/૨૨૮)*

આમ, વિષયનો રાગ ટાળવા માટે નિત્ય સાંખ્ય વિચાર કરવો જરૂરી છે.

સાંખ્યજ્ઞાનમાં નીચે જણાવ્યા પ્રમાણે ત્રણ વિચારની દૃઢતા કરવાની છે.

૧. દેહ અને જગતનું નાશવંતપણું

૨. પંચવિષયનું સુખ તુચ્છ, ક્ષણિક અને અંતે દુઃખનું કારણ

૩. પંચવિષયના ભોગની અતૃપ્તિ

હવે આપણે આ ત્રણેય મુદ્દામાં શું વિચારવાનું છે તે ક્રમાનુસાર જોઈએ.

## ૧. દેહ અને જગતનું નાશવંતપણું

શ્રીજીમહારાજ નીચેનાં વચનામૃતોમાં જણાવે છે કે ચાર પ્રકારના પ્રલય દ્વારા જગત અને જગતના સર્વે પદાર્થોને કાળનું ભક્ષણ અર્થાત્ નાશવંત સમજે તો કોઈ પદાર્થમાં કે પંચવિષયમાં મોહ ન થાય.

***લો. ૯*** *– ''નિત્ય પ્રલયને જાણે, નૈમિત્તિક પ્રલયને જાણે, પ્રાકૃત પ્રલયને જાણે અને આત્યંતિક પ્રલયને જાણે તથા બ્રહ્માદિક સ્તંભ પર્યંત સર્વ જીવના આયુષને જાણે અને એમ જાણીને પિંડ-બ્રહ્માંડ સર્વ પદાર્થને કાળનું ભક્ષ સમજે ત્યારે વૈરાગ્ય ઊપજે.''*

***મ. ૨૪*** *– ''ભગવાનનો ભક્ત હોય તે તો ભગવાનની મૂર્તિ વિના બીજા કોઈ પદાર્થમાં લોભાય જ નહિ, અને એમ સમજે જે, 'ભગવાનનું જે અક્ષરધામ ને તે ધામને વિષે રહ્યા એવા જે ભગવાનના ભક્ત તે વિના જે જે લોક છે ને તે*

*લોકને વિષે રહ્યા એવા જે દેવ છે ને તે દેવના જે વૈભવ છે તે સર્વે નાશવંત છે.' એમ જાણીને એક ભગવાનને વિષે જ દૃઢ પ્રીતિ રાખે છે.''*

## ૨. પંચવિષયનું સુખ તુચ્છ, ક્ષણિક અને અંતે દુઃખનું કારણ

### ❖ પંચવિષયમાં સુખ નથી

કેળાં કે સફરજન ખાવાની ગમે તેટલી આસક્તિ હોય, પરંતુ જો તે પ્લાસ્ટિકનાં બનાવટી હોય, તો તે લઈને ખાવાનું મન થાય ? ના, કારણ કે આપણને પ્રતીતિ છે કે એમાં કાંઈ સુખ નથી. એવી જ રીતે જગતના વિષયોમાં સુખ નથી એવી પ્રતીતિ થાય, તો તેની પાછળ વલખાં ન મારીએ. એમ ભગવાન અને સંતનાં વચનમાં અતિશય દૃઢ વિશ્વાસથી દૃઢતા કરવાની છે કે જગતના વિષયોમાં કોઈ માલ નથી, કોઈ સુખ નથી. ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ *''વિષયમાં સુખ છે એવી તો કોઈ મોટાએ કલમ મૂકી જ નથી.''*

*(સ્વા. વા. : ૨/૬)*

◆ *''વળી, એટલું તો એમ સમજવું જે, જો વિષયમાં સુખ હોય તો તેની આપણને મહારાજ બંધી શા સારુ કરે ? માટે એમાં તો સુખ જ નથી. ને એમાં સુખ મનાય છે એ અજ્ઞાન છે. ને મોટા મોટા એ માર્ગે ચાલતા નથી.''*

*(સ્વા. વા. : ૨/૧૬૫)*

◆ *''સાંખ્યવાળાને તો આ લોક સર્વે નર્ક જેવું લાગે છે, પણ ક્યાંઈ માલ મનાય નહિ. ને આ કારખાનું તો સર્વે ધૂડ્યનું છે, માટે તેમાં માલ માનવો નહિ.''*

*(સ્વા. વા. : ૧/૧૨૭)*

આ રીતે જો જગતમાં સુખ છે જ નહિ એમ સમજાય અને મનાય તો એની પાછળની આંધળી દોટ અટકી જાય.

### ❖ પંચવિષયનું સુખ તુચ્છ અને ક્ષણિક

કદાચ આપણને જગતમાં સુખ છે જ નહિ એમ ન મનાય, તો એટલું પણ જો માનીએ કે એ સુખ ભગવાનના સુખ આગળ અત્યંત તુચ્છ છે અને સાથે સાથે ક્ષણિક છે અર્થાત્ નાશવંત છે, તોપણ ભગવાનના સુખને મૂકીને એવાં તુચ્છ અને ક્ષણિક સુખ પાછળ વલખાં ન મારીએ. બંગલો છોડીને ઝૂંપડામાં કોણ જાય ? મર્સીડીઝ ગાડીના બદલામાં જૂની અને ભાંગેલી સાઇકલ તો શું, પરંતુ નવી સાઇકલ પણ કોણ લે ? કોહિનૂર હીરાના બદલામાં સફરજન કોણ લે ?

કોઈ ના લે, કારણ કે કીમતી વસ્તુના બદલામાં જે મળનાર છે તે અત્યંત અલ્પ અને તુચ્છ છે.

ભગવાનના અનંત, અપાર અને દિવ્ય સુખની તુલનામાં ચૌદ લોકના બ્રહ્માંડનું તથા પંચવિષયોનું સુખ અતિ તુચ્છ અને ક્ષણિક છે, એવી મહારાજે અનેક વચનામૃતોમાં વાત કરી છે. થોડાક સંદર્ભો વિચારીએ.

***સા. ૧*** *– "ભગવાનનું જે એક નિમેષમાત્રનું દર્શન તે ઉપર અનંત કોટિ બ્રહ્માંડનાં જે વિષયસુખ છે તે સર્વેને વારીફેરીને નાંખી દેઈએ અને ભગવાનના એક રોમમાં જેટલું સુખ રહ્યું છે તેટલું સુખ જો અનંત કોટિ બ્રહ્માંડનાં વિષયસુખ ભેળાં કરીએ તોપણ તેના કોટિમા ભાગની બરોબર પણ થાય નહિ. અને જે ભગવાનનું અક્ષરધામ છે તેની આગળ બીજા જે દેવતાના લોક છે, તેને મોક્ષધર્મને વિશે નરકતુલ્ય કહ્યા છે. એવા જે ભગવાન તે મને પ્રકટ મળ્યા છે. તેને મૂકીને નરકના કુંડ જેવાં જે વિષયનાં સુખ તેને હું શું ઈચ્છું ? અને વિષયસુખ તો કેવળ દુઃખરૂપ જ છે.' એવી રીતે ભગવાનનું માહાત્મ્ય જાણવે કરીને વિષયની નિવૃત્તિ થાય છે."*

***લો. ૧૮*** *– "ભગવાન તો સચ્ચિદાનંદરૂપ છે ને... અતિશય સુખ-સ્વરૂપ છે. અને જેના સુખની આગળ અનંત રૂપવાન સ્ત્રીઓને જોયાનું જે સુખ તે તુચ્છ થઈ જાય છે અને આ લોક-પરલોક સંબંધી જે પંચ વિષયનાં સુખ તે ભગવાનની મૂર્તિનાં સુખ આગળ તુચ્છ થઈ જાય છે."*

***પં. ૧*** *– "એવી રીતે ભગવાનનાં સુખને અતિશય જાણીને બીજાં જે જે પંચવિષયનાં સુખ તેને વિશે બુદ્ધિવાનને તુચ્છતા થઈ જાય છે અને તે ભગવાનનાં સુખ આગળ બ્રહ્માદિકનું સુખ તો જેવું ભારે ગૃહસ્થને બારણે કોઈક રાંક ઠીકરું લઈને માગવા આવ્યો હોય તેના જેવું છે."*

***વર. ૧૬*** *– "ભગવાનના ભજનના સુખ આગળ તો ચૌદ લોકનું જે સુખ તે નરક જેવું કહ્યું છે. માટે જે ભગવાનને સુખે સુખિયો થયો હોય તેને તો બ્રહ્માંડને વિશે જે વિષયનું સુખ છે તે નરકતુલ્ય ભાસે છે."*

આમ, જગતના વિષયોનું સુખ અત્યંત તુચ્છ છે એટલું જ નહિ, પરંતુ તે સુખ ક્ષણિક અને નાશવંત છે. ***(વચ. મ. ૧, વર. ૯, અં. ૨૭)***

### ❖ જગતના પંચવિષયોનું સુખ અંતે મહા દુઃખનું કારણ

કદાચ આપણને પંચવિષયમાં અત્યારે જે સુખ આવે છે તે અલ્પ નહિ, પરંતુ ખૂબ જ આવતું હોય, તોપણ યાદ રાખીએ કે અંતે તે અપાર દુઃખનું કારણ છે.

પંચવિષયની આસક્તિએ જ આપણને અનંત જન્મો લેવરાવીને અનંત દુઃખો ભોગવાવ્યાં છે. ભલે એ આપણને યાદ નથી, પરંતુ શાસ્ત્રોનાં, ભગવાન અને ગુણાતીત સંતોનાં વચનો ખોટાં નથી. તેઓ તો ત્રિકાળજ્ઞાની છે, સર્વજ્ઞ છે અને જીવોના હિતાર્થે એમને અનંત પ્રકારનાં દુઃખોમાંથી બચાવી લેવા માટે તેમણે ઉપદેશ આપ્યો છે.

આ પ્રકારનાં વચનોમાં અતિશય શ્રદ્ધા અને વિશ્વાસ હોય તો પંચ-વિષયોનું સુખ અંતે મહાદુઃખનું કારણ બને છે એ મનાય.

શ્રીજીમહારાજ કહે છે :

***સા. ૧*** *– "વિષયસુખ તો કેવળ દુઃખરૂપ જ છે."*

***વ. ૧૭*** *– "માયિક જે પંચવિષય તેને ભોગવે કરીને જીવને નરકના કુંડની પ્રાપ્તિ થાય છે ને મહાદુઃખ ભોગવવાં પડે છે."*

***અં. ૨૭*** *– "માયિક વિષયમાં ભિન્નભિન્નપણે સુખ રહ્યું છે અને તે સુખ તો તુચ્છ છે ને નાશવંત ને અંતે અપાર દુઃખનું કારણ છે."*

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ *"જેટલું કાંઈ માયામય સુખ છે તે સર્વે દુઃખ વિનાનું હોય નહિ, એ વાત પણ એક જાણી રાખવી."* *(સ્વા. વા. : ૧/૨૫)*

◆ *"સંસારમાં સુખ જેવું જણાય છે પણ તેમાં તો દુઃખ છે. જેમ શેરડીના સાંઠામાં ઈયળ પડે તે સુખ માને છે, પણ ચિચોડામાં ભૂકા નીસરશે. ને કાગડાને શ્રાદ્ધના સોળ દિવસનું સુખ ને પછી બંધૂકની ગોળિયું ખાવાની છે તેમ."*

*(સ્વા. વા. : ૨/૪૭)*

## ૩. પંચવિષયના ભોગની અતૃપ્તિ

સાધકે વિચાર કરવો જોઈએ કે પંચવિષયો ભોગવવાથી કોઈ કાળે તૃપ્તિ થાય તેમ નથી. શ્રીજીમહારાજ કહે છે :

***મ. ૪૭*** *– "પંચ વિષય છે તે તો પૂર્વે દેવ-મનુષ્યાદિકને વિશે અનંત દેહે કરીને આપણે જીવે ભોગવ્યા છે, તોપણ હજી લગણ એ વિષયની તૃપ્તિ થઈ નથી, તો હવે ભગવાનના ભક્ત થઈને વર્ષ કે બે વર્ષ કે પાંચ વર્ષ વિષય ભોગવીને પૂર્ણ થવાશે નહિ. જેમ પાતાળ સુધી પૃથ્વી ફાટી હોય તેને પાણીએ કરીને ભરવા માંડીએ તે ક્યારેય ભરાય નહિ, તેમ ઈન્દ્રિયો છે તેને ક્યારેય વિષય થકી તૃપ્તિ થઈ નથી ને થશે પણ નહિ"*

***અં. ૧૪*** *– "આ જીવે કેટલીક વાર દેવતા થઈને દેવલોકનાં પણ સુખ ભોગવ્યાં છે ને કેટલીક વાર ચક્રવર્તી રાજા થઈને પૃથ્વીમાં પણ અનંત સુખ ભોગવ્યાં છે, તોપણ એ જીવને સ્ત્રીઆદિક જે પદાર્થ છે તેને ભોગવ્યાની તૃષ્ણા ટળતી નથી."*

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

- *"વિષય ભોગવવાનો કોટિ કલ્પથી ખાડો પડેલો છે, તે પુરાય તેવો નથી."*
  *(સ્વા. વા. : ૫/૨૦૮)*
- *"કરોડ જન્મ થયા વિષય ભોગવ્યા છે પણ તેનો અંત નથી આવ્યો."*
  *(સ્વા. વા. : ૧૪/૧૩૯)*
- *"વિષયનો તો કોઈને ઓડકાર આવ્યો નથી ને આવશે પણ નહિ."*
  *(સ્વા. વા. : ૧૪/૧૪૫)*

વૈરાગ્ય ઊપજ્યાના ઉપરોક્ત સર્વે ઉપાયોનો સાર એટલો જ છે કે સાક્ષાત્ ભગવાન કે ગુણાતીત સત્પુરુષનો મન, કર્મ અને વચને સંગ કરીને જીવાત્મા, જગદીશ અને જગતનું જ્ઞાન થાય તો વૈરાગ્ય ઊપજે. એમનાં વચનમાં અતિશય શ્રદ્ધા અને વિશ્વાસથી આ ત્રણેયનાં સાચાં સ્વરૂપ સમજાય છે, તેથી જગત અને પંચવિષયો પ્રત્યે રહેલો રાગ ટળી જાય છે.

અહીં સુધી આપણે સ્વધર્મનિષ્ઠા અર્થાત્ એકાંતિક ધર્મ અંતર્ગત ભક્તિની સંપૂર્ણ વિભાવનાની સાથે સાથે તેનાં સહાયક અંગો તરીકે ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યનું નિરૂપણ કર્યું. હવે આપણે એકાંતિક ધર્મ અંગે અન્ય કેટલીક બાબતો સમજીએ.

## ૪.૬ સ્વધર્મનિષ્ઠા અર્થાત્ એકાંતિક ધર્મની વિશેષ વિભાવના

### ૪.૬.૧ એકાંતિક ધર્મ સિદ્ધ કરવાના ઉપાયો

એકાંતિક ધર્મ પામવાનો, તેનું પોષણ કરવાનો અને તે સિદ્ધ કરવાનો ઉપાય બતાવતાં શ્રીજીમહારાજ કહે છે :

- *साक्षाद् भगवतः सङ्गात् तद्भक्तानां च वेदृशाम्।*
  *धर्मो ह्येकान्तिकः पुम्भिः प्राप्यते नाऽन्यथा क्वचित्॥*

*અર્થ : પ્રત્યક્ષ ભગવાન કે એકાંતિક ભક્તના સંગથી પુરુષ એકાંતિક ધર્મ પામે છે. એ વિના બીજે કોઈ પ્રકારે ક્યારેય પણ એ એકાંતિક ધર્મ પમાતો નથી.*

*(સત્સંગિજીવન : એકાંતિક ધર્મ; ૩૪)*

***પ્ર. ૬૦*** *– "આવી રીતનો જે એકાંતિક ધર્મ તે તો જે એવા નિર્વાસનિક*

*પુરુષ હોય અને જેને ભગવાનને વિષે સ્થિતિ થઈ હોય તેને વચને કરીને જ પમાય, પણ ગ્રંથમાં લખી રાખ્યો હોય તેણે કરીને નથી પમાતો અને કોઈક સાંભળીને તેવી ને તેવી વાત કહેવા જાય તો કહેતાં પણ આવડે નહિ, માટે જેને એકાંતિકના ધર્મમાં સ્થિતિ થઈ હોય તે થકી એકાંતિકનો ધર્મ પમાય છે.''*

***પ્ર. ૫૪*** *– ''સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાન તેણે સહિત જે ભગવાનની ભક્તિ તેણે યુક્ત એવા જે ભગવાનના એકાંતિક સાધુ તેના પ્રસંગ થકી ભાગવત ધર્મ(એકાંતિક ધર્મ)નું પોષણ થાય છે.''*

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી પણ ધર્માદિક ગુણોને સિદ્ધ કરવાનો ઉપાય બતાવતાં કહે છે, *''જે મુમુક્ષુને એકાંતિક ધર્મ સિદ્ધ કરવો હોય ને સાક્ષાત્ અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામીને સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણની અખંડ સેવામાં રહેવું હોય, તેને તેવા સંતમાં સર્વ પ્રકારે અંતરાયે રહિત થઈને જોડાવું. પણ તે વિના પોતાની બુદ્ધિબળે કરીને શાસ્ત્રમાંથી શીખીને પણ એ એકાંતિક ધર્મ પમાતો નથી. એ તો એકાંતિક થકી જ એકાંતિક ધર્મ પમાય છે, તેમ પ્રથમના સાઠના વચનામૃતમાં કહ્યું છે.''* *(સ્વા. વા. : ૮/૧૫)*

ભગતજી મહારાજ કહે છે : *''એવો જે એકાંતિક ધર્મ તે એકાંતિક થકી જ પમાય છે. માટે એકાંતિકમાં જ્યારે મન, કર્મ અને વચને જોડાઈ જાય અને તેને સર્વે દોષ રહિત અને સર્વજ્ઞ જાણે, તો જ એકાંતિક ધર્મ પમાય છે. એ સિવાય બીજા કોટિ ઉપાયે પણ પમાતો નથી.''* *(બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત; પૃષ્ઠ : ૨૮૫)*

આ રીતે એકાંતિક ધર્મના ધારક એવા ગુણાતીત સત્પુરુષ થકી જ એકાંતિક ધર્મ પમાય છે.

## ૪.૬.૨ એકાંતિક ભક્ત કેવી રીતે વર્તે ?

જેના જીવનમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાને સહિત ભક્તિએ યુક્ત એકાંતિક ધર્મ સિદ્ધ થયો છે, એવા ભક્તનું વર્તન કેવું હોય તે મહારાજે વચનામૃતમાં સમજાવ્યું છે.

***પ્ર. ૬૦*** *– ''વાસના રહિત વર્તવું એ એકાંતિકનો ધર્મ છે. માટે વાસના ટાળે તે જ એકાંતિક છે.''*

***મ. ૪૮*** *– ''ભક્તને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પંચવિષય હોય તોપણ ભગવાન સંબંધી જ હોય; અને તેના શ્રવણ તે અખંડ ભગવાનની કથા સાંભળવાને ઈચ્છે અને ત્વચા તે ભગવાનનો સ્પર્શ કરવા ઈચ્છે અને નેત્ર તે*

*ભગવાન ને ભગવાનનાં સંતનાં દર્શન કરવા ઈચ્છે અને રસના તે ભગવાનના મહાપ્રસાદના સ્વાદને ઈચ્છે અને નાસિકા તે ભગવાનને ચડ્યાં જે પુષ્પ-તુલસી તેના સુગંધને ઈચ્છે પણ પરમેશ્વર વિના અન્ય વસ્તુને સુખદાયી જાણે જ નહિ. એવી રીતે જે વર્તે તે ભગવાનનો એકાંતિક ભક્ત કહેવાય.''*

એકાંતિક ભક્તનું વર્તન કેવું હોય તે સમજાવતાં યોગીજી મહારાજ કહે છે : *''ખરેખરા એકાંતિક હોય તે ચોવીસ કલાક કથાવાર્તા જ કરે. તે સિવાય એક મિનિટ પણ જાય નહિ. એવો હોય તે મહારાજની આજ્ઞા સહેજ પણ લોપે નહિ. અધર્મ સહેજ પણ ન કરે. જગતની ગંધ પણ ન હોય. ભગવાન વિના બીજો સંકલ્પ પણ ન કરે. ધામ, ધામી અને મુક્ત સિવાય બીજે મન જાય જ નહિ. સુહૃદપણું, નિર્દોષબુદ્ધિ અખંડ રહે. આસક્તિરહિત અંતઃકરણ થાય ત્યારે ભગવાન સિવાય બીજો શબ્દ ન નીકળે. અખંડ આનંદના ફુવારા છૂટે તે બ્રહ્મની સ્થિતિ.''*

## ૪.૬.૩ એકાંતિક ભક્તને પ્રાપ્ત થતું ફળ

જીવનમાં એકાંતિક ધર્મ સિદ્ધ થાય એનું ફળ લૌકિક માન, મોટપ, પ્રતિષ્ઠા કે કીર્તિ નથી; પરંતુ ભગવાન અને ગુણાતીત સંતની અતિશય પ્રસન્નતા અને કૃપા પ્રાપ્ત થાય એ જ છે. એમનો રાજીપો થાય એ કોઈ સામાન્ય વસ્તુ નથી. એમના રાજીપામાં જ જીવનની સાચી સાર્થકતા છે.

જેણે જીવનમાં એકાંતિક ધર્મ સિદ્ધ કર્યો છે એવા ભક્તને ભગવાનની અતિશય પ્રસન્નતા તો પ્રાપ્ત થાય જ છે***(વચ. પ્ર. ૨૧; મ. ૬૬),*** પરંતુ સાથે સાથે તેને દેહ છતાં જ ભગવાનની જ તીવ્ર લગની લાગે છે. અગાઉ જણાવ્યા પ્રમાણે તેમનું સમગ્ર જીવન ભગવાનમય બની જાય છે. ભગવાન વગર એક ક્ષણ પણ વીતે નહિ. આ અર્થમાં એનો ભગવાનમાં પ્રવેશ થઈ જાય છે. અંતે પરમપદને પામે છે.***(વચ. મ. ૩૮; અં. ૩૩)***

દેહ મૂક્યા પછી એકાંતિક ભક્તને થતી પ્રાપ્તિ વિશે શ્રીજીમહારાજ ***વચ. પ્ર. ૨૧***માં કહે છે : *''એવો જે એકાંતિક ભક્ત તે દેહનો ત્યાગ કરીને સર્વે માયાના ભાવથી મુક્ત થઈને, અર્ચિમાર્ગે કરીને ભગવાનના અક્ષરધામને પામે છે... અને એ અક્ષરધામને પામ્યો જે ભક્ત તે પણ અક્ષરના સાધર્મ્યપણાને પામે છે અને ભગવાનની અખંડ સેવામાં રહે છે.''*

આમ, સાધક સ્વધર્મનિષ્ઠા એટલે કે એકાંતિક ધર્મ જીવનમાં દૃઢ કરે, તો સાધનાની સફળતારૂપે ઉચ્ચતમ આધ્યાત્મિક સ્થિતિ અને ગતિ પ્રાપ્ત કરી શકે છે.

# ૫.
# સંપનિષ્ઠા

---

ભગવાન સ્વામિનારાયણે અધ્યાત્મ-સાધનાનો જે રાહ દર્શાવ્યો છે તે વિશિષ્ટ પ્રકારનો છે. તેમણે જંગલમાં કે હિમાલયમાં જઈને એકાંતમાં સાધના કરવાનું સૂચવ્યું નથી. ગૃહસ્થોને સમાજમાં સૌની વચ્ચે રહીને, કુટુંબ અને સમાજની જવાબદારીઓ નિભાવતાં નિભાવતાં સાધના કરવાનું સમજાવ્યું છે. ત્યાગીવર્ગને પણ સંસારનો ત્યાગ કરવા છતાં સમાજમાં સૌ સાથે રહીને અનેકવિધ સામાજિક, નૈતિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓનું વહન કરતાં કરતાં સાધના કરવાનું શીખવ્યું છે.

એકાંતની સાધનામાં સાધક એકલો છે. એને કોઈની સાથે કલેશ કે સંઘર્ષ થવાનો પ્રશ્ન જ નથી. એને ફક્ત એના અંતઃશત્રુઓ સાથે જ સંઘર્ષ છે. જોકે સમૂહમાં રહ્યા વગર, સાથે પ્રવૃત્તિ કર્યા વગર માન, ઈર્ષ્યા, મત્સર, ક્રોધાદિક દૈહિક ભાવોને પ્રગટ થવાની શક્યતા જ ઓછી રહે છે. ઘણી વાર તે ટળ્યા વગર દબાયેલા રહે છે. એકાંતની સાધનામાં આ ખોટ છે.

સમૂહમાં રહીને પ્રવૃત્તિ કરવાથી આ દૈહિક ભાવોને પ્રગટ થવાની શક્યતા વધારે રહે છે. તેથી સાધકને ખ્યાલ આવે છે કે મારામાં આ સ્વભાવો પડેલા છે. તેનું યોગ્ય નિદાન કરીને પછી તે ટાળવાનો પ્રયત્ન કરે છે અને અંતે ભગવાન અને સંતની કૃપાથી ટળી જાય છે.

પરંતુ સમૂહમાં રહીને પ્રવૃત્તિ કરવાથી પરસ્પર સંઘર્ષ થવાના સંજોગો અને પ્રસંગો બને છે, કારણ કે દરેક સાધક પોતાના જ દૃષ્ટિકોણથી જોવાનો, વિચારવાનો અને પ્રવૃત્તિ કરવાનો. આવી પરિસ્થિતિમાં પારસ્પરિક મતભેદો થવાની, કુસંપ થવાની અને એના પરિણામે સાધનામાં વિક્ષેપ થવાની શક્યતાઓ રહે છે. આવું ન બને તે માટે શ્રીજીમહારાજે અને ગુણાતીત ગુરુઓએ સૌ આશ્રિત સાધકોને સંપ રાખવાનો અને સૌ સાથે હળીમળીને સાધના કરવાનો આદેશ આપ્યો છે.

## ૫.૧ સંપનિષ્ઠાનું તાત્પર્ય

જોકે વચનામૃતમાં 'સંપ' શબ્દ નથી આવતો, પરંતુ એટલું તો જરૂર કહી શકાય કે એના તાત્પર્યમાં મહારાજે 'પક્ષ' શબ્દનો પ્રયોગ કરેલો છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના કેટલાક અન્ય ગ્રંથોમાં તથા સંપ્રદાયના દરેક કેન્દ્રમાં થતી કથાવાર્તાઓમાં ક્યારેક ફક્ત સંપ, ક્યારેક ફક્ત સુહૃદભાવ, તો ક્યારેક સંપ-સુહૃદભાવ એમ બે શબ્દો, તો ક્યારેક સંપ-સુહૃદભાવ-એકતા એમ ત્રણેય શબ્દોનો ઉપયોગ થાય છે, પરંતુ દરેક વખતે કહેવાનું તાત્પર્ય તો પ્રાયઃ એક સમાન જ છે.

સૌ સાથે મળીને સમાનભાવે કે મિત્રભાવે એક થઈને જીવવું, વર્તવું કે કાર્ય કરવું એ સંપ, સુહૃદભાવ અને એકતાનો સામૂહિક અર્થ છે. તેમ છતાં પ્રત્યેક શબ્દનો પોતાનો આગવો અર્થ પણ છે. જેમ કે,

**સંપ :** સંપ એટલે સંગઠન. દેહે કરીને એક સાથે ભેગા રહીને કાર્ય કરવું. એક જ દોરીથી ભારામાં બધી લાકડીઓ બંધાયેલી હોય, એમ એક જ ઈષ્ટદેવ કે એક જ ગુરુના સૌ આશ્રિતો એકનિષ્ઠાથી એક જ સંસ્થાના નેજા નીચે સંગઠિત રહે એ સંપ છે.

**સુહૃદભાવ :** સૌ સાથે પરસ્પરના હિતની કામના સાથે મિત્રભાવે જીવવું, વર્તવું કે કાર્ય કરવું.

યોગીજી મહારાજ સુહૃદભાવની વ્યવહારુ વ્યાખ્યા સમજાવતાં કહે છે :

◆ *"સુહૃદભાવ શું ? પોતે ભૂખ્યો રહે ને બીજાને જમાડે, કપડાં આપે."*

◆ *"સુહૃદભાવ એટલે સૌથી નાનામાં નાનો હરિભક્ત એ આપણા કરતાં મોટો છે, આપણે દાસના દાસ છીએ એમ સમજાય ત્યારે સુહૃદભાવ આવ્યો કહેવાય."*

◆ *"વાંક નજરમાં ન આવે તે સુહૃદભાવ. સો અવગુણમાં એક ગુણને આગળ કરે."*

◆ *"કો'કે ગુનો કર્યો હોય તો 'તે મેં કર્યો છે' એમ તેને બચાવી લેવો એનું નામ સુહૃદભાવ. 'ઈ જ લાગનો છે,' એમ મનમાં લાવીએ તો સુહૃદભાવ વયો ગયો."*

**એકતા :** સૌને વિશે મનથી એકપણું મનાય કે આપણે સૌ એક જ છીએ, કારણ કે આપણા સૌના ઈષ્ટદેવ એક છે, ગુરુ એક છે, સૌનો સિદ્ધાંત એક છે, સૌની ઉપાસના એક છે, સૌનું ધ્યેય એક છે, સૌનો સાધનામાર્ગ પણ એક જ છે. પરસ્પર જુદાપણું મનાય જ નહિ. આવો ઐક્યભાવ એ જ એકતા.

આ રીતે સૂક્ષ્મતાથી વિચારીએ તો દરેક શબ્દનો અર્થ કંઈક વિશિષ્ટ છે. તેમ છતાં આ ત્રણેય શબ્દોનું સામૂહિક તાત્પર્ય તો અગાઉ જણાવ્યું તે જ છે. આ તાત્પર્યના અનુસંધાનમાં જ, એમાંથી ક્યારેક એક, ક્યારેક બે કે ક્યારેક ત્રણેય શબ્દો એક સાથે વપરાય છે. અહીં આપણે 'સંપનિષ્ઠા'ના નિરૂપણમાં સરળતા રહે, તે માટે ફક્ત 'સંપ' શબ્દ જ ઉપરોક્ત ત્રણેય શબ્દોના સામૂહિક તાત્પર્યાર્થ માટે વાપરીશું.

## ૫.૨ સંપની આવશ્યકતા

વ્યાવહારિક જીવનમાં કે આધ્યાત્મિક જીવનમાં સંપની અત્યંત આવશ્યકતા છે. તેના અભાવે થતા નુકસાન અને તેને લીધે થતા લાભનો વિચાર કરીને તેની આવશ્યકતા સમજીએ.

### ૫.૨.૧ સંપ વગર ખોટ

પરસ્પર સંપ, સુહૃદભાવ અને એકતા ન હોય તથા તેના અભાવે જો કુસંપ હોય, તો કોઈ પણ વ્યક્તિ, કુટુંબ, સંસ્થા કે સમાજ, દેશ કે સમગ્ર વિશ્વને અનેક પ્રકારે નુકસાન થાય છે. જેમ કે,

- *પરસ્પર ક્લેશ, કંકાસ, ઝઘડા, મારામારી અને યુદ્ધો થાય.*
- *સમય અને શક્તિનો ખૂબ વ્યય થાય.*
- *વ્યક્તિગત કે સામૂહિક અશાંતિ અને ઉદ્વેગ રહે, સમગ્ર વાતાવરણ તંગ રહે, સૌનાં મન વિક્ષિપ્ત રહે.*
- *ભૌતિક કે આધ્યાત્મિક વિકાસ કે પ્રગતિ રૂંધાય.*
- *ભૌતિક કે આધ્યાત્મિક માર્ગે નિષ્ફળતા મળે.*
- *ક્યારેક તો સર્વસ્વ ગુમાવવું પડે.*
- *ક્યારેક તો વિનાશ પણ સર્જાય. એમાં આપણું અસ્તિત્વ ન રહે.*
- *ભગવાન અને ગુણાતીત સંતનો કુરાજીપો થાય.*

આજના વિશ્વની જો કોઈ મોટામાં મોટી સમસ્યા હોય તો તે કુસંપ છે. અર્થાત્ સંપ, સુહૃદભાવ અને એકતાનો અભાવ છે. આજે સંપની તંગી છે. વિશ્વમાં ક્યાંક અને ક્યારેક પાણી, કેરોસીન, ડીઝલ કે પેટ્રોલની તંગી ઊભી થાય, તો કેટલી મુશ્કેલી સર્જાય છે ? આ વસ્તુઓની તંગી અને તેને લીધે સર્જાતી વિકટ પરિસ્થિતિનો કંઈક ખ્યાલ આવે છે, પરંતુ સંપની તંગી અને તેને લીધે જે

પ્રશ્નો ઊભા થાય છે એ સમજાતું નથી. આજે ખરેખર વિશ્વમાં એની કટોકટી સર્જાણી છે. આ એક વૈશ્વિક સમસ્યા છે. એ દૂર ન થાય ત્યાં સુધી વ્યક્તિગત, કૌટુંબિક કે વૈશ્વિક દૃષ્ટિએ શાંતિ કદાપિ ન થાય.

આ પ્રમાણે ભૌતિક ક્ષેત્રમાં તો કુસંપથી નુકસાન છે જ, પરંતુ આધ્યાત્મિક ક્ષેત્રમાં એનાથી વધુ નુકસાન છે. તેનાથી સાધનામાં મોટામાં મોટું વિઘ્ન આવે છે. ભગવાન અને સંતનો કુરાજીપો થાય છે. તેઓ ઓશિયાળા થાય છે. એમનો સંબંધ છૂટી જાય છે. ભેગા રહેવા છતાં આંતરિક જોડાણ છૂટી જાય, તૂટી જાય. ફ્યૂઝ ઊડી જાય. માઈકનો વાયર ઉપરથી જોડાયેલો લાગે, પરંતુ અંદરથી જોડાણ(કનેક્શન) છૂટી ગયું તો કામ ન થાય. એમ ભગવાન અને સંત ભેગા રહે છતાં આંતરિક રીતે જોડાણ તૂટી જાય છે, તેથી કામ થતું નથી.

સત્સંગમાં રહેવા છતાં આધ્યાત્મિક વિકાસ ન થાય. જીવનનું સાચું ઘડતર ન થાય. ભગવાન અને સંતને આપણને જેવા બનાવવા છે એવા બની ન શકાય. ભગવાનનું સુખ આવે જ નહિ. શાંતિ થાય જ નહિ.

સંપના અભાવે કુટુંબમાં, સત્સંગમંડળમાં, મંદિર કે સંસ્થામાં અનેક પ્રકારની મુશ્કેલી સર્જાય, સમગ્ર તંત્ર ખોરવાઈ જાય.

- *ગાડીના બધા સ્પેર પાર્ટ્સ સંપીને પોતપોતાનું કાર્ય ન કરે, પરસ્પર કુસંપ પેસે તો ગાડી ચાલે ?*
- *શરીરના બધા અવયવોમાં પરસ્પર સંપ ન હોય, પોતપોતાની જવાબદારી ન સંભાળે, એકબીજાને અનુકૂળ અને મદદરૂપ થઈને કાર્ય ન કરે, એકબીજાનો વાદ કે અવગુણ લે તો ? થોડી વાર કલ્પના તો કરી જુઓ ? શું થાય ?*
- *કીર્તન આરાધનામાં જુદાં જુદાં વાજિંત્રો વગાડનારા અને સમૂહમાં કીર્તન ગાનારાઓમાં સંપ ન હોય, દરેક પોતપોતાની રીતે, જુદા જુદા તાલ, લય, સૂરમાં વગાડે કે ગાય, તો એ કીર્તન આરાધના કેવી થાય ? એ ભજનો સાંભળવાં કોને ગમે ?*

કુસંપને લીધે આવું જ કંઈક કુટુંબ, સત્સંગમંડળ, મંદિર કે સંસ્થામાં થાય. સારી રીતે, સુવ્યવસ્થિત કોઈ કાર્ય જ ન થાય.

આ રીતે સંપ, સુહૃદભાવ અને એકતાને અભાવે અર્થાત્ કુસંપને લીધે સાધકને વ્યક્તિગત તથા સામૂહિક રીતે સૌને નુકસાન થાય છે. સૌથી વધારે મુશ્કેલી તો ભગવાન અને ગુણાતીત સંતને પડે છે. એમને સૌથી વધારે ભીડો

કુસંપને લીધે પડે છે. કુસંપને લીધે એમને દૈહિક ભીડો તો પડે જ છે, પરંતુ દૈહિક ભીડા કરતાં માનસિક ભીડો વધારે પડે છે. આ માનસિક ભીડાનો ત્રાસ દૈહિક ભીડા કરતાં વધારે હોય છે. સાચા સાધક કે ભક્તની સાચી ભક્તિ તો એ છે કે પોતાના તરફથી પોતાના ઈષ્ટદેવ કે ગુરુને ભીડો ન પડે અથવા તો ઓછામાં ઓછો પડે. તે માટે કુસંપને નિર્મૂળ કરવો પડે અર્થાત્ સંપ, સુહૃદભાવ અને એકતાને આત્મસાત્ કરવાં જ પડે.

## ૫.૨.૨ સંપથી લાભ

સંપના તાત્પર્યમાં 'પક્ષ' શબ્દ વાપરીને એનાથી થતા લાભ વિશે શ્રીજી-મહારાજ કહે છે :

***પ્ર. ૭૮*** *– "જેને સત્સંગનો પક્ષ હોય તેનો પાયો સત્સંગને વિશે અચળ છે... જેને એવો સત્સંગનો પક્ષ છે, તે સંત અથવા સત્સંગી તે સંગાથે માન, મત્સર, ઈર્ષ્યા કેમ રાખી શકે ? માટે જેને સત્સંગનો પક્ષ હોય તેનાં માન, મદ, મત્સર, ઈર્ષ્યા આદિક સર્વ શત્રુનો નાશ થઈ જાય છે."*

***મ. ૬૦*** *– "જે ભગવાનનો ભક્ત હોય તેને કોઈક મારી નાંખતો હોય અથવા તેને કોઈક દુઃખ દેતો હોય ને તે ભગવાનના ભક્ત આડો જઈને જો મરે કે ઘાયલ થાય, તો શાસ્ત્રમાં એમ કહ્યું છે જે, 'તેનાં બ્રહ્મહત્યાદિક જે પંચ મહાપાપ તે સર્વે મટી જાય છે;' એવો ભગવાનના ભક્તનો પક્ષ રાખ્યાનો પ્રતાપ છે."*

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ *"આ તમે સર્વે સાધુ, પાળા, બ્રહ્મચારી આમ ને આમ સંપ રાખશો તો ગમે તેવો તમારે અંતઃ શત્રુનો વધારો હશે તોપણ પરાભવ નહિ કરી શકે; ને આમ નહિ રહો તો અલ્પ જેવો દોષ હશે તે પણ સત્સંગમાંથી બહાર કાઢી નાખશે."*

*(સ્વા. વા. : ૩/૫૮)*

◆ *"એક રુચિવાળા બે જ હોઈએ તો હજારો ને લાખો છીએ ને તે વિના તો હજારો ને લાખો હોઈએ તોપણ એકલા જ છીએ એમ માનવું."*

*(સ્વા. વા. : ૧/૩૩૫)*

◆ *"રુચિવાળા પાંચ ભેગા હોય કે બે ભેગા હોય, તોપણ લાખ-કરોડ ભેગા છીએ, ને તે વિના તો ગમે તેટલા ભેગા હોય તોપણ એકલા છીએ."*

*(સ્વા. વા. : ૪/૧૦૭)*

યોગીજી મહારાજ કહે છે :

◆ *"આપણે એક સંપથી જો સત્સંગ વધારવાનું કામ ઉપાડીશું તો સ્વામી-શ્રીજી તથા શાસ્ત્રીજી મહારાજ ઘણા રાજી થશે."*

◆ *"એક સંપથી પ્રભુ ભજીએ તો માયા ન આવે."*

◆ *"સુહૃદભાવ રાખીશું તો દેશકાળ નહિ લાગે. કોઈ જાતનું દુઃખ નહિ આવે."*

◆ *"સુહૃદપણું તે જ એકાંતિકપણું છે. જીવનું જીવન છે. તે હશે તો બાકીનાં ત્રણ પણ આવી જશે. તે શું ? તો ઉપાસના, આજ્ઞા અને એકાંતિકમાં પ્રીતિ. માટે આ સનાતન સિદ્ધાંત એક જ જો મોટાની કૃપાથી સિદ્ધ થાય તો સંપૂર્ણ થઈ ગયા."*

◆ *"સત્સંગનો પ્રચાર ત્રણ વાનાથી થાય છે : સંપ, સુહૃદભાવ અને એકતા."*

◆ *"આપણે ધારીએ તો આખા મુંબઈને રંગી શકીએ, પણ એમાં ત્રણ મુદ્દા જોઈએ : સંપ, સુહૃદભાવ અને એકતા."*

◆ *"એક સંપ અને સુહૃદભાવથી કામ ઉપાડીશું તો આખું લંડન, અમેરિકા ભજન કરતું થઈ જશે."*

પ્રમુખસ્વામી મહારાજ કહે છે :

◆ *"આજે આપણાં કાર્યો વ્યવસ્થિત થાય છે, શોભે છે તેનું મુખ્ય કારણ યુનિટિ (એકતા) છે, આપણા બધાનો સંપ છે. બધામાં એક વિચાર, એક રુચિ છે કે ભગવાન અને સંતને રાજી કરવા છે. કોઈનો વિચાર જુદો પડતો નથી."*

◆ *"આપણામાં યુનિટી હશે, એકતા ને સંપ હશે, તો ગમે તેવું કામ કરી શકીશું. સામે લાખો માણસો હશે તોપણ કંઈ (નુકસાન) કરી શકશે નહિ, પરંતુ જો આપણે લાખો ને કરોડો હોઈશું પણ યુનિટી (એકતા) નહિ હોય તો છિન્નભિન્ન થઈ જવાના. કશું જ કાર્ય કરી શકીશું નહિ."*

◆ *"સંપ છે ત્યાં બધું કામ થાય છે. સંપ હશે તો આપણો આ સંપ્રદાય ચાલશે, વધશે ને ખૂબ પ્રગતિ થશે. સંપ નહિ હોય તો આ કાર્ય આગળ ચાલે નહિ, કારણ કે આપણી તાકાત તૂટી જાય અને આત્મબળ તૂટી જાય. માટે સંપ એટલો દૃઢ રાખીએ કે જેથી દિવસે દિવસે આપણો ઉત્કર્ષ થાય, સત્સંગનો પણ ઉત્કર્ષ થાય."*

◆ *"એક સંપ, એક રુચિ, એક વિચાર, એક ધ્યેય હોય તો દિગંતમાં સ્વામિનારાયણ, સ્વામિનારાયણ થાય."*

સંપ, સુહૃદભાવ અને એકતાથી થતા લાભ વિષે શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓએ જે વાત કરી છે, તેના સમાવેશ સાથે સારરૂપે એવું કહી

શકાય કે જો કોઈ પણ કુટુંબ, સત્સંગમંડળ, મંદિર કે સંસ્થાના બધા જ સભ્યો વચ્ચે સંપ, સુહૃદભાવ અને એકતાનું વાતાવરણ જળવાઈ રહે તો –

- *ભગવાન અને સંતનો રાજીપો થાય, એમની કૃપાદૃષ્ટિ થાય તો પછી કંઈ કરવાનું બાકી ન રહે.*
- *સાધનામાં કોઈ પ્રકારનું વિઘ્ન ન આવે, ભગવાન અને સંતનો સંબંધ ન તૂટે.*
- *સત્સંગમાં દિવ્ય વાતાવરણ જળવાઈ રહે.*
- *સંપ ત્યાં જંપ. વ્યક્તિગત કે સામૂહિક શાંતિ રહે. અહીં જ સાક્ષાત્ અક્ષરધામનો અનુભવ થાય.*
- *સંપ ત્યાં સંપત્તિ. સંપને લીધે સંપત્તિનો વ્યય ઓછો થાય, વધુ સંપત્તિ પ્રાપ્ત થાય.*
- *સંપ એક શક્તિ છે, ટેકનોલોજી છે. તેનાથી અશક્ય કાર્ય શક્ય બને, કઠણ કાર્ય સરળ બને. કોઈ પણ કાર્ય ઝડપી થાય. વિઘ્નો સામે ટકી શકાય. અંતઃશત્રુઓ સામે લડત લઈ શકાય, તેના પર વિજય પ્રાપ્ત થઈ શકે.*
- *સમય, સંપત્તિ અને શક્તિનો બગાડ થતો અટકે. ઓછા સમયમાં, ઓછી સંપત્તિથી, ઓછી શક્તિથી સારામાં સારું કાર્ય થાય.*
- *વ્યક્તિગત કે સામૂહિક જે કાંઈ લક્ષ્ય હોય તે સિદ્ધ થાય. સફળતા પ્રાપ્ત થાય. પરસ્પર સૌની બુદ્ધિ, શક્તિ, આવડત, સૂઝનો સુભગ સમન્વય થવાથી કોઈ પણ કાર્ય વધુ સારું, વ્યવસ્થિત અને નક્કર થાય.*
- *વ્યક્તિગત કે સામૂહિક પોષણ, રક્ષણ અને સર્વાંગી વિકાસ થાય.*
- *તમામને વિશે હેત, મમત્વ થાય. બધા પોતાના જ છે એમ મનાય પણ પારકા ન મનાય. બીજા મારું શરીર, મારું જ અંગ છે એમ મનાય, તો કોઈ પણનો 'વિકાસ એ મારો જ વિકાસ છે' એમ માને.*
- *સૌનો વિકાસ થાય, સૌ આગળ વધે એવી અંતરમાં ભાવના રહે, એ માટે પ્રાર્થના અને મદદ થાય. બીજા માટે ઘસાઈ છૂટાય.*
- *સૌના દાસભાવે, સેવકભાવે વર્તાય.*
- *કોઈની સાથે રાગ-દ્વેષ, અહં-મમત્વ ન થાય, આંટી ન પડે.*
- *બીજા કોઈ પોતાની ભૂલ દેખાડે કે ટોકે તો અતિશય ગમે અને સુધારવાનો પ્રયત્ન થાય.*
- *કોઈ પ્રત્યે ઈર્ષ્યા, અસૂયા, મત્સર ન આવે.*

- *પરસ્પર કોઈનો અભાવ, અવગુણ ન આવે.*
- *પરસ્પર કોઈ પ્રકારના કંકાસ, ક્લેશ, ઝઘડા ન થાય.*

ખરેખર સંપ, સુહૃદભાવ અને એકતા તો –

- *ભૌતિક અને આધ્યાત્મિક પ્રગતિનો પ્રાણવાયુ છે. એના વગર સાચા અર્થમાં પ્રગતિ નહિ જ થાય. કદાચ પ્રગતિ થયેલી હશે તોપણ તે નહિ ટકે.*
- *આપણા અસ્તિત્વની ઈમારતનો આ પાયો છે. પાયામાં મુશ્કેલી થાય તો ગમે તેવી સારી અને મજબૂત ઈમારત ભાંગી પડે. કુસંપ પેઠો તો આપણે નહિ ટકવાના, નહિ બચવાના. આપણી બરબાદી અને પાયમાલી નક્કી છે. આપણો વિનાશ ચોક્કસ છે.*
- *ભૌતિક અને આધ્યાત્મિક સફળતાની આ ગુરુ ચાવી છે. જો આની દૃઢતા હશે તો સફળતા ચોક્કસ છે. નહિતર નિષ્ફળતા નિશ્ચિત છે.*
- *આપણા પરસ્પરના ગમે તેવા પ્રશ્નોના કાયમી ઉકેલ માટે આ એક અનિવાર્ય ઉપાય છે. આના વગર કોઈ પ્રશ્નનું કાયમી સમાધાન નહિ થાય.*
- *શાશ્વત સુખ-શાંતિનો આ જ એક રામબાણ ઈલાજ છે.*
- *આધ્યાત્મિક, દિવ્ય અને સર્વશ્રેષ્ઠ કમ્પ્યૂટર કે ટેકનોલોજી (Spiritual divine super computer and technology) ભગવાન અને સંત છે. તેમના દ્વારા જ આપણું કામ થવાનું છે, પરંતુ આવું આ કમ્પ્યુટર આપણા માટે કાર્ય કરી શકે તે, માટે દિવ્ય અને શાંત વાતાવરણ આવશ્યક છે. તે માટે સંપ-સુહૃદભાવની જરૂરિયાત છે. પરસ્પરના કુસંપને લીધે સુપર કમ્પ્યુટર કામ કરી નહિ શકે. તો સ્વભાવ ટાળવાનું આત્યંતિક મુક્તિનું તેમ જ વ્યક્તિગત અને સમષ્ટિગત સત્સંગ વિકાસનું પણ કાર્ય નહિ થાય.*
- *ગુણાતીતપણાનો, બ્રહ્મરૂપ થવાનો આ જ રાજમાર્ગ છે. એના પર ચાલ્યા વગર ગુણાતીત કે બ્રહ્મરૂપ નહિ જ થવાય.*

સમગ્ર માનવ-સંસ્કૃતિનો, લૌકિક અને આધ્યાત્મિક ક્ષેત્રના ઈતિહાસનો અભ્યાસ કરીએ; શ્રીજીમહારાજ, ગુણાતીત સત્પુરુષો અને અન્ય મહાન પુરુષોનાં વચનો વિચારીએ અને સમજીએ; તો એટલી દૃઢ પ્રતીતિ થાય છે કે સંપ, સુહૃદભાવ અને એકતા રાખ્યા વગર છૂટકો જ નથી.

## ૫.૨.૩ સંપ માટે આગ્રહ

શ્રીજીમહારાજ અને આપણા ગુણાતીત ગુરુઓનો આ હૃદ્ગત અભિપ્રાય અને સિદ્ધાંત છે. એમણે આના પર ખૂબ ભાર મૂક્યો છે. આના માટે ખૂબ આગ્રહ રાખ્યો છે. એમની આપણી પાસેથી આ જ આશા, અપેક્ષા અને મહેચ્છા છે.

એમના તથા એમના આ સિદ્ધાંતને સમજનારા ગુણાતીત ગુરુઓનાં કેટલાક ઉપદેશ-વચનો વિચારીએ :

શ્રીજીમહારાજ શ્રીહરિચરિત્રામૃત સાગરમાં કહે છે, *''હરિભક્તોએ પરસ્પર સુહૃદપણું રાખવું. સુહૃદપણું અમારો પ્રાણ છે.''* *(પૂર : ૧૪, તરંગ : ૩૧)*

યોગીજી મહારાજે સંપ માટે ખૂબ આગ્રહપૂર્વક વાતો કરી છે. જુદાં જુદાં દૃષ્ટાંતો, કહેવતો કે રૂઢિપ્રયોગો વાપરીને સંપવિષયક એકની એક વાત વારંવાર દૃઢાવી છે. જેમ કે,

◆ *''સંપ, સુહૃદભાવ રાખ્યા વગર છૂટકો જ નથી. તે પ્રમાણે વર્તવું જ પડશે. નહિ તો મહારાજ દંડ દેશે.''*

◆ *''પરસ્પર સંપ-સુહૃદભાવ રાખવો જોઈએ. એક જણ ન રાખે તોય આપણે તો રાખવો. કારણ, ભોજનની થાળી પીરસી હોય, તેનાં ગમે તેટલાં વખાણ કરે તો ભૂખ ન જાય. તે તો જેટલું ખાય તેટલી ભૂખ જાય. તેમ જે સંપ રાખે તેને લાભ થાય, ન રાખે તેને ખોટ જાય.''*

◆ *''જ્યાં સુધી સુહૃદભાવ નથી, ત્યાં સુધી માયાનો લોચો છે અને ત્યાં સુધી શાંતિ નહિ રહે. આપણે ગામેગામ ફરીને આ માયા કાઢી નાખવી છે.''*

◆ *''અક્ષર અને પુરુષોત્તમ આપણાં માતાપિતા છે. અને તે બાગના જે છે તે સ્વામીનું સ્વરૂપ છે. બધા ગુણાતીત બાગના જ હરિભક્તો છે. માટે કોઈનાં નોખાં મંડળ, નોખા વાડા રાખવા નહિ. બધા એક જ મંડળના છે એમ જ સૌએ સમજવું. સંપ રાખવો.''*

◆ *''એક સિદ્ધાંત આપને કહેવાનો છે કે બધા સંપ રાખો. એકબીજાનો મહિમા સમજો. સુહૃદભાવ રાખો. એવા પુષ્કળ આશીર્વાદ છે. શાસ્ત્રીજી મહારાજનો ૬૦ વરસનો એ જ સિદ્ધાંત. અમે એ જ કરવા આવ્યા છીએ, તમારામાં સંપ રહે. બધાં મંડળ એકમના રહીને સંપથી કાર્ય કરે તો શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ રક્ષા કરશે. અમારો આ સિદ્ધાંત તમે વારે વારે સાંભળ્યો હતો. આજે પણ એ જ સિદ્ધાંત કહીએ છીએ. બધાએ સંપ રાખવો. એકબીજાને દંડવત્*

*કરવા. માફી માગવી.''*

◆ *''સિદ્ધાંત શું ? તે સમજવો જોઈએ. રહસ્ય અને અભિપ્રાય ન જાણીએ તો બધું જ નકામું છે. એ સિદ્ધાંત સુહૃદપણું-મિત્રપણું. એ જો હાથ આવી જાય તો ખટપટ વગેરે ન થાય. શાસ્ત્રીજી મહારાજના ત્રણ સિદ્ધાંત – સંપ, સુહૃદભાવ અને સાધુમાં દિવ્યભાવ. સંપ, સુહૃદભાવ અને એકતાપણું એ જ એક અમારો અભિપ્રાય વર્તમાનકાળે છે.''*

પ્રમુખસ્વામી મહારાજ સંપ, સુહૃદભાવ અને એકતાનો આગ્રહ રાખતાં કહે છે :

◆ *''આપણે ભગવાન મળ્યા પછી એક જ પક્ષ. કેટલાકને એવું છે કે આપણે આપણું ગ્રૂપ કરીએ. પણ આપણે ગ્રૂપ શું ? શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ છે, એ મોટામાં મોટું ગ્રૂપ. સંસ્થા એક છે, ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણ એક છે, આપણા ગુરુ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ એક છે, સંસ્થાનાં મંદિરો એક છે, દેશ-પરદેશ રહેતા સંતો-હરિભક્તો એક છે, પછી એમાં કંઈ જુદું થયું ખરું ? પછી દેશ-પરદેશમાં ગમે ત્યાં રહેતા હોય પણ બધા જ સંતો-ભક્તો આપણા જ છે. પછી એમાં કોઈ જુદા છે એવું લાગે જ નહિ. આવો વિચાર ન હોય તો એવું લાગે કે અમુક સંતો-હરિભક્તો આપણા ગ્રૂપના, આપણા મંદિરના છે, જ્યારે બીજા કેટલાક બીજાં ગ્રૂપ કે મંદિરના છે. આવા વિખવાદથી કુસંપ ઊભો થાય. આપણા સત્સંગમાં ક્યાંય આવો કુસંપ ઊભો ન થાય તેનું ધ્યાન રાખવું.''*

◆ *''શિસ્ત, સંગઠન અને એકબીજાની મર્યાદા વગર સંસ્થા ટકી ન શકે. આપણે સંગઠન વધે એવું જ કરવું. જો એ તૂટશે તો આપણે છિન્નભિન્ન થઈ જવાના. સંગઠન અગત્યનું છે. અંદરોઅંદર કદાચ મનદુઃખ હોય, તોય ગમે તેને કોઈ પૂછે, તોપણ વાત તો એક જ આવવી જોઈએ. જો આ સંગઠનની વાત ન સમજીએ તો ખોટાં તત્ત્વો લાભ લઈ જશે. કોઈ પણ મંદિર, સંત કે હરિભક્તનું ઘસાતું બોલીએ એ આપણો જ ઘસારો છે. એમાં સંગઠન તૂટે. મોક્ષ માટે સત્સંગમાં આવ્યા છીએ તો ખટપટ ન કરવી. તો જ સંગઠન રહેશે. આપણે જીવનના અંત સુધી દૃઢ કરવું કે કોઈ બગાડ પેસે જ નહિ, આપણું સંગઠન તૂટે જ નહિ.''*

શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓનો આ હૃદ્ગત અભિપ્રાય છે, સિદ્ધાંત છે. આ સંપ, સુહૃદભાવ અને એકતાનો સિદ્ધાંત કોઈ પણ યુગમાં, કોઈ પણ દેશમાં અને કોઈ પણ વ્યક્તિ માટે કોઈ પણ સંજોગોમાં અનિવાર્ય છે. એ વગર ન તો તે વ્યક્તિ ટકી શકે કે ન તો કુટુંબ, સંસ્થા, સમાજ કે દેશ ટકી શકે. વિશેષે કરીને તો

સમૂહમાં રહીને સાધના કરનાર કોઈ પણ સાધકને માટે સંપ અત્યંત આવશ્યક છે. સંપ વગર સાધનામાં વિક્ષેપ રહ્યા કરે. તેથી પ્રત્યેક સાધકે સંપ તોડનારાં કારણોથી સાવધ રહીને સંપ ટકી રહે તેવા ઉપાયો આત્મસાત્ કરવા જોઈએ.

## ૫.૩ સંપ તૂટવાનાં કારણો

સંપ તોડનારાં અને કુસંપને વધારનારાં મુખ્ય પરિબળો તો કામ, લોભ, સ્વાદ, સ્નેહ, માન, હઠ, દુરાગ્રહ, અક્કડ વલણ, ક્રોધ, અસૂયા, મત્સર, પંચ-વિષયમાં આસક્તિ, લૌકિક મહત્ત્વાકાંક્ષાઓ, અહં-મમત્વ, રાગ-દ્વેષ, અભાવ-અવગુણ, ખટપટ, વાણીનો અવિવેક, બેપરવાઈ, ગાફલાઈ વગેરે દેહભાવ કે સ્વભાવો જ છે. જ્યારે જ્યારે અને જ્યાં જ્યાં સંપ તૂટ્યો છે, કુસંપ વધ્યો છે, તેનું નિદાન કરીએ તો ખ્યાલ આવશે કે તેનું અત્યંત મુખ્ય કારણ જો કોઈ હોય તો તે કોઈક ને કોઈક સ્વભાવ જ છે. સ્વભાવ જ સંપની હોનારત સર્જે છે. સ્વભાવના જ્વાળામુખીમાંથી નીકળતો ધગધગતો લાવારસ જ સંપ-સુહૃદભાવના શાંત વાતાવરણને આગ લગાડે છે, નષ્ટભ્રષ્ટ કરી નાખે છે.

## ૫.૪ સંપ રાખવાના ઉપાયો

## ૫.૪.૧ પ્રમુખસ્વામી મહારાજે દર્શાવેલા પાંચ ઉપાયો

જેમણે વર્ષોથી સેંકડો સંતો અને લાખો હરિભક્તોને સંપના એક તાંતણે બાંધીને આ સત્સંગનો વિકાસ કર્યો અને કરાવ્યો છે, એવા સંપ-સુહૃદભાવ અને એકતાનો બહોળો અનુભવ ધરાવનારા પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજે એક વાર સંપ રાખવાના ઉપાયો સહજમાં આ પ્રમાણે કહેલા :

*''સામેવાળો સંપ-સુહૃદભાવ રાખે કે ન રાખે, પણ આપણે જ રાખવાનો છે. સામાની તો વાત જ ક્યાં કરવાની છે ? સંપ-સુહૃદભાવ આપણે જ રાખવાનો છે, અને તે માટે આપણે જ આપણા સ્વભાવ મૂકવા પડે, આપણે જ ખમવું પડે, આપણે જ ઘસારો વેઠવો પડે, આપણે જ આપણા મનની વાત મૂકી દેવી પડે, અને આપણે જ એને અનુકૂળ થવું પડે.''*

આમાં સ્વામીશ્રીએ સંપ-સુહૃદભાવ રાખવા માટે મહત્ત્વની એક વાત એ કરી કે સામેવાળો સંપ-સુહૃદભાવ રાખે કે ન રાખે, પણ આપણે જ રાખવાનો છે.

પ્રાયઃ દરેક એવું વિચારતા હોય છે કે સામેવાળો સંપ રાખે, તો જ હું સંપ રાખું. જો એ સંપ ન રાખે તો હું શા માટે રાખું ? આપણા આવા તુચ્છ વિચારો

તોડવા માટે સ્વામીશ્રીએ *“સંપ-સુહૃદભાવ આપણે જ રાખવાનો છે.”* આ એક અદ્ભુત વાત કરી.

પછી સ્વામીશ્રીએ સંપ રાખવાના જે ઉપાયો બતાવ્યા છે તે આ પ્રમાણે છે :

**૧. સ્વભાવ મૂકવા :** આપણે જ આપણા સ્વભાવ મૂકવા પડે.

**૨. ખમવું :** આપણે જ ખમવું પડે અર્થાત્ સહન કરવું પડે.

**૩. ઘસારો વેઠવો :** આપણે જ ઘસારો વેઠવો પડે અર્થાત્ ભીડો વેઠવો પડે.

**૪. મનનું મૂકવું :** આપણે જ આપણા મનની વાતો મૂકી દેવી પડે અર્થાત્ મનધાર્યું મૂકવું પડે.

**૫. અનુકૂળ થવું :** આપણે જ એને અનુકૂળ થવું પડે.

આ પાંચ ઉપાયો સંપ રાખવાના શાશ્વત ઉપાયો છે. જો કોઈનેય પણ ક્યાંય પણ અને ક્યારેય પણ જો સંપ રાખવો હોય તો આ ઉપાયો અજમાવવા જોઈએ.

હવે અન્ય જુદા જુદા દૃષ્ટિકોણથી સંપ રાખવાના ઉપાયો વિચારીએ :

## ૫.૪.૨ સંપ માટેના પાંચ ‘મ’ કાર

**૧. મહિમા :** શ્રીજીમહારાજ, પ્રમુખસ્વામી મહારાજ અને એમના સંબંધ-વાળા સર્વે સંતો-ભક્તોનો મહિમા વાંચવો, સાંભળવો, કહેવો અને વિચારવો.

**૨. મમતા :** બધા જ સંતો-ભક્તો એક જ ઈષ્ટદેવ શ્રીજીમહારાજ અને એક જ ગુરુ પ્રખુખસ્વામી મહારાજના આશ્રિતો અને શિષ્યો છે, એક જ પરમ પિતા પરમાત્માનાં સૌ સંતાનો છે; તો દરેકને પોતાના માનીને એના પ્રત્યે મમતા, મારાપણાનો ભાવ રાખીને હેત રાખવું.

**૩. મદદ :** પરસ્પર એકબીજાને મન-કર્મ-વચને, તન-મન-ધનથી મદદ કરવાની વૃત્તિ રાખવી. તેમાંય પણ વ્યક્તિ જ્યારે મુશ્કેલીમાં હોય ત્યારે તેને મદદરૂપ થવું વધુ હિતાવહ છે. મુશ્કેલીમાં સપડાયેલી કોઈક વ્યક્તિ માટે કદાચ બીજું કંઈ ન થઈ શકે, તોપણ એના માટે પ્રાર્થના તો જરૂર કરી શકાય.

**૪. મિલન :** પરસ્પર અવારનવાર મળતા રહેવું. એકબીજાના ખબર-અંતર પૂછવા, તો આત્મીયતા વધે. ગૃહસ્થોએ કુટુંબમાં ઘરસભા કે સમૂહભોજન માટે આગ્રહ રાખવો.

**૫. માફી :** બીજાની કોઈક ભૂલ થઈ હોય તો તેને માફી આપવી અર્થાત્ તેની ભૂલ માફ કરવી, અને પોતાની ભૂલ થઈ હોય તો માન મૂકીને માફી માગવી જોઈએ.

## ૫.૪.૩ સંપની સફળતાના સાત સિદ્ધાંતો

૧. **સંકલ્પ :** દરેકે સંકલ્પ કરવો કે મારે શ્રીજીમહારાજ અને પ્રમુખસ્વામી મહારાજને રાજી કરવા માટે સંપ-સુહૃદભાવ રાખવો જ છે, વધારવો જ છે અને દૃઢ કરવો જ છે.

૨. **સમજણ :** નીચે જણાવેલી સમજણ દૃઢ કરવી.
   - *સાંખ્યની સમજણ*
   - *આત્માની સમજણ*
   - *ભગવાન અને સંતના કર્તૃત્વની સમજણ*
   - *સંબંધના મહિમાની સમજણ*
   - *દાસભાવની સમજણ*

૩. **સદ્‌વર્તન :** નીચે જણાવ્યા પ્રમાણેનું વર્તન કરવું.
   - *પોતાનું મન-કર્મ-વચને નિયમબદ્ધ અને નિષ્કલંક વર્તન રાખવું.*
   - *પોતાની જવાબદારીનું વ્યવસ્થિત, સમયસર અને ચોકસાઈપૂર્વક વહન કરવું.*

૪. **સ્નેહ :** ગુણાતીત કુટુંબના સર્વે સંતો-ભક્તોમાં પરસ્પર સ્નેહ રાખવો.

૫. **સેવા :** પરસ્પર મદદરૂપ થવા મન-કર્મ-વચને સેવા કરવી.

૬. **સહિષ્ણુતા :** નીચેની બાબતો સહન કરવી.
   - *બીજાના સ્વભાવો*
   - *અન્ય તરફથી અપમાન, નિંદા, ઉપેક્ષા*
   - *બીજાનો ઉત્કર્ષ*

૭. **સરળતા :** અક્કડ વલણનો ત્યાગ કરી, હઠાગ્રહ છોડી, મનનું મૂકીને કટ વળી જવું, સરળ થઈ જવું.

કુટુંબમાં, સત્સંગમંડળમાં, મંદિરમાં કે સંસ્થામાં સંપ, સુહૃદભાવ અને એકતા જાળવી રાખવા માટે દરેક વ્યક્તિએ પોતાના તરફથી યોગદાન આપવું જોઈએ. એ માટે ઉપરોક્ત દર્શાવેલ વિવિધ ઉપાયોમાંથી પોતાને લાગુ પડતા અને અસર કરતો કોઈ પણ ઉપાય જીવનમાં અપનાવીને સંપ-સુહૃદભાવ અને એકતાનું વાતાવરણ જાળવી રાખવા માટે પ્રાર્થનાપૂર્વક પુરુષાર્થ કરવો જોઈએ, કારણ કે સાધનાની સંપૂર્ણ સફળતા માટે દરેક સાધક માટે સંપનિષ્ઠા દૃઢ કરવી જરૂરી છે.

# ૬.
# સાવધાની

## ૬.૧ સુધા સાવધાન રહેજ્યો

શ્રીજીમહારાજ ***વચ. મ. ૪૫***માં પોતાના આશ્રિતોને સાવધાન કરતાં કહે છે : *"તમે સર્વે મુનિમંડળ તથા બ્રહ્મચારી તથા ગૃહસ્થ સત્સંગી પાળા તથા અયોધ્યાવાસી, એ તમે સર્વે મારા કહેવાઓ છો. તે જો હું ખટકો રાખીને તમને વર્તાવું નહિ અને તમે કાંઈક ગાફલપણે વર્તો, તે અમારા થકી દેખાય નહિ. માટે જે જે મારા કહેવાયા છો, તેમાં મારે એક તલમાત્ર કસર રહેવા દેવી નથી. માટે તમે પણ સુધા સાવધાન રહેજ્યો; જો જરાય ગાફલાઈ રાખશો તો તમારો પગ ટકશે નહિ... સર્વે હરિભક્ત તથા સર્વે મુનિમંડળ સાવધાન રહેજ્યો."*

પોતાના સર્વે આશ્રિતોની કસર ટાળવા કટિબદ્ધ અને પ્રતિજ્ઞાબદ્ધ શ્રીજી-મહારાજ કરુણાએ કરીને પોતાના આશ્રિતોને સાવચેત કરે છે, સાવધ કરે છે. તેઓ આ વચનો દ્વારા બીક કે ભય નથી બતાવતા. પરંતુ આ વચનો દ્વારા ફક્ત ચેતવણી આપે છે અને એ પણ આશ્રિત સાધકોના હિતાર્થે છે. એમની સલામતી માટે છે.

જમીન પર ચાલવું તેના કરતાં ૫૦ ફૂટ ઊંચી અને અર્ધો ફૂટ પહોળી દીવાલ પર ચાલવું હોય તો કેટલું વધારે સાવધાન રહેવું પડે ? એટલી ઊંચાઈએ દોરડા પર ચાલવું હોય તો ? જરા પણ ગાફલાઈ રાખે તો શું થાય ? અધ્યાત્મનો માર્ગ તો કેવો છે ? ઉપનિષદના ઋષિઓ કહે છે :

*क्षुरस्य धारा निशिता दुरत्यया दुर्गं पथस्तत् कवयो वदन्ति।*

અર્થ : *'ત્રિકાળને જાણનારાઓ તે તત્ત્વમાર્ગને છરાની તીક્ષ્ણ કરેલી દુસ્તર ધાર જેવો અત્યંત કઠણ કહે છે.'* *(કઠોપનિષદ : ૧/૩/૧૪)*

છરાની તીક્ષ્ણ ધાર પર ચાલવું હોય તો કેટલું સાવધ રહેવું પડે ? એમાં જરા પણ ગાફલાઈ ન ચાલે. એવી જ રીતે છરાની તીક્ષ્ણ ધાર જેવા આ અધ્યાત્મના માર્ગ પર ચાલનાર સાધક ગાફલાઈ રાખે તે ન ચાલે. જો સાધક સાધના દરમ્યાન ગાફલાઈ કે બેદરકારી રાખે, તો તે અધ્યાત્મના માર્ગેથી ફંટાઈ જાય, મેળવેલી મૂડી જતી રહે, કરેલી કમાણી લૂંટાઈ જાય. એટલે તો નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

*માનો મળી છે મોટી વાત, હાથ આવી તે મા હારજો રે;*
*કરી જતન દિવસ રાત, સૂતાં બેઠાં સંભારજો રે. (ચોસઠપદી : ૨૫)*

આપણને કઈ મોટી વાત મળી છે ? તો અનંતકોટિ બ્રહ્માંડના રાજાધિરાજ, સર્વોપરી સર્વાવતારના અવતારી અક્ષરધામના અધિપતિ પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ, એમનું સાક્ષાત્ અક્ષરધામ ગુણાતીતાનંદ સ્વામી અને એ ગુણાતીત પરંપરામાં આજે પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ મળ્યા છે. બ્રહ્માદિકને દુર્લભ આ સત્સંગ મળ્યો છે. આત્યંતિક મુક્તિનો સાચો રાજમાર્ગ, સાચો સિદ્ધાંત અને સાચી સાધના મળેલ છે. આ બહુ જ મોટી મૂડી છે. તેથી મોટું જોખમ છે. જેના ખિસ્સામાં દસ પૈસા હોય એને બીક શાની અને ભય કોનો ? પરંતુ જેના ખિસ્સામાં દશ લાખ રૂપિયા હોય તો ? ટ્રેઈનની મુસાફરીમાં ઊંઘી રહેવાય ? કેટલું જાગ્રત અને સાવધાન રહેવું પડે. તેમ અનંતાનંત જન્મો પછી મળેલ આ આધ્યાત્મિક મૂડી હાથમાંથી જતી ન રહે, તે માટે સાવધ અને જાગ્રત રહેવું પડે. નહીંતર લૂંટાઈ જવાય. તેથી જ તો નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

◆ *વડું વેર વાળવાને કાજ, સાબદા એ સહુ થયા;*
*મોટા મોટાની લેવાને લાજ, તાકે છે તેહ રહ્યા.*
*ઝીણા ઝાલવામાં નહિ જશ, માટે મોટાને જોશે;*
*કરશે દગો દેખજ્યો અવશ્ય, વેર વાળી વગોવશે.*
*માટે સહુ રે'જો સાવધાન, ખબડદાર થઈને ખરા;*
*જેનું આગે કર્યું અપમાન, તે જાળવે નહિ જરા. (ચોસઠપદી : ૩૬)*

◆ *જેની પાસે હોય જોખમ, જાળવો તે જતન કરી;*
*માથે મોટા છે વેરી વિષમ, ખોટી નહિ વાત ખરી.*
*રહેવું નહિ ગાફલ ગમાર, માલ અતોલ મળે;*
*કહે નિષ્કુળાનંદ વિચાર, કરવો પળે પળે. (ચોસઠપદી : ૪૦)*

તેથી સાધકને ગાફલાઈ રાખવી પોસાય તેમ નથી. જો તે ગાફલાઈ રાખે તો તેને કેટલું નુકસાન થાય છે, તે જણાવીને ગાફલ ન રહેવાનો નિર્દેશ કરતાં શ્રીજીમહારાજ 'શ્રીહરિચરિત્રામૃત સાગર'માં કહે છે :

◆ *"સત્ય, અસત્ય અને સારાસારનો વિચાર કરવો. કોઈ દિવસ ગબરગંડ રહેવું નહિ. સુવર્ણ જેમ તપાવીને શુદ્ધ કરી શકાય છે, તેમ જીવને ખૂબ શોધવો, પણ ગાફલ રહેવું નહિ. ગાફલનો વિશ્વાસ અને સંગ કરવો નહિ."*

*(પૂર : ૩, તરંગ : ૩૪)*

◆ *''ગાફલ રહે તો વિઘ્ન આવે તેમાં અમે શું કરીએ ?''(પૂર : ૮, તરંગ : ૫૮)*

◆ *''અમારી વાત યાદ રાખજો પણ ગાફલતા રાખશો નહિ. ગાફલતા રાખનારા જ્યાં હોય ત્યાંના ત્યાં જ રહે છે અને તેમનાં અંગ વૃદ્ધિ પામતાં નથી.''*
*(પૂર : ૧૫, તરંગ : ૧૯)*

◆ *''જેટલું ગાફલપણું વર્તાય તેટલો અધર્મ સર્ગ પેસી જાય છે અને ખુવાર કરે છે. છીંડું પડ્યા પછી સંતપણું ટકવું કઠણ છે.''* *(પૂર : ૧૮, તરંગ : ૧૪)*

તેથી જ તો શ્રીજીમહારાજ ***વચ. સા. ૧૪***માં કહે છે : *''જે ગાફલાઈ રાખશે ને તે ભગવાનનો ભક્ત હશે તો તેને પ્રમાદ ને મોહ એ બે શત્રુ નડ્યા વિના નહિ રહે... જે ગાફલાઈ રાખે તે તો ભગવાનનો ભક્ત હોય તોય સારો નહિ.''*

ગુણાતીતાનંદ સ્વામી પણ ગાફલાઈથી થતા નુકસાનના નિર્દેશ સાથે ગાફલ ન રહેવાનું સમજાવતાં કહે છે :

◆ *''ગાફલ હશે તેને દેશકાળ લાગી જશે.''* *(સ્વા. વા. : ૯/૧૪૫)*

◆ *''સાવધાન રહેવું; ને ગાફલાઈ રાખશે તે આમાં પાર નહિ પડે.''*
*(સ્વા. વા. : ૯/૨૭૬)*

◆ *''જેટલી ગાફલાઈ રહેશે તેટલું રોવું પડશે.''* *(સ્વા. વા. : ૧૨/૨૪)*

◆ *''ગાફલાઈ હોય તો કસર રહી જાય.''* *(સ્વા. વા. : ૧૨/૧૨૫)*

◆ *''જેટલી ગાફલાઈ હોય તે નડ્યા વિના રહે જ નહિ.''*
*(સ્વા. વા. : ૧૩/૪૭)*

◆ *''ગાફલ ન રહેવું, ને ગાફલ રહેશે તેને જરૂર સત્સંગ નહિ રહે.''*
*(સ્વા. વા. : ૧૩/૧૬૭)*

◆ *''ગાફલાઈ રાખશું તો બટ્ટો લાગશે.''* *(સ્વા. વા. : ૧૩/૨૨૪)*

જેઓ સાવધાનપણું ચૂક્યા અને ગાફલ રહ્યા; એવા વિશ્વામિત્ર, પરાશર, એકલશૃંગી, સૌભરી, નારદજી, વશિષ્ઠ, દુર્વાસા વગેરેના જીવનમાં કંઈક ને કંઈક કલંક લાગ્યાં છે. આ ઉપરાંત કેટલાય સાધકોની સાધનામાં વિઘ્નો આવ્યાં છે. આપણા સંપ્રદાયમાં પણ શ્રીજીમહારાજથી માંડીને આજ સુધી ગાફલાઈને કારણે જ કેટલાય સંતો-ભક્તોના જીવનમાં વિઘ્નો આવ્યાં છે. તેમને ભગવાન અને સંતનો સંબંધ છૂટી ગયો છે. તેથી આધ્યાત્મિકતાના માર્ગે ચાલનારા આવા સેંકડો-હજારો મુમુક્ષુઓનો સમગ્ર ઈતિહાસ પોકારી પોકારીને કહે છે કે કોઈ પણ સાધકે ગાફલાઈ છોડીને પ્રતિક્ષણ જાગ્રત અને સાવધાન રહીને સાધના કરવી જોઈએ. તેથી જ તો શ્રીજીમહારાજ કહે છે :

***પ્ર. ૫૦*** – *"જે પોતાના કલ્યાણને અર્થે સાવધાનપણે વર્તે છે તે કુશાગ્ર-બુદ્ધિવાળા છે અને તે વિના તો સર્વ મૂર્ખ છે."*

***વ. ૧૭*** – *"જે નિવૃત્તિ ધર્મવાળા ત્યાગી ભગવાનની ભક્તિએ યુક્ત છે, તેને તો પરમેશ્વરે કહ્યા એવા જે નિયમ તેને વિશે રહીને ભગવાન ને ભગવાનના ભક્તના સંબંધી જે પ્રવૃત્તિમાર્ગ તેને વિશે સાવધાન થઈને જોડાવું."*

***અં. ૯*** – *"તમારે સર્વેને પણ એવી રીતે અંતર સન્મુખ દૃષ્ટિ રાખીને નિરંતર ભગવાનની સેવામાં રહેવું અને ભગવાન વિના બીજા પદાર્થ વહાલાં થવા દેવાં નહિ; એ વાતની અતિશય સાવધાની રાખવી અને જેમ રાજાનો ચાકર છે તે રાજા પાસે ગાફલ થઈને ઊભો હોય તો રાજા પાસે ચોર-ચાકર જઈ પૂગે, ત્યારે એ ચાકરની ચાકરી ખોટી થાય. તેમ હરિભક્તને પણ ભગવાન વિના બીજા પદાર્થમાં પ્રીતિ થઈ જાય, તો જે ઠેકાણે પોતાના હૃદયને વિશે જાણપણામાં ભગવાન રહ્યા છે, તે ઠેકાણે ધન-સ્ત્રી આદિક બીજા પદાર્થ પણ પેસી જાય, ત્યારે એની ભક્તિ ખોટી થઈ જાય. માટે પોતાની ભક્તિને નિર્વિઘ્ન રાખીને જે પરમેશ્વરનાં ચરણારવિંદને પામવાને ઈચ્છે તેને જાણપણારૂપ જે ભગવાનના ધામનો દરવાજો તેને વિશે સાવધાન થઈને રહેવું અને ભગવાન વિના બીજા પદાર્થ ત્યાં પેસવા દેવા નહિ."*

વળી, શ્રીજીમહારાજ કહે છે કે :

- *સાવધાન થઈને ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાનો અભ્યાસ કરવો. (વચ. પ્ર. ૨૨)*
- *પ્રૌઢા ગોપી માનાદિક વિકારનો ત્યાગ કરીને ભગવાનની સેવામાં સાવધાન રહે. (વચ. સા. ૧૫)*
- *સાવધાન થઈને જ્ઞાનયજ્ઞ કર્યા કરવો. (વચ. મ. ૮)*
- *પુરુષપ્રયત્નરૂપ ઉપાય સાવધાન થઈને કરે, તો કલ્યાણને અર્થે સર્વે સાધનો તેમાં આવી જાય. (વચ. મ. ૧૨)*
- *જેના જેવા નિયમ કહ્યા છે તેમાં સાવધાનપણે વર્તે. (વચ. અં. ૩૪)*

આ રીતે સાધકની સાધનામાં કોઈ પ્રકારનું વિઘ્ન ન નડે, તે માટે મહારાજે અનેકવાર સાવધાન રહેવાનું કહ્યું છે.

## ૬.૨ શેનાથી અને કોનાથી સાવધાન રહેવું ?

શ્રીજીમહારાજે અને ગુણાતીત ગુરુઓએ પોતાના આશ્રિતોને સાધનામાં વિઘ્નો ન આવે એટલા માટે સાવધાન રહેવાનું તો કહ્યું જ છે, પરંતુ સાથે સાથે

તેમણે એ પણ જણાવ્યું છે કે શેનાથી અને કોનાથી સાધનામાં વિઘ્નો આવી શકે તેમ છે. એટલે કે સાધનામાં વિઘ્નરૂપ પરિબળો(ભયસ્થાનો) કયાં કયાં છે તે પણ સમજાવ્યું છે.

તેમણે આપેલાં ઉપદેશવચનોનો અભ્યાસ કરતાં ખ્યાલ આવે છે કે સાધનામાં સૌથી મોટું વિઘ્નકારક પરિબળ કે ભયસ્થાન જો કોઈ હોય તો તે 'કુસંગ' છે. આ વિઘ્નરૂપ પરિબળમાં અન્ય સર્વે વિઘ્નરૂપ પરિબળોનો અંતર્ભાવ કરી શકાય તેમ છે. માટે જેનાથી સાધકે સાવધાન રહેવાનું છે, એવા વિઘ્નરૂપ મુખ્ય પરિબળ તરીકે કુસંગનો વિચાર આપણે કરીશું.

## ૬.૨.૧ કુસંગથી નુકસાન

કુસંગની પ્રબળ અસર જણાવતાં શ્રીજીમહારાજ કહે છે :

***પ્ર. ૪૨ –*** *"ગમે તેવો મોટો હોય તેનું પણ કુસંગે કરીને તો ભૂંડું જ થાય છે."*

***મ. ૫૬ –*** *"જેને પંચવિષયમાં પ્રીતિ હોય તેને જ્યારે કુસંગનો યોગ થાય ત્યારે કાંઈ ઠેકાણું રહે નહિ."*

વળી, તેઓ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે :

◆ *"કુસંગરૂપી વાયુ આવે તો તેમનાં (હરિભક્તોનાં) મૂળ ઉખાડી નાંખે."* *(પૂર : ૬, તરંગ : ૧૯)*

◆ *"સત્સંગ કરીને પણ કુસંગ કરે તો કુસંગનો રંગ લાગી જાય છે. નારદજી જેવાની કુસંગથી મતિ ફરી ગઈ તો બીજાની શી વાત ? જ્યાં સુધી કુસંગને ઓળખે નહિ ત્યાં સુધી વિઘ્ન રહે છે."* *(પૂર : ૧૭, તરંગ : ૯૦)*

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ *"કુસંગે કરીને તો રૂડા ગુણનો નાશ થઈ જાય છે."* *(સ્વા. વા. : ૩/૫૯)*

◆ *"કુસંગે કરીને ઠા રહે નહિ."* *(સ્વા. વા. : ૫/૨૮)*

◆ *"સો મણ સાકરમાં એક મણ અફીણ નાખે તો બધી કડવી લાગે, તેમ થોડોક કુસંગ લાગે તે સત્સંગી બગડી જાય."* *(સ્વા. વા. : ૮/૨૪૮)*

◆ *"કુસંગ તો જરૂર ડાઘ લગાડે એવો છે."* *(સ્વા. વા. : ૧૩/૨૦૭)*

વસ્તુતઃ તો કુસંગ એક પ્રકારનું ભયંકર કૅન્સર છે. કુસંગરૂપી કૅન્સરથી સાધના નષ્ટ-ભ્રષ્ટ થઈ જાય છે. આ એક જીવલેણ ભયંકર ઝેર છે. અમૃત ન પિવાય તો વાંધો નહિ, પણ ઝેર તો પિવાય જ નહિ. ગમે તેવો સમર્થ હોય તેને પણ કુસંગ તો અસર કરે જ.

તેથી જ તો શ્રીજીમહારાજ કહે છે :

***પ્ર. ૧૬ –*** *"જેણે કરીને પોતાને બંધન થાય અને પોતાને એકાંતિક ધર્મમાં ખોટ્ય આવે, એવા પદાર્થ તથા કુસંગ તેને ઓળખી રાખે અને તેથી છેટે જ રહે."*

***પ્ર. ૧૮ –*** *"પરમહંસ તથા સાંખ્યયોગી હરિજન તથા કર્મયોગી હરિજન એ સર્વેને કુપાત્ર માણસની સંગત કરવી નહિ."*

***સા. ૧૮ –*** *"ભગવાનના ભક્ત હોય તેને કોઈ દિવસ કુસંગ ન કરવો."*

***વર. ૨૦ –*** *"આવી સમજણ(જનક રાજાની સમજણ)હોય, તોપણ કોઈ પ્રકારે કુસંગ તો કરવો જ નહિ, એ સિદ્ધાંત-વાર્તા છે."*

## ૬.૨.૨ કુસંગના પ્રકારો

ગુણાતીતાનંદ સ્વામી એમની વાતો *(સ્વા. વા. : ૫/૩૧૩; સ્વા. વા. : ૬/૧૩૩)*માં નીચે પ્રમાણે ત્રણ પ્રકારના કુસંગ જણાવે છે :

૧. બહારનો (લોકનો) કુસંગ

૨. સત્સંગમાં રહેલ કુસંગ

૩. અંતર (ઇન્દ્રિયો-અંતઃકરણ)નો કુસંગ

આ ત્રણેય પ્રકારના કુસંગ સાધનામાં વિઘ્નરૂપ છે. સાચા મુમુક્ષુએ આ ત્રણેય પ્રકારના કુસંગને ઓળખીને એનાથી દૂર રહેવાનું છે. સૌપ્રથમ તો તેને ઓળખવો જરૂરી છે. શ્રીજીમહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે : *"કુસંગ ઓળખવામાં આવે એ જ સત્સંગનું ફળ છે. કુસંગ ન જ ઓળખાય તેનું નામ સત્સંગ નહિ."* *(પૂર : ૧૧, તરંગ : ૫૧)*

તેથી હવે આપણે ત્રણેય પ્રકારના કુસંગનું સ્વરૂપ, તેનાથી થતું નુકસાન અને તેનાથી બચવાના ઉપાયો વિશે વિચારીશું.

## ૬.3 બહારનો કુસંગ

## ૬.૩.૧ બહારના કુસંગથી નુકસાન

બહારના કુસંગના મુખ્યત્વે ચાર પ્રકાર જણાવી તેના સંગથી સાધકને શી ખોટ જાય છે તે સમજાવતાં શ્રીજીમહારાજ ***વચ. પ્ર. ૪૮***માં કહે છે : *"તે કુસંગી ચાર પ્રકારના છે – એક કુંડાપંથી, બીજા શક્તિપંથી, ત્રીજા શુષ્ક વેદાંતી અને ચોથા નાસ્તિક. એ ચાર પ્રકારના કુસંગી છે. તેમાં જો કુંડાપંથીનો સંગ થાય, તો વર્તમાનમાંથી ચુકાડીને ભ્રષ્ટ કરે. અને જો શક્તિપંથીનો સંગ થાય તો દારૂ-માંસ*

*ખવરાવીને સ્વધર્મ થકી ભ્રષ્ટ કરે. અને જો શુષ્ક વેદાંતીનો સંગ થાય, તો ભગવાનનું ધામ તથા ભગવાનનો જે સદા દિવ્ય આકાર તથા ભગવાનના અવતારની મૂર્તિઓના જે આકાર, તે સર્વેને ખોટા કરીને ભગવાનની ભક્તિ-ઉપાસના તે થકી ભ્રષ્ટ કરે. અને જો નાસ્તિકનો સંગ થાય, તો કર્મને જ સાચાં કરીને પરમેશ્વર એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેને ખોટા કરી દેખાડે અને અનાદિ સત્‌શાસ્ત્રના માર્ગ થકી ભ્રષ્ટ કરે.''*

વળી, મહારાજ કહે છે બહારના કુસંગથી :

- *અંતઃકરણ ભ્રષ્ટ થાય. (વચ. પ્ર. ૧૮)*
- *ક્રિયા પણ ભૂંડી થાય. (વચ. પ્ર. ૨૯)*
- *પાપનો વધારો થાય. (વચ. પ્ર. ૫૫)*
- *અંતરના કુસંગનું પોષણ થાય. (વચ. પ્ર. ૭૦)*
- *આત્મનિષ્ઠા અને વૈરાગ્ય રહિત ભક્તને વિષયના ઘાટ થવા લાગે, અખંડ વિષયનું ધ્યાન થાય, ભગવાનની સ્મૃતિ પણ ન રહે, બુદ્ધિ ભ્રષ્ટ થાય. (વચ. સા. ૧૫)*
- *વૈરાગ્ય, વિવેક આદિક ગુણોનો નાશ થાય. (વચ. સા. ૧૮)*
- *ભગવાનની ઉપાસનાનું ખંડન થાય, ભગવાન સાથેનો સ્વામી-સેવકભાવ ટળી જાય. (વચ. કા. ૧૦)*

વર્તમાન સંજોગોમાં; ખરાબ મિત્રો, અશ્લીલ વાચન, વિચિત્ર પાર્ટીઓ અને ક્લબો, ટી.વી., વીડિયો અને સિનેમાનાં અશ્લીલ અને હિંસક દૃશ્યો, ઇન્ટરનેટની ખરાબ વેબસાઈટ, હૉટલ વગેરેમાં બહારની ખાણી-પીણી એ આદિક અનેક પ્રકારના બાહ્ય કુસંગથી અંતઃકરણ ભ્રષ્ટ થાય છે, પંચવર્તમાન અને વિધિ-નિષેધરૂપ આજ્ઞામાંથી પડી જવાય છે.

વળી, શ્રીજીમહારાજ અને ગુણાતીત સત્પુરુષના માહાત્મ્ય સહિત નિશ્ચય વગરના અને પૂર્વગ્રહવાળા કેટલાક વક્તાઓનાં કથા-પ્રવચનો સાંભળવાથી કે એવા લેખકોનાં લખાણ વાંચવાથી ભગવાનની ભક્તિ-ઉપાસનામાંથી પડી જવાની શક્યતા રહે છે.

આ રીતે બહારના કુસંગથી મુખ્યત્વે ભગવાનની આજ્ઞા અને ઉપાસનામાં ભંગ થાય છે. સાધકને માટે આ મોટામાં મોટું વિઘ્ન છે, કારણ કે આત્યંતિક કલ્યાણ માટે આજ્ઞા અને ઉપાસના અત્યંત અનિવાર્ય છે. તેમાં જ ખોટ આવે તો સાધક આત્યંતિક કલ્યાણને પામી શકતો નથી. માટે બાહ્ય કુસંગથી સાવધાન

રહેવું જોઈએ અને સાથે સાથે એનાથી બચવા માટે પ્રયત્ન કરવો જોઈએ.

શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓનાં વચનમાં વિશ્વાસ હોય, જીવનના અંતિમ ધ્યેયનું અનુસંધાન હોય, શ્રીજીમહારાજ અને પ્રગટ ગુરુહરિને રાજી કરવાનું તાન હોય અને સાથે સાથે તેમને નિત્ય પ્રાર્થના કરવામાં આવે, તો આવા પ્રકારના કુસંગથી બચી શકાય.

## ૬.૪ સત્સંગમાં કુસંગ

### ૬.૪.૧ સત્સંગમાં રહેલા કુસંગની ઓળખાણ

બ્રહ્મરૂપ એવા આ સત્સંગમાં પણ કુસંગ હોઈ શકે છે, કારણ કે આસુરી જીવો ભગવાન કે ગુણાતીત સંતના યોગમાં આવે, તેમ છતાં તેઓ પોતાનો સ્વભાવ મૂકતા નથી. શ્રીજીમહારાજ આ હકીકત સમજાવતાં કહે છે :

***પ્ર. ૬૨ –*** *"જે જીવ આસુરી અને અતિ કુપાત્ર હોય, તે ભગવાનને સમીપે આવે તોય પણ પોતાના સ્વભાવ મૂકે નહિ."*

***મ. ૪૪ –*** *"આસુરી જીવ સત્સંગમાં રહ્યો હોય અથવા સંતના મંડળમાં રહ્યો હોય પણ જેવા કાળનેમી, રાવણ ને રાહુ હતા તે સરખો રહે પણ એને સંતનો સંગ લાગે નહિ."*

આમ, સત્સંગમાં સાધુ વેષે કે હરિભક્તના રૂપમાં કોઈક આસુરી જીવ હોય, અને તેનો જો સંગ થઈ જાય, તો સાધકની સાધનામાં ખૂબ મોટો વિક્ષેપ થાય છે.

આપણે જાણીએ છીએ કે સાક્ષાત્ શ્રીજીમહારાજના યોગમાં આવેલા અલૈયાખાચર, જીવાખાચર, બૂઢો ધાધલ, નિર્વિકલ્પાનંદ, રોળાનંદ જેવા કેટલાય આ પ્રકારના કુસંગીઓ હતા કે જેમણે ઘણાના કલ્યાણમાં વિઘ્નો નાખ્યાં. શ્રીજીમહારાજથી માંડીને આજ સુધી આવાં કેટલાંય આસુરી તત્ત્વોએ સત્સંગમાં રહેવા છતાં પોતાનો આસુરીભાવ પ્રદર્શિત કરીને શ્રીજીમહારાજ તથા ગુણાતીત સત્પુરુષોનો દ્રોહ કરવામાં બાકી રાખ્યું નથી. એવાના સંગે કેટલાય મુમુક્ષુ સંતો-હરિભક્તોએ પણ શ્રીજીમહારાજ તથા ગુણાતીત સત્પુરુષના દ્રોહમાં પડીને પોતાનું કલ્યાણ બગાડ્યું હોય અથવા પોતાની જ સાધનામાં વિઘ્ન નાખ્યું હોય, એવા પણ કેટલાય પ્રસંગો બન્યા છે. તેથી સત્સંગમાં રહેલાં આવાં આસુરી તત્ત્વોને ઓળખીને તેનાથી દૂર રહેવું જોઈએ. જોકે સત્સંગમાં રહેલા કુસંગને ઓળખવો ખૂબ જ કઠણ છે, કારણ કે શત્રુ જ્યારે શત્રુના રૂપમાં આવે ત્યારે

તેને ઓળખીને દૂર રહેવાય, પણ તે જ્યારે મિત્રના રૂપમાં આવે તો તેને ઓળખવો અને તેનાથી દૂર રહેવું અને બચવું ઘણું કઠિન છે. એમ કુસંગી જ્યારે કુસંગીના રૂપમાં આવે તો તો તેને ઓળખી શકાય, પરંતુ જ્યારે તે સત્સંગમાં સંતો કે હરિભક્તોના રૂપમાં આવે, તો તેમને ઓળખવા અને તેમનાથી બચવું કઠણ છે.

ગુણાતીતાનંદ સ્વામી સત્સંગના કુસંગની ઓળખાણ આપતાં સમજાવે છે :

◆ *"સત્સંગમાં કુસંગ છે તે બીજા બે કરતાં વધારે દુઃખ કરનાર છે, તે કંઠી, તિલક કરી સત્સંગી કહેવાતા હોય અને ત્યાગી પણ ભગવાં પહેરી થયા હોય અને જીવ આસુરી હોય. તે સારા સાધુ-હરિજનમાં ખટપટ કરાવે, ને મહારાજ ને બીજા અવતારમાં સમબુદ્ધિ કરાવે, ને એકાંતિક સંતનો દ્રોહ કરે ને કરાવે. એવા હોય તે સત્સંગમાં કુસંગ છે."* *(સ્વા. વા. : ૧૦/૧૦૬)*

◆ *"સત્સંગમાં કુસંગ તે શું જે, મહારાજ અને અવતારાદિકને સરખા કહે તથા મોટા એકાંતિક અને સાધારણ સાધુને સરખા કહે તથા પ્રગટ સ્વરૂપમાંથી પાડે, તે સત્સંગમાં કુસંગ જાણવો."* *(સ્વા. વા. : ૮/૧૪૩)*

સંતો કે હરિભક્તો હોય અને શ્રીજીમહારાજનાં જ ચરિત્રોની કથા કરતા હોય, છતાં તેઓ પણ કુસંગી હોઈ શકે. તેમને ઓળખવા કેટલા કઠણ છે ? ઉપરોક્ત વાતોમાં ગુણાતીતાનંદ સ્વામીએ એવા કુસંગની પણ ઓળખાણ કરાવી આપી છે.

અહીં એ પણ સમજવું જરૂરી છે કે સત્સંગમાં જે કુસંગીઓ છે તે બધા જ આસુરી જીવો છે એવું નથી. કેટલાક દૈવી જીવ હોય, મુમુક્ષુ હોય, મોક્ષની સાધના કરતા હોય, છતાં એવું બને કે તેમના અંતરમાં મોળપ હોય. પોતાના જીવનમાં કોઈક સાધકને શ્રદ્ધા, ધીરજ, હિંમત, આત્મવિશ્વાસ તથા ભગવાન અને સંતના માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચયમાં કે તેમના વિશે અસાધારણ પ્રીતિમાં કચાશ હોય; અથવા તો આળસ, પ્રમાદ, ગાફલાઈ અને બેદરકારીને લીધે સતત અને સખત પુરુષાર્થ કરી શકતા ન હોય; એવું પણ બની શકે. આવાં અનેક કારણોને લીધે કેટલાક સાધકો યથાર્થ વર્તી શકતા ન હોય, પોતાનામાં રહેલ સ્વભાવો અને વાસના ન ટળ્યાં હોય, તેથી તેમના મનમાં મોળા વિચારો આવે. પછી તેઓ બીજાને પણ પોતાના મોળા વિચારો કહે કે અહીં કંઈ થાય તેમ નથી.

આવી મોળી વાત કરનાર પણ એક પ્રકારનો કુસંગ જ છે. આ પ્રકારના પણ કુસંગીઓ સત્સંગમાં હોઈ શકે છે. આવા કુસંગીઓની ઓળખાણ તેમની

વાતો પરથી ખબર પડે છે. આવા કુસંગની ઓળખાણ આપીને તેમનાથી દૂર રહેવાનું સમજાવતાં શ્રીજીમહારાજ ***વચ. પ્ર. ૧૭***માં કહે છે : *“આપણા સત્સંગમાં થોડોક કુસંગનો ભાગ રહ્યો જાય છે તે આજ કાઢવો છે... તે સત્સંગમાં કુસંગ તે શું છે ? તો જે, વાતના કરનારા હિંમત્ય વિનાની વાત કરે છે તે સત્સંગમાં કુસંગ છે. તે કેવી રીતે વાત કરે છે ? તો એમ કહે છે જે, ‘ભગવાનનું જે વચન તેને યથાર્થ કોણ પાળી શકે છે ? અને વર્તમાનધર્મ પણ યથાર્થ કોણ પાળી શકે છે ? માટે જેટલું પળે તેટલું પાળીએ અને ભગવાન તો અધમઉદ્ધારણ છે તે કલ્યાણ કરશે,’ અને વળી, એમ વાત કરે છે જે, ‘ભગવાનનું સ્વરૂપ જે હૃદયમાં ધારવું તે કાંઈ આપણું ધાર્યું ધરાતું નથી, એ તો ભગવાન જેને દયા કરીને ધરાવે છે તેને ધરાય છે.’ એવી રીતની મોળી વાત કરીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ ઈત્યાદિ જે ભગવાનની પ્રસન્નતાનાં સાધન તેમાંથી બીજાને મોળા પાડે છે.”*

વળી, સત્સંગમાં ભગવાન અને ગુણાતીત સત્પુરુષના મનુષ્યભાવની તેમજ સંબંધવાળા સંતો-ભક્તોના અભાવ-અવગુણની વાતો કરનારા પણ કુસંગીઓ છે, તે સમજી રાખવું જોઈએ.

## ૬.૪.૨ સત્સંગમાં રહેલા કુસંગથી નુકસાન

સત્સંગમાં રહેલા કુસંગથી સાધકની સાધનામાં ઘણાં વિઘ્નો આવે છે. મુખ્યત્વે તો આવા કુસંગના કારણે –

- *જે સમજવાનું છે તે ન સમજાય અને બીજું જ કંઈક અવળું સમજાઈ જાય.*
- *જે કરવાનું છે તે ન થાય અને જે નથી કરવાનું તે થાય.*
- *શ્રીજીમહારાજ અને સર્વે અવતારો તત્ત્વતઃ એક જ અને સમાન છે, પરંતુ શ્રીજીમહારાજ સર્વોપરી સર્વાવતારના અવતારી પુરુષોત્તમ નારાયણ છે, એવું ન સમજાય.*
- *ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ છે એવી સમજણ પણ દૃઢ ન થાય.*
- *ભગવાન અને સંતનાં સ્વરૂપમાં સંશય થાય અને એમનામાં મનુષ્યભાવ આવે.*
- *સંતો-ભક્તોના અભાવ-અવગુણમાં ઊતરી જવાય, ખટપટમાં પડી જવાય.*
- *ભગવાન અને સંતની આજ્ઞા પાળવામાં કચાશ રહે. તેમની પ્રસન્નતાનાં સાધનો આત્મસાત્ કરવામાં પણ ઢીલાશ આવી જાય.*
- *હિંમત, ધીરજ, શ્રદ્ધા જેવા આવશ્યક સદ્ગુણોથી રહિત થઈ જવાય.*

➤ *જીવનમાં આળસ-પ્રમાદ જેવા દુર્ગુણોનો પ્રવેશ થાય.*

➤ *પરિણામે સાધક સાધનાના માર્ગે યથાર્થપણે ચાલી ન શકે, ગતિ મંદ થઈ જાય અથવા તો સાધનાપથથી ભ્રષ્ટ થઈ જાય.*

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ *''આ જન્મે એકાંતિક થવાનો હોય તેને ઊતરતાનો સંગ થાય તો સો જન્મ ધરવા પડે.''* *(સ્વા. વા. : ૨/૧૭૮)*

◆ *''સત્સંગમાં કુસંગનો જોગ થાય ને બ્રહ્મરૂપ હોય તો દેહરૂપ કરી નાખે.''* *(સ્વા. વા. : ૫/૩૧૩)*

કુસંગથી થતી અસર જણાવીને એનાથી દૂર રહેવાની શીખ આપતાં પ્રમુખસ્વામી મહારાજ કહે છે : *''કુસંગથી શું થાય ? આપણને એકાંતિક ધર્મમાંથી પાડી દે, ધર્મની અંદર શિથિલતા લાવે. માટે જેણે કરીને આપણાં ધર્મ-નિયમ, આજ્ઞા-ઉપાસના, મહિમા ને સેવામાં ઘસારો આવતો હોય તેની વાત સાંભળવી નહિ ને તેની પાસે બેસવું પણ નહિ. તો આપણો સત્સંગ દૃઢ રહે, નહિ તો ઘસારો આવી જ જાય, ઘરનું ગોપીચંદન પણ જાય. જે કાંઈ બે સારા ગુણ હોય એ પણ ચાલ્યા જાય ને બીજાનો અભાવ આવે.''*

આ રીતે સત્સંગમાં રહેલા કુસંગના યોગથી થતા નુકસાનનો વિચાર કરીને તેનાથી સાધનામાં નુકસાન ન થાય તે માટે સાવધાની રાખીને તેનાથી દૂર રહેવું જોઈએ. જેને પોતાના અંતિમ ધ્યેયની સ્પષ્ટતા અને દૃઢતા હોય, ખરેખર અંતરમાં ભગવાન અને સંતને રાજી કરવાનો ઈશક હોય, તે કદાપિ સત્સંગના કુસંગનો અર્થાત્ ઊતરતાનો સંગ કરે જ નહિ.

વળી, સત્સંગનો કુસંગ ઓળખાય અને તેનાથી રક્ષા થાય એ માટે ભગવાન અને સંતને નિત્ય પ્રાર્થના કરવી જોઈએ.

## ૬.૫ અંતર(ઇન્દ્રિયો-અંતઃકરણ)નો કુસંગ

ઉપરોક્ત બંને પ્રકારના કુસંગ કરતાં આ અંતરનો કુસંગ બહુ ભારે છે. બહારનો કુસંગ અને સત્સંગનો કુસંગ તો સ્થૂળ છે, જ્યારે અંતરનો કુસંગ સૂક્ષ્મ છે. તેથી તેને ઓળખવો અને તેનાથી બચવું અત્યંત મુશ્કેલ કાર્ય છે.

આ અંતરના કુસંગમાં ઇન્દ્રિયો અને અંતઃકરણનો સંયુક્ત કુસંગ છે. ગુણાતીતાનંદ સ્વામી કહે છે : *''ઇન્દ્રિયું, અંતઃકરણ એ સર્વે કુસંગી છે.''* *(સ્વા. વા. : ૧/૧૦)*

આ બંને એકબીજાના સહયોગથી કાર્યરત છે. અંતઃકરણના સહયોગ વગર ફક્ત ઇન્દ્રિયો કંઈ કરી શકતી નથી, અને અંતઃકરણ પણ ઇન્દ્રિયોના સહયોગ વગર બાહ્ય વિષયોનો સંપર્ક સાધી શકે તેમ નથી. તેથી અંતરના કુસંગમાં આ બંનેનો ફાળો છે. તેમ છતાં એમાં સૌથી વધુ ફાળો મન અને બુદ્ધિનો છે. અંતરના કુસંગમાં આ બંને અત્યંત મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

પંચ જ્ઞાનેન્દ્રિયો(શ્રોત્ર, ત્વક, ચક્ષુ, રસના અને ઘ્રાણ), પંચ કર્મેન્દ્રિયો (વાક, પાણિ, પાદ, પાયુ અને ઉપસ્થ) તથા ચાર અંતઃકરણ(મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર) દ્વારા શાસ્ત્રનિષિદ્ધ એવી અયોગ્ય, અશુભ કે ભૂંડી ક્રિયા થવી એ જ એનો કુસંગ છે.

ગુણાતીતાનંદ સ્વામી અંતરના કુસંગ વિશે કહે છે :

◆ *"અંતઃકરણનો કુસંગ તે શું જે, સંકલ્પ કર્યા વિના રહેવાય નહિ ને સાંભળ્યા કે જોયા વિના રહેવાય નહિ."* *(સ્વા. વા. : ૮/૧૪૩)*

◆ *"ગૃહસ્થને પરસ્ત્રીનો ઘાટ થયો તે અંતરનો કુસંગ કહેવાય. ને ત્યાગીને અષ્ટ પ્રકારે સ્ત્રીનો ત્યાગ છે, તેમાં ભંગ થાવાના મનમાં સંકલ્પ થાય તે અંતરનો કુસંગ. તેમ જ અંતરમાં ભગવાન ને સંત વિષે મન કુતર્ક કરે ને એકાંતિકને વિષે ને સાધારણને વિષે સમભાવ કરાવે તે અંતરનો કુસંગ છે."* *(સ્વા. વા. : ૧૦/૧૦૬)*

સામાન્યતઃ ઇન્દ્રિયો-અંતઃકરણના કુસંગમાં અર્થાત્ એમના દ્વારા થતી અયોગ્ય ક્રિયામાં મુખ્યત્વે નીચેની ત્રણ બાબતોનો સમાવેશ થાય છે :

૧. પંચવિષયની વાસના અને કામક્રોધાદિક સ્વભાવો.

૨. સંબંધવાળા સંતો-ભક્તોનો અભાવ-અવગુણ-દ્રોહ.

૩. ભગવાન અને ગુણાતીત સંતનો મનુષ્યભાવ.

હવે આપણે ઇન્દ્રિયો-અંતઃકરણના કુસંગમાં આ ત્રણેય બાબતોનો ક્રમશઃ વિચાર કરીશું.

## ૬.૫.૧ પંચવિષયની વાસના અને કામક્રોધાદિક સ્વભાવો

વસ્તુતઃ જીવ પોતે તો સ્વરૂપ સ્વભાવે કરીને શુદ્ધ ***(વચ. સા. ૧)***, ગુણાતીત ***(વચ. સા. ૯)*** અને સચ્ચિદાનંદરૂપ છે ***(વચ. પ્ર. ૭૩)*** તેમ છતાં તે અનાદિ કાળથી અનાદિ માયા, અવિદ્યા કે અજ્ઞાનરૂપ કારણ દેહથી વેષ્ટિત છે. ***(વચ. સા. ૧૧, કા. ૧૨, વર. ૬)*** આ કારણદેહને લીધે જ દેહને વિશે અહંબુદ્ધિ અને દેહસંબંધી પદાર્થોને વિશે મમત્વબુદ્ધિ ઉત્પન્ન થાય છે. આ અહંમમત્વરૂપ માયા થકી પંચ

વિષયો પ્રત્યેની વાસના તેમજ કામ, લોભ, સ્વાદ, સ્નેહ, માન, ક્રોધ, ઈર્ષ્યા, અસૂયા, મત્સર, દંભ, રાગ-દ્વેષ વગેરે સ્વભાવો કે દોષો ઉત્પન્ન થાય છે.

## ● પંચવિષયની વાસના અને કામાદિક સ્વભાવોથી નુકસાન

પંચવિષયની વાસના કે કામક્રોધાદિક સ્વભાવોથી સાધકને થતા નુકસાન વિશે શ્રીજીમહારાજે જે વાતો કરી છે, તે સંદર્ભોને સારરૂપે જોઈએ :

- *આસક્તિને કારણે સાર-અસારનો વિવેક સમજ્યા વગર નિયમ વિરુદ્ધ વિષયો ભોગવવાથી અંતઃકરણ ભ્રષ્ટ થાય છે. (વચ. પ્ર. ૮, ૧૮)*
- *આસક્તિને લીધે આજ્ઞા લોપવાથી દુઃખી થવાય. (વચ. પ્ર. ૩૪)*
- *વાસનાને લીધે ભગવાનના દિવ્ય સુખનો અનુભવ ક્યારેય ન થાય. (વચ. અં. ૩૮, જે. ૩)*
- *જ્યાં સુધી વાસના છે, ત્યાં સુધી અક્ષરધામમાં નહિ જવાય. (વચ. સા. ૪, ૧૧)*
- *ભક્તમાં જ્યાં સુધી કામક્રોધાદિક સ્વભાવ છે ત્યાં સુધી શ્રીજીમહારાજને એમની સાથે બનતું નથી* ***(વચ. પ્ર. ૭૬),*** *એમની સાથે સુવાણ થતી નથી* ***(વચ. લો. ૧૪),*** *એમની સંગાથે હેત પણ થતું નથી* ***(વચ. મ. ૫૦),*** *એવા ભક્તો પણ મહારાજને ગમતા નથી. (વચ. અં. ૨૫, ૨૬)*
- *જ્યાં સુધી એ સ્વભાવો છે, ત્યાં સુધી ભગવાન અને સંતનો સંપૂર્ણ રાજીપો પ્રાપ્ત થતો નથી. (વચ. પ્ર. ૫૮, કા. ૬)*
- *પંચવિષયની આસક્તિ અને સ્વભાવોને લીધે ભગવાન અને સંતમાં મનુષ્યભાવ આવે છે. (વચ. પ્ર. ૬૩, લો. ૧૭, વ. ૧૧)*
- *એને લીધે જ સંતો-ભક્તોનો અભાવ આવે છે. (વચ. પ્ર. ૧, ૬)*
- *એને લીધે ભગવાન અને સંતનો સંબંધ છૂટી જાય. (વચ. લો. ૧૪, અં. ૨૭)*

## ● વાસના અને સ્વભાવ ટાળવાની આવશ્યકતા

આત્મા-પરમાત્માના સાક્ષાત્કારની આ આધ્યાત્મિક સાધનામાં પંચ-વિષયોની વાસના અને સ્વભાવો અનેક પ્રકારે વિઘ્નરૂપ છે. એ જ સાધકની સાધનાની ગતિ ઘટાડે છે, તેને સારી પેઠે પાછો પાડે છે અથવા તો તેને પથભ્રષ્ટ કરે છે. કમાણી કરવાને બદલે ખોટ જાય છે. શાશ્વત સુખને બદલે ડગલે ને

પગલે ક્લેશ, અશાંતિ અને ઉદ્વેગનો અનુભવ થાય છે. ભગવાન અને સંતની પ્રસન્નતા મેળવવાને બદલે કુરાજીપો મેળવવો પડે છે. છેલ્લો જન્મ થવાને બદલે અનંત જન્મો ઊભા થાય છે.

વાસના અને સ્વભાવ જ બધું બગાડી નાખે છે. જે કાંઈ કર્યું હોય તેના પર પાણી ફેરવી દે છે. વાવેલા ઉપર સો ટનનું રોલર ફેરવી દે છે. સાધનાને નષ્ટ-ભ્રષ્ટ કરી નાખે છે. સાધનામાં સૌ કોઈ ઘણું ઘણું કરતા હોય છે, પરંતુ વાસના અને સ્વભાવને લીધે પ્રગતિ થવાને બદલે અધોગતિ થાય છે. એને લીધે જ અંતરનું અને બહારનું વાતાવરણ બગડે છે. દિવ્ય વાતાવરણ પ્રાકૃત થઈ જાય છે. મનમાં અને બુદ્ધિમાં જડતા વ્યાપી જાય. અંધકાર છવાઈ જાય. મૂઢપણું આવી જાય. કર્તવ્ય-અકર્તવ્યમાં કંઈ સૂઝ જ ન પડે. ભગવાન અને સંતના અભિપ્રાયને સમજી જ ન શકાય. મનધાર્યું જ થાય. આમ, વાસના અને સ્વભાવ તો ભલભલાની ચટણી કરી નાખે છે. સર્વત્ર એના જ કજિયા છે. માટે પોતાની સાધનામાં સ્વભાવ-વાસના વિઘ્નરૂપ ન થાય તે માટે સાધકે ખૂબ જ સાવધાની રાખવી જરૂરી છે, અને સાથે સાથે સ્વભાવ તથા વાસના ટાળવાની આવશ્યકતા સમજીને તે ટાળવાનો પ્રયત્ન કરવો જોઈએ.

જો સાધકને ભગવાન અને સંતનો યથાર્થ અને સંપૂર્ણ રાજીપો પ્રાપ્ત કરવો હોય, સાધના દરમ્યાન કે સાધનાને અંતે એની ફલશ્રુતિરૂપે શાંતિ, સંતોષ, પૂર્ણતા અને કૃતાર્થતાનો અનુભવ કરવો હોય, તો તેણે વાસના અને સ્વભાવ તો મૂકવાં જ પડશે. એને છોડ્યા વગર કે નિર્મૂળ કર્યા વગર ક્યારેય કોઈનોય છૂટકો જ નથી. આજે, આવતી કાલે, આવતા વર્ષે, પચાસ વર્ષે કે સો વર્ષે અથવા તો સો જન્મ પછી પણ વાસના અને સ્વભાવ તો ટાળવા જ પડશે. ગમે ત્યારે અને ગમે ત્યાં એ ટળશે તો જ શાંતિનો અનુભવ થશે, છેલ્લો જન્મ થશે અને આત્યંતિક મોક્ષ થશે. જો અનંત જન્મો પછી પણ એ છોડ્યા વગર છૂટકો જ ન હોય, તો પછી આ જન્મે એ કેમ ન ટાળવાં ? એ ટાળવામાં જેટલું મોડું થશે એટલું સાધકને પોતાને જ દુઃખ અને નુકસાન છે. તેથી જેટલાં વહેલાં વાસના અને સ્વભાવ ટળે એટલો એને જ લાભ છે.

તેથી જ તો શ્રીજીમહારાજે વારંવાર વાસના-સ્વભાવ ટાળવાનો આગ્રહ-પૂર્વક ઉપદેશ પણ આપ્યો છે. અહીં બે સંદર્ભો જોઈએ :

***મ. ૨૬* – *"ભગવાનને ન ગમે એવો કોઈક પોતાનો સ્વભાવ હોય તો તેનો પણ શત્રુની પેઠે ત્યાગ કરવો."***

*અં. ૩૮ – ''જેને સુખ ઈચ્છવું હોય તેને એવા સ્વભાવ હોય તો ટાળવા.''*

ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે :

◆ *''દેહના ભાવ ને વિષયના ભાવ આજ મૂકો, કાલ મૂકો, વરસે મૂકો, પણ જ્યારે મૂકશો ત્યારે જ છૂટકો થાશે.'' (સ્વા. વા. : ૧૪/૨૧૬)*

◆ *''સ્વભાવ મૂક્યા વિના કોઈ દહાડો જય થવાની નથી.'' (સ્વા. વા. : ૧૫/૮૫)*

ઉપરોક્ત સર્વે સંદર્ભોમાં શ્રીજીમહારાજ અને ગુણાતીતાનંદ સ્વામીનો એક જ સૂર આવે છે કે તમે તમારા સ્વભાવ મૂકો. એમની પોતાને આશ્રિત સાધકો પાસેથી સાધકોના જ હિત માટે આ અપેક્ષા છે. સાધકોએ પણ એમની અપેક્ષા પ્રમાણે સ્વભાવ ટાળવા જોઈએ. વસ્તુતઃ તો સ્વભાવ મૂકવા એ એક પ્રકારની સાધના પણ છે અને સાચી સાધનાની ફલશ્રુતિ પણ છે.

પ્રમુખસ્વામી મહારાજ કહે છે, *''સત્સંગમાં આપણે સ્વભાવ મૂકવા જ આવ્યા છીએ. સત્સંગમાં આવ્યા પછી સ્વભાવ ઘસાયા નહિ, તો સત્સંગ કર્યો જ નથી. જેટલા સ્વભાવ ઘસાયા તેટલું જ સત્સંગનું ફળ.''*

## ● વાસના અને સ્વભાવ ટાળવાના ઉપાયો

શ્રીજીમહારાજે વાસના અને સ્વભાવ ટાળવાના ઉપાયરૂપે જે માર્ગદર્શન આપ્યું છે, તેને ભાવાર્થરૂપે જોઈએ :

- *અંતર્દષ્ટિ કરીને પોતાના સ્વભાવ અને વાસનાની તપાસ કરીને એનું યોગ્ય નિદાન. (વચ. પ્ર. ૩૮, સા. ૧૮, અં. ૩૫)*
- *પોતાનામાં જે જે વાસના કે સ્વભાવો રહેલા છે, એને વિશે અતિશય દોષભાવ કે શત્રુભાવ. (વચ. પ્ર. ૭૮, લો. ૧૦, મ. ૧૫)*
- *સ્વભાવ ટાળવાનો દૃઢ સંકલ્પ કરવો. (વચ. સા. ૧૮, મ. ૨૭)*
- *ભગવાન અને સંતના વચનમાં અને પોતાનામાં અતિશય દૃઢ શ્રદ્ધા અને વિશ્વાસ. (વચ. સા. ૯, ૧૮)*
- *ભગવાન અને સંત પાસે પોતાના કલ્યાણનો સ્વાર્થ. (વચ. અં. ૨૪)*
- *પોતાના કલ્યાણનો તથા સંતને રાજી કરવાનો ખપ. (વચ. પ્ર. ૫૭)*
- *ભગવાન અને સંતનો માહાત્મ્યજ્ઞાન અને દિવ્યભાવે સહિત નિશ્ચય. (વચ. પ્ર. ૨૪, ૫૮; મ. ૧૩)*
- *ભગવાનની માહાત્મ્યજ્ઞાને સહિત ભક્તિ. (વચ. સા. ૫, લો. ૧૬)*

- *આસ્તિકતા, શ્રદ્ધા અને પ્રીતિપૂર્વક કથાશ્રવણ.* *(વચ. કા. ૧૨, અં. ૨૪)*
- *ભગવાન અને સંતની સેવા.* *(વચ. મ. ૭, ૨૫)*
- *આત્મનિષ્ઠાની દૃઢતા.* *(વચ. મ. ૨, ૬૨)*
- *પોતપોતાના નિયમધર્મની દૃઢતા.* *(વચ. મ. ૧૬, અં. ૩૪)*
- *કુમાર્ગે જતાં ઈન્દ્રિયો-અંતઃકરણને દંડ.* *(વચ. લો. ૧)*
- *ખબડદાર થઈને પુરુષપ્રયત્ન* *(વચ. મ. ૧૨, સા. ૧૧)*
- *ભગવાન અને ભગવાનના ભક્તનો પક્ષ* *(વચ. પ્ર. ૭૮, અં. ૭)*
- *ભગવાનને શુદ્ધભાવે પ્રાર્થના* *(વચ. પ્ર. ૪૮, પં. ૩)*

દરેક મુદ્દાની સાથે આપેલા વચનામૃતોના મૂળ સંદર્ભો મનન-ચિંતનપૂર્વક વાંચવાથી શ્રીજીમહારાજે વાસના કે સ્વભાવો ટાળવા માટે જે જે ઉપાયો બતાવ્યા છે તેનું એક સ્પષ્ટચિત્ર મનમાં ઊભું થશે. તદ્દનુસાર પ્રયત્ન કરવાથી એમની કૃપાથી વાસના અને સ્વભાવોનો નાશ થઈ શકે તેમ છે, એ નિશ્ચિત હકીકત છે. આ બધા જ ઉપાયો બધાએ જ અજમાવવા પડે એવું નથી. જેમ મૅડિકલ સ્ટોરમાં રહેલી બધી જ દવા બધાએ લેવાની હોતી નથી. જેને જે દવાથી રોગ મટે તેમ હોય તે જ દવા તેને લેવાની હોય છે. એમ અહીં પણ જેને જે જે ઉપાયોથી પોતાનાં વાસના અને સ્વભાવ ટળે તેમ હોય, તે અજમાવવાના હોય છે.

સ્વભાવ અને વાસના ટાળવા માટે ઉપરોક્ત ઉપાયો અજમાવવાની સાથે સાથે નીચે જણાવેલાં પ્રતિલોમાદિક પાંચ પગથિયાં ઉપયોગી થઈ શકે તેમ છે.

**૧. પ્રતિલોમ** : પાછી વૃત્તિ વાળીને અંતર્દૃષ્ટિ કરવી કે સ્વભાવ અને વાસના બાબતે આજે કઈ સ્થૂળ કે સૂક્ષ્મ ભૂલ ક્યારે, ક્યાં અને શા માટે થઈ ?

**૨. પશ્ચાત્તાપ** : થયેલી ભૂલ બદલ અંતરમાં બળતરા, પસ્તાવો કે દુઃખ થવું જોઈએ.

**૩. પ્રાયશ્ચિત્ત** : થયેલી ભૂલના પ્રમાણમાં કંઈક ને કંઈક યથાશક્તિ નાનું-મોટું પ્રાયશ્ચિત્ત કરી લેવું જોઈએ.

**૪. પુરુષાર્થ** : ફરી આવી ભૂલ ન થાય તે માટે જાગૃતિપૂર્વક પુરુષાર્થ કરવો જોઈએ. થયેલી ભૂલનું મૂળ કારણ શોધીને તે દૂર કરવા આયોજનપૂર્વક પુરુષાર્થ કરવો જોઈએ.

**૫. પ્રાર્થના** : ફરી વખત આવી ભૂલ ન થાય તેવી બુદ્ધિ, શક્તિ અને પ્રેરણા મળે એ માટે મહારાજ અને ગુણાતીત ગુરુઓને પ્રાર્થના કરવી જોઈએ. ઉપરોક્ત સર્વે ઉપાયો અજમાવી શકાય અને સ્વભાવ તથા વાસનામાંથી સંપૂર્ણપણે મુક્ત

થઈ શકાય, તે માટે એમને જ પ્રાર્થના કરવી અત્યંત અનિવાર્ય છે. એમની કૃપા વગર આમાંથી બહાર નીકળવું અશક્ય જ છે. માટે આપણા પુરુષાર્થની સાથે સાથે એમની કૃપાદૃષ્ટિ ભળે તે માટે પ્રાર્થના એક સબળ ઉપાય છે.

કોઈ પણ સાધકે ઉપરોક્ત ઉપાયોની સાથે સાથે આ પાંચ પગથિયાં દ્વારા સ્વભાવ અને વાસના બાબતે થતી સૌપ્રથમ સ્થૂળ ભૂલો અટકાવવી જોઈએ. ત્યાર બાદ સૂક્ષ્મ ભૂલો પર ધ્યાન કેન્દ્રિત કરીને તે દૂર કરી શકાય અને અંતે મહારાજ અને ગુણાતીત સંતની કૃપાથી સ્વભાવ-વાસનાને સંપૂર્ણપણે નિર્મૂળ કરી શકાય.

## ૬.૫.૨ સંતો-ભક્તોનો અભાવ, અવગુણ અને દ્રોહ

અભાવ, અવગુણ અને દ્રોહ એ ઈન્દ્રિયો-અંતઃકરણનો ભયંકર કુસંગ છે. આ પ્રકારનો કુસંગ સમૂહમાં રહીને સાધના કરનાર સાધકોને વધારે નડે છે. શ્રીજીમહારાજે અને ગુણાતીત ગુરુઓએ આપણને હિમાલય કે જંગલમાં જઈને એકાંતમાં સાધના કરવાનું શીખવવાને બદલે સમૂહમાં રહીને સાધના કરવાનું કહ્યું છે. સાધક એકલો જ હોય તો તેને બીજા કોઈનો અભાવ-અવગુણ આવવાનો પ્રશ્ન જ થતો નથી. જ્યારે સાધક સમૂહમાં રહે છે અને સૌની સાથે રહીને સેવા-પ્રવૃત્તિ કરે છે, ત્યારે એકબીજાના દોષો દેખાવાની શક્યતા અનેકગણી વધી જાય છે. વળી, સમૂહમાં સાધના કરવાથી પરસ્પર મતભેદ થવાને લીધે અહં-મમત્વ, રાગ-દ્વેષ જેવા વિકારોનો ઉદ્ભવ થવાની શક્યતા પણ વધે છે. આમ, સમૂહમાં સાધના કરવાથી જીવમાં પડેલા સ્વભાવોને પ્રગટ થઈ આવવાની તક મળે છે. તે વખતે જો સાધક ધ્યાન ન રાખે તો બીજાના અભાવ, અવગુણ અને દ્રોહમાં પડી જવાની શક્યતા વધુ રહે છે, જેને લીધે એને પારાવાર નુકસાન થાય છે.

તેથી જ તો શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓએ પોતાના ઉપદેશોમાં અભાવ, અવગુણ અને દ્રોહ વિષયક ખૂબ જ વાતો કરી છે. અભાવ-અવગુણ આવવાનાં કારણો, તેનાથી થતું નુકસાન, તે ન આવે તો થતા લાભ અને તે ન આવે તેના ઉપાયો વારંવાર સમજાવીને અભાવ-અવગુણ ન લેવા માટે આગ્રહપૂર્વક ઉપદેશ ખૂબ આપ્યો છે. વચનામૃત, સ્વામીની વાતો અને ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજનાં ઉપદેશ-વચનોમાં વારંવાર આ વિશેનો ઉપદેશ જોવા મળે છે.

શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓએ લેશમાત્ર કંટાળો લાવ્યા વગર આ વિષયક એકની એક વાતો વારંવાર કરી છે. પોતાના જીવન-પ્રસંગો દ્વારા પણ અભાવ-અવગુણમાં ન પડવાની પ્રેરણા આપી છે. આ અવળા માર્ગે સરકી જતા સાધકોને વ્યક્તિગત કે સમૂહમાં ટકોર કરી છે, ઠપકો આપ્યો છે અને માતાની મમતાથી સમજાવ્યા પણ છે. અભાવ, અવગુણ અને દ્રોહ વિષયક એમનાં આગ્રહપૂર્વકનાં વચનો વાંચીએ, વિચારીએ અને સમજીએ ત્યારે ઇન્દ્રિયો-અંતઃકરણના આ કુસંગની ભયાનકતા સમજી શકાય તેમ છે. હવે અહીં આપણે આ પ્રકારના કુસંગ વિષે વિચારીએ.

## ● અભાવ, અવગુણ અને દ્રોહનું તાત્પર્ય

સંતો-ભક્તોનો અભાવ-અવગુણ લેવો એટલે કે એમનામાં દોષો, દુર્ગુણો કે સ્વભાવો જોવા, સાંભળવા, કહેવા કે વિચારવા; સંત કે ભક્તની કોઈક ભૂલ કે ખામી જોવા મળી હોય, તો તેની ચર્ચા કરવી, બીજે-ત્રીજે વાતો કરવી, મનમાં તેનો વિચાર કર્યા કરવો. તેમનો દ્રોહ એટલે તેમનું અહિત થાય એવું મન-કર્મ-વચને વર્તન કરવું, એવો પ્રયત્ન કરવો.

યોગીજી મહારાજ અભાવ, અવગુણ અને દ્રોહની વ્યાખ્યા આ પ્રમાણે સમજાવે છે :

**અભાવ** : કોઈક હરિભક્તથી કાંઈક ભૂલ થઈ હોય, અગર કાંઈક થોડું બન્યું હોય તેનો ફજેતો કરે અને વિસ્તારથી બીજાને સંભળાવે એનું નામ અભાવ. જે એમ કરે તેને એ હરિભક્ત દીઠો ન ગમે અને એની સાથે આંટી પડે. કહી દઈએ એ અભાવ નહિ, પણ મનમાં રહ્યા કરે અને ઝીણું ઝીણું બોલ્યા કરે એ અભાવ.

**અવગુણ** : કાંઈ દોષ ન હોય, ને આઘું-પાછું ન કરતો હોય તેમાં પણ દોષ કહે તે અવગુણ. ગાંઠ બંધાયા પછી ગુણમાં પણ દોષ પરઠાય.

**દ્રોહ** : કોઈનું વાંકું સાંભળે તો પંડે જોયું ન હોય, તોપણ હૈયામાં ગરી જાય અને ઝાઝો કુસંગ કરે તો હડકવા હાલે અને જીવ નાશ પામે તે દ્રોહ.

જો આ પ્રકારના કુસંગથી બચી જવાય એટલે કે કોઈ સંતો-ભક્તોનો અભાવ જો ન આવે, તો સાધકને સાધનામાં ઘણો લાભ થાય છે, પરંતુ જો એના રવાડે ચડી જવાય, તો સાધનામાં ખૂબ મોટું વિઘ્ન આવે અથવા તો સાધનાપથથી ભ્રષ્ટ જ થઈ જવાય.

હવે આપણે અભાવ-અવગુણ ન લેવાથી કે દ્રોહ ન કરવાથી થતા લાભ અને તેમાં પડવાથી થતાં નુકસાનનો વિચાર કરીએ.

## ● અભાવ-અવગુણ ન આવે તો લાભ

મનુષ્યમાત્રનો સ્વભાવ છે કે જેમાં એને લાભ દેખાય તે ગમે તે ભોગે કરવા તૈયાર થાય છે. તેથી આપણે સૌપ્રથમ અભાવ-અવગુણ ન લેવાથી થતા લાભ વિષે વિચારીએ.

જો કોઈનોય ક્યારેય, કોઈ પ્રકારનો અભાવ ન આવે, તો મોટામાં મોટો લાભ જ એ છે કે અભાવ-અવગુણને લીધે જે નુકસાન છે તે થાય જ નહિ. સાધનામાં વિઘ્ન ન આવે, મોટાપુરુષનો કુરાજીપો ન થાય, અંતરમાં અશાંતિ ન રહે.

ભગવાનના ભક્તનો અભાવ-અવગુણ ન આવે કે તેમનો દ્રોહ ન થાય તો જે લાભ થાય છે તે દર્શાવતાં શ્રીજીમહારાજ કહે છે :

***પ્ર. ૧** – "સંતનો અવગુણ જો ન લે તો એને સત્સંગમાં દૃઢ પ્રીતિ થાય."*

***પ્ર. ૬** – "તે તો દિવસે દિવસે સત્સંગને વિશે મોટ્યપને પામે છે."*

***પ્ર. ૫૩** – "જો અવગુણ લે નહિ તો તેને શુભ ગુણની દિવસ દિવસ પ્રત્યે વૃદ્ધિ થતી જાય છે."*

***મ. ૪૬** – "જે પંચ મહાપાપે યુક્ત હોય અને તેને જો ભગવાન ને ભગવાનના સંતને વિશે અવગુણ ન આવ્યો હોય, તો તો એનાં પાપ નાશ થઈ જાય ને એનો ભગવાનના ધામમાં નિવાસ થાય."*

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ *"અવગુણ નહિ લે તેનો સત્સંગ પૂનમના ચંદ્રમાની પેઠે વૃદ્ધિ પામશે."*

*(સ્વા. વા. : ૯/૩૪૧)*

◆ *"ભગવદીનો અવગુણ ન આવે તો કરોડ તીર્થ કર્યાં."*

*(સ્વા. વા. : ૧૦/૨૫૨)*

યોગીજી મહારાજ કહે છે, *"સત્સંગમાં અભાવ-અવગુણરૂપ ખટાશ ન આવે તો સત્સંગનું સુખ કેસર કેરી જેવું ગળ્યું આવે."*

ભગવાનના ભક્તો કે સંતોનો ફક્ત અવગુણ ન લેવામાત્રથી જો આટલો મોટો લાભ થવાનો જ હોય, તો સાચા સાધકે કદી પણ કોઈનોય અવગુણ ન લેવો જોઈએ.

હવે આપણે સંતો-ભક્તોનો અવગુણ લેવાથી શું નુકસાન થાય છે તે જોઈએ, જેથી એ નુકસાનને લીધે પણ અભાવ-અવગુણ ન લેવો જોઈએ, એવી દૃઢતા થાય.

## ● અભાવ, અવગુણ અને દ્રોહથી ખોટ

શ્રીજીમહારાજે અભાવ, અવગુણ અને દ્રોહથી જે નુકસાન થાય છે, તે વિશે ઘણાં વચનામૃતોમાં વાતો કરી છે. તેમાંથી સાર અને ભાવાર્થરૂપ કેટલાક સંદર્ભો જોઈએ :

- *અવગુણ લેનાર દિવસે દિવસે ઘટતો જાય છે અને સત્સંગમાં પ્રતિષ્ઠા-હીન થઈ જાય છે. (વચ. પ્ર. ૬, ૫૩)*
- *અવગુણ આવે તો રાત્રિ-દિવસ હૈયામાં મૂંઝાયા કરે, દિવસે સુખે કરીને બેસાય નહિ, રાત્રે સુખપૂર્વક નિદ્રા ન આવે, ક્રોધ મટે જ નહિ, અર્ધ બળેલા કાષ્ઠની જેમ ધૂંધવાયા કરે, હૈયામાં કોઈ દિવસ સુખ ન આવે અને અંતે પાછો પડી જાય છે. (વચ. પ્ર. ૨૮)*
- *અલ્પ દોષ જોઈને અવગુણ લેવો એ મોટી ખોટ છે. અવગુણ લેવાનો સ્વભાવ હોય તેની તો આસુરીબુદ્ધિ થઈ જાય છે. (વચ. પ્ર. ૩૧)*
- *ભગવાન અને સંતનો અવગુણ લેવાથી બુદ્ધિ દૂષિત થઈ જાય છે, તેથી તે કલ્યાણને માર્ગે ચાલી શકે નહિ. (વચ. પ્ર. ૩૫)*
- *જેને સંતનો અવગુણ આવ્યો તે કોઈ પ્રાયશ્ચિત્તે કરીને પણ શુદ્ધ ન થાય. સંતનો અવગુણ તે ક્ષય રોગ જેવો છે, જેને આવે તે જરૂર મરે, વિમુખ થાય. સંતનો અવગુણ આવે તો એનું માથું કપાણું જાણવું. તે નિશ્ચય સત્સંગથી જ્યારે ત્યારે વિમુખ થાય. (વચ. લો. ૧)*
- *અવગુણનો લેનારો નારકી થાય છે અને તેના હૃદયને વિશે કુટુંબે સહિત અધર્મ આવીને નિવાસ કરે છે. (વચ. મ. ૧૧)*
- *બીજામાં અવગુણ જુએ અને પોતામાં ગુણ પરઠે તે તો સત્સંગી છે તોપણ અર્ધો વિમુખ છે. તે ગમે તેવો મોટો હોય, તોપણ તેને કલ્યાણના માર્ગમાં વિઘ્ન થાય છે. (વચ. મ. ૨૬)*
- *હરિભક્તનો જે દ્રોહી હોય તેનો મહારાજને અભાવ આવે છે. ભક્તનું ઘસાતું કોઈ બોલે તેની સાથે એમને બોલવાનું મન જ ન થાય. ભગવાનના ભક્તનો જેને જેને અભાવ આવ્યો છે, તે અતિશય મોટા*

*હતા તોપણ પોતાની પદવી થકી પડી ગયા છે. જેનું ભૂંડું થાય છે તે પણ ભગવાનના ભક્તના દ્રોહમાંથી જ થાય છે. ભગવાનના ભક્તનો દ્રોહ કરવો એ જ ભગવાનને કુરાજી કરવાનો ઉપાય છે. (વચ. મ. ૨૮)*

- *ભગવાનના ભક્તનો મને, વચને અને દેહે કરીને જે કાંઈક જાણે-અજાણે દ્રોહ થઈ આવે, ને તેણે કરીને જેવું આ જીવને દુઃખ અને કષ્ટ થાય છે કે ભૂંડું થાય છે, તેવું બીજે કોઈ પાપે કરીને થતું નથી. (વચ. મ. ૪૦)*
- *સંસારમાં પંચ મહાપાપના કરનારાનો કોઈ દિવસ છૂટકો થાય, પણ ભગવાનના ભક્તના દ્રોહના કરનારાનો કોઈ દિવસ છૂટકો થતો નથી. ભક્તનો દ્રોહ કરવો તે બરોબર કોઈ પણ પાપ નથી.*
  *(વચ. મ. ૬૩, અં. ૨૨)*
- *ભગવાન, ભગવાનના ભક્ત, બ્રાહ્મણ અને ગરીબના દ્રોહથી જીવનો નાશ થાય, એટલે કે એ જીવનું કલ્યાણ ન થાય. (વચ. વર. ૧૧)*
- *ભગવાન અને ભગવાનના ભક્તનો જેને અવગુણ આવ્યો હોય તે સત્સંગી કહેવાતો હોય છતાં હડકાયા શ્વાન જેવો છે. તેને સંગે બીજા પણ વિમુખ થાય. ભગવાન અને ભક્તનો અવગુણ ક્ષયરોગ જેવો છે. તેની આસુરી મતિ મટે જ નહિ. અનંત વાર પંચ મહાપાપ કર્યાં હોય તેમાંથી છૂટવાના ઉપાયો શાસ્ત્રમાં છે, પરંતુ ભગવાન અને ભક્તના અવગુણના પાપમાંથી છૂટવાનો કોઈ ઉપાય શાસ્ત્રમાં કહ્યો નથી. ભગવાન અને ભગવાનના ભક્તનો દ્રોહી હોય તેને તો અનંત કોટિ કલ્પ સુધી મરવું પડે ને અવતરવું પડે. ભગવાન ને ભગવાનના ભક્તનો દ્રોહ કરવાથી જીવનો નાશ થાય અર્થાત્ તે કોઈ દિવસ પોતાના કલ્યાણનો ઉપાય કરી જ શકે નહિ. (વચ. અં. ૧૨)*
- *મહારાજને ભગવાનના ભક્તનું ઘસાતું બોલનાર તો દીઠો પણ ગમતો નથી, એના હાથનું અન્ન-જળ પણ ભાવતું નથી. મહારાજના પોતાના દેહનો સંબંધી જો ભક્તનો અવગુણ લે તો તેની સાથે પણ એમને અતિશય કુહેત થઈ જાય છે. (વચ. અં. ૨૧)*

શ્રીજીમહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે :

◆ *''અમારી સેવા કરતો હોય અને હરિભક્તના અવગુણ દેખાડતો હોય, પણ ગુણ કહેતો ન હોય; તેની સેવા તો વજ્રના પ્રહાર જેવી અમને લાગે છે.''*

*(પૂર : ૫, તરંગ : ૫૨)*

◆ *"જેના મૂળમાં અભાવરૂપી ઊધઈ લાગે છે, તે ભક્તરૂપી વૃક્ષ સમૂળું સુકાઈ જાય છે."* *(પૂર : ૬, તરંગ : ૧૦૨)*

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ *"નિત્યે લાખ રૂપિયા લાવે ને સત્સંગનું ઘસાતું બોલતો હોય તો તે મને ન ગમે, ને સૂતો સૂતો ખાય પણ ભગવાનના ભક્તનું સારું બોલતો હોય, તો તેની ચાકરી હું કરાવું, એવો મારો સ્વભાવ છે."* *(સ્વા. વા. : ૧/૨૩૭)*

◆ *"ભગવાનના ભક્તના દોષ વિચારે તો જીવ ભ્રષ્ટ થઈ જાય છે."* *(સ્વા. વા. : ૫/૧૯૦)*

◆ *"કોઈનું વાંકું બોલશું તો મહારાજ દુઃખાઈ જાશે."* *(સ્વા. વા. : ૯/૧૯૯)*

◆ *"મોટાના અવગુણનું એવું પાપ છે જે, જીવ બળી જાય છે. સૂરજ જેવો હશે તે પણ જો ભગવાનના ભક્તનો અવગુણ લેશે તો કીડી જેવો થઈ જાશે."* *(સ્વા. વા. : ૯/૩૪૭)*

◆ *"પૂનમના ચંદ્રમા જેવો થયો હોય, તોપણ ભગવદીના દોષે કરીને અમાવાસ્યાના ચંદ્રમા જેવો થઈ જાય છે."* *(સ્વા. વા. : ૧૩/૧૬૮)*

યોગીજી મહારાજ કહે છે :

◆ *"ભક્તનો અભાવ આવે એ મરણ. ભક્તનો અભાવ લેવામાં જીવનું મોત સમજવું. ભગવાનના ભક્તને દેહે મરવું તે મરણ નથી, પણ ભગવાનના ભક્તનો અવગુણ આવે તે જ મરણ છે. અવગુણ લેતા હોય ને ગાદી-તકિયે બેઠા હોય તોય મરેલા છે."*

◆ *"કોઈ સંત-હરિભક્તના અવગુણ લેવા માંડશું તો પડવાનો વારો આવશે. વાંકું બોલશે તો સત્સંગ ચૂંથાઈ જશે. અભાવ-અવગુણ લે તો મહારાજ સત્સંગમાંથી કાઢી નાખે."*

પ્રમુખસ્વામી મહારાજ કહે છે :

◆ *"મહિમાને બદલે અમહિમાની વાતો થાય તો અંતર ઊઝરડાઈ જાય અને આપણે જે કરવાનું છે તે રહી જાય અને ન કરવાનું થઈ જાય. અમહિમાની વાત એટલે ઝેર. અમહિમાનો એક શબ્દ પડે તો ખલાસ. એમાં જીવનું ભૂંડું થાય છે."*

◆ *"આપણે જો એકબીજાના અભાવ-અવગુણમાં પડી જઈએ તો આપણો મુદ્દો જતો રહે. આપણું ઠેકાણું ન રહે. અવગુણની વાતને જોયા કરશો ને બીજાને કહ્યા કરશો, તો તેમાં તમારી આધ્યાત્મિક વસ્તુ પ્રાપ્ત નહિ થાય. તમે જે પ્રાપ્ત કરવા આવ્યા છો તે પ્રાપ્ત નહિ થાય."*

◆ *"આપણે બીજાનું જ જોઈએ છીએ તેમાં તો અશાંતિ અને ઉદ્વેગ જ છે. જ્યાં સુધી બીજાનું જોવાની, કહેવાની, સાંભળવાની કે વિચારવાની ટેવ છે; ત્યાં સુધી તમે ગમે ત્યાં જાશો ને ગમે તે કરશો પણ કોઈ દા'ડો તમને શાંતિ નહિ જ થાય, એ સમજી રાખો."*

◆ *"આગળ જાય વાવતો ને પાછળ જાય ટોરતો. સો ટનનું રોલર ફેરવી દીધું પછી ક્યાંથી ઊગે ? એમ સેવા-ભક્તિ, કથા બધું જ કરીએ પણ અભાવ-અવગુણની વાતો કરીએ, નિંદા, કુથલી પણ કરતા જઈએ એટલે બધી મહેનત નિષ્ફળ જાય. એમાં તો સ્વભાવ વધતા જાય."*

ઉપરોક્ત સંદર્ભોમાં સાધકને પોતાની સાધનામાં અભાવ-અવગુણથી થતા નુકસાનનો નિર્દેશ છે.

એકાદશીના દિવસે અનાજનો દાણો ભૂલમાં ખવાઈ જાય તો અંતરમાં ખટકે, પરંતુ અભાવ-અવગુણની બાબતમાં ખટકતું જ નથી. એમાં તો સાધક જે કરે તે તેને બરોબર જ લાગે છે. તર્કબદ્ધ દલીલો દ્વારા સાધક પોતાની જાતને નિર્દોષ જ સાબિત કરે છે કે મેં જે અભાવ-અવગુણની વાત કરી, સાંભળી કે વિચારી તે બરોબર જ છે.

સાધકે કરેલા પોતાના બચાવનું મુખ્ય કારણ એ જ છે કે આની ભયાનકતાની પ્રતીતિ થઈ નથી. બૅન્ક બેલેન્સ કોઈક બારોબાર ઉપાડી જાય, ઘરમાંથી ધન-સંપત્તિ કોઈક લૂંટી જાય તો દુઃખ થાય છે, પરંતુ આ અભાવ-અવગુણ સાધકના સદ્‌ગુણોનું અપહરણ કરી જાય છે તે સમજાતું નથી. શરીરને નુકસાનકારક પદાર્થો ન લેવાય તે સમજાય છે, પરંતુ આનાથી મનને કે જીવાત્માને રોગ લાગુ પડે છે તે સમજાતું નથી. શરીરના કૅન્સર કે ઍઈડ્ઝ જેવા ભયાનક રોગની ખબર પડે છે, પરંતુ આ જીવના કૅન્સરનો ખ્યાલ નથી આવતો. દેહનો નાશ થાય તે તો નજરોનજર દેખાય છે, પરંતુ આમાં જીવનો નાશ થઈ જાય છે તે સમજાતું નથી. લૌકિક અભ્યાસ બગડે કે ધંધામાં નુકસાન થાય તે સમજાય છે, પરંતુ આ સાધના બગડે છે, મોક્ષનું કામ બગડે છે, એમાં જરા પણ દૃષ્ટિ પડતી નથી. પોતાનાં વર્તન કે કાર્યથી માતાપિતા, પતિપત્ની, ભાઈ કે બહેન, મિત્રો અથવા પોતાના ઉપરી અધિકારી કુરાજી ન થઈ જાય એનો ખ્યાલ રખાય છે, પરંતુ આનાથી ભગવાન અને સંતનો અત્યંત કુરાજીપો થઈ જાય છે એ મનાતું નથી.

આ સૂક્ષ્મ બાબતો ક્યારે સમજાય અને મનાય ? એનું સતત અનુસંધાન ક્યારે રહે ? જો મહારાજ અને ગુણાતીત ગુરુઓના શબ્દોની હારમાળા કરીને

એનું પ્રાર્થનાપૂર્વક વારંવાર વાંચન અને મનન કરવામાં આવે, એમાં અતિશય વિશ્વાસ આવે તો એ શબ્દોની અંતરમાં ચોટ લાગે; અધ્યાત્મ-સાધનામાં અભાવ-અવગુણ શું છે અને તે કેવી હોનારત સર્જે છે તે સમજાય અને મનાય.

અભાવ-અવગુણથી શું શું થઈ શકે તેમ છે તે વિચારીએ :

અભાવ-અવગુણને લીધે –

- *ભગવાન અને સંતમાં મનુષ્યભાવ આવશે, પરિણામે સાધકો કદાચ પૂર્ણિમા જેવા થયા હશે તોપણ અમાવાસ્યા જેવા થઈ જશે.*
- *ભગવાન અને સંત ઓશિયાળા થવાના. સાધકો એમનો વિશ્વાસ ગુમાવવાના. એમને સાધકોમાં વિશ્વાસ નહિ રહે.*
- *સંપ, સુહૃદભાવ, એકતાનું દિવ્ય વાતાવરણ બગડશે, પરસ્પરના દિવ્ય સંબંધોમાં આગ લાગશે. એકબીજાનાં મન નોખાં પડશે.*
- *બીજાના ગુણો ઢંકાઈ જશે. એમના પ્રત્યે સદ્‌ભાવ, પ્રેમ નહિ રહે. એમની પ્રેમથી, મહિમાથી સેવા નહિ થાય. એમની સાથેના સંબંધો બગડશે. સંપ તૂટશે, કુસંપ વધશે.*
- *નિયમ-ધર્મ પાળવાનો, સેવા-ભક્તિ-તપ કરવાનો, શ્રીજીમહારાજ અને સ્વામીને રાજી કરવાનો, તેમની આજ્ઞા-અનુવૃત્તિ પ્રમાણે જીવન જીવવાનો ઉત્સાહ, ઈશક ટળી જશે. કંઈ જ કરવાનું મન નહિ થાય. જે કાંઈ કરીએ તેમાં જરાય પણ મજા નહિ આવે. ઢસરડા થશે. વેઠ મનાશે.*
- *મોળા, હલકા, નકારાત્મક વિચારો આવશે. અંદરથી ભાંગી પડાશે.*
- *નિરાશ, ઉદાસીન, નાહિંમત, બળહીન થઈ જવાશે.*
- *સત્સંગમાં નહિ નભાય, નહિ ટકાય. કદાચ પડ્યા રહીએ પણ વિકાસ નહિ થાય. સદ્‌ગુણો નહિ આવે. મોટાપુરુષનો રાજીપો નહિ પ્રાપ્ત થાય. શાંતિ નહિ થાય. જીવન સાર્થક નહિ લાગે.*
- *સો ટકા વિઘ્નમાં જ બેઠા હોઈએ એવું થશે. ગમે ત્યારે વિઘ્ન નડશે.*
- *સ્થિરતા, સમતા, સંતોષ, સલામતી, સાર્થકતા, સંપૂર્ણતા અને શાંતિનો અનુભવ ક્યારેય, ક્યાંય અને કોઈ પણ સંજોગોમાં નહિ જ થાય.*
- *જીવનનો આનંદ ગુમાવી બેસવાના. પોતાની શાંતિનું ખૂન પોતાની જાતે જ કરવાના.*
- *આજ સુધી કોઈ ફાવ્યું નથી અને હવે પછી બીજા પણ નથી જ ફાવવાના.*
- *આજ સુધી કોઈ બચ્યું નથી અને હવે પછી બીજા પણ નથી જ બચવાના.*

- *આજ સુધી કોઈની પ્રગતિ થઈ નથી અને હવે પછી બીજાની પણ પ્રગતિ નથી જ થવાની.*
- *જીવન કચરાપેટી જેવું બની જાય. પછી બધા જ બધાના બધી પ્રકારના અભાવ-અવગુણનો 'કચરો' નાંખવા આવે, પોતાનાં ઈન્દ્રિયો-અંતઃકરણ પણ બહારથી આવો જ કચરો અંદર ઠાલવે.*

અભાવ-અવગુણથી થતા નુકસાનની આવી ભયંકરતા જોઈને શ્રીજીમહારાજે અને ગુરુઓએ તેમાં પડવાનો સખત નિષેધ કર્યો છે. એકની એક વાત કેટલીવાર એમણે કરી છે ! એમનો કેટલો આગ્રહ છે ! એમનાં વચનો વાંચીએ અને વિચારીએ :

## ● અભાવ, અવગુણ અને દ્રોહનો નિષેધ

સાધકની સાધનામાં અભાવ, અવગુણ અને દ્રોહને લીધે વિઘ્ન ન આવે, તે માટે શ્રીજીમહારાજે અનેકાનેક વચનામૃતોમાં અભાવ, અવગુણ અને દ્રોહમાં નહિ પડવાનો સ્પષ્ટ આદેશ આપ્યો છે. આમાંથી બે સંદર્ભો વિચારીએ :

***પ્ર. ૩૧ –*** *"એવો જે હરિભક્ત હોય તેનો કોઈક દેહસ્વભાવ જોઈને તેનો અવગુણ લેવો નહિ."*

***મ. ૪૦ –*** *"જેને આ દેહે કરીને પરમ સુખિયા થવું હોય ને દેહ મૂક્યા કેડે પણ પરમ સુખિયા થવું હોય, તેને ભગવાનના ભક્તનો મને, વચને, દેહે કરીને દ્રોહ ન કરવો."*

શ્રીજીમહારાજ વેદરસમાં લખે છે, *"આપણે સત્સંગીનો તો અવગુણ લેવો જ નહિ. અને જો તે સત્સંગીનો અવગુણ લેશે તો તે મોક્ષના માર્ગથી પડી જશે. અને કુસંગીનો પણ અવગુણ ન લેવો."* *(વેદરસ, પૃષ્ઠ : ૩)*

ગુણાતીતાનંદ સ્વામી પણ પોતાની અનેક વાતોમાં અભાવ, અવગુણ અને દ્રોહમાં ન પડવાનું કહે છે. અહીં ફક્ત ત્રણ સંદર્ભો વિચારીએ :

◆ *"સેવા તો પોતાની શ્રદ્ધા પ્રમાણે થાય તે કરવી, પણ અસેવા તો ન જ કરવી. તે અસેવા તે શું જે, અવગુણ લેવો."* *(સ્વા. વા. : ૨/૧૩૩)*

◆ *"જેને ભગવાનના ધામમાં જાવું હોય તેને કોઈનો દોષ ન લેવો."* *(સ્વા. વા. : ૮/૨૪૯)*

◆ *"સત્સંગમાં કોઈને થોડું જ્ઞાન હોય ને કોઈને વધુ જ્ઞાન હોય, કોઈને મંદિરની ક્રિયારૂપ ભક્તિ કરતાં આવડે ને કોઈને ન આવડે, કોઈ આળસુ હોય ને*

*કોઈ પ્રમાદી હોય; પણ જો આજ્ઞા-ઉપાસના ચોખી હોય ને મોટા સંતનો અભાવ ન હોય ને જેવા તેવા હોય, તોપણ અવગુણ ન લેવો.''* *(સ્વા. વા. : ૧૦/૧૦૩)*

યોગીજી મહારાજ પોતાના ઉપદેશમાં વારંવાર અભાવ-અવગુણ લેવાનો નિષેધ કરતા. જુદાં જુદાં દૃષ્ટાંતો આપીને, જુદા જુદા રૂઢિપ્રયોગો કે વિશિષ્ટ શબ્દો વાપરીને અસરકારક રજૂઆત દ્વારા અભાવ-અવગુણમાં ન પડવાનો આગ્રહપૂર્વક ઉપદેશ આપતા. એકની એક વાત કરવામાં એમને ક્યારેય કંટાળો નથી આવ્યો. એમનાં ઉપદેશ વચનોમાંથી કેટલાંક વચનો જોઈએ :

◆ *''અવગુણ લેવાનો – ઝેર પીવાનો રસ્તો લેવો જ નહિ. અભાવ-અવગુણ-રૂપી રસ્તો સદંતર બંધ કરવો.''*

◆ *''મોટાનો મત એ જ છે અને શ્રીજીમહારાજે પણ વચનામૃતમાં પાને પાને કહ્યું છે જે, અભાવ-અવગુણમાં પડશો નહિ. આપણને એ જોવાનો અધિકાર જ નથી. મહારાજ પંડે પણ જોતા નથી. માટે એ બારી જ બંધ કરવી. જેમ નાડી તૂટે તો દેહનું મોત થાય, તેમ આ જીવનું મોત સમજવું.''*

◆ *''ગુણાતીત બનવા કોઈનો અવગુણ લેવો નહિ. ગુણાતીત બાગના કાંટાનોય અવગુણ ન લેવો. ધૂળ જેવો હોય તેનો પણ અભાવ ન લેવો. કુસંગીનોય અવગુણ ન લેવો.''*

◆ *''સ્વામિનારાયણનું એક નામ આખા વરસમાં લે 'શાસ્ત્રીજી મહારાજ' એમ, તો એનો અવગુણ ન લેવો. તો રોજ નામ લેતો હોય તેનો અવગુણ કેમ આવે ? અભાવ-અવગુણ કોઈનો ન આવવો જોઈએ, તો રજકણ બદલાયા કહેવાય.''*

◆ *''અક્ષરધામમાં વન-વૅ. રસ્તા બંધ. અભાવ-અવગુણ લેવાય જ નહિ. ગુણ જ લેવાનો. અવગુણ લે તેના રસ્તા બંધ. ગુણ લેવાનો જ રસ્તો. કોઈનો અવગુણ-અભાવ ન લ્યે તો અક્ષરધામમાં મહારાજ જવા દે. કોઈના દોષ જોવા નહિ, કોઈનો અવગુણ લેવો નહિ.''*

પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે પણ અનેક વાર આવી વાતો કરીને સાધકોને અભાવ-અવગુણથી ચેતવ્યા છે, સાવધાન કર્યા છે, જાગ્રત કર્યા છે. જેમ કે,

◆ *''સમજી રાખો કે અહીં કોઈ બ્રહ્મરૂપ નથી. એક વાત દૃઢ કરી દો કે અવગુણની વાત તો તદ્દન મૂકી જ દેવી. જે થયું તે ભૂલી જવાનું. ભગવાનના દરબારમાં આવીને આપણે કોઈની ખટપટ કરવી નથી, સાંભળવી નથી. સેવા ન કરો તો વાંધો નહિ, પણ અભાવની વાતો થાય એ ખોટું. આમાં ક્યારેય શાંતિ નહિ*

*થાય. બીજાના અવગુણની વાત થવી જ ન જોઈએ. નક્કી કરો કે આપણે આપણું જ જોવું છે. કોઈના અવગુણ જોવા નથી. કોઈના અવગુણની વાત કરવીય નથી અને સાંભળવી પણ નથી.''*

◆ *''બીજાના જે સ્વભાવ જોશો તે તમારામાં ઠલવાશે. માટે બીજાનું જોવાનું બંધ કરીને તમે તમારા સ્વભાવ ટાળવા પર જ તાન રાખો. બીજા જે કરતા હોય તે કરવા દો, તમને શી તકલીફ છે ? એનાથી તમને કાંઈ નુકસાન થયું ? તો પછી શું કામ એની માથાકૂટ કરવી ? એની ભૂલ એ સુધારશે અને કદાચ નહિ સુધારે તો એને નડશે, એમાં આપણે શી લેવા-દેવા ? મહારાજ-સ્વામી પાસે મોક્ષ છે. બાકી બીજા જેવા હોય તેવા, એ આપણને ક્યાં નડે છે ? પરંતુ ફલાણો આવો ને ફલાણો તેવો તેમ કરવામાં શો ફાયદો ? અભાવ-અવગુણમાં કોઈ ફાયદો જ નથી. તો પછી શા માટે લેવો ? અભાવ-અવગુણ લે અને નિયમ-આજ્ઞા પાળે તો એનું કાંઈ ફળ મળે નહિ.''*

◆ *''કોઈની ભૂલ કે કોઈના દોષ કહેવા જઈએ ત્યારે પહેલાં આપણે વિચાર કરવો કે મારામાં કાંઈ ખામી છે ? જો હોય તો તે મારે ટાળવી છે. બીજાનું જો-જો કરીએ તો આપણું ક્યારે જોઈશું ? શું આપણી ભૂલો થતી જ નથી ? મહારાજે પ્ર. ૭૬માં કહ્યું કે ક્રોધી, ઈર્ષ્યાવાળો, કપટી અને માની અમને ગમતો નથી. તો એવા કોઈ દોષ આપણામાં છે કે નથી ? એ સ્વભાવ આપણામાંથી ટળ્યા છે ખરા ? આપણામાંથી નથી ટળ્યા તો પછી આપણે કોઈની વાત શું કરવા કરવી ? આપણે હજુ સિદ્ધ નથી થયા. કોઈનામાં કામ હશે તો કોઈનામાં ક્રોધ હશે. કોઈનામાં લોભ હશે તો કોઈનામાં માન હશે. છે કે નથી ? તો પછી બીજા માટે બોલવાનો શો અર્થ ? તમારી એ કોઈ વાત બીજા કરે તો તમને કેટલું દુઃખ થાય ? તો બીજાની વાતો કરવાથી એને નહિ દુઃખ થતું હોય ? માટે કોઈનીય નિંદા ન કરવી. કોઈનાય અભાવ-અવગુણની વાત ન કરવી. આ તમે સમજો.''*

◆ *''આંખે તો દેખાવાનું જ, પણ યોગ્ય વ્યક્તિને, અધિકારીને કે સત્પુરુષને કહી દેવું. એ અભાવ-અવગુણ નથી, પરંતુ રસ્તે જતાને, બીજા-ત્રીજાને કહેવું, ઘરે-ઘરે જઈને કહેવું એ અવગુણ, એ અભાવ. મુખ્ય માણસને કહી દીધું, તો એ નિકાલ કરે. ને ન કરે તો આપણે કોઈ માથાકૂટ ન કરવી કે બીજાને વાત ન કરવી. એ વાત જ્યાં-ત્યાં કરો એ બરોબર નહિ. અંદરોઅંદર ક્લેશ, કુસંપ અને અશાંતિ થાય એવી વાતો ન કરો.''*

◆ *''કોઈ તમને કહેવા આવે તો ના પાડી દો. મહોબત મૂકીને એને કહી*

*દો કે આ વાત ન કરો. મહારાજની આજ્ઞા નથી. મારે એ નથી સાંભળવું, એમ કહી તમારે ઊભા થઈ જવું, પણ એવી વાત સાંભળવી તો નહિ જ. તો પછી ફરી વાર કહેવા નહિ આવે. કાન દઈને સાંભળશો તો ફરી વાર કહેવા આવશે.''*

◆ *''બીજા જે કાંઈ સાચું-ખોટું, બીજું-ત્રીજું કરતા હશે તે ભગવાન જાણે છે. ભગવાન કોઈકના દ્વારા એને પણ દંડ આપશે. દંડ દેનારા ભગવાન છે. માટે બીજી કોઈ વાત કર્યા સિવાય એટલું સમજો કે ભગવાન અંતર્યામી છે. એ બધું જાણે છે. આપણીય વાત જાણે છે ને બીજાનીય જાણે છે. ભગવાનને સર્વકર્તા અને સર્વજ્ઞ જાણશો તો કોઈનીય કોઈ વાત ક્યાંય કરવાની કે સાંભળવાની રહેતી જ નથી.''*

શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓનાં આ વચનો વાંચીને વિચારતાં અને સમજતાં ખ્યાલ આવે છે કે 'અભાવ-અવગુણ બંધ કરો'; એ શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓ તથા મોટેરા સંતોનાં સમગ્ર જીવન અને ઉપદેશોનો સાર છે, અભિપ્રાય છે, સિદ્ધાંત છે. એ માટે એમણે ખૂબ આગ્રહ રાખ્યો છે. સાનમાં ન સમજ્યા, એમની અનુવૃત્તિ કે મરજી ન સમજ્યા તો એમણે વાતો કરી છે, અરે ! હૈયાની રાડો પાડી છે. ઢોલ-નગારાં વગાડીને કુંભકર્ણની નિદ્રામાં ઊંઘેલાને જગાડ્યા છે.

## ● અભાવ, અવગુણ અને દ્રોહનાં કારણો

સંતો-ભક્તોના અભાવ, અવગુણ આવવાનાં કે એમનો દ્રોહ થવાનાં અનેક કારણો છે. જુદી જુદી વ્યક્તિને જુદાં જુદાં કારણોસર અભાવ-અવગુણ આવતો હોય છે કે દ્રોહ થતો હોય છે. એ કારણોનો અહીં માત્ર ઉલ્લેખ કરીએ.

- *ધ્યેયની સ્પષ્ટતા અને દૃઢતાનો અભાવ.*
- *ભગવાન અને સંતને રાજી કરવાના તીવ્ર ખપનો અભાવ.*
- *ભગવાન અને સંતના માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચયમાં ખામી.*
- *સંબંધવાળા સંતો-ભક્તોના મહિમામાં ખામી.*
- *સંબંધવાળા સંતો-ભક્તો પ્રતિ આત્મીયતા, ક્ષમાવૃત્તિ, ઉદારતામાં કચાશ.*
- *ગુણગ્રાહક દૃષ્ટિમાં કચાશ.*
- *પોતાના કામક્રોધાદિક સ્વભાવો કે પંચવિષયની આસક્તિ.*
- *ઊંડી તપાસ વગર ઉતાવળથી લીધેલો નિર્ણય.*
- *દેખાદેખી અને બીજાનો વાદ.*
- *પૂર્વગ્રહનાં ચશ્માં અથવા દોષદૃષ્ટિ.*

- *સ્વરૂપનિષ્ઠા કે આશરાના બળને બદલે સાધનના બળનું પ્રાધાન્ય.*
- *આળસ, પ્રમાદ અને નવરાશ.*
- *સત્સંગમાં રહેલા કુસંગનો યોગ.*
- *ગાફલાઈ અને બેદરકારી.*

આમાંથી કોઈક ને કોઈક કારણસર સંતો-ભક્તોનો અભાવ આવે છે. અભાવ-અવગુણ આવવાનાં કારણો વ્યક્તિ પ્રમાણે ભિન્ન-ભિન્ન હોઈ શકે.

## ● અભાવ, અવગુણ અને દ્રોહ ટાળવાના ઉપાયો

અભાવ-અવગુણ આવે જ નહિ અથવા કદાચ આવી ગયો હોય તો તેને ટાળવા માટે શ્રીજીમહારાજે અને ગુણાતીત ગુરુઓએ અદ્‌ભુત માર્ગદર્શન આપ્યું છે. તેમનાં ઉપદેશ વચનોને આધારે અહીં ફક્ત મુદ્દાઓનો જ ઉલ્લેખ કરીશું. એમાંથી જેને જે અને જેટલા ઉપાયોથી પોતાનું આ કામ સરતું હોય, તેણે તે અને તેટલા ઉપાયો અજમાવવા જોઈએ.

- *જીવનના અંતિમ ધ્યેયની સ્પષ્ટતા, દૃઢતા અને તેનું અનુસંધાન.*
- *ભગવાન અને સંતને અતિશય રાજી કરવાનો ઈશક.*
- *અભાવ-અવગુણથી થતા નુકસાનની ગંભીરતાનો ખ્યાલ.*
- *શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓના જીવન અને ઉપદેશ સામે દૃષ્ટિ.*
- *અભાવ-અવગુણમાં નથી જ પડવું, એવો દૃઢ નિશ્ચયાત્મક ઠરાવ.*
- *ભગવાન, ગુણાતીત સંત અને એમના સંબંધવાળાનો મહિમા.*
- *સાધનોનું નહિ, પણ ભગવાન અને સંતના આશરાનું બળ.*
- *આત્મભાવ કે બ્રહ્મભાવની દૃઢતા.*
- *અહંશૂન્યતા, સેવકભાવ, દાસભાવની દૃઢતા.*
- *દરેક પ્રત્યે આત્મીયતા.*
- *દરેક પ્રત્યે ઉદારતા, સહિષ્ણુતા, ક્ષમાવૃત્તિ અને સહાનુભૂતિ.*
- *અવગુણ માટે કારણભૂત પોતાના સ્વભાવ ટાળવાનો પ્રયત્ન.*
- *બીજા પ્રત્યેના પૂર્વગ્રહનાં ચશ્માંનો ત્યાગ.*
- *બીજા પ્રત્યે કોઈ પણ બાબતના આગ્રહનો ત્યાગ.*
- *અભાવ-અવગુણ ન જોવા, ન કહેવા કે ન સાંભળવા માટે શૂરવીરતા.*
- *ગુણગ્રાહક દૃષ્ટિ-સર્વેના ગુણોનું સંશોધન, શ્રવણ, વાંચન, કથન અને મનન.*

- *ગાફલાઈ, બેદરકારી છોડીને જાણપણું અને ખટકો.*
- *કેટલીક વાસ્તવિકતાનો સ્વીકાર. જેમ કે,*
  - → *જ્યાં સુધી કોઈ વ્યક્તિ બ્રહ્મરૂપ નથી થઈ, ત્યાં સુધી એનામાં સ્વભાવો-દોષો છે જ, અને તેથી દેખાવાના.*
  - → *અહીં બધા સ્વભાવ-દોષો ટાળીને નથી આવતા, પરંતુ ટાળવા માટે આવે છે. અહીં સર્વે સાધકો દરદીઓ છે.*
  - → *જીવ સાથે જડાયેલા સ્વભાવો ટાળવાનો કાર્યક્રમ ધારીએ એટલો સહેલો અને ઝડપી નથી. દરેકનો એ માટેનો સમય એક સમાન ન હોઈ શકે.*
  - → *પોતાના સ્વભાવ ટાળવા કેટલા કઠણ છે ? પોતાનો કોઈક સ્વભાવ કે પોતાની કોઈક કુટેવ બદલતાં કેટલો સમય લાગે છે ? તો બીજી વ્યક્તિ પણ પ્રયત્નશીલ હોય જ છે. એના માટે પણ સ્વભાવ ટાળવા કઠણ જ છે.*
  - → *બીજાના સ્વભાવ ટાળવા અન્ય કોઈ સાધક શક્તિમાન નથી. બીજાના અભાવ-અવગુણ જોવા, કહેવા, સાંભળવાથી કે વિચારવાથી એના સ્વભાવ ટળવાના નથી.*
  - → *દરેક વ્યક્તિની સાધનાપદ્ધતિ ભિન્ન ભિન્ન રહેવાની. પોતાની જ માન્યતા અને રીત અનુસાર બીજા સૌ સાધના કરે, એ શક્ય નથી.*
  - → *અભાવ-અવગુણમાં પડવાથી પોતાને, બીજાને કે સંસ્થાને કોઈ ફાયદો જ નથી, ઊલટાનું નુકસાન જ છે.*
  - → *સૌના નિયંતા મહારાજ, સ્વામી અને પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ જ છે. એ સર્વેને બ્રહ્મરૂપ કરવા સમર્થ છે. એ એમનું કાર્ય છે, બીજાનું નહિ. એમના આયોજન પ્રમાણે એમની રીતે સૌને બ્રહ્મરૂપ કરશે. એમાં સાધકોએ માથું મારવાની કે બીજાને બ્રહ્મરૂપ કરવાની જવાબદારી લેવાની જરૂરિયાત નથી.*

આમાંથી પોતાને લાગુ પડતા ઉપાયો પ્રમાણે અંતરની પ્રામાણિકતા, જાગૃતિ અને પ્રાર્થનાપૂર્વક પ્રયત્ન કરવામાં આવે તો અભાવ અવગુણમાંથી વૃત્તિ પાછી વાળી શકાય તેમ છે. આ બાબતે કાંઈક ભૂલ થાય તો પ્રતિલોમાદિક પાંચ પગથિયાં દ્વારા અભાવ-અવગુણની કુટેવમાંથી બહાર નીકળવાનો પ્રયત્ન કરી શકાય.

## ૬.૫.૩ ભગવાન અને ગુણાતીત સંતમાં મનુષ્યભાવ

ભગવાન અને ગુણાતીત સંતમાં મનુષ્યભાવ કે અસદ્ભાવ એ અંતઃકરણનો મોટામાં મોટો કુસંગ છે. એનાથી વધુ સાવધ રહેવાની આવશ્યકતા છે. એમના સ્વરૂપમાં સાધકને જે માયિકભાવ અર્થાત્ મનુષ્યભાવ આવે છે તે દૂર કરવાનો છે. મનુષ્યભાવ દૂર કરવા માટે, મનુષ્યભાવ એટલે શું ? અને તે શા માટે આવે છે ? તે સમજવું જરૂરી છે. તેથી આપણે સૌપ્રથમ મનુષ્યભાવ વિષે સમજવા પ્રયત્ન કરીશું.

### ● મનુષ્યભાવ એટલે શું ?

શ્રીજીમહારાજ મનુષ્યભાવની વ્યાખ્યા સમજાવતાં ***વચ. લો. ૧૮***માં કહે છે : *“મનુષ્યભાવ તે શું ? તો કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, તૃષ્ણા ઈત્યાદિક અંતઃકરણના ભાવ છે; તથા હાડ, ચામ, મળ, મૂત્રાદિક તથા જન્મ, મરણ, બાળ, યૌવન, વૃદ્ધ એ સર્વે દેહના ભાવ; ઈત્યાદિક જે મનુષ્યભાવ તે સર્વે ભાવને ભગવાનને વિશે પરઠે છે.”*

મનુષ્યભાવ એટલે દિવ્ય એવા ભગવાન અને ગુણાતીત સંતને મનુષ્ય જેવા માયિક માની લેવા. તેમનામાં સંપૂર્ણ ઐશ્વર્ય, સામર્થ્ય, તેજ, સુખ, દિવ્યતા વગેરે હંમેશાં હોવા છતાં, આપણને દેખાતાં ન હોવાને લીધે તેમનામાં તે નથી, એમ માનવું એ મનુષ્યભાવ. એવી જ રીતે એમના સ્વરૂપમાં ઉપરોક્ત માયિક અંતઃકરણના ભાવો કે દૈહિક ભાવો ત્રિકાળમાંય ન હોવા છતાં, આપણને દેખાતા હોવાને લીધે તે તેમનામાં છે, એવું માની લેવું એ મનુષ્યભાવ.

ભગવાન અને સંત જીવોના કલ્યાણને અર્થે જ પોતાનાં ઐશ્વર્યાદિકને છુપાવી રાખે છે પણ દેખાડતા નથી અને મનુષ્યના ભાવો ગ્રહણ કરીને દેખાડે છે. તેથી તેઓ જે દિવ્યતા નથી દેખાડતા, તે તેમનામાં નથી એમ માનવું; અને જે પ્રાકૃતભાવો ગ્રહણ કરીને દેખાડે છે, તે તેમનામાં છે એમ માની લેવું; એ જ મનુષ્યભાવ છે.

મનુષ્યભાવના મુખ્યત્વે નીચે પ્રમાણે બે પ્રકાર છે :

### ૧. સ્વરૂપ સંબંધી મનુષ્યભાવ

ભગવાન અને ગુણાતીત સંતના સ્વરૂપમાં જ સંશય થાય તે સ્વરૂપ

સંબંધી મનુષ્યભાવ છે. આ પ્રકારના મનુષ્યભાવવાળાને સંશય રહ્યા કરે કે,

- *શ્રીજીમહારાજ સર્વોપરી ભગવાન હશે કે નહિ હોય ?*
- *ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ હશે કે નહિ હોય ?*
- *બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને વર્તમાનકાળે પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ સાક્ષાત્ અક્ષરબ્રહ્મ હશે કે નહિ હોય ?*
- *શ્રીજીમહારાજ વર્તમાનકાળે પ્રમુખસ્વામી મહારાજમાં પ્રગટ હશે કે નહિ હોય ? અર્થાત્ શ્રીજીમહારાજનું પ્રગટપણું પ્રમુખસ્વામી મહારાજ દ્વારા હશે કે નહિ હોય ?*
- *શ્રીજીમહારાજ અને સમગ્ર ગુણાતીત ગુરુઓ અનાદિથી માયાપર દિવ્ય, ગુણાતીત હશે કે નહિ હોય ? તેઓ સર્વશક્તિમાન, સાકાર, સર્વજ્ઞ, સર્વાંતર્યામી, સર્વત્ર, સર્વવ્યાપક, સર્વકર્તાહર્તા, સર્વનિયંતા હશે કે નહિ હોય ?*

આ રીતે એમનાં સ્વરૂપ સંબંધી સંદેહ રહ્યા કરે, એમનાં સ્વરૂપમાં શંકા-કુશંકા કે તર્ક-કુતર્ક થયા કરે, એ સ્વરૂપ સંબંધી મનુષ્યભાવ છે.

## ૨. વર્તન કે પ્રવૃત્તિ સંબંધી મનુષ્યભાવ

સાધકની પોતાની ધારણા, માન્યતા, વિચારપદ્ધતિ, જીવનશૈલી, રુચિ, પસંદગી પ્રમાણે અથવા તો સાધકનાં પોતાનાં સિદ્ધાંત, આયોજન, બુદ્ધિએ નક્કી કરેલાં બીબાંને અનુરૂપ એમનું વર્તન કે એમની પ્રવૃત્તિ જોવા ન મળે; ત્યારે સાધકના મનમાં નીચે પ્રમાણે બે પ્રશ્નો ઊઠે છે :

- *આમ કેમ વર્ત્યા ? આમ કેમ કર્યું ? આમ કેમ બોલ્યા ? (સાધકના મતે જે વર્તવા જેવું, કરવા જેવું, બોલવા જેવું ન હતું.)*
- *આમ કેમ ન વર્ત્યા ? આમ કેમ ન કર્યું ? આમ કેમ ન બોલ્યા ? (સાધકના મતે જે વર્તવા જેવું, કરવા જેવું, બોલવા જેવું હતું.)*

સાધકના મનમાં ઊઠતા આ પ્રશ્નો, તર્કો-કુતર્કો કે શંકા-કુશંકા એ જ વર્તન કે પ્રવૃત્તિ સંબંધી મનુષ્યભાવ છે. એમના કોઈ પણ પ્રકારના વર્તન પ્રત્યે સાધકના મનમાં જે અણગમો છે, જે અસંતોષ છે, જે ફરિયાદ છે તે જ મનુષ્યભાવ છે. એમની કોઈ પણ એકાદ કે વધુ ક્રિયા કે પ્રવૃત્તિ ન ગમે તે મનુષ્યભાવ છે. યોગીજી મહારાજ કહે છે : *“તેની કોઈ પણ ક્રિયામાં અભાવ આવે, તેની કોઈ*

*ક્રિયા ન ગમે તો જાણવું જે, મનુષ્યભાવ આવ્યો ને એ જ અસદ્ભાવ."*

વસ્તુતઃ તો સાધકની પોતાની રીતે જ વર્તાવવાનો આગ્રહ; એટલે કે સાધકને જ્યાં, જ્યારે, જે રીતે, જે કંઈ ગમે એ પ્રમાણે જ ભગવાન અને સંત વર્તે કે બીજાને વર્તાવે, પ્રવૃત્તિ કરે કે બીજા પાસે પ્રવૃત્તિ કરાવે; એવો અંતરનો વ્યક્ત કે અવ્યક્ત આગ્રહ એ જ મનુષ્યભાવ છે.

## ● મનુષ્યભાવનાં કારણો અને વિચારો

ભગવાન અને ગુણાતીત સંત તો સદાય દિવ્ય, માયાપર અને ગુણાતીત છે, પરંતુ જ્યાં સુધી આપણામાં માયિકભાવ અર્થાત્ દેહભાવ છે ત્યાં સુધી ભગવાનમાં એ ભાવો દેખાય છે. ભગવાન કે સંતમાં કયા કારણોસર મનુષ્યભાવના કેવા વિચારો આવે છે તેનું માર્ગદર્શન શ્રીજીમહારાજે ઘણાં વચનામૃતમાં આપેલું છે. તેના સારરૂપે મનુષ્યભાવ આવવાનાં કારણો નીચે પ્રમાણે કહી શકાય :

- *ભગવાન અને સંતના પર અને દિવ્ય સ્વરૂપનાં યથાર્થ જ્ઞાન અને મહિમાનો અભાવ. (વચ. લો. ૧૮, મ. ૬૫)*
- *પોતાની આત્મારૂપ(બ્રહ્મરૂપપણા)ની સ્થિતિનો અભાવ. (વચ. પ્ર. ૨૩)*
- *પોતાના કામાદિક દોષો. (વચ. પ્ર. ૬૩, વ. ૧૧)*
- *પોતાની વ્યવહાર અને પંચવિષયમાં આસક્તિ. (વચ. લો. ૬, ૧૭)*
- *પોતાનું દેહાભિમાન. (વચ. લો. ૧૭; મ. ૫૩; વ. ૧૨)*
- *પોતાના ડહાપણનું અતિશય માન. (વચ. મ. ૫૩)*
- *પોતાની માયિક દૃષ્ટિ. (વચ. પં. ૭)*
- *અસત દેશકાળાદિક, તેમાંય પણ મુખ્યત્વે કુસંગ અને અસત્શાસ્ત્ર. (વચ. વ. ૧૨)*

ભગવાન અને સંતમાં મનુષ્યભાવ આવે તેમાં કુસંગનો ઘણો મોટો ફાળો છે. ઉપરોક્ત બધા મુદ્દામાં અંતરનો કુસંગ છે. આ અંતરના કુસંગને વિશેષ પોષણ આપનાર સત્સંગનો અને બહારનો કુસંગ છે. સંપ્રદાયમાં જેને જેને શ્રીજીમહારાજ અને ગુણાતીત સત્પુરુષને વિષે મનુષ્યભાવ આવ્યો છે, તેને પ્રાયઃ કુસંગ જ નડ્યો છે.

કુસંગ ભગવાનના સ્વરૂપમાં અને તેમની ક્રિયા કે પ્રવૃત્તિમાં શંકા-કુશંકા કરાવે. તર્ક-વિતર્ક દ્વારા મનુષ્યભાવ લેવરાવે. તેમના પ્રત્યે દ્વેષભાવ ઊભો કરે. તેમના પ્રત્યેનો સદ્ભાવ તોડી નાખે. કુસંગના ઝેરી શબ્દો સાધકના મનને હચ-

મચાવી નાખે છે.

ગુણાતીતાનંદ સ્વામી કહે છે : *“મનુષ્યભાવ શેણે કરીને આવે છે ? તો લોક, ભોગ, દેહ ને ચોથો પક્ષપાત તેણે કરીને મનુષ્યભાવ આવે છે.”*

*(સ્વા. વા. : ૩/૩૬)*

ઉપરોક્ત કારણોસર ભગવાન અને સંતમાં મનુષ્યભાવના જે વિચારો આવે છે, તે કંઈક આવા હોઈ શકે :

- *તેઓ મારા ભૂંડા ઘાટ કેમ ટાળતા નથી ? (વચ. પ્ર. ૬૩)*
- *મારી જેમ તેમનામાં પણ કામાદિક હશે. (વચ. પ્ર. ૬૩, વર. ૧૧, મ. ૬૫)*
- *તેઓ ધર્મમર્યાદાની બહાર કેમ વર્તે છે ? (વચ. પ્ર. ૭૨)*
- *તેઓ એમ કેમ કરતા હશે ? (વચ. લો. ૪)*
- *તેઓ એટલું ઠીક કરતા નથી. (વચ. મ. ૫૩)*
- *તેઓ બીજાને બોલાવે છે તો મને કેમ નહિ ? (વચ. લો. ૧૮, જે. ૩)*

ભગવાન અને ગુણાતીત સંત વિશે આમાંથી કોઈ પણ પ્રકારે મનુષ્યભાવ આવે તો સાધકની સાધનામાં ખૂબ મોટું નુકસાન થાય છે.

## ● મનુષ્યભાવથી ખોટ

ભગવાન અને સંતને વિશે મનુષ્યભાવ આવવાથી અનેક પ્રકારે જે નુકસાન થાય છે, તે વિશે શ્રીજીમહારાજે વચનામૃતમાં જે માર્ગદર્શન આપ્યું છે તેના સારરૂપે કેટલાક મુદ્દા જોઈએ :

- *એમાં જેવા દોષ કલ્પે તેવા દોષ પોતાનામાં આવે. (વચ. પ્ર. ૨૪, ૫૮; મ. ૩૩)*
- *માયાના પારને ન પામી શકાય. (વચ. લો. ૪)*
- *સત્સંગ કરે છતાં કોઈ પણ પ્રકારે ભગવાન અને સંતનું સુખ ન આવે. અંતરથી દુઃખિયો મટે નહિ. (વચ. પ્ર. ૭૩)*
- *અંતર પાછું પડતું જાય અને અંતે વિમુખ થાય અર્થાત્ ભગવાન અને સંતનો સંબંધ છૂટી જાય. (વચ. લો. ૧૮)*
- *જીવ પૂર્ણમાસીના ચંદ્રમા જેવો હોય તોપણ અમાવાસ્યાના ચંદ્ર જેવો થઈ જાય તે કલ્યાણના માર્ગમાંથી પડી જાય. (વચ. વર. ૧૨)*
- *જીવનું આત્યંતિક કલ્યાણ ન થાય. (વચ. પં. ૭)*

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ *''ભૂંડામાં ભૂંડું શું છે ? તો આ સાધુને વિશે મનુષ્યભાવ આવે છે તેથી બીજું કાંઈ ભૂંડું નથી.''* *(સ્વા. વા. : ૩/૩૬)*

◆ *''મોટાને વિશે દોષ જોનારો કોટિ કલ્પ સુધી નિવૃત્તિ પામતો નથી, એ સિદ્ધાંતવાત છે.''* *(સ્વા. વા. : ૩/૬૫)*

◆ *''ભગવાનમાં મનુષ્યભાવ રહી જાય તો કલ્યાણ ન થાય.''*

*(સ્વા. વા. : ૫/૧૧૬)*

શાસ્ત્રીજી મહારાજ કહે છે : *''કદી પણ જો પ્રગટ સત્પુરુષના સ્વરૂપમાં મનુષ્યભાવ આવ્યો, તો કાંઠે આવેલું વહાણ બૂડ્યું જાણજો.''*

*(બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ : ૧/૪૦૫)*

આમ, ભગવાન અને સંતમાં મનુષ્યભાવરૂપ કુસંગનો યોગ થાય તો કરેલી સાધના પર પાણી ફરી જાય. મોક્ષને બદલે અધોગતિ થાય. માયાપર થવાને બદલે માયામાં વધારે ને વધારે ઘૂસી જવાય. તેથી આનાથી સદંતર દૂર રહેવું હિતાવહ છે. ભગવાન અને સંતનો મનુષ્યભાવ ન આવે તે માટે સાવધાનીપૂર્વક સતત જાણપણું રાખવું જરૂરી છે. કદાચ, ક્યારેક મનુષ્યભાવ આવી ગયો હોય તો તે તાત્કાલિક દૂર થાય તે માટે યથાર્થ પ્રાર્થનાપૂર્વક પુરુષાર્થ કરવો જરૂરી છે.

આપણે મનુષ્યભાવ ટાળી દિવ્યભાવ રાખવાના ઉપાયો વિશે 'સ્વધર્મ-નિષ્ઠા' પ્રકરણની અંતર્ગત 'ભક્તિ'ના મુદ્દામાં 'નિર્દોષબુદ્ધિ (દિવ્યભાવ) રૂપ ભક્તિ'ના નિરૂપણ વખતે સમજ્યા છીએ. તેથી એનું અહીં પુનરાવર્તન જરૂરી નથી.

# ૭.
# સત્પુરુષનો પ્રસંગ

## ૭.૧ ગુણાતીત સત્પુરુષની આવશ્યકતા

અધ્યાત્મનો માર્ગ અત્યંત ગહન અને સૂક્ષ્મ છે. એની ભૂમિકા ઇન્દ્રિયો-અંતઃકરણને અગોચર છે. એ કેવળ સ્થૂળ બુદ્ધિનો વિષય નથી. ફક્ત તર્કથી ત્યાં પહોંચી શકાતું નથી. અધ્યાત્મસાધનાની અંતિમ ફલશ્રુતિરૂપ ભૂમિકા છે : આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર. આ અંતિમ લક્ષ્ય અને તેને પામવાની સાધના એ બન્નેમાં સામાન્ય જીવોની તો દૃષ્ટિ જ પડે તેમ નથી. તે અતિશય ગહન તો છે જ, પરંતુ એ માર્ગે ચાલવું પણ કઠણ છે.

આવા ગહન માર્ગે સાચા અર્થમાં સાધના કરીને આત્મા-પરમાત્માના સાક્ષાત્કાર માટે સાચા સંત-ગુરુની અત્યંત આવશ્યકતા છે. સામાન્યતઃ જન્મ-મરણરૂપ માયાના પ્રવાહમાં વહેતા જીવોની સુષુપ્ત મુમુક્ષુતાને જગાડીને અધ્યાત્મ-સાધના દ્વારા મુક્તિના દ્વાર સુધી તેમને પહોંચાડવા માટે સાધનાના પ્રત્યેક સોપાને સંત-ગુરુની અત્યંત આવશ્યકતા રહે છે. સંતનો મન, કર્મ, વચને સમાગમ-પ્રસંગ કરવાથી કે સંતને વિશે પ્રીતિ-આત્મબુદ્ધિ દૃઢ કરવાથી ગહન અધ્યાત્મસાધના ઘણી સુગમ બને છે. તેથી જ વચનામૃતાદિક સાંપ્રદાયિક ગ્રંથોમાં, ભાગવતાદિક શાસ્ત્રોમાં તથા સંતો-ભક્તોનાં કીર્તનોમાં સંતને આત્યંતિક મુક્તિની સાધનામાં અત્યંત આવશ્યક ગણ્યા છે.

અહીં સુધીનાં પ્રકરણોમાં જુદા જુદા અનેક મુદ્દાઓના નિરૂપણ વખતે ગુણાતીત સત્પુરુષની આવશ્યકતા વિશે આપણે સમજ્યા છીએ. એમાંથી કેટલાક અત્યંત અગત્યના સંદર્ભોનું પુનરાવર્તન કરીને સમગ્ર સાધનામાં સત્પુરુષની અનિવાર્યતા સમજીશું. શ્રીજીમહારાજ સત્પુરુષની અનિવાર્યતા સમજાવતાં કહે છે :

***પ્ર. ૫૪*** – *"સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાન તેણે સહિત જે ભગવાનની ભક્તિ તેણે યુક્ત એવા જે ભગવાનના એકાંતિક સાધુ તેના પ્રસંગ થકી ભાગવતધર્મનું પોષણ થાય છે અને વળી જીવને મોક્ષનું જે દ્વાર તે પણ એવા સાધુના પ્રસંગ થકી ઉઘાડું થાય છે."*

***મ. ૧૩*** *– ''આવી ભગવત્સ્વરૂપ સંબંધી જે વાર્તા તે તો શાસ્ત્રમાંથી પણ પોતાની મેળે સમજાય નહિ. અને સદ્‌ગ્રંથોમાં આવી વાર્તા તો હોય પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ વાત સમજ્યામાં આવે છે, પણ પોતાના બુદ્ધિબળે કરીને સદ્‌ગ્રંથોમાંથી પણ સમજાતી નથી.''*

***મ. ૨૮*** *– ''આ વાર્તા(ભગવાનને રાજી કરવા માટે ભગવાનના ભક્તની મન-કર્મ-વચને સેવા કરવી) જે અમે કરી છે તે કેવી છે ? તો વેદ, શાસ્ત્ર, પુરાણ આદિક જે જે કલ્યાણને અર્થે પૃથ્વીને વિશે શબ્દમાત્ર છે, તે સર્વેનું અમે શ્રવણ કરીને તેનું સાર કાઢીને આ વાર્તા કરી છે. તે પરમ રહસ્ય છે ને સારનું પણ સાર છે અને પૂર્વે જે જે મોક્ષને પામી ગયા છે ને હવે જે જે પામશે ને હમણાં જે જે મોક્ષને માર્ગે ચાલ્યા છે, તે સર્વેને આ વાર્તા છે તે જીવનદોરીરૂપ છે.''*

***વર. ૪*** *– ''ત્રીસ લક્ષણે યુક્ત એવા જે સંત તેનો જે સંગ તે મન-કર્મ-વચને કરીને રાખે, તો જેટલાં કલ્યાણને અર્થે સાધન છે તેટલાં સર્વે તેના સંગમાં આવી જાય છે.''*

***વર. ૧૧*** *– ''માટે સત્પુરુષને વિશે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે અને સત્પુરુષનો મહિમા જાણ્યાનું પણ એ જ સાધન છે અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થવાનું પણ એ જ સાધન છે.''*

ગુણાતીતાનંદ સ્વામી કહે છે : *''કોટિ જન્મે કસર ટળવાની હોય તે આજ ટળી જાય ને બ્રહ્મરૂપ કરી મૂકે, જો ખરેખરા સાધુ મળે ને કહે તેમ કરે તો.''*

*(સ્વા. વા. : ૧/૧૧૯)*

આ બધા જ સંદર્ભોનો સાર એટલો જ છે કે અધ્યાત્મ સાધનામાં સત્પુરુષ અનિવાર્ય છે. સત્પુરુષ એક પ્રકારની આધ્યાત્મિક ટેકનોલોજી છે. તેનાથી ઘણી કઠણ સાધના સુગમ અને ઝડપી બને છે.

વળી, અહીં સુધી વર્ણવેલા સ્વામિનારાયણીય સાધનાની સફળતાના અન્ય સર્વે સિદ્ધાંતો પણ સત્પુરુષ થકી જ સિદ્ધ થાય છે.

## ૭.૨ સત્પુરુષનો પ્રસંગ

### ૭.૨.૧ સત્પુરુષના યથાર્થ પ્રસંગની આવશ્યકતા

ગુણાતીત સત્પુરુષનો યોગ પ્રાપ્ત થયા પછી એમનો યથાર્થ લાભ તો જ મળે જો એમની સાથે યથાર્થ જોડાણ થાય તો. પાવરહાઉસ મંદિર કે ઘરની બાજુમાં જ હોય, પરંતુ કનેક્શન (જોડાણ) જ ન લીધું હોય તો તેનો લાભ શો ?

કદાચ કનેક્શન લીધું હોય પણ ફ્યૂઝ ઊડી ગયો હોય તો ? કોઈક દરદી વિશ્વ-પ્રસિદ્ધ અને નિષ્ણાત ડૉક્ટર ભેગો આખી જિંદગી રહે, પણ એને એમનો યથાર્થ લાભ લેતાં ન આવડે તો એ દરદીને શો લાભ ?

એવી જ રીતે ગુણાતીત સત્પુરુષ પ્રમુખસ્વામી મહારાજ મળ્યા છે, પરંતુ તેમની સાથે યથાર્થ જોડાણ-પ્રીતિ-આત્મબુદ્ધિ ન હોય, તેમનો યથાર્થ સંગ ન કરીએ તો વિશેષ કાંઈ લાભ થાય નહિ.

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ *''સમાગમ કરવાની રીતિ કહી જે, ''પ્રથમ તો એકાંતિક સાથે જીવ જોડવો. પછી એ સાધુ તો ભગવાનમાં રહેતા હોય તે ભગવાનના ગુણ સાધુમાં હોય, એટલે તે સાધુના ગુણ તે સમાગમ કરનારામાં આવે, પણ જીવ સારી પેઠે જોડે નહિ તો તેના ગુણ આવે નહિ અને એ વાત આજ કરો કે ગમે તો હજાર જન્મે કરો, પણ અંતે એમ કર્યા વિના છૂટકો નથી.''* *(સ્વા. વા. : ૨/૪૧)*

◆ *''સત્સંગમાં એમ વાત થાય છે જે, જીવ બ્રહ્મરૂપ થઈ જાય. ત્યારે પૂછ્યું જે, 'સત્સંગમાં વાત તો થાય છે, તોય જીવ બ્રહ્મરૂપ કેમ થાતો નથી ?' પછી સ્વામી બોલ્યા જે, 'હેતે કરીને સત્પુરુષમાં જીવ બાંધ્યો નથી. અને સત્પુરુષમાં જીવ બાંધ્યો હોય તો તેનો વિશ્વાસ ન આવે.' ત્યારે વળી પૂછ્યું જે, 'હેતે કરીને જીવ બાંધ્યો હોય તેનો વિશ્વાસ કેમ ન આવે ?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'આ જલે ભક્તે મારા સાથે જીવ ઘણો બાંધ્યો છે પણ મારો વિશ્વાસ ન આવે.' એમ કહીને વળી બોલ્યા જે, 'વિશ્વાસ તો હોય તોપણ નિષ્કપટપણે વર્તાય નહિ, ને નિષ્કપટપણે વર્તે તો જીવ બ્રહ્મરૂપ થયા વિના રહે નહિ, એ સિદ્ધાંત-વાત છે.''* *(સ્વા. વા. : ૩/૩૩)*

◆ *''તે ગમે તો ભેળો રહે કે સેવા કરે ને ગમે તો કહે તેમ કરે, તોપણ મોટાના ગુણ તો આવે જ નહિ.' ત્યારે વળી, હાથ જોડીને પૂછ્યું જે, 'હે મહારાજ ! શો ઉપાય કરે ત્યારે એવા ગુણ આવે ? ને વચનામૃતમાં તો બહુ ઠેકાણે કહ્યું છે જે, સત્પુરુષના ગુણ તો મુમુક્ષુમાં આવે છે.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'સત્પુરુષના ગુણ તો, તો આવે, જો એવાને નિર્દોષ સમજે ને સર્વજ્ઞ જાણે ને એવા છે તેની સાથે કોઈ પ્રકારે અંતરાય રાખે નહિ, તો સત્પુરુષના ગુણ એ મુમુક્ષુમાં આવે છે પણ તે વિના તો આવે જ નહિ.''* *(સ્વા. વા. : ૩/૩૪)*

◆ *''ગુરુ મળ્યા ને જ્યારે જીવના દોષ ન ટળ્યા ત્યારે જાણવું જે, ખરેખરા ગુરુ મળ્યા નથી ! ખરેખરા ગુરુ મળ્યા તોપણ દોષ રહ્યા ત્યારે જાણવું જે, ગુરુને જીવ સોંપ્યો જ નથી. માટે જ્યારે જીવ સોંપે ત્યારે એકે દોષ રહે નહિ ને કોઈ*

*જાતનો ઉદ્વેગ પણ રહે નહિ. પછી સદા આનંદમાં જ ગરકાવ રહેવાય.''*

*(સ્વા. વા. : ૯/૩૪૬)*

ઉપરોક્ત સર્વે સંદર્ભોનું તાત્પર્ય એટલું જ છે કે સાચા સત્પુરુષ મળ્યા પછી પણ જો સાધકને એમનો યથાર્થ લાભ લેતા ન આવડે; અર્થાત્ એમનો યથાર્થ પ્રસંગ ન કરે, તોપણ સત્પુરુષના ગુણ આવતા નથી, બ્રહ્મરૂપ થવાતું નથી, આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર થતો નથી અને છતી દેહે જીવન્મુક્તિનો પણ અનુભવ થતો નથી.

વળી, ગુણાતીતાનંદ સ્વામી કહે છે : *''ત્યાગ, વૈરાગ્ય, નિયમ ને ધર્મની કેટલીક વાત કરીને બોલ્યા જે, 'ત્યાગ, વૈરાગ્યને શું કરવા છે ? ગમે એવો જીવ હશે પણ ભગવાનના ભક્તમાં આત્મબુદ્ધિ એ જ સત્સંગ છે. ને તે વિના તો ગમે તેટલી ભક્તિ કરે તોપણ શું ? ને કૃપાએ કરીને અખંડ મૂર્તિ દેખે તોપણ શું ? માટે ભગવાનના ભક્તમાં આત્મબુદ્ધિ એ જ સત્સંગ છે.''* *(સ્વા. વા. : ૧/૩૨)*

આ જ વાતના અનુસંધાનમાં યોગીજી મહારાજ કહે છે :

◆ *''નિયમ, ધર્મ, ત્યાગ, વૈરાગ્ય પળાવવા નહોતા એમ નથી, પણ આત્મ-બુદ્ધિ એ એકડો છે, એમ સ્વામીનો સિદ્ધાંત છે. કૃપા કરીને અખંડ મૂર્તિ દેખે તો મહિમા ઘણો વધે અને લોકો દંડવત્ કરે, પણ આત્મબુદ્ધિ ન હોય તો મહારાજે ખોટ બતાવી.''*

◆ *''ગમે તેવો જીવ હોય તોપણ ભગવાનના ભક્તમાં આત્મબુદ્ધિ એ જ સત્સંગ છે. ગમે તેટલી ભક્તિ કરે તોય શું ? મંદિરના પાણા ઉપાડે, રોટલા ઘડે, આખા દેશમાં સત્સંગ કરાવે, પણ જ્યાં સુધી આત્મબુદ્ધિ નથી, ભગવાનના ભક્તમાં પોતાપણાની બુદ્ધિ નથી તો શું ?''*

ગુણાતીતાનંદ સ્વામી અને યોગીજી મહારાજનાં ઉપરોક્ત વચનોનું તાત્પર્ય એ છે કે બીજાં બધાં જ સાધનો કરવામાં આવે, પણ જો સત્પુરુષમાં આત્મબુદ્ધિએ કરીને યથાર્થ જોડાણ કરવામાં ન આવે, એટલે કે સત્પુરુષનો યથાર્થ પ્રસંગ કરવામાં ન આવે, તો તે મોટી ખોટ છે. તેથી સાધનામાં મુખ્યત્વે તો સત્પુરુષનો દૃઢ પ્રસંગ યથાર્થ રીતે કરવાનો છે.

## ૭.૨.૨ સત્પુરુષના પ્રસંગનું તાત્પર્ય

આપણે સત્પુરુષનો યથાર્થ પ્રસંગ કેવી રીતે કરવો તે સમજીએ. સત્પુરુષની ભેગા થવું કે રહેવું, તેમનો સંગ કરવો અને તેમનો પ્રસંગ કરવો – આ ત્રણેયમાં

ભેદ છે.

**૧. ભેગા થવું કે રહેવું :** તેમાં ફક્ત સાથે થવાની કે અમુક સમય સાથે રહેવાની જ વાત છે. સત્પુરુષની ભેગા થઈ શકાય. કેટલોક સમય ભેગા રહી શકાય. એમાં પણ કંઈક લાભ તો થાય જ છે. સત્પુરુષના સહેજ સંપર્કથી પણ જીવમાં કંઈક ને કંઈક શુભ સંસ્કારો થતા હોય છે.

**૨. સંગ કરવો :** સત્પુરુષ સાથે વાતચીત કરવી, પ્રશ્નોત્તર દ્વારા કંઈક માર્ગદર્શન મેળવવું. આમાં કંઈક વિશેષ લાભ થાય છે.

**૩. પ્રસંગ કરવો :** પ્રસંગ કરવો એ ઉપરોક્ત બન્ને કરતાં ઉત્કૃષ્ટ બાબત છે. આમાં તો સત્પુરુષ સાથેનું અતિશય દૃઢ જોડાણ છે. ગમે તેવાં માન-અપમાન, સુખ-દુઃખના ગમે તેવા ભયંકર ઝંઝાવાતોમાં પણ સ્થિર રહેવાય, સત્પુરુષનો સંબંધ કોઈ કાળે છૂટે નહિ. કાથી જેમ બળી જાય તોપણ વળ મૂકે નહિ, એમ સત્પુરુષ સાથે દૃઢ પ્રસંગ થયા પછી એમનો સંબંધ કદાપિ કોઈ રીતે છૂટે જ નહિ.

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ *"સાધુમાં જોડાણો હોય તેનાથી દર્શન, સેવા ને વાતું તે અહોરાત્રિ કર્યા-સાંભળ્યા વિના રહેવાય નહિ, ત્યારે જાણીએ જે, સાધુમાં જોડાણો છે.' વળી, એમ વાત કરી જે, 'જેટલો સાધુમાં જીવ બંધાણો છે તેટલો સત્સંગ છે ને જેટલો જીવ બંધાણો નથી તેટલો કુસંગ છે.' ત્યારે પૂછ્યું જે, 'આવી રીતે સાધુમાં જીવ બંધાણો હોય તોપણ તે સત્સંગમાંથી નીકળી કેમ જાય છે ?' પછી સ્વામી બોલ્યા જે, 'એવી રીતે સાધુમાં જીવ બંધાણો નથી, ને જો બંધાણો હોય તો જાય નહિ. જેમ આ લીંબડો છે, તે જે દિવસે અમે મંદિર કરતા હતા તે દિવસે બે વેંતનો હતો, ને એક મનુષ્ય ઉપાડે એટલું જ બળ હતું, ને આજ તો બધા ગામના મનુષ્ય ભેગા થાય તોપણ ઊપડે નહિ. તેમ ઘણા દિવસ રહીને સત્સંગમાં જીવ બાંધ્યો હોય તો પંચવિષય કે કામાદિક દોષનો પાડ્યો સત્સંગમાંથી પડે નહિ." (સ્વા. વા. : ૩/૪૨)*

◆ *"આવા સાધુથી નોખા પડીએ ત્યારે નર્કમાં પડ્યા જેવું દુઃખ થયું જોઈએ ને એવું દુઃખ નથી થાતું ત્યાં સુધી સત્પુરુષમાં જીવ બંધાણો છે ક્યાં ? ને જ્યાં સુધી સત્પુરુષમાં જીવ બંધાણો નથી ત્યાં સુધી લોક, ભોગ ને દેહ તે રૂપ થઈ જવાય છે."*

*(સ્વા. વા. : ૩/૬૫)*

◆ *"આ સાધુ જોડે એવો જીવ બાંધવો જે, જેમ માછલાંને જળ જીવનપ્રાણ છે ને જળ વિના નથી ચાલતું, તેમ પળમાત્ર આ સાધુ વિના ન ચાલે ત્યારે જાણવું*

*જે, સાધુમાં જોડાણો છે.''* *(સ્વા. વા. : ૧૦/૧૮)*

યોગીજી મહારાજ કહે છે : *''જેમ તેલ ને પાણી ભેગાં હોય તોય નોખાં રહે છે, તેમ ભગવાન અને સંતની ભેગો રહેતો હોય પણ મન નોખું રાખે, પરંતુ આપણે તો સાકર અને દૂધ જેમ એકબીજા સાથે રસબસ થઈ રહે, તેમ રહેવું.''*

આમ, સત્પુરુષનો દૃઢ પ્રસંગ એટલે સત્પુરુષ સાથે એકરસ થઈ જવું. દૂધમાં ખાંડ ઓગળી ગઈ હોય તે પછી દૂધથી છૂટી ન પડે. દૂધને ગરમ કરીએ તો અંતે પેંડો થઈ જાય, અંતે કદાચ રાખ થઈ જાય, પણ ખાંડ છૂટી ન પડે. પરંતુ જો પાણીમાં ખાંડ ઓગળી ગઈ હોય તો તે પાણીને ગરમ કરીને ઉકાળતાં પાણીનું બાષ્પીભવન થઈ જાય અને અંતે ખાંડ પાણીથી છૂટી પડી જાય છે. પાણીમાં ખાંડ ઓગળવી એને કદાચ સંગ કહી શકીએ, પણ પ્રસંગ તો દૂધમાં ખાંડ ઓગળવી એ છે. એમ સત્પુરુષમાં રસબસ થઈ જવું, ઓતપ્રોત થઈ જવું; જેથી એમનાથી ક્યારેય છૂટું પડવાનું મન થાય જ નહિ. એટલું જ નહિ, પરંતુ સત્પુરુષ અપમાન કરીને કાઢી મૂકે, ગમે તેટલાં કઠણ વચન કહે કે નિત્ય પાંચ-પાંચ ખાસડાં મારે, તોપણ સત્પુરુષને છોડવાનું મન ન થાય એ દૃઢ પ્રસંગ.

શ્રીજીમહારાજ ***વચ. સા. ૧૦***માં કહે છે : *''તે સંતના સમાગમમાં પડ્યો રહે, ને તે સંત નિત્ય પાંચ ખાસડાં મારે તોપણ તે અપમાનનું સહન કરે, ને સંતનો સમાગમ મૂકી શકે નહિ. જેમ અફીણનો બંધાણી હોય તે તેને મૂકી શકતો નથી, તેમ એ પણ કોઈ રીતે સંતનો સમાગમ તજી શકે નહિ.''*

'પ્રસંગ' એટલે શું ? તે સમજાવતાં યોગીજી મહારાજ કહે છે :

◆ *''પ્રસંગ શું ? 'આપણને સત્પુરુષ ધખાવીને કાઢે, અપમાન કરે, તોય ન ખસીએ તે પ્રસંગ.''*

◆ *''મોટાપુરુષનો પ્રસંગ કરવો એટલે અંતરાય રહિત મોટાપુરુષ સાથે વર્તવું. અંતરાય તૂટે તો પ્રસંગ કહેવાય. મોટાપુરુષના તમામ ગુણો જ્યારે મુમુક્ષુમાં આવે, ત્યારે જાણવું કે મોટાપુરુષ સાથે અંતરાય રહ્યો નથી.''*

◆ *''અંતરાય તોડીને સંગ કરે એ પ્રસંગ. ગમે તેવાં વચનના ભીડામાં લે પણ મન નોખું ન પડે.''*

◆ *''સંગ શું ? માળાના મણકાની જેમ ભેગા હોય તે. પણ તેમાં અવગુણ આવી જાય. જ્યારે પ્રસંગ શું ? દૂધમાં સાકર પડી પછી નોખી ન પડે. અવગુણ ન આવે. કાથીના ત્રણ વળ જુદા ન પડે.''*

સત્પુરુષને વિશે આ પ્રકારની દૃઢતા કર્યા પછી એમનો મન, કર્મ અને

વચને સંગ કરવો એ જ દૃઢ પ્રસંગ છે.

સંગ અને પ્રસંગમાં આ ભેદ છે. પ્રસંગમાં સંગનો સમાવેશ થઈ જાય, પણ ફક્ત સંગમાં પ્રસંગનો સમાવેશ ન થાય, પરંતુ એ સંગ જો મન-કર્મ-વચને કરવામાં આવે તો તેવા પ્રકારના સંગમાં પ્રસંગનો સમાવેશ થઈ શકે. વસ્તુતઃ તો આ જ સાચો સંગ છે, એમ શ્રીજીમહારાજ ***વચ. પ્ર. ૭૮***માં સમજાવતાં કહે છે : *"જેનો સંગ થાય તે સાથે કોઈ રીતે અંતર રહે નહિ. ત્યારે તેનો સંગ થયો જાણવો. અને ઉપરથી તો શત્રુને પણ હૈયામાં ઘાલીને મળે છે, પણ અંતરમાં તો તે સાથે લાખો ગાઉનું છેટું છે. એવી રીતે ઉપરથી સંગ હોય તે સંગ ન કહેવાય અને મન, કર્મ, વચને કરીને જે સંગ કરે તે જ સંગ કર્યો કહેવાય."*

તેથી જ તો મહારાજ સંત સાથે જોડાવાની રીત દર્શાવતાં ***વચ. અં. ૩૮***માં કહે છે, *"ભગવદ્ભક્ત તે મોટા સાધુ તે સંગાથે પોતાના જીવને જડી દેવો ને તેના વચનમાં મન-કર્મ-વચને વર્તવું."*

ગુણાતીતાનંદ સ્વામી કહે છે : *"સત્પુરુષનો સંગ તો મન, કર્મ, વચને જ કરવો. ત્યારે પૂછ્યું જે, મન, કર્મ, વચને સંગ કેમ કરવો ? ત્યારે સ્વામી બોલ્યા જે, 'કર્મ જે દેહ તેણે કરીને તો જેમ સત્પુરુષ કહે તેમ કરવું ને વચને કરીને તો સત્પુરુષમાં અનંત ગુણ રહ્યા છે તે કહેવા ને મને કરીને તો મોટા સાધુને વિશે નાસ્તિકપણું આવવા દેવું નહિ; ત્યારે એમ જાણવું જે, મોટા સાધુનો સંગ મન, કર્મ, વચને કર્યો છે."* *(સ્વા. વા. : ૩/૬૦)*

## ● સત્પુરુષનો પ્રસંગ એટલે કર્મ, વચન અને મનથી સંગ

હવે આપણે ક્રમશઃ કર્મે કરીને, વચને કરીને અને મને કરીને સત્પુરુષનો સંગ કેવી રીતે કરવો તે વિશે સમજીએ :

### ૧. કર્મે (દેહે) કરીને સંગ

કર્મે (દેહે) કરીને સંગ નીચે પ્રમાણે બે રીતે કરવાનો છે :

### (i) પ્રત્યક્ષ દર્શન-સમાગમનો લાભ

આપણા દેહે કરીને પ્રત્યક્ષ ગુણાતીત સત્પુરુષનાં દર્શન-સમાગમનો શક્ય હોય તેટલો વધુ લાભ લેવો જોઈએ. જેમ ઉનાળામાં ઍરકંડિશનરની બાજુમાં બેસીએ તો ઠંડકનો અનુભવ થાય, શિયાળામાં હીટરની બાજુમાં બેસીએ તો હૂંફ

મળે, સુગંધી પુષ્પોની બાજુમાં બેસીએ તો એની સુગંધનો લાભ મળે; એમ ગુણાતીત સત્પુરુષની પ્રત્યક્ષ સંનિધિમાં આવવાથી પણ ઘણા લાભ થાય છે. ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

◆ *“આવા સાધુની વાતું સાંભળીએ તો કાનનાં પાપ બળી જાય ને દર્શન કરીએ તો આંખનાં પાપ બળી જાય.”* *(સ્વા. વા. : ૧/૩૦)*

◆ *“શાસ્ત્રમાં ભારે ભારે પ્રાયશ્ચિત્ત કહ્યાં છે તે સર્વે આવા સાધુનાં સમાગમ ને દર્શન કરીને નિવૃત્ત થઈ જાય છે, એવું આ દર્શન છે.”* *(સ્વા. વા. : ૧/૫૪)*

વળી, પ્રત્યક્ષ સત્પુરુષનો યોગ તો નૈમિષારણ્ય ક્ષેત્ર જેવો છે. તેનાથી થતા લાભ વિષે મહારાજ ***વચ. સા. ૭***માં કહે છે : *“મનોમય ચક્ર તે મનને જાણવું અને એની ધારા તે દસ ઈન્દ્રિયો છે એમ જાણવું અને તે ઈન્દ્રિયોરૂપ જે મનની ધારા તે જે ઠેકાણે ઘસાઈને બૂઠી થઈ જાય તેને નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું. તે ઠેકાણે જપ, તપ, વ્રત, ધ્યાન, પૂજા એ આદિક જે સુકૃત તેનો જે આરંભ કરે તે દિનદિન પ્રત્યે વૃદ્ધિ પામે. એવું જે નૈમિષારણ્ય ક્ષેત્ર તે જે ઠેકાણે ભગવાનના એકાંતિક સાધુ રહેતા હોય તે ઠેકાણે જાણવું.”*

તેથી દૈહિક ભીડો વેઠીને પણ સત્પુરુષનાં દર્શન-સમાગમનો લાભ લેવો જોઈએ. ગુણાતીતાનંદ સ્વામી કહે છે : *“મોટા સંતનો સમાગમ કરવાનો મહિમા કહ્યો જે, ‘રોટલા ખાવા મળે છે, પણ કદાચ તે ન મળે તો રાંધેલું અન્ન માગી-ખાઈને પણ આ સાધુનો સમાગમ કરીએ, નીકર કાચા દાણા ખાઈને પણ સમાગમ કરીએ, નીકર ઉપવાસ કરીને પણ સમાગમ કરીએ અથવા લીંબડો ખાઈને, નહિ તો વાયુ ભરખીને પણ આ સમાગમ કર્યા જેવો છે. અને જેને કોઈક કામનો કરનારો હોય કે જેને રોટલા ખાવા મળતા હોય, તે જો આ સમાગમ નહિ કરે તો તેને તો બહુ ખોટ જાશે.’ એમ ઘણીક વાર્તા કરી.”* *(સ્વા. વા. : ૨/૪૪)*

## (ii) સત્પુરુષની આજ્ઞા પ્રમાણે વર્તન

દેહે કરીને સત્પુરુષની સાથે રહેવાનું કાયમ શક્ય નથી. વ્યવસાયમાંથી નિવૃત્તિ લઈને પ્રત્યક્ષ લાભ લઈ શકાય, પરંતુ એમાં સમયની મર્યાદા છે. બધાને માટે એ શક્ય બનતું નથી. કદાચ કોઈને શક્ય બને, તોપણ વર્ષમાં કેટલા દિવસ ? શક્ય હોય તેટલો વધુ લાભ લેવો જોઈએ, પરંતુ અધ્યાત્મ-સાધનામાં પ્રત્યક્ષપણે લાભ લેવા કરતાં ‘આજ્ઞા’નું વધારે મહત્ત્વ છે. સત્પુરુષની આજ્ઞા પ્રમાણે વર્તન કરવું એ પણ એમનો પ્રસંગ છે.

આપણે એકાંતિક ધર્મના નિરૂપણ વખતે ભક્તિના વિવિધ પ્રકારોમાં '*આજ્ઞા-અનુવૃત્તિરૂપ ભક્તિ*'ના નિરૂપણમાં આજ્ઞા વિસ્તૃતપણે જાણી ચૂક્યા છીએ. તેથી તેનું અહીં પુનરાવર્તન નહિ કરીએ.

## ૨. વચને કરીને સંગ

સત્પુરુષનો વચને કરીને સંગ એટલે એમનો મહિમા કહેવો, એમનામાં રહેલા અનંત પ્રકારના ગુણો કહેવા. આપણા યોગમાં જે કોઈ આવે તેમને આપણી ગુણાતીત પરંપરાના સર્વે ગુરુઓ, તેમજ વિશેષે કરીને તો પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો મહિમા કહેવો, એ વચને કરીને તેમનો સંગ છે. વળી, વચને કરીને સંગમાં એમનાં ઉપદેશ-વચનોનો સંગ પણ આવી જાય છે. તેમનાં ઉપદેશ-વચનોનો સંગ કરવો એટલે કે એ વચનોનું શ્રવણ અને વાંચન કરવું.

## ૩. મને કરીને સંગ

સત્પુરુષના પ્રસંગમાં નેવુ ટકાથી પણ વધારે ફાળો મને કરીને સંગનો છે. કદાચ કોઈક સાધક દેહે કરીને સત્પુરુષ ભેગો રહે, કદાચ તેઓ કહે તે પણ કરે, કદાચ વચને કરીને સત્પુરુષના મહિમાનું ગાન પણ કરે; પરંતુ જો સાધક મને કરીને સત્પુરુષનો સંગ ન કરે, તોપણ તેને યથાર્થ લાભ થતો નથી. તેથી સત્પુરુષના પ્રસંગમાં સૌથી મહત્ત્વની અને અનિવાર્ય બાબત જો કોઈ હોય તો તે મને કરીને પ્રસંગ કરવો તે છે.

મનની યોગ્ય સાધના વગર દેહે કરીને કે ઇન્દ્રિયોએ કરીને ગમે તેટલાં સાધનો કરે, છતાં તેનું જોઈએ એવું ફળ મળતું નથી. એનું મુખ્ય કારણ એ છે કે સાધનામાં જેનો નેવું ટકાથી વધારે ફાળો છે, એવી માનસિક સાધનામાં ક્યાંક કચાશ છે. મને કરીને સત્પુરુષનો સંગ કરવામાં ખામી છે. તેથી એ ખામી દૂર કરી, મને કરીને યથાર્થ સત્પુરુષનો સંગ કરવો જરૂરી છે.

આપણે મને કરીને ગુણાતીત સત્પુરુષ પ્રમુખસ્વામી મહારાજનો સંગ કેવી રીતે કરવો તે વિચારીએ. સત્પુરુષનો મને કરીને સંગ કરવામાં નીચેની બાબતો આવી શકે :

- *સત્પુરુષનાં સ્વરૂપ, વર્તન અને કાર્યના આધારે એમના મહિમાનો વિચાર કરવો.*

- *સત્પુરુષમાં નિર્દોષભાવ-દિવ્યભાવનો વિચાર કરવો.*
- *સત્પુરુષ સર્વજ્ઞ-સર્વાંતર્યામી છે, સર્વત્ર અને સર્વમાં છે, કર્તાહર્તા અને નિયંતા છે એવું અનુસંધાન રાખવું.*
- *સત્પુરુષના કલ્યાણકારી ગુણોના વિચાર સાથે અનુતાપ-પરિતાપ કરવો.*
- *સત્પુરુષને જ પોતાનો આત્મા માનવો.*
- *દરેક સ્થૂળ-સૂક્ષ્મ ક્રિયામાં સત્પુરુષના સો ટકા રાજીપાનું સતત અનુસંધાન રાખવું.*
- *પોતાનું મનગમતું મૂકીને સત્પુરુષનું જ ગમતું કરવું.*
- *સત્પુરુષ સાથે અંતરાય રહિત થઈને નિષ્કપટપણે વર્તવું.*
- *સત્પુરુષનાં લીલા-ચરિત્રોની સ્મૃતિ રાખવી.*
- *પાંચ સમયની માનસી કરવી.*
- *એમને હંમેશાં શુદ્ધભાવે પ્રાર્થના કરતા રહેવું.*

જો સાધક આ રીતે કર્મે (દેહે) કરીને, વચને કરીને અને મને કરીને સત્પુરુષનો સંગ અર્થાત્ પ્રસંગ કરે; તો ભાગવત ધર્મનું પોષણ થાય, મોક્ષનું દ્વાર ઉઘાડું થાય, સ્વભાવાદિક માયિકભાવ ટળી જાય, સત્પુરુષના ગુણો આવે, બ્રહ્મરૂપ થવાય, આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર થાય, છતી દેહે જીવન્મુક્તિનો અનુભવ થાય અને અંતે વિદેહમુક્તિમાં ભગવાનનું અક્ષરધામ મળે; જ્યાં સદૈવ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણનું શાશ્વત અને દિવ્યસુખ પ્રાપ્ત થાય.

# ૮.
# સાતત્ય

## ૮.૧. સાતત્યનું તાત્પર્ય

સતત એટલે નિરંતર. સાતત્ય એટલે નિરંતરપણું. કોઈ પણ ક્રિયાનું સાતત્ય એટલે આવશ્યક સમયમર્યાદા સુધી એ ક્રિયાનું નિયમિતપણે નિરંતર કે કાયમ કરવાપણું. કોઈ ક્રિયા નિરંતર કરવી એટલે એક પણ સેકન્ડની રુકાવટ વગર બધી ક્રિયા ચાલુ જ રહે એવું તાત્પર્ય નથી, અને એ શક્ય પણ નથી. સાધનામાં કેટલીક ક્રિયા દર વર્ષે તો કેટલીક દર મહિને, કેટલીક ક્રિયા દર અઠવાડિએ તો કેટલીક દરરોજ, કેટલીક ક્રિયા દર મિનિટે તો કોઈક દર સેકન્ડે કરવાની હોય છે. આમાંની જે ક્રિયા જે જે સમયગાળાના અંતરે કરવાની હોય, તે ક્રિયા તે સમયગાળા અનુસાર નિયમિતપણે ક્રિયાની સંપૂર્ણ ફલશ્રુતિ મળે ત્યાં સુધી થતી રહે, એને સાતત્ય કહેવાય. જેમ કે,

વાર્ષિક આવકના દશમા કે વીસમા ભાગરૂપે ધર્માદો દર વર્ષે કે દર મહિને અપાતો રહે તે ધર્માદો આપ્યાનું સાતત્ય કહેવાય. અઠવાડિક સભામાં દર અઠવાડિયે એક વાર જવાનું હોય, તો તેમાં એક પણ સભા ચૂક્યા વગર જવાતું રહે તો તેને અઠવાડિક સભામાં હાજરીનું સાતત્ય કહેવાય. દરરોજ સવારે એક વાર પૂજા કરવાની હોય, દરરોજ એક વાર મંદિરે જવાનું નક્કી કર્યું હોય, દરરોજ રાતે ચેષ્ટા બોલવાની હોય, કે દરરોજ એક વાર વચનામૃત અને સ્વામીની વાતોનું વાચન કરવાનું હોય - આ બધી ક્રિયા દરરોજ વર્ષો સુધી ચાલુ રહે, તો તેને તે તે ક્રિયાનું સાતત્ય કહેવાય. રોજ દરેક ક્રિયામાં ભગવાન અને સંતને રાજી કરવાનો વિચાર રહે, આત્માનો વિચાર કે ભગવાનના કર્તાપણાનો વિચાર રહે, તો તેને તે તે વૈચારિક ક્રિયાનું સાતત્ય કહેવાય.

આમ, ટૂંકમાં જે જે ક્રિયા જે જે સમયગાળામાં કરવાની હોય, તે તે ક્રિયા તે તે સમયગાળાના અંતરે વર્ષો સુધી થતી રહે, તો તેને તે તે ક્રિયાનું સાતત્ય કહેવાય.

## ૮.૨ સાધનામાં સાતત્યની આવશ્યકતા

સાંસારિક જીવનના કોઈ પણ ક્ષેત્રમાં વિશેષ સફળતા પ્રાપ્ત કરવી હોય, તો તેમાં આવશ્યક ક્રિયાનું સાતત્ય જરૂરી છે. જે તે ક્ષેત્રમાં મન, કર્મ, વચને આવશ્યક પુરુષાર્થના સાતત્ય વગર સંપૂર્ણ સફળતા મળવી અશક્ય છે. કેટલાક લોકો કોઈ પણ કાર્યની શરૂઆતે શૂરા હોય છે, પરંતુ જો એ કાર્યમાં આવશ્યક સમય સુધી સાતત્ય ન જળવાય તો તેમને તેનું યોગ્ય ફળ મળતું નથી. કોઈક ખેડૂત ખેતરમાં જુવાર, ડાંગર કે અન્ય કોઈ પણ પાકનું વાવેતર કરે, પણ તેના આવશ્યક સમય સુધી અમુક સમયાંતરે પાકને પાણી પાવાનું, નીંદામણ કરવાનું કે ખાતર નાખવાનું સાતત્ય ન જાળવે, તો તેને અંતે મળે શું ? વચ્ચે કે છેલ્લે એકાદ વાર પણ પાણી પાવાનું કે ખાતર નાખવાનું ચૂકી જાય, તો પાકમાં કેટલો મોટો ફરક પડી જાય છે ? કોઈક વિદ્યાર્થી આવશ્યક સમય સુધી અભ્યાસમાં સાતત્ય ન જાળવે, કોઈક દુકાનદાર દુકાને જવાનું સાતત્ય ન જાળવે, કોઈક દરદી દવા લેવાનું અને ચરી પાળવાનું સાતત્ય ન જાળવે તો તેને શો લાભ થાય ? અથવા તો જેટલો લાભ થવાનો હોય તે થાય ખરો ?

ક્યારેક કોઈક ક્રિયાનું ફળ ન દેખાય અને પછી એ ક્રિયા કરવાનું છોડી દે, તો એણે કરેલો પુરુષાર્થ નિરર્થક ઠરે. જેમ કે કોઈક વ્યક્તિ સારંગપુરથી અમદાવાદ જવા નીકળે. ગાડી દ્વારા ત્રણ કલાકનો રસ્તો હોય, પરંતુ તે અઢી કલાક સુધી ગાડી ચલાવે, છતાં અમદાવાદ ન દેખાય, તેથી કંટાળીને ગાડી બંધ કરી બેસી જાય, તો અઢી કલાકના પુરુષાર્થનું ફળ શું ?

કોઈક વ્યક્તિએ ઝાડની ડાળી કાપવા માટે કુહાડીના પચીશ ઘા માર્યા, પરંતુ ડાળી ન તૂટી અને તેથી એ ક્રિયા બંધ કરી દે તો ? શક્ય છે કે પછીના એક જ ઘામાં ડાળી તૂટી જવાની હોય, પરંતુ આવશ્યક સમય સુધી પુરુષાર્થના સાતત્યના અભાવે જરૂરી ફળ ન મળ્યું.

આ રીતે લૌકિક જીવનના કોઈ પણ ક્ષેત્રમાં જો કંઈક સફળતા પ્રાપ્ત કરવી હોય, તો એ ક્રિયાની ફલશ્રુતિ મળે ત્યાં સુધીના આવશ્યક સમય માટે એ ક્રિયાનું યોગ્ય સમયગાળાના અંતરે સાતત્ય જાળવી રાખવું જરૂરી છે. જો લૌકિક માર્ગમાં સફળતા માટે પુરુષાર્થના સાતત્યની આવશ્યકતા રહેતી હોય, તો પછી અધ્યાત્મમાર્ગમાં સાતત્યની આવશ્યકતા તો રહે જ ને !

ઘણી વાર કથાવાર્તામાં કે શિબિરોમાં સાધના માટે ઉત્સાહ, ઉમંગ અને

શૂરવીરતાની વાતો સાંભળીને મનમાં થઈ જાય કે બસ, હવે તો આમ કરવું જ છે ને આમ વર્તવું જ છે. આવા વિચાર સાથે થોડાક દિવસ એ સાધનાનું તંત્ર ચાલે પણ ખરું, પરંતુ પછી ધીરે ધીરે ઉત્સાહ ઓસરતો જાય, કંઈક કરી છૂટવાની ભાવના શિથિલ થતી જાય અને પરિણામે જે કાંઈ કરવાનું નક્કી કર્યું હોય તે બંધ થઈ જાય, સાધના અટકી જાય. આવું તો ઘણી વાર બને છે. આવી શિથિલ અને તૂટક સાધનાથી કંઈ વિશેષ લાભ થતો નથી. અધ્યાત્મ માર્ગે યોગ્ય ફલશ્રુતિ માટે સાધનાનું સાતત્ય અતિશય આવશ્યક છે.

ઘણા સાધકો સાધના શરૂ તો કરે, પરંતુ કંઈક આંતર-બાહ્ય વિઘ્ન આવવાથી તેઓ સાધના છોડી દેતા હોય છે. વસ્તુતઃ દરેક સાધકે સમજી રાખવું જોઈએ કે કોઈ પણ લૌકિક કે આધ્યાત્મિક કાર્યમાં વિઘ્નો તો આવવાનાં જ, પરંતુ વિઘ્નોની સામે ઝૂકી નથી જવાનું, હિંમત નથી હારવાની અને સાધના નથી છોડી દેવાની. જો સાધક વિઘ્નોની સામે ચાલીને શૂરવીરતા દાખવીને હિંમતભેર વિઘ્નોનો સામનો કરતાં કરતાં સાધના ચાલુ રાખે, તો જ કંઈક પામે.

વળી, ક્યારેક સાધના કરવા છતાં કંઈ પરિણામ ન દેખાય, સાધનાની ફલશ્રુતિ ન અનુભવાય, ત્યારે સાધકને સાધનાનું સાતત્ય જાળવી રાખવાની ધીરજ રહેતી નથી. પરિણામે તે સાધનામાં શિથિલ થઈ જાય અથવા તો સાધના જ છોડી દે, પરંતુ આવા સંજોગોમાં પણ સાધકે સમજી રાખવું જોઈએ કે અધ્યાત્મનો માર્ગ ધીરજનો પંથ છે. અહીં ઉતાવળ ન ચાલે. અનાદિ કાળથી જીવ સાથે વળગેલા અવિદ્યારૂપ કારણદેહને તોડવાનું કામ; સ્વભાવ કે વાસનાનો નાશ કરવાનું કામ; જન્મોજન્મથી વિષયો તરફ જેમનો ઢાળ છે એવાં ઇન્દ્રિયો-અંતઃકરણને પાછાં વાળવાંનું, એને સંયમમાં રાખવાનું અને તેમના ઉપર વિજય મેળવવાનું કામ તથા આત્મા-પરમાત્માના સાક્ષાત્કારનું કામ જેટલું ધારીએ એટલું સહેલું પણ નથી અને એટલું ઝડપી પણ નથી. અંતઃશત્રુ પર વિજય મેળવવાનું કામ એક દિવસની ક્રિકેટમેચ જેવું નથી. એમાં આકળા-ઉતાવળા થવાથી કામ સરતું નથી. શ્રીજીમહારાજ ***વચ. મ. ૧***માં કહે છે :

*"એવી રીતે સારા-નરસા વિષયમાં સમાન બુદ્ધિ થવી તે તો જાણે જે, એક દિવસે જ એમ કરી લઉં ને નિર્મોહી થઉં, એમ ઉતાવળે એ કામ થતું નથી, એ તો હળવે હળવે આદર રાખે તેને થાય છે. જેમ કૂવાના કાંઠા ઉપર પથરો નાખ્યો હોય તેમાં પાણી સિંચતાં સિંચતાં દોરડી નરમ હોય તોપણ ઘણે કાળે કરીને તે પાણામાં કાપા પડે છે અને જો લોઢાની સાંકળે કરીને સિંચે તોપણ ઉતાવળે એવો કાપો ન*

*પડે. માટે કલ્યાણને અર્થે જેને યત્ન કરવો હોય તેને વિષયમાંથી આસક્તિ ટાળવી, એને વિશે આકળા થઈને અકળાઈ જવું નહિ. એવી રીતે ગીતામાં પણ કહ્યું છે જે, 'અનેકજન્મસંસિદ્ધસ્તતો યાતિ પરાં ગતિમ્ ।' માટે એમ વિચારવું જે, 'આ જન્મે જેટલી વિષયમાંથી આસક્તિ ટળશે તેટલી ટાળવી છે અને એમ કરતાં જો રહી ગઈ તો બીજે જન્મે કરીને ટાળવી છે, પણ ભગવાનના ભક્ત છીએ તે નરક-ચોરાસીમાં તો જવું નથી.' એવી રીતે ભગવાનના ભક્તને હિંમત રાખીને ધીરે ધીરે મોહનું મૂળ ઉખાડ્યાનો આદર રાખવો.''*

લૌકિક વિદ્યા મેળવવી હોય તોય કેટલાં વર્ષો સુધી ધીરજ રાખીને પુરુષાર્થ કરવો પડે છે ? તો પછી અધ્યાત્મવિદ્યા સિદ્ધ કરવી એ કાંઈ એક દિવસની સાધના નથી. વર્ષો સુધી ધીરજ રાખીને પુરુષાર્થ કરવાનો છે. એમાં વર્ષો સુધી ધીરજ અને શ્રદ્ધા રાખીને મંડ્યા રહેવું પડે. ભગવાનની મૂર્તિને હૈયામાં ધારવાના પુરુષાર્થમાં સો વર્ષ સુધી ધીરજ રાખીને મંડ્યા રહેવાની સલાહ શ્રીજીમહારાજે ***વચ. પ્ર. ૧૫***માં આપી છે.

ટૂંકમાં કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે અધ્યાત્મ સાધનામાં કોઈ પણ ફલશ્રુતિ પામવા માટે પૂરતા સમય સુધી સાધનાનું સાતત્ય જાળવી રાખવું જરૂરી છે. શ્રીજીમહારાજે વચનામૃતમાં અનેક વાર સમજાવ્યું છે કે સાધનાનાં જુદાં જુદાં અંગો-ઉપાંગોને આત્મસાત્ કરવા માટે જે તે ક્રિયાનું સાતત્ય જાળવી રાખવામાં આવે, તો જ તેની સંપૂર્ણ ફલશ્રુતિ મળે.

જોકે શ્રીજીમહારાજે વચનામૃતમાં 'સાતત્ય' શબ્દનો ઉપયોગ નથી કર્યો, તેમ છતાં 'અખંડ', 'નિરંતર' જેવા શબ્દો વાપરીને જે વાત કરી છે, તેમાં સો ટકા સાતત્યનો જ નિર્દેશ છે. તેમણે અનેકાનેક વચનામૃતમાં સાધનાનું કોઈક ને કોઈક સાધન કરવામાં સાતત્ય રાખવાથી થતા લાભો વિશે જે વાતો કરી છે, તેમાંથી કેટલાંક વચનામૃતોને ભાવાર્થરૂપે જોઈએ :

- *ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવી તેથી કોઈ સાધન કઠણ નથી, અને જેની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં અખંડ રહે તેને જે પ્રાપ્તિ થાય છે, તેથી અધિક કોઈ પ્રાપ્તિ નથી. (વચ. પ્ર. ૧)*
- *નિરંતર મનન કરતો સતો બ્રહ્મનો સંગ કરે તો એ બ્રહ્મનો ગુણ જીવને વિશે આવે છે. (વચ. મ. ૩૧)*
- *જેમ કૂવાના કાંઠા ઉપર મહાકઠણ પથરો હોય છે, તેને વિશે નિત્યે પાણીને સિંચવાથી નરમ દોરડીથી કાપો પડે છે, તેમ જે સ્વભાવને*

*ટાળવાનો નિત્ય અભ્યાસ રાખશે તેના સ્વભાવ પણ નાશ પામશે.*

*(વચ. મ. ૩૩)*

- *જેને દેહથી નોખો એવો જે પોતાના આત્માનું, માયિક એવા પદાર્થમાત્રનાં નાશવંતપણાનું તથા ભગવાનના માહાત્મ્યજ્ઞાનનું નિરંતર અનુસંધાન રહે, તેને કોઈ પ્રકારનો વિક્ષેપ આડો આવતો નથી. (વચ. મ. ૬૦)*
- *પોતાના દેહમાં કોઈક દીર્ઘ રોગ આવી પડે તથા અન્ન ખાવા ન મળે, વસ્ત્ર ન મળે ઈત્યાદિક ગમે એટલું દુઃખ અથવા સુખ તે આવી પડે, તોપણ ભગવાનની ઉપાસના-ભક્તિ, નિયમ, ધર્મ, શ્રદ્ધા એમાંથી રંચમાત્ર પણ મોળો ન પડે, અથવા શિથિલ ન થાય, તે ખરો હરિભક્ત છે.*

  *(વચ. અં. ૨૫)*
- *જે સંતની મરજીથી બાહેર વર્ત્યામાં તેના મનને વિશે નિરંતર ભય વર્તે જે, 'જો હું એમની મરજી પ્રમાણે નહિ વર્તું તો એ મારી સાથે હેત નહિ રાખે; તે સારુ નિરંતર તેની મરજી પ્રમાણે વર્તે. આવું સંત સાથે હેત થયું હોય તો વૈરાગ્ય ન હોય તોપણ એનો ત્યાગ પાર પડે.*

  *(વચ. અં. ૨૯)*
- *જેને આત્મા-પરમાત્માના જ્ઞાનનો નિરંતર આલોચ રહે, તેના જીવમાંથી વિષયભોગનાં શલ્ય નીકળી જાય. (વચ. અં. ૩૯)*

આ રીતે મહારાજે ઘણાં વચનામૃતોમાં કહ્યું છે કે કોઈકને કોઈક સાધના નિરંતર અને અખંડ ચાલુ રહે, એટલે કે એનું સાતત્ય જળવાઈ રહે, તો સાધકને સાધનાનો યથાર્થ લાભ થાય છે.

ગુણાતીતાનંદ સ્વામી પણ સાધનામાં સાતત્યનો નિર્દેશ કરે છે :

- *નિત્યે ભગવાનમાં જોડાવાનો આગ્રહ રાખવો. નિત્યે બળિયું એમ શાસ્ત્રમાં કહ્યું છે તે થાશે. એ કર્યા વિના છૂટકો નથી.*

  *(સ્વા. વા. : ૬/૧૪૧)*
- *સાંખ્ય વિચાર તો નિત્ય નિયમ રાખીને કરવો. (સ્વા. વા. : ૧/૨૭૯)*

શ્રીજીમહારાજ એવું પણ જણાવે છે કે સાધનામાં કોઈક ને કોઈક અંગ-ઉપાંગને આત્મસાત્ કરવાનું સાતત્ય જળવાઈ રહે, તો જ એની યથાર્થ ફલશ્રુતિ મળે છે, નહિતર વિશેષ કોઈ પ્રાપ્તિ થતી નથી. જેમ કે,

***પ્ર. ૨૩*** – *"ઘડીક તો એકાગ્ર ચિત્તે બેસીને ભગવાનનું ભજન કરે ને ઘડીકમાં તો ચાળા ચૂંથતો ફરે તેને તો એવી સ્થિતિ થતી નથી. જેમ પાણીનો ઘડો*

*ભરીને એક ઠેકાણે ઢોળી આવીએ, પછી વળી બીજે દિવસ અથવા ત્રીજે દિવસ તે ઠેકાણે પાણીનો ઘડો ઢોળીએ તેણે કરીને ત્યાં પાણીનો ધરો ભરાય નહિ; કાં જે, આગલા દિવસનું જળ આગલે દિવસ સુકાઈ જાય ને પાછલા દિવસનું પાછલે દિવસ સુકાઈ જાય. અને જો આંગળી જેવી નાની જ પાણીની સેરચ અખંડ વહેતી હોય તો મોટો પાણીનો ધરો ભરાઈ જાય. તેમ ખાતાં, પીતાં, હાલતાં, ચાલતાં તથા શુભ ક્રિયાને વિશે તથા અશુભ ક્રિયાને વિશે સર્વ કાળે ભગવાનમાં અખંડ વૃત્તિ રાખવી. પછી એવી રીતે ભગવાનમાં અખંડ વૃત્તિ રાખતાં રાખતાં એવી દૃઢ સ્થિતિ થાય છે.''*

**સા. ૩** – *''ભગવાનનું દર્શન કરીને તથા વાર્તા સાંભળીને જો તેનું મનન ને નિદિધ્યાસ નિરંતર કર્યા કરે તો તેનો સાક્ષાત્કાર થાય, નહિ તો આખી ઉંમર દર્શન-શ્રવણ કરે તોપણ સાક્ષાત્કાર થાય નહિ.''*

**સા. ૪** – *''ઘડીક પોતાને આત્મારૂપ માને અને ઘડીક દેહરૂપ માનીને સ્ત્રીનું ચિંતવન કરે એને ગોબરો જાણવો, માટે એના અંતરમાં સુખ ન આવે. જેમ સુંદર અમૃત સરખું અન્ન હોય ને તેમાં થોડુંક ઝેર નાખ્યું હોય, તો તે અન્ન સુખદાયી ન થાય, સામું દુઃખદાયી થાય છે; તેમ આઠે પહોર આત્માનો વિચાર કરીને એક ઘડી પોતાને દેહરૂપ માનીને સ્ત્રીનું ચિંતવન કરે એટલે એનો સર્વે વિચાર ધૂળમાં મળી જાય છે. માટે અત્યંત નિર્વાસનિક થવાય એવો ચોખો આત્મ-વિચાર કરવો.''*

ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે : *''નિયમ રાખી બબ્બે ઘડી આત્મા-અનાત્માનો વિવેક કરવા માંડે ને બબ્બે ઘડી રટણ કરે ને બબ્બે ઘડી વૃત્તિઓ રૂંધીને બંધ કરે ને બબ્બે ઘડી ભક્તિ કરે, તો એમ જણાય જે, જીવ વૃદ્ધિ પામે છે તો ખરો, ને નિયમ વિનાનું તો પાણીનો ઘડો ઢોળ્યા જેવું થાય છે.'' (સ્વા. વા. : ૨/૪૦)*

આમ, સાધનાના સાતત્યથી જ યોગ્ય સમયે યોગ્ય ફલશ્રુતિ મળે છે. જો સાધનામાં સાતત્ય ન હોય તો કાંઈ ફળ મળતું નથી. તેથી જ તો સાધના અંતર્ગત જે કાંઈ નાનાં-મોટાં સાધનો કરવાનાં છે, તે દરેકમાં સાતત્યની જરૂરિયાત છે. આપણે સાધનાની સફળતાના જે છ સિદ્ધાંતો વિચાર્યા છે, તે દરેકમાં સાતત્ય આવશ્યક છે. આ હકીકતને આપણે સિદ્ધાંતના નિરૂપણ વખતે વચનામૃત અને સ્વામીની વાતોના કેટલાક સંદર્ભો દ્વારા સમજ્યા છીએ; તેમ છતાં અહીં પણ કેટલાક મુખ્ય સંદર્ભો દ્વારા છ સિદ્ધાંતોમાં પણ સાતત્યની જરૂરિયાત છે તે સમજીએ.

## ૧. સંકલ્પનિષ્ઠામાં સાતત્ય

સાધનાની સફળતા માટેના આ પ્રથમ સિદ્ધાંત 'સંકલ્પનિષ્ઠા'માં સાતત્ય જરૂરી છે. મોક્ષ માટે, અક્ષરધામમાં જવા માટે, બ્રહ્મરૂપ થવા માટે કે ભગવાન અને સંતને રાજી કરવા માટે જે નિશ્ચયાત્મક સંકલ્પો કરવાના છે; તે કર્યા પછી પણ એના અનુસંધાનનું સાતત્ય જળવાઈ રહે તે અગત્યનું છે. જીવનનું એ નિશાન પાર પાડવામાં ગમે તેવાં વિઘ્નો આવે છતાં જીવનના એ લક્ષ્યમાંથી ચલિત ન થઈ જવાય, એ માટે એની દૃઢતા કરવાની જરૂરિયાત છે. શ્રીજીમહારાજ ***વચ. મ. ૨૨***માં કહે છે, *"નિશાનને ઠેકાણે તો ભગવાનનું ધામ છે અને રાજાના શૂરવીરને ઠેકાણે તો ભગવાનના દૃઢ ભક્ત છે. તેને તો આ સંસારને વિશે માન થાઓ અથવા અપમાન થાઓ, દેહને સુખ થાઓ અથવા દુઃખ થાઓ, શરીર રોગી રહો અથવા નીરોગી રહો, દેહ જીવો અથવા મરો, પણ એને કોઈ જાતનો હૈયામાં ઘાટ નથી જે, 'આપણે આટલું દુઃખ થશે કે આપણે આટલું સુખ થશે.' એ બેમાંથી કોઈ જાતનો હૈયામાં ઘાટ નથી. એ ભક્તજનના હૈયામાં તો એ જ દૃઢ નિશ્ચય છે જે, 'આ દેહે કરીને ભગવાનના ધામમાં નિવાસ કરવો છે પણ વચમાં ક્યાંય લોભાવું નથી."*

આ નિશાનની, જીવનના ધ્યેયની દૃઢતા રહે, એનું અનુસંધાન રહ્યા કરે, એ માટે નિરંતર તપાસ કરતા રહેવાની શીખ ગુણાતીતાનંદ સ્વામી આપતા કહે છે :

◆ *"નિરંતર સર્વ ક્રિયામાં પાછું વાળીને જોવું જે, મારે ભગવાન ભજવા છે ને હું શું કરું છું ? એમ જોયા કરવું."* *(સ્વા. વા. : ૨/૩૫)*

◆ *"નિરંતર પોતે પોતાનો તપાસ કરવો ને પાછું વાળીને જોવું જે આ કરવાનું છે ને હું શું કરવાને આવ્યો છું ને શું થાય છે ?"* *(સ્વા. વા. : ૪/૧૦૬)*

આ રીતે મહારાજ અને સ્વામી સમજાવે છે કે સંકલ્પનિષ્ઠામાં સાતત્ય જરૂરી છે. પ્લેનનો પાઈલોટ જોયા કરે છે કે ક્યાં પહોંચવું છે અને પ્લેન કઈ દિશા તરફ જઈ રહ્યું છે ? જરા પણ પથભ્રષ્ટ તો નથી થતું ને ? જો પાઈલોટને આ અનુસંધાન ન હોય તો કેટલી મુશ્કેલી સર્જાય ? એમ સાધકે પણ સતત પોતાના લક્ષ્ય સામે નજર રાખીને એ માર્ગે કેટલું ચલાય છે કે નહિ ? અથવા તો સાધનાના માર્ગેથી નીચે તો નથી ઊતરી ગયા ને ? અથવા તો બીજી દિશામાં જતા તો નથી રહ્યા ને ? આની તપાસ કરતા રહેવું પડે, તો જ સાધનાની સફળતારૂપે યોગ્ય ફલશ્રુતિ મળે.

## ૨. સ્વરૂપનિષ્ઠામાં સાતત્ય

સાધનાની સફળતા માટેના આ દ્વિતીય સિદ્ધાંત 'સ્વરૂપનિષ્ઠા'માં ભગવાનના સ્વરૂપની નિષ્ઠા દૃઢ કરવાની છે, અને એનું સાતત્ય જાળવી રાખવાનું છે. મહારાજે ભગવાનના સ્વરૂપના નિશ્ચય-નિષ્ઠામાં પરિપક્વ, અડગ, અચલ, દૃઢ જેવાં વિશેષણોનો ઉપયોગ કરીને અનેકાનેક વચનામૃતોમાં સ્વરૂપ-નિષ્ઠાનું સાતત્ય જાળવી રાખવાનું સમજાવ્યું છે. સ્વરૂપનિષ્ઠા કે નિશ્ચયમાં કોઈ પ્રકારનો સંશય કે કુતર્ક ન થાય, બીજા કોઈના દ્વારા કે પોતાના અંતઃકરણ દ્વારા પણ ભગવાનના નિશ્ચયમાં કોઈ પ્રકારનો ડગમગાટ ન થાય, ગમે તેવાં શાસ્ત્રો સાંભળવા કે વાંચવામાં આવે તોપણ નિશ્ચયમાં ફેરફાર ન થાય; એવું સમજાવીને મહારાજે સ્વરૂપનિષ્ઠાનું સાતત્ય જ સમજાવ્યું છે. કેટલાક સંદર્ભો ભાવાર્થરૂપે જોઈએ :

- *પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપનો નિશ્ચય કર્યો છે તે કોઈ રીતે કરીને ડગે નહિ, તે ગમે તેવાં તરેતરેનાં શાસ્ત્ર સાંભળે અને ગમે તેવા મતવાદીની વાત સાંભળે અને પોતાનું અંતઃકરણ ગમે તેવા કુતર્ક કરે પણ કોઈ રીતે કરીને ભગવાનના સ્વરૂપમાં ડગમગાટ થાય નહિ. (વચ. પ્ર. ૬૨)*
- *ભગવાનને ગમે તેવી શુભ-અશુભ ક્રિયાને કરતા દેખીને પણ તેમાં મોહ થાય નહિ ને નિશ્ચય જાય નહિ તથા જેણે પોતાને નિશ્ચય કરાવ્યો હોય ને તે જ વળી કહે જે, 'એ ભગવાન નથી,' ત્યારે તેને એમ જાણે જે, 'એનું માથું ફર્યું છે.' એમ માને પણ નિશ્ચય ડગે નહિ. (વચ. લો. ૧)*
- *ભગવાનનો નિશ્ચય તો કોઈ રીતે મટે નહિ. તે કોઈકને વચને કરીને ન મટે એમાં શું કહેવું ? એને તો જો પોતાનું મન ડગમગાટ કરાવે તોપણ ડગમગાટ થાય નહિ. (વચ. મ. ૫૯)*
- *લીંબડા કે આંબાને જાણ્યા પછી એમાં જેમ ડગમગાટ કે કુતર્ક થતો નથી એમ પ્રત્યક્ષ ભગવાનનો એક વાર નિશ્ચય થયા પછી કોઈ રીતે મન ડગમગે નહિ. (વચ. મ. ૧૪, વ. ૧)*

ભગવાનના સ્વરૂપને વિશે દિવ્યભાવે સહિત નિશ્ચયની દૃઢતા કાયમ જળવાઈ રહે, તે માટે આ વાતનું દરરોજ અનુસંધાન રાખવાની અને આ વાત રોજ કરવાની સલાહ આપતાં મહારાજ કહે છે :

***લો. ૧૮*** *– ''આ જે અમારી વાર્તા છે તેને નિત્ય પ્રત્યે દિવસમાં એક વાર*

*કરવી એમ અમારી આજ્ઞા છે; તેને ભૂલશો મા, જરૂર ભૂલશો મા.''*

***મ. ૧૩*** *– ''આ વાતને નિત્ય આજ છે તેવી જ કાલ નવી રાખજ્યો અને તેવી જ દેહનો અંત થાય ત્યાં સુધી પણ દિન દિન પ્રત્યે નવી ને નવી રાખજ્યો. અને જે જે ભગવાનની વાત કરો તે તે વાતને વિશે આ વાતનું બીજ લાવજ્યો, એમ અમારી આજ્ઞા છે. અને આ વાર્તા તો એવી જીવનદાર છે જે, દેહ રહે ત્યાં સુધી પણ નિત્ય પ્રત્યે કરવી અને દેહ મૂકીને ભાગવતી તનુએ કરીને પણ આ જ વાર્તા કરવી છે.''*

મહારાજે આ બંને સંદર્ભોમાં સ્વરૂપનિષ્ઠામાં સાતત્ય જાળવી રાખવાનો જ નિર્દેશ કરેલ છે. ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે : *''ભગવાન ને સાધુના મહિમાની વાતું નિરંતર કરવી ને સાંભળવી.''* *(સ્વા. વા. : ૧/૧)*

## ૩. સ્વધર્મનિષ્ઠામાં સાતત્ય

સાધનાની સફળતાના આ તૃતીય સિદ્ધાંત 'સ્વધર્મનિષ્ઠા'માં સ્વધર્મ અર્થાત્ ભાગવતધર્મ કે એકાંતિક ધર્મનું સાતત્ય જાળવી રાખવાનો નિર્દેશ મહારાજે વચનામૃતો***(વચ. પ્ર. ૨૧, મ. ૧૫)***માં કર્યો છે. એકાંતિક ધર્મ અંતર્ગત ભક્તિનાં વિવિધ અંગો-ઉપાંગો, ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યનું પણ સાતત્ય જાળવી રાખવાનું મહારાજે સમજાવ્યું છે. જેમ કે,

### (i) ભક્તિમાં સાતત્ય

ભક્તિનું સાતત્ય રહે અર્થાત્ ભક્તિ અચલ, અડગ અને દૃઢ રહે, તેમાં કોઈ પ્રકારનું વિઘ્ન ન આવે તે માટે મહારાજે નિર્દેશ ઘણાં વચનામૃતો***(વચ. પ્ર. ૭૮, સા. ૫, અં. ૫)***માં કર્યો છે. વળી, ભક્તિનાં વિવિધ અંગોનું પણ સાતત્ય જાળવી રાખવાનો નિર્દેશ પણ અનેક વચનામૃતમાં કર્યો છે, જેની સ્પષ્ટતા આપણે વિવિધ પ્રકારની ભક્તિના નિરૂપણ વખતે કરી છે. તેથી અહીં એનું પુનરાવર્તન નહિ કરીએ. અહીં અન્ય કેટલાક સંદર્ભો દ્વારા ભક્તિના સાતત્યનો મહારાજે જે સંકેત આપ્યો છે તે સમજીએ :

- *નિરંતર ભગવાનની ભક્તિ કરવી.* *(વચ. પ્ર. ૨૫)*
- *ભગવાનનાં લીલાચરિત્ર સંભારી રાખવા.* *(વચ. પ્ર. ૩, ૩૮, મ. ૩૫)*
- *ભગવાનનું ધ્યાન કરતાં મૂર્તિ ન દેખાય, સો વર્ષ સુધી ન દેખાય, તોપણ કાયર થઈને ધ્યાન મૂકી ન દેવું. પરંતુ ભગવાનની મૂર્તિને ધારવાનું ચાલુ*

*રાખવું.* *(વચ. પ્ર. ૫, ૧૫)*

- *ખાતાં-પીતાં, ના'તાં-ધોતાં, ચાલતાં, બેસતાં, ઊઠતાં એમ સર્વે ક્રિયામાં ભગવાનની મૂર્તિનું ચિંતવન કરવું, ભગવાનની મૂર્તિમાં અખંડવૃત્તિ રાખવી, ભગવાનનું સ્મરણ કરવું.* *(વચ. પ્ર. ૨૧, ૨૨, ૨૩)*
- *આવી રીતે નિત્ય ભગવાનની માનસીપૂજા કરજ્યો.* *(વચ. અં. ૨૩)*

આ સંદર્ભોમાં મહારાજ ભક્તિનું સાતત્ય જાળવી રાખવાનું સૂચવે છે.

### (ii) ધર્મમાં સાતત્ય

ભક્તિના સહાયક એવો ધર્મ પણ સતત જાળવી રાખવાની સલાહ મહારાજ આપે છે. જેમકે,

- *ગમે તેવો આપત્કાળ પડે અથવા અમે આજ્ઞા કરીએ તોપણ તમારે પોતાના ધર્મમાંથી ચળવું નહિ. પોતાના ધર્મથી ચલાયમાન થઈને પરમેશ્વરની પૂજા કરવી એ ઠીક નહિ.* *(વચ. સા. ૯)*
- *કામનું મૂળ ઊખડી જાય તોપણ બ્રહ્મચર્યાદિક નિયમમાંથી કોઈ રીતે ડગવું નહિ.* *(વચ. લો. ૧)*
- *દેહ-ઈન્દ્રિયાદિકની ક્રિયાઓ પોતાને વિશે ન માને તોપણ પંચવર્તમાનના નિયમમાં લેશમાત્ર ફેર પડવા દે નહિ.* *(વચ. લો. ૧)*
- *પોતાના ઈષ્ટદેવે જે નિયમ ધરાવ્યા હોય તે પોતાના શિર સાટે દૃઢ કરીને પાળે પણ એ ધર્મનો કોઈ દિવસ ત્યાગ ન કરે.* *(વચ. મ. ૬૧)*
- *નિર્માન આદિક વર્તમાનમાં કોઈ દિવસ ચૂક પડવા દેશો નહિ.* *(વચ. જે. ૩)*
- *મારી બાંધેલી જે ધર્મમર્યાદા તેને જ્યાં સુધી દેહની સ્મૃતિ રહે ત્યાં સુધી તમારે સર્વ પ્રકારે રાખવી.* *(વચ. જે. ૪)*

ઉપરોક્ત સર્વે સંદર્ભોમાં ધર્મનું સાતત્ય જાળવી રાખવાનો નિર્દેશ જોવા મળે છે.

### (iii) જ્ઞાનમાં સાતત્ય

ભક્તિના સહાયક અંગ તરીકે આત્મનિષ્ઠારૂપ જ્ઞાનનું સાતત્ય જાળવી રાખવાનો નિર્દેશ તો મહારાજે અનેકાનેક વચનામૃતોમાં કરેલો છે. અહીં આપણે ભાવાર્થરૂપે થોડાક સંદર્ભો જોઈએ :

- *ત્રણ દેહ અને ત્રણ અવસ્થા તેથી પર અને સત્તારૂપ એવો જે પોતાનો આત્મા તે રૂપે નિરંતર વર્તે.* *(વચ. પ્ર. ૪૭)*
- *પોતાના આત્માનું બ્રહ્મરૂપે દર્શન થાય અને તે વિશે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણનું દર્શન થાય તેને એવો અનુભવ થાય છે જે, 'હું આત્મા છું જે અને મારે વિશે પરમાત્મા અખંડ રહ્યા છે,' એવી રીતે અખંડ સ્થિતિ રહે એ આત્મનિષ્ઠાની અતિ ઉત્તમ દશા છે.* *(વચ. મ. ૬૨)*

આ સંદર્ભોમાં શ્રીજીમહારાજ આત્મનિષ્ઠારૂપ જ્ઞાનનું સાતત્ય જાળવી રાખવાનું સૂચવે છે. ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે :

◆ *"આઠે પહોરે ભજન કરવું જે, હું દેહ નથી ને દેહમાં રહ્યો એવો જે હું આત્મા છું, બ્રહ્મ છું, અક્ષર છું ને મારે વિશે પરમાત્મા પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રગટ પ્રમાણ અખંડ રહ્યા છે."* *(સ્વા. વા. : ૩/૩૪૨)*

◆ *"હું આત્મા છું અક્ષર છું.' એમ જો નિરંતર કર્યા કરે તો એ અક્ષર-ભાવને પામી જાય છે."* *(સ્વા. વા. : ૬/૨૩)*

### (iv) વૈરાગ્યમાં સાતત્ય

ભક્તિના સહાયક અંગ તરીકે વૈરાગ્યનું સાતત્ય જાળવી રાખવાનું મહારાજ કહે છે. જેમ કે,

- *ઉત્તમ વૈરાગ્યવાળો ક્યારેય વ્યવહારમાં લોપાય નહિ, શબ્દાદિક પંચ-વિષય એને લોપી શકે નહિ, એનો ત્યાગ ક્યારેય મોળો ન પડે, દેશ-કાળાદિક કઠણ આવી પડે તોપણ એની સમજણ મોળી પડે નહિ.* *(વચ. પ્ર. ૨)*
- *જ્ઞાનાંશનો જે વૈરાગ્ય તેનો ક્યારેય નાશ થાય નહિ, તે ક્યારેય ક્ષીણ ન થાય.* *(વચ. પ્ર. ૭૩, અં. ૨૪)*

આ રીતે સ્વધર્મનિષ્ઠા એટલે કે એકાંતિક ધર્મ અંતર્ગત વિવિધ પ્રકારની ભક્તિ તથા તેના સહાયક એવા ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યનું સાતત્ય જાળવી રાખવાનો સ્પષ્ટ નિર્દેશ મહારાજે કરેલો છે.

## ૪. સંપનિષ્ઠામાં સાતત્ય

સાધનાની સફળતાના ચતુર્થ સિદ્ધાંત 'સંપનિષ્ઠા'માં સાતત્ય જાળવી રાખવું જરૂરી છે. જોકે મહારાજે વચનામૃતમાં 'સંપ' શબ્દ વાપર્યો નથી, પરંતુ

તેના તાત્પર્યાર્થમાં 'પક્ષ' શબ્દ વાપર્યો છે. ગમે તેવા સંજોગોમાં પક્ષ જાળવી રાખવાનું મહારાજ ***વચ. અં. ૭***માં કહે છે : *"ભગવાનના ભક્તો પક્ષ દૃઢ કરીને રાખ્યો જોઈએ અને તે પક્ષ રાખતાં થકાં આબરૂ વધો અથવા ઘટો, અથવા માન થાઓ કે અપમાન થાઓ, અથવા દેહ જીવો કે મરો, પણ કોઈ રીતે ભગવાન ને ભગવાનના ભક્તનો પક્ષ મૂકવો નહિ ને એમનો અભાવ આવવા દેવો નહિ."*

વળી, સંપમાં વિક્ષેપ કરનાર આંટી પણ ભગવાનના ભક્ત સાથે કોઈ પ્રકારે ન રાખવાનું અનેક વચનામૃતો***(વચ. કા. ૯; મ. ૬૦, ૬૩)***માં કહે છે. સંપને તોડનાર અને કુસંપ વધારનાર મહત્ત્વના પરિબળ તરીકે સ્વભાવો મૂકવાનું તથા ભક્તનો અભાવ-અવગુણ ન લેવાનું તો મહારાજ અનેકાનેક વચનામૃતોમાં કહીને આડકતરી રીતે સંપનું સાતત્ય જાળવી રાખવાનું કહે છે. વળી, સંપને વધુ મજબૂત બનાવવા માટે મહારાજે સંતો-ભક્તોમાં ગુણગ્રાહક દૃષ્ટિ કેળવવાનો નિર્દેશ અનેક વચનામૃતો***(વચ. પ્ર. ૫૩, મ. ૨૬, લો. ૫)***માં કરેલો છે. તેમ જ ભગવાનના સંબંધે કરીને સંબંધવાળા સંતો-ભક્તોનો મહિમા સમજવાનું પણ મહારાજે ઘણાં વચનામૃતો***(વચ. પ્ર. ૨૪; કા. ૯; લો. ૧૬, અં. ૨૮)***માં કહ્યું છે. ટૂંકમાં કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે સાધકે સંપ-સુહૃદભાવ અને એકતાના ગુણનું પણ સાતત્ય જાળવી રાખવા માટે મહારાજનો અભિપ્રાય વચનામૃતમાંથી જણાઈ આવે છે. ત્યારપછી ગુણાતીત ગુરુઓએ તો સંપનિષ્ઠાના સાતત્ય માટે ખૂબ આગ્રહ સેવ્યો છે.

## ૫. સાવધાનીમાં સાતત્ય

સાધનાની સફળતા માટેનો જે પાંચમો સિદ્ધાંત 'સાવધાની' છે, તેમાં પણ સાતત્ય જરૂરી છે. આ સિદ્ધાંતના નિરૂપણ વખતે આપણે સમજ્યા છીએ કે સાધનામાં કોઈ પ્રકારનું વિઘ્ન ન નડે તે માટે બહારના, સત્સંગના અને અંતરના – એમ ત્રણ પ્રકારના કુસંગથી સતત સાવધ રહેવાનું છે. તે વિશે આપણે એ સિદ્ધાંતના નિરૂપણ વખતે સમજ્યા છીએ. અહીં કેટલાક સંદર્ભો દ્વારા 'સાવધાની'માં સાતત્ય જાળવી રાખવાનો મહારાજનો અભિપ્રાય સમજીએ :

- *કુસંગ થકી ને અંતઃશત્રુ થકી નિરંતર ડરતા રહેવું. (વચ. પ્ર. ૪૮)*
- *સાધનામાં વિઘ્નરૂપ વાસના અને સ્વભાવનું નિત્ય નામું રાખીને એને ટાળવા માટે નિરંતર અભ્યાસ રાખવો. (વચ. પ્ર. ૩૮, ૬૦; સા. ૧૮)*
- *પોતાની ભક્તિને નિર્વિઘ્ન રાખીને જે પરમેશ્વરનાં ચરણારવિંદને*

*પામવાને ઈચ્છે તેને જાણપણારૂપ જે ભગવાનના ધામનો દરવાજો તેને વિશે સાવધાન થઈને રહેવું અને ભગવાન વિના બીજા પદાર્થ ત્યાં પેસવા દેવા નહિ.* *(વચ. અં. ૯)*

ઉપરોક્ત સર્વે સંદર્ભોમાં મહારાજ જણાવે છે કે સાધનામાં કોઈ પ્રકારનું વિઘ્ન ન નડે તે માટે સાવધાનીનું સાતત્ય પણ ખૂબ જરૂરી છે.

## ૬. સત્પુરુષના પ્રસંગમાં સાતત્ય

સાધનાની સફળતા માટે ઉપરોક્ત પાંચેય સિદ્ધાંતોને સતત પોષણ મળી રહે તે માટે જેની અત્યંત આવશ્યક્તા છે, એવા છઠ્ઠા સિદ્ધાંત 'સત્પુરુષના પ્રસંગ'માં પણ સાતત્ય અતિશય જરૂરી છે. શ્રીજીમહારાજે એ વિશે પણ માર્ગદર્શન આપ્યું છે. જેમ કે,

- *સંતનો નિરંતર સંગ રાખે.* *(વચ. પ્ર. ૨)*
- *ભગવાનનું અતિશય માહાત્મ્ય જણાય તેને અર્થે સાધુનો સંગ નિરંતર રાખવો.* *(વચ. પ્ર. ૨૧)*
- *સંતના સમાગમમાં પડ્યો રહે, ને તે સંત નિત્ય પાંચ ખાસડાં મારે તોપણ તે સંતનો સમાગમ મૂકી શકે નહિ; જેમ અફીણનો બંધાણી હોય તે તેને મૂકી શક્તો નથી, તેમ એ પણ કોઈ રીતે સંતનો સમાગમ તજી શકે નહિ.* *(વચ. સા. ૧૦)*

ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે : *"મોટા સંતનો નિરંતર પ્રસંગ રાખવો."* *(સ્વા. વા. : ૨/૬૦)*

આ રીતે સત્પુરુષના પ્રસંગમાં પણ સાતત્ય જાળવી રાખવાનો સ્પષ્ટ નિર્દેશ વચનામૃત અને સ્વામીની વાતોમાં જોવા મળે છે.

અહીં સુધી આપણે સાધનાની સફળતા માટે નિરૂપાયેલા છએ છ સિદ્ધાંતમાં સાતત્યની આવશ્યક્તા છે એ હકીકત સમજ્યા. હવે આપણે સાધનાની અન્ય બે બાબતોમાં સાતત્યની આવશ્યક્તા વિશે સમજીએ.

## ❖ પ્રાર્થનામાં સાતત્ય

સાધનામાં ડગલે ને પગલે ભગવાનને પ્રાર્થના કરવી પણ જરૂરી છે. આ પ્રાર્થનાનું સાતત્ય જાળવી રાખવાનું મહારાજ સમજાવે છે :

***પ્ર. ૪૮*** *– "એમ પ્રાર્થના કરવી જે 'હે મહારાજ ! કામ, ક્રોધ, લોભ, મોહ,*

*અહંકાર, ઈર્ષ્યા અને દેહાભિમાન એ આદિક જે અંતઃશત્રુ તે થકી રક્ષા કરજ્યો અને નિત્ય તમારા ભક્તનો સમાગમ દેજ્યો' એવી રીતે નિત્યે ભગવાનની પ્રાર્થના કરવી.''*

***પં. ૩*** *– ''ભગવાનની પ્રાર્થના કરવી જે 'હે મહારાજ ! હે સ્વામિન્ ! હે ભક્તવત્સલ ! હે દયાનિધે ! આ ઈન્દ્રિયો-અંતઃકરણનો વાક છે ને હું તો એથી નોખો છું ને એ તો મારા શત્રુ છે, માટે એ થકી મારી રક્ષા કરજ્યો.' એમ નિરંતર પ્રાર્થના કર્યા કરવી.''*

## ❖ પ્રાપ્તિનો આનંદ માણવામાં સાતત્ય

શ્રીજીમહારાજે જે સાધના બતાવી છે, તેમાં એમણે વારંવાર કહ્યું છે કે પ્રાપ્તિનો આનંદ માણતાં માણતાં સાધના ચાલુ રાખવી. ક્યારેક અંતરના દોષો સામે ઝઝૂમવામાં હારી જવાય, વાસના-સ્વભાવ ટાળવામાં તાત્કાલિક સફળતા ન મળે, ક્યારેક આંતરિક તો ક્યારેક બાહ્ય સંઘર્ષો અને સમસ્યાઓનો સામનો કરવો પડે; તેમ છતાં પ્રાપ્તિનો આનંદ મોળો પડવા ન દેવો, એ મહારાજનો અભિપ્રાય છે. ઉદાસીનતા, ઉદ્વેગ અને શોકમાં નિમગ્ન રહીને સાધના કરવામાં કશી બરકત ન આવે. શ્રીજીમહારાજ પોતાનો આ અભિપ્રાય સમજાવતાં કહે છે :

***પ્ર. ૭૪*** *– ''ભગવાનની ઈચ્છા હોય તો બધું જગત સત્સંગી થાઓ અથવા એની ઈચ્છાએ કરીને સર્વે, સત્સંગી મટી જાઓ, પણ કોઈ રીતે હર્ષ-શોક મનમાં ધરવો નહીં; એ ભગવાનનું કર્યું સર્વે થાય છે, માટે સૂકું પાનડું જેમ વાયું ને આધારે ફરે છે તેમ એ ભગવાનને આધીન રહીને આનંદમાં એ પરમેશ્વરનું ભજન કરવું અને કોઈ જાતનો મનમાં ઉદ્વેગ આવવા દેવો નહિ.''*

***લો. ૪*** *– ''શોક તો ક્યારેય પણ કરવો નહિ અને જો શોક કર્યાનો સ્વભાવ હોય તો અંતે જરૂર કાંઈક ભૂંડું થયા વિના રહે નહિ... માટે ભગવાનના ભક્તને તો સદા અતિ પ્રસન્ન રહેવું અને પ્રસન્ન મને કરીને ભગવાનનું ભજન કરવું, પણ ગમે તેવો ભૂંડો દેશકાળ હોય તોપણ હૈયામાં લેશમાત્ર મૂંઝવણ આવવા દેવી નહિ.''*

***સા. ૪*** *– ''વાસનાનું બળ દેખીને હિંમત હારવી નહિ ને આનંદમાં ભગવાનનું ભજન કર્યા કરવું અને વાસના ટાળ્યાના ઉપાયમાં રહેવું.''*

***મ. ૬*** *– ''હું' તો એ ચિત્ત થકી જુદો છું અને હું તો એનો જોનારો આત્મા છું' એમ જાણીને ચિત્તના સારા-ભૂંડા ઘાટે કરીને ગ્લાનિ પામવી નહિ. પોતાને*

*ચિત્ત થકી જુદો જાણીને ભગવાનનું ભજન કરવું અને સદા આનંદમાં રહેવું.''*

***મ. ૮*** *– ''પોતાને વિશે અપૂર્ણપણું માનવું નહિ, ને ભગવાનની પ્રાપ્તિ થઈ છે તેણે કરીને પોતાને કૃતાર્થ માનીને ને સાવધાન થઈને જ્ઞાનયજ્ઞ કર્યા કરવો.''*

આ રીતે મહારાજે પ્રાપ્તિના આનંદમાં મશગુલ રહીને જ આંતર-બાહ્ય સંઘર્ષો સામે સાધનાનું સાતત્ય જાળવી રાખવાનું કહ્યું છે. જે સાધક થયેલ પ્રાપ્તિને લીધે આઠે પહોર આનંદમાં ન રહે એ એની ખોટ છે, એમ જણાવતાં તેઓ ***વચ. પ્ર. ૨૪***માં કહે છે, *''જેમ બાળકના હાથમાં ચિંતામણિ દીધો હોય તેનું તેને માહાત્મ્ય નથી એટલે તેનો તેને આનંદ નથી; તેમ ભગવાન પુરુષોત્તમ મળ્યા છે અને તેનો અંતરમાં આઠો પહોર કેફ રહેતો નથી જે, 'મારું પૂર્ણકામપણું થયું છે.' એવું નથી સમજતો, એ હરિના ભક્તને મોટી ખોટ્ય છે.''*

આ રીતે સમગ્ર સાધનામાં સાતત્યની અત્યંત આવશ્યક્તા રહેલી છે. જો સાધક પોતાની સાધનામાં સાતત્ય જાળવી રાખે, તો જ તેને સાધનાને અંતે યથાર્થ પરિણામ પ્રાપ્ત થાય છે. તેથી કોઈ પણ સાધકે સાધનાનું સાતત્ય જાળવી રાખવું જોઈએ. એ માટે જેને લીધે સાતત્ય તૂટે છે, તે સાતત્યને તોડનારાં પરિબળો કે કારણોને જાણી રાખીને સાધકે એમને નિર્મૂળ કરવા જોઈએ અથવા તો એવાં પરિબળોથી દૂર રહેવું જોઈએ.

## ૮.3 સાતત્યને તોડનારાં પરિબળો

સાધનાના કોઈક ને કોઈક અંગનું સાતત્ય જાળવી રાખવામાં વિઘ્નરૂપ કે સાતત્યને તોડનારાં પરિબળો જુદા જુદા સાધક માટે ભિન્ન ભિન્ન હોઈ શકે. અહીં આપણે સાતત્યને તોડનારા સર્વસામાન્ય પરિબળો વિશે વિચારીશું.

### (૧) વિપરીત દેશકાળાદિક

સાધકની સાધનાનું સાતત્ય તોડનારાં ભૂંડા કે વિપરીત દેશકાળાદિક આઠ મુખ્ય પરિબળો છે. શ્રીજીમહારાજે એ વિશે ઘણાં વચનામૃતોમાં વાત કરી છે. એમાંથી કેટલાક સંદર્ભો વિચારીએ :

મુક્તાનંદ સ્વામી ***વચ. પ્ર. ૫૫***માં એક પ્રશ્ન પૂછે છે : *''જીવને ભજન-સ્મરણનો તથા વર્તમાનનો એક દૃઢાવ કેમ રહેતો નથી ?''* આ પ્રશ્નના ઉત્તરમાં શ્રીજીમહારાજ કહે છે, *''એ તો અશુભ એવાં જે દેશ, કાળ, ક્રિયા અને સંગ તેને યોગે કરીને રહેતો નથી. અને તે દૃઢાવ પણ ત્રણ પ્રકારનો છે – ઉત્તમ, મધ્યમ*

*અને કનિષ્ઠ. તેમાં જો ઉત્તમ દઢતા હોય અને દેશ, કાળ, ક્રિયા અને સંગ એ જો અતિ ભૂંડાં થાય તો તે ઉત્તમ દઢતાને પણ ટાળી નાંખે, તો મધ્યમ અને કનિષ્ઠ દઢતાની તો શી વાત કહેવી ?''*

વળી, મહારાજ કહે છે :

***મ. ૩૨.*** *– ''એવી રીતે ભક્તિને કરતો જે ભક્ત તેને પણ જો ભૂંડાં દેશ, કાળ, ક્રિયા ને સંગ છે તેને વિશે પ્રવર્તાય તો ભગવાનનો ભક્ત હોય તેનું પણ અંતર ડોળાઈ જાય ને તેના સ્વભાવનો ઠા ન રહે.''*

***મ. ૫૬.*** *– ''સારી પેઠે જો કોઈક ભૂંડા દેશકાળાદિકનો યોગ થાય તો ભગવાનમાં પ્રીતિ છે તેનું કાંઈ ઠેકાણું રહે નહિ.''*

આ રીતે ભૂંડા દેશકાળાદિકમાંથી કોઈનો પણ સંગ થઈ જાય, તો પછી સાધકની મતિમાં અને પરિણામે સાધનામાં ફેરફાર થઈ જાય છે, અર્થાત્ એની સાધનાનું સાતત્ય તૂટી જાય છે.

### (૨) કુસંગ

બહારના, સત્સંગના કે અંતરના કુસંગે કરીને તો જીવનું ભૂંડું જ થાય છે, એવું મહારાજ ઘણાં વચનામૃતો***(વચ. પ્ર. ૧૭, ૧૮, ૪૨, સા. ૧૫, ૧૮, વ. ૨૦)***માં કહે છે. કોઈ પણ પ્રકારના કુસંગને લીધે સાધકની મતિ એક સરખી રહેતી નથી, પરિણામે સાધનાનું સાતત્ય તૂટે છે.

## ૮.૪ સમગ્ર સાધનાના સાતત્ય માટે અમુક સાધનાનું સાતત્ય

આ ગ્રંથમાં આપણે સાધનાની સફળતાના સાત સિદ્ધાંતો અને એ સર્વેની અંતર્ગત ઘણાં અંગો અને ઉપાંગો વિશે પણ જાણ્યું. તે દરેકનું સાતત્ય જળવાઈ રહે તે માટેના ઉપાયરૂપે પણ તેમાંની જ અમુક સાધનાનું વિશેષ સાતત્ય જરૂરી છે. સમગ્ર સાધનાના સાતત્ય માટે જે સાધના કરવાની છે તેના બે પ્રકાર છે :

૧. વૈચારિક સાધના.

૨. ક્રિયાત્મક સાધના.

જો આ બંને પ્રકારની સાધનાનું સાતત્ય જળવાઈ રહે, તો સમગ્ર સાધના કરવામાં અને તેનું સાતત્ય જાળવી રાખવામાં જરૂરી પોષણ અને બળ મળી રહે. હવે આપણે આ બંને પ્રકારની સાધના વિશે વિચાર કરીશું.

## ૮.૪.૧ વૈચારિક સાધના

આ એક પ્રકારની સૂક્ષ્મ સાધના છે. સ્થૂળ સાધનાનું સત્ત્વ જળવાઈ રહે તે માટે આ સાધના અત્યંત આવશ્યક છે. શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓનાં ઉપદેશ અને જીવનવૃત્તાંતના સારરૂપે એટલું કહી શકાય કે નીચેના છ વિચારોનું સાતત્ય જાળવી રાખવાથી સમગ્ર સાધનામાં પણ સાતત્ય જાળવી શકાશે અને સાધનાની યોગ્ય ફલશ્રુતિ પ્રાપ્ત થશે.

### (૧) પ્રાપ્તિના મહિમાનો વિચાર

જેમ સવારે, બપોરે કે સાંજે નાસ્તો કે ભોજન કરવાથી શરીરમાં શક્તિ રહ્યા કરે છે, એમ થોડા થોડા સમયાંતરે જો પ્રાપ્તિના મહિમાનો વિચાર થયા કરે; તો સાધનામાં પણ બળ, હિંમત, ઉત્સાહ અને ઉમંગ રહ્યા કરે.

જેમ ઘરમાં વીજળીનું જોડાણ લીધું હોય, તો બલ્બ, ટ્યૂબલાઈટ, પંખો, ફ્રીઝ, ટી.વી. વગેરે અનેક પ્રકારનાં સાધનોનો ઉપયોગ કરી શકાય; એમ જીવનમાં જો આ વિચારનું સાતત્ય જળવાય, તો સાધનાનાં અન્ય બધાં જ અંગો-ઉપાંગોને પોષણ મળ્યા કરે, એમાં શક્તિનો સંચાર થયા કરે. તેથી સાધનામાં ક્યારેય મોળપ ન આવે.

જેને જેને સત્તા, સંપત્તિ અને કીર્તિનો મહિમા સમજાયો છે, તેના જીવનમાં તેની પ્રાપ્તિ માટે ખપ, શ્રદ્ધા, વિશ્વાસ, ઈશક, આસક્તિ અને વેગ બધું જ જાગે છે, અને પરિણામે તે માણસ સત્તા વગેરે મેળવવા માટે ગમે તેવાં વિઘ્નો અને વિરોધો વચ્ચે જીવનભર ઝઝૂમતો રહે છે. એવી જ રીતે સાધકના જીવનમાં જો ભગવાન અને સંતનો યથાર્થ મહિમા સમજાય તો –

- *શ્રદ્ધા અને વિશ્વાસ દૃઢ થાય.*
- *ખપ જાગે અને દૃઢ થાય.*
- *ઈશક, આસક્તિ અને વેગ વધે.*

જો ભગવાન અને સંતના મહિમાના પરિણામે આ ત્રણ ગુણો જીવનમાં દૃઢ થાય, તો પછી સાધનામાં ક્યારેય સાતત્ય તૂટે નહિ.

તેથી ભગવાન અને ગુણાતીત સંતનો મહિમા સમજવો અત્યંત આવશ્યક છે. તે માટે દરરોજ એમના મહિમાનો વિચાર કરવો જરૂરી છે. એમનો મહિમા નીચે જણાવ્યા પ્રમાણે ચાર રીતે વિચારી શકાય.

### ❖ અસાધારણ કાર્યોને આધારે

શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓએ કરેલાં અનેક અસાધારણ કાર્યોનો વિચાર કરીએ તો એમની મહત્તા સમજાય.

### ❖ કલ્યાણકારી સદ્ગુણોને આધારે

શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓના અલૌકિક અને કલ્યાણકારી સદ્ગુણોનો વિચાર કરવાથી પણ એમનો મહિમા સમજાય.

### ❖ સ્વરૂપને આધારે

શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓનાં સ્વરૂપોનો વિચાર આ પ્રમાણે કરવો :

- *શ્રીજીમહારાજ સર્વોપરી સર્વાવતારના અવતારી પુરુષોત્તમ નારાયણ છે.*
- *ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષરબ્રહ્મનો અવતાર છે.*
- *ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ સાક્ષાત્ અક્ષરબ્રહ્મ છે, જેમના દ્વારા શ્રીજીમહારાજનું સમ્યક્ પ્રગટપણું છે. તેઓ મોક્ષનું દ્વાર છે.*
- *આ સ્વરૂપો અનાદિથી માયાપર છે, ગુણાતીત છે, દિવ્ય છે. તેમનામાં લેશમાત્ર માયા નથી.*

### ❖ પ્રાપ્તિની દુર્લભતાને આધારે

આવા સર્વોપરી ભગવાન શ્રીજીમહારાજ અને ગુણાતીત સત્પુરુષ પ્રમુખસ્વામી મહારાજની પ્રાપ્તિ કેટલી દુર્લભ છે ? સાંપ્રદાયિક ગ્રંથોના સંદર્ભો અને શ્રીજીમહારાજ તથા ગુણાતીત ગુરુઓના પ્રસંગોને આધારે આપણને થયેલ પ્રાપ્તિની દુર્લભતાનો વિચાર કરી શકાય.

કોઈ પણ સાધકે આ મુદ્દાઓને આધારે શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓના મહિમાનો વિચાર કરીને પોતાને થયેલ આવી અલૌકિક અને દુર્લભ પ્રાપ્તિને લીધે કૃતાર્થ અને પૂર્ણકામ માની આઠે પહોર પ્રાપ્તિના આનંદમાં નિમગ્ન રહેવું જોઈએ.

## (૨) રાજીપાનો વિચાર

સાધકે દરરોજ દરેક ક્રિયામાં આ પ્રમાણે વિચાર કરવો જોઈએ :

‘‘મારે તો કોઈ પણ સંજોગોમાં, કોઈ પણ ભોગે શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજને જ કેવળ રાજી કરવા જ છે, કરવા જ છે અને કરવા જ છે.’’ આવા પ્રકારનું અનુસંધાન કોઈ પણ પ્રકારની સાધના કરતી વખતે રાખવું.

કોઈ પણ ક્રિયા કરતાં પહેલાં –

(i) મારે એમને રાજી કરવા છે.

(ii) તેઓ મારી આ ક્રિયાથી રાજી થશે ?

કોઈ પણ ક્રિયા કરતી વખતે – તેઓ મારી આ ક્રિયાથી રાજી થાય છે ?

કોઈ પણ ક્રિયા કર્યા પછી – તેઓ મારી આ ક્રિયાથી રાજી થયા ?

જો ‘હા’, તો કેટલા ટકા ? રાજીપામાં વધારો થઈ શકે ? કેવી રીતે ? આ પ્રકારના વિચારથી ક્રિયા અને એની પાછળ રહેલી ભાવનામાં સુધારો કરતા રહેવું.

સમગ્ર સાધનાની શુદ્ધિ, વૃદ્ધિ અને દૃઢતા થતી રહે તે માટે ‘રાજીપા’નો વિચાર અતિ મહત્ત્વનો છે. જો આ રાજીપાનો વિચાર દૃઢ થશે, તો કોઈનો અવળો વાદ કે અભાવ-અવગુણ નહિ લેવાય. પરિણામે સાધનામાં કોઈ વિક્ષેપ કે શિથિલતા નહિ આવે. સાધના દરમ્યાન ગમે તેવા વિપરીત સંજોગોમાં કે વિરોધના ઝંઝાવાતોમાં પણ આ ‘રાજીપાનો વિચાર’ સાધનાનું સાતત્ય જાળવી રાખવાનું નિત્ય નવું બળ પ્રેરશે.

## (૩) આત્માનો વિચાર

નિયમિતપણે દરરોજ આત્માનો વિચાર પણ આવી રીતે કરવો :

‘હું ત્રણ દેહ, ત્રણ અવસ્થા, ત્રણ ગુણ અને કામાદિક દોષોથી રહિત અને શુદ્ધ, જ્ઞાનરૂપ, સુખરૂપ, સચ્ચિદાનંદરૂપ એવો આત્મા છું, અક્ષર છું, બ્રહ્મ છું. ગુણાતીત સત્પુરુષ મારો આત્મા છે. મારા બ્રહ્મરૂપ એવા આત્માને વિશે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અખંડ વિરાજમાન છે.’

આ પ્રકારના આત્મવિચારથી સુખ-દુ:ખ, સગવડ-અગવડ, માન-અપમાન, પ્રશંસા-ટીકા જેવાં દ્વંદ્વોમાં પણ સ્થિરતા અને સમતાપૂર્વક સાધના ચાલુ રહેશે.

### (૪) સર્વકર્તાહર્તાપણાનો વિચાર

'શ્રીજીમહારાજ અને ગુણાતીત સંત પ્રમુખસ્વામી મહારાજ સર્વકર્તાહર્તા છે. એમની ઇચ્છા, શક્તિ અને પ્રેરણા વગર કંઈ પણ થઈ શકતું નથી. તેઓ જ્યારે, જ્યાં અને જેના દ્વારા જે કાંઈ કરે છે કે કરાવે છે, તે મારાં અને સૌનાં સુખ અને હિત માટે જ છે, મારા ઘડતર માટે જ છે.' આ પ્રકારે વિચાર કરવો.

જો આ વિચાર દૃઢ થશે તો ઉપરોક્ત સર્વે પ્રકારનાં દ્વંદ્વોમાં સ્થિરતા અને સમતા રહેશે, તથા સાથે સાથે શાંતિ પણ રહેશે. ગમે તેવા વિપરીત સંજોગો અને વિઘ્નો આવે કે ગમે તેવી નિષ્ફળતા મળે, તોપણ 'મહારાજ-સ્વામીની ઇચ્છા' એમ માનીને સાધના ચાલુ રહેશે. વળી, આ વિચારથી લઘુતાગ્રંથિ કે ગુરુતાગ્રંથિ પણ દૂર થશે અને તેથી સાધનામાં પણ કોઈ વિક્ષેપ ઊભો નહિ થાય.

### (૫) સાંખ્યવિચાર

'દેહ, દેહના સગા-સંબંધી, જગત તથા જગતના સર્વે પદાર્થો અને વિષયો ક્ષણિક છે, નાશવંત છે અને અંતે અપાર દુઃખનાં કારણભૂત છે. એક વાર આ બધું જ મૂકીને એકલા જવાનું છે. વળી, ભગવાન અને અક્ષરધામના સુખની તુલનામાં ચૌદ લોકના બ્રહ્માંડનું સુખ તો અત્યંત તુચ્છ છે.' આવા વિચારનું અનુસંધાન રાખવું. આ પ્રકારના સાંખ્ય વિચારને લીધે સાધકને પંચવિષયો અને પદાર્થોમાં મોહ નહિ થાય, જગતમાંથી એની વૃત્તિ પાછી વળશે અને લૌકિક હાણ-વૃદ્ધિથી શોક નહિ થાય. એટલે સાધનામાં પણ કોઈ વિક્ષેપ ઊભો નહિ થાય.

### (૬) સંબંધના મહિમાનો, ગુણગ્રહણનો અને અભાવ-અવગુણના ત્યાગનો વિચાર

સાધના દરમ્યાન સંતો-ભક્તોનો અભાવ-અવગુણ આવવાની પૂરી શક્યતા છે. એને લીધે સાધનામાં શિથિલતા આવે છે, સાધના કરવામાં ઉત્સાહ રહેતો નથી અને સાધક સત્સંગમાં આગળ વધવાને બદલે પાછો પડતો જાય છે. આવું ન થાય તે માટે આ વિચાર અત્યંત જરૂરી છે. તેથી દરરોજ નીચે પ્રમાણે વિચાર કરવો :

- *દરરોજ સંબંધવાળા સંતો ભક્તોનો સંબંધે કરીને મહિમાનો વિચાર કરવો.*
- *એમનામાં રહેલા કોઈકને કોઈક ગુણનો વિચાર કરવો.*

➤ *એમનામાં રહેલ કોઈક દૈહિક પ્રકૃતિ કે સ્વભાવને લીધે એમનો અભાવ-અવગુણ જોવો નથી, કહેવો નથી, સાંભળવો નથી કે વિચારવો પણ નથી, એવી દૃઢતાનો વિચાર કરવો.*

જો આ વિચાર પાકો થશે, તો તે સાધનાનું સાતત્ય જાળવી રાખવામાં ઘણો મદદરૂપ થશે.

આ રીતે વૈચારિક સાધનામાં ઉપરોક્ત છ પ્રકારના વિચારોનું સાતત્ય જાળવી રાખવામાં આવે, તો સમગ્ર સાધનાનું સાતત્ય જાળવી શકાશે. આ વિચારોને લીધે સાધનાનાં અન્ય અંગો-ઉપાંગો આત્મસાત્ કરવામાં નિત્ય નવો ઉત્સાહ રહેશે, સાધનાની યોગ્ય ફલશ્રુતિ મળે ત્યાં સુધી સાધના કરવામાં શ્રદ્ધા, ધીરજ અને હિંમત રહેશે. વસ્તુતઃ તો આ વિચારો પણ સાધનાનો જ એક મહત્ત્વનો ભાગ છે. તેથી નિત્ય નિયમ રાખીને દરરોજ આ વિચારો કરવા.

## ૮.૪.૨ ક્રિયાત્મક સાધના

સમગ્ર સાધનાનું સાતત્ય જળવાઈ રહે તે માટે વૈચારિક સાધનાની જેમ દેહ અને ઇન્દ્રિયો દ્વારા થતી કેટલીક ક્રિયાત્મક સાધનાનું પણ સાતત્ય જાળવી રાખવું જોઈએ. જોકે આ સ્થૂળ સાધના છે, તેમ છતાં એની પણ મહત્તા ઘણી છે. તેથી આ સાધના પણ નિત્ય નિયમ રાખીને કરવી જોઈએ. ક્રિયાત્મક સાધનામાં નીચેની બે બાબતોનો સમાવેશ થાય છે.

(૧) કુસંગનો ત્યાગ

(૨) સત્સંગનો નિત્ય યોગ

આ બંને પ્રકારની ક્રિયાત્મક સાધના કરવી જરૂરી છે, કારણ કે સાધનામાં કુસંગ કે સત્સંગના વાતાવરણનો યોગ પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જો સાધક બહારના કુસંગનો યોગ રાખે તો અંતરના કુસંગને પોષણ મળી રહે છે, જેને લીધે સાધનાનું સાતત્ય તૂટે છે. જો સાધક સત્સંગનો નિત્ય યોગ રાખે તો અંતરના સત્સંગને પોષણ મળે છે, જેથી સાધનાનું સાતત્ય જળવાઈ રહે છે. માટે દેહ અને ઇન્દ્રિયો દ્વારા થતી આ બંને પ્રકારની ક્રિયાત્મક સાધનાનું સાતત્ય જરૂરી છે. ક્રમશઃ એ બંને સાધના વિશે વિચારીએ.

### (૧) કુસંગનો ત્યાગ

સાધનાના સાતત્યને તોડનાર અથવા તો મૂળ સાધનાને જ નષ્ટ-ભ્રષ્ટ

કરનાર કુસંગ એક મુખ્ય પરિબળ છે. માટે જેનાથી સાધનાનું સાતત્ય જોખમાય અથવા તો જેનાથી આજ્ઞા-ઉપાસનામાં ભંગ થાય, એવા કોઈ પણ પ્રકારના કુસંગનો ત્યાગ કરવો જરૂરી છે. નીચે જણાવ્યા પ્રમાણે કુસંગનો ત્યાગ કરવો.

- *જેના સંગ થકી અથવા જે પુસ્તકો અને લેખોના વાંચન થકી ભગવાન અને સંતમાં કોઈ પણ પ્રકારનો મનુષ્યભાવ આવે કે સંતો-ભક્તોનો અભાવ-અવગુણ આવે, તેનો ત્યાગ કરવો.*
- *મોળી અને હિંમત વગરની વાત કરનારનો પણ ત્યાગ કરવો.*
- *સિનેમા, ટી.વી., ખરાબ વેબસાઈટ,* અશ્લીલ વાંચન અને દૃશ્યનો ત્યાગ કરવો.
- *રજોગુણી વાતાવરણ અને સ્થાનનો ત્યાગ કરવો. અર્થાત્ હૉટલ, ક્લબ, નાચગાનનાં સ્થળો તથા સિનેમાગૃહનો* ત્યાગ રાખવો.

જો સાધક શૂરવીર અને સાવધાન થઈને ઉપરોક્ત કુસંગ અને ભૂંડા કે વિપરીત દેશકાળાદિક આઠનો ત્યાગ કરે તો તેની સાધનામાં સાતત્ય જળવાઈ રહે.

## (૨) સત્સંગનો નિત્ય યોગ

સત્સંગનો નિત્ય યોગ રહે તે માટે નીચે જણાવ્યા પ્રમાણેની સાધના નિત્યે નિયમ રાખીને કરવી જોઈએ :

- *વચનામૃત, સ્વામીની વાતો, શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓનાં જીવનચરિત્રો તથા અન્ય સાંપ્રદાયિક ગ્રંથો અને સામયિકોનું નિત્ય નિયમ રાખીને વાંચન કરવું. આ પ્રકારના વાંચનથી સાચી સાધના સાચી રીતે કરવાની બુદ્ધિ, શક્તિ અને પ્રેરણા સતત મળતી રહે છે.*
- *નિત્ય સત્સંગ કરવો. એમાં સંતો-ભક્તો સાથે સાધનાલક્ષી ગોષ્ઠી કરી શકાય. ગૃહસ્થો વિશેષે કરીને ઘરસભામાં કુટુંબના સભ્યો સાથે આ પ્રકારની ગોષ્ઠી કરી શકે. કદાચ નિત્ય સત્સંગ કરવાનો યોગ શક્ય ન બને, તો સાપ્તાહિક સભામાં નિયમિતપણે જવું જોઈએ, જેથી સાધનાની બૅટરી ચાર્જ થયા કરે.*
- *જો શક્ય હોય તો રોજ ઓછામાં ઓછું એક વાર મંદિરે જવું. જો રોજ શક્ય ન હોય તો અઠવાડિયે, પંદર દિવસે કે મહિને એક વાર પણ મંદિરે જવું. મંદિરના દિવ્ય વાતાવરણની પણ મન ઉપર ઊંડી અસર થાય છે. ઠાકોરજીનાં દર્શનથી તેમજ એમને કરેલી પ્રાર્થનાથી સાધના કરવાનું નવું*

*બળ પ્રાપ્ત થાય છે.*

- *સાધનાની યોગ્ય અને સંપૂર્ણ ફલશ્રુતિ મળે ત્યાં સુધી સાધનાનું સાતત્ય જળવાઈ રહે એવી પ્રાર્થના નિત્ય નિયમ રાખીને કરવી.*

આ પ્રકારની ક્રિયાત્મક સાધના નિત્ય કરવાથી વૈચારિક સાધનાને પણ પોષણ મળી રહેશે, જેને લીધે સમગ્ર સાધનાને પણ નિત્ય નવું બળ મળતું રહેશે.

અહીં સુધી આપણે સ્વામિનારાયણીય સાધનાની સફળતાના સાત સિદ્ધાંતોનું નિરૂપણ કર્યું. આ સિદ્ધાંતો કેવળ વાતોના વડા નથી, કે નથી બુદ્ધિના તુક્કા. આ તો શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓનાં સમગ્ર જીવન અને ઉપદેશ વચનોનો સાર છે. જેમણે જેમણે સાધનાને અંતે સાચી અને સંપૂર્ણ સફળતા પ્રાપ્ત કરી છે, તેમના જીવનનો અભ્યાસ કરીશું તો તેમના જીવનમાં પણ આ સાત સિદ્ધાંતો વણાયેલ જોવા મળશે. તેથી આ સિદ્ધાંતો તો શાશ્વત છે. એને દેશ કે કાળનું કોઈ બંધન નથી. આ સિદ્ધાંતો તો કોઈ પણ યુગના, કોઈ પણ દેશના કોઈ પણ મુમુક્ષુ માટે ઉપયોગી છે. તેથી પ્રત્યેક સાધકે પણ આ સિદ્ધાંતોને જીવનમાં આત્મસાત્ કરીને શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓનું ઋણ અદા કરવું જોઈએ.

# ૯.
# શ્રીજીમહારાજ અને ગુરુઓનું ઋણ અદા કરીએ

અક્ષરધામના અધિપતિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણની આપણા ઉપર કરુણા તો જુઓ ! અનંત અનંત અનંત વર્ષોથી, અરે ! અનાદિ કાળથી આ જીવો ઘોર માયાની સુષુપ્તિમાં પડેલા હતા. એને માયાના બંધન-માંથી મુક્તિ આપવા, દિવ્ય અને શાશ્વતસુખના ભોક્તા બનાવવા માટે જ આ બ્રહ્માંડોની રચના કરીને સજીવ સૃષ્ટિ કરી. ચોર્યાસી લાખ જાતની યોનિઓ બનાવી. વિશેષતઃ તો પોતાને થયેલ બંધનને સમજી શકાય, એમાંથી છૂટવા માટે ભક્તિ કરી શકાય, સાધના કરી શકાય, એ માટે મનુષ્ય યોનિમાં આવો મનુષ્ય-દેહ આપ્યો. ઈન્દ્રિયો, મન, બુદ્ધિ આપ્યાં. સાધના માટે જીવન ટકી રહે તે માટે હવા, પાણી, પ્રકાશ, અનાજ અને ફળ-ફૂલ બનાવ્યાં. ઋષિઓ દ્વારા શાસ્ત્રો અપાવ્યાં, અવતારો દ્વારા અસુરોનો સંહાર કરાવીને તેમ જ ઋષિઓ કે સંતો દ્વારા પાપના પર્વત જેવા જીવોનું પરિવર્તન કરાવીને શાંતિથી સાધના કરી શકાય એવું વાતાવરણ તૈયાર કર્યું. આટલી કરુણા તો પૃથ્વી પરના પ્રત્યેક મનુષ્ય પર છે, પરંતુ આપણા પર એમની વિશેષ કરુણા છે, કૃપા છે, મમતા છે. આપણા પર એમનું વિશેષ વાત્સલ્ય છે. એટલે જ તો તેઓ પોતે જ આપણા માટે આ પૃથ્વી પર પધાર્યા.

ક્યાં એ અને ક્યાં આપણે ? અનંત બ્રહ્માંડો એમના એક રોમના છિદ્રને વિષે પરમાણુ સમાન છે.*(વચ. પ્ર. ૭૨)* જેમની નજરમાં બ્રહ્માંડો પણ ન આવે, એમની નજરમાં આપણે આવ્યા ! જેમનાં દર્શન બ્રહ્માંડના અધિપતિઓ ન કરી શકે તેઓ આપણા માટે આપણા જેવા થઈને આવ્યા.***(વચ. પ્ર. ૬૩, ૭૨; પં. ૪)***

આપણા માટે સંસારનો ત્યાગ કરીને વનવિચરણ કર્યું. આપણા માટે જ જંગલમાં રહેવાની સ્વાભાવિક રુચિનો ત્યાગ કરીને આપણી વચ્ચે રહ્યા. ***(વચ. અં. ૧૩, ૨૧)*** આપણા માટે જ આટલો ભીડો વેઠ્યો. બે વરદાન દ્વારા આપણાં

જ દુઃખો એમણે પોતાને માથે લઈ લીધાં અને આપણને સુખિયા કર્યા. *(વચ. પ્ર. ૭૦)* એટલું જ નહિ, પરંતુ એમણે આપણા કલ્યાણ માટે જ પોતાનો દેહ કૃષ્ણાર્પણ કર્યો. *(વચ. કા. ૬)* આપણા માટે જ એમણે ઉપદેશ આપ્યો *(વચ. મ. ૧૩, ૩૫, ૪૫; અં. ૨૧, ૨૪),* શાસ્ત્રો બનાવ્યાં, મંદિરો બનાવ્યાં, સાધના માટે સાનુકૂળતા કરી આપી.

અરે ! એથી પણ વિશેષ તો આપણા માટે જ સાક્ષાત્ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને સાથે લાવ્યા. *(વચ. પ્ર. ૭૧)* જો તેમને સાથે લાવ્યા ન હોત તો એમનું સ્વરૂપ કોણ ઓળખાવત ? તેમને સાથે લાવ્યા એટલું જ નહિ, પરંતુ એ ગુણાતીત સત્પુરુષોની પરંપરા આ પૃથ્વી પર સદૈવ પ્રગટ રાખી અને એમના દ્વારા પોતે પણ અખંડ પ્રગટ રહ્યા. કેવી કરુણા !! કલ્પના તો કરો, જો ભગતજી મહારાજ ન હોત, તો અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને કોણ ઓળખાવત ? જો શાસ્ત્રીજી મહારાજ ન હોત, તો આટલો દાખડો કરીને અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસનાનાં મંદિરો કોણ બનાવત ? જો યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ ન હોત, તો આપણા સુધી આ દિવ્ય તત્ત્વજ્ઞાન, શુદ્ધ ઉપાસના અને સુગમ સાધના કોણ પહોંચાડત ?

શાંતિથી વિચારીએ તો ખ્યાલ આવશે કે શ્રીજીમહારાજ અને આ ગુણાતીત ગુરુઓએ આપણા માટે કેટકેટલું કર્યું છે ! કેટલો ભીડો વેઠ્યો છે ! કેટલાં દુઃખો, કષ્ટો અને અપમાનો સહ્યાં છે ! આ બધું કોના માટે ? કેવળ આપણા માટે ! આ બધું શા માટે એમણે કર્યું ? શું જોઈએ છે એમને આપણી પાસેથી ? બસ, કંઈ જ નહિ. તેમને આપણી પાસેથી પોતાને માટે કોઈ સ્વાર્થ સાધવો નથી. તેઓ તો સ્વસ્વરૂપમાં પરિતૃપ્ત છે; સંતુષ્ટ છે; પૂર્ણકામ છે. તો પછી શા માટે એમણે આ દાખડો કર્યો ? બસ, કેવળ આપણા માટે ! આપણને લખચોરાસીમાંથી બહાર કાઢવા માટે ! આપણને અનંત દુઃખોમાંથી ઉગારવા માટે ! આપણને બ્રહ્મરૂપ કરીને શાશ્વત અને દિવ્યસુખના ભોક્તા બનાવવા માટે !!

અહોહો ! કેટલું બધું કર્યું છે એમણે ફક્ત અને ફક્ત આપણા જ માટે ?! કેવા અને કેટલા ઉપકાર છે આપણા પર એમના ?! શું આપણે કૃતઘ્ની થઈને ભૂલી જઈશું એમના આ ઉપકારને ? શું આપણે નમકહરામ થઈને ભૂલી જઈશું એમના અનંત દાખડાને ? ના, ના અને ના. આપણે નહિ જ ભૂલીએ એમને અને એમનાં અનંત ઋણને. આપણે કૃતઘ્ની નહિ પણ કૃતજ્ઞી થઈશું. શું કરીશું આપણે કૃતજ્ઞી થઈને ? બસ ! બીજું કંઈ જ નહિ, એમણે આપણા પર જે દયા

કરી છે એનો કંઈક બદલો વાળવા, કંઈક ઋણ અદા કરવા હવે આપણે એમના પર દયા કરીશું ! એમના પર દયા ? હા, એમના પર દયા ! કઈ દયા ? કેવી દયા ? એમના પર આપણે કેવી રીતે દયા કરીશું ? બસ, બીજું કંઈ નહિ, ફક્ત એમની આપણા માટે જે અપેક્ષા, મહેચ્છા કે મહત્ત્વાકાંક્ષા છે તે પૂરી કરીએ.

પુત્ર માતાપિતાનું અનંત ઋણ પૂરું કરવા બીજું શું કરી શકે ? બીજું કંઈ નહિ તો એમની ઇચ્છા પ્રમાણે તૈયાર થાય. એમની ઇચ્છા પુત્રને ડૉક્ટર બનાવવાની હોય. એ માટે પેટે પાટા બાંધીને, કાળી મજૂરી કરીને, અનેક પ્રકારની મુશ્કેલી વેઠીને પુત્રને ભણાવે, ટ્યૂશન પાછળ હજારો રૂપિયા ખર્ચે; તેમ છતાં પુત્ર બેદરકાર રહે, રખડી ખાય અથવા સૂઈ રહે અથવા પિક્ચરો જોયા કરે તો એનાં માતાપિતાને કેટલું દુઃખ થાય ? આવો પુત્ર કૃતઘ્ની કહેવાય કે કૃતજ્ઞી ? જો પુત્ર માતાપિતાની ઇચ્છા પૂરી કરવા માટે પ્રામાણિકતાથી સતત અને સખત મહેનત કરે, અને સારામાં સારો ડૉક્ટર બને તો તે કૃતજ્ઞી કહેવાય. એણે પોતાનાં માતા-પિતા પર દયા કરી કહેવાય.

એવી જ રીતે શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓની આપણને જેવા બનાવવાની ઇચ્છા છે, આપણા માટે એમનું જે માનસચિત્ર કે શિલ્પ છે, જે માટે એમનો આટલો કરુણાસભર પુરુષાર્થ છે, તે ન સમજીએ અને ઠરડાઈએ, રિસાઈએ, મરડાઈએ, ઉપેક્ષા કરીએ, આળસ-પ્રમાદ રાખીએ, ગાફલ રહીએ તથા એમની ઇચ્છા પ્રમાણે સાધના ન કરીએ; તો આપણે એમના કૃતઘ્ની ઠરીએ. એમણે આપણા માટે કરેલા અનંત ઉપકાર અને દાખડા ઉપર આપણે પાણી ફેરવ્યું કહેવાય, પરંતુ હવે આપણે એવું નથી કરવું. અનંત-અનંત જન્મોથી આપણે આપણી રીતે જ કર્યું છે, મનધાર્યું જ કર્યું છે. તેથી જ તો અટવાઈએ છીએ, ભટકીએ છીએ, લાતો ખાઈએ છીએ અને દુઃખી થઈએ છીએ, પરંતુ હવે આ અવસર જવા નથી દેવો. એમની ઇચ્છા જરૂર પૂરી કરવી છે. તેઓ આપણી પાસે જ્યારે, જ્યાં, જે રીતે, જે કાંઈ કરાવવા ઇચ્છે છે તે પ્રમાણે કરવું જ છે. તેઓ આપણને જેવા બનાવવા માગે છે તેવા આપણે થવું જ છે, તેઓ આપણને જ્યાં પહોંચાડવા માગે છે ત્યાં આપણે પહોંચવું જ છે.

આપણે એમની ઇચ્છા પ્રમાણે કરીએ અને થઈએ એમાં ક્યાં એમને લાભ છે ? લાભ તો આપણને જ છે ને ! અને લાભ પણ કેટલો ? વળતર પણ કેટલું ? કલ્પના બહાર ! સાઇકલની કિંમત ચૂકવીએ અને કોઈક સાઇકલ આપે તે તો વેપાર કહેવાય, પરંતુ સાઇકલની કિંમતમાં કોઈક હજારો મર્સિડીઝ અને હજારો

રૉલ્સરોયસ ગાડી આપે તો ? સફરજનની કિંમતે કોઈક કોહિનૂર હીરો આપે તો ? ઝૂંપડાના બદલામાં કોઈક અબજ રૂપિયાનો બંગલો આપે તો ? આ એની કરુણા કહેવાય ! શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓને ખૂબ આપવું છે, અતિશય આપવું છે. તેઓ તો અઢળક ઢળ્યા છે. રાજી થવા જ બેઠા છે. એટલે જ તો એમને અલ્પ પુરુષાર્થમાં આપણને અક્ષરધામ આપવું છે ! આપણી પાસે થોડુંક કરાવીને આપણને આત્યંતિક મુક્તિ આપવી છે ! આપણી પાસે થોડુંક પળાવીને આપણને અનંત દુઃખોમાંથી બચાવી શાશ્વત, અનંત અને દિવ્યસુખ આપવું છે ! આપણા સ્વાર્થની દૃષ્ટિએ જોઈએ તોપણ શા માટે ન કરવું ? શા માટે બીજે રવાડે ચડી જવું ? આ 'અઘરું છે' એમ માનીને શા માટે સાધના છોડી દેવી ? અરે ! આપણે પોતે જ પૈસા માટે, સત્તા માટે, ડિગ્રી માટે, લૌકિક મોટપ માટે શું શું નથી કરતા ? કેટલું કરીએ છીએ ! કેટલું વેઠીએ છીએ ! કેટલા હેરાન થઈએ છીએ ! નિચોવાઈ જઈએ છીએ, શરીર અને મનના ભુક્કા બોલી જાય છે, કૂચા થઈ જાય છે. જગતનાં ક્ષણિક અને અંતે દુઃખરૂપ એવાં બે ટીપાં સુખને માટેના આપણા દાખડાની તુલનામાં અહીં સાધનામાં તો કંઈ જ નથી. છતાં કેટલી મોટી પ્રાપ્તિ છે !

બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ તો અનાદિ સિદ્ધ હતા, તેમ છતાં આદર્શ સાધકની સાધના કેવી હોવી જોઈએ એ એમણે પોતાના વૃત્તાંત દ્વારા બતાવ્યું. એમણે તેર વર્ષ સુધી ગોપાળાનંદ સ્વામીનો મન, કર્મ અને વચને સમાગમ કર્યો. સેવા અને કથાવાર્તાના અતિશય ઇશકથી ગોપાળાનંદ સ્વામીને રાજી કર્યા. એમણે એમને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી પાસે મોકલ્યા. જ્યારે ભગતજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામી પાસે જ્ઞાનની માંગણી કરી ત્યારે તેઓ બોલ્યા : *"આ જ્ઞાન એમ મળે તેવું નથી. એ તો સંસાર છોડી અખંડ અમારી પાસે રહે અને દેહ-ઇન્દ્રિયોના ચૂરેચૂરા કરી નાખે ત્યારે મળે તેવું છે."*

ભગતજી મહારાજે ગુરુ ગુણાતીતના આ વચન પર એમને જીવન સમર્પિત કર્યું. દેહ, ઇન્દ્રિયો અને મનના ચૂરેચૂરા કર્યા. 'આ ગુણાતીતાનંદ સ્વામી ઉપર મારો દેહ કુરબાન છે અને મારે તો ગમે તેમ થાય પણ તેમને રાજી કરી લેવા છે' – આ નિશ્ચય સાથે તેમણે સેવા, કથાવાર્તા, અખંડ ભજન અને તપમાં દેહ, ઇન્દ્રિયો અને મનને હોમી દીધાં. એમણે ગુણાતીતનું એક પણ વચન હેઠું પડવા નથી દીધું. ગુરુનું પ્રત્યેક વચન અધ્ધર ઝીલ્યું છે. એટલું જ નહિ, પરંતુ એમની અનુવૃત્તિ પ્રમાણે નવ વર્ષ સુધી મન, કર્મ, વચને સખત અને સતત પુરુષાર્થ કર્યો છે. એમાં પણ ત્રણ વર્ષ સુધી તો ચોવીસ કલાકમાંથી ફક્ત એક જ કલાક લાંબા

પગ કર્યા વગર ગોરખઆસન વાળીને સૂતા છે, જરાક આરામ કર્યો છે. કેવો પુરુષાર્થ ! ગુરુને અતિશય રાજી કરવાનું કેવું તાન !

આવા પુરુષાર્થને અંતે ગુરુ ગુણાતીત અતિશય રાજી થયા અને તેમને શ્રીજીમહારાજનો સાક્ષાત્કાર કરાવ્યો. એ વખતે ભગતજી મહારાજે સ્તુતિ કરતાં મહારાજ અને સ્વામીને કહ્યું : *''હે સ્વામિન્ ! હે ભગવન્ ! હે મહારાજ ! મને તો આપે ન્યાલ કરી નાખ્યો અને બહુ જ સુખ, આનંદ, ઐશ્વર્યનો અનુભવ કરાવ્યો. આવા અઢળક ઢળ્યા તેનું શું કારણ હશે ? મોટા મોટા ઋષિમુનિઓએ અને પૂર્વના ભક્તોએ કેવાં કેવાં સાધન કર્યાં છે અને કેવાં કેવાં કષ્ટો વેઠ્યાં છે, તેના શતાંશ ભાગનું પણ મેં વેઠ્યું નથી, સાધન કર્યું નથી; તોપણ અતિ દુર્લભ, અમાપ, અનંત, અપાર એવું જે સુખ અક્ષરમુક્તોને ધામમાં છે તે મને આપ્યું છે. હે દીનબંધુ ! દયાસિંધુ ! હે પતિતપાવન ! હે અશરણશરણ એવા જે તમો તે આપની ઈચ્છાથી જ મને આ સુખ મળ્યું છે એમ મને જણાય છે.''(બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રાગજી ભક્ત, પૃષ્ઠ : ૮૦)*

આ વચનો વિચારવા જેવાં છે. ભગતજી મહારાજનો કેવો, કેટલો અને કેટલાં વર્ષો સુધીનો પુરુષાર્થ હતો ! તેમ છતાં તેઓ કહે છે કે જે મહારાજે મને આપ્યું તેની તુલનામાં તો મેં કંઈ જ કર્યું નથી. ભગતજી મહારાજને એ પ્રાપ્તિની કેવી અને કેટલી અદ્‌ભુત અનુભૂતિ હશે કે જેની તુલનામાં પોતાનાં બધાં જ સાધનો નહિવત્ લાગ્યાં !!

જો આ પ્રાપ્તિ સામે નિશાન હોય તો કંઈ જ કઠણ નહિ લાગે, છોડી દેવાનું મન નહિ થાય. જો કે એવરેસ્ટ પર જવું સહેલ નથી, છતાં જનારા પહોંચ્યા છે. ડૉક્ટર, એન્જિનિયર કે વૈજ્ઞાનિક થવું સહેલ નથી છતાં થનારા થાય છે. ઑલિમ્પિકમાં પૂર્વેના બધા જ રેકર્ડ તોડીને નવો રેકર્ડ સ્થાપવો અને સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરવો સહેલ નથી, છતાં પ્રાપ્ત કરનારા પ્રાપ્ત કરે છે. શું એ મફતમાં મેળવે છે ? કેટલો સઘન પુરુષાર્થ ! કેટલી સખત પ્રેક્ટિસ ! કેટલો ભોગ ! કિંમત ચૂકવ્યા વગર કશું જ મળતું નથી. એટલા પુરુષાર્થ પછી પ્રાપ્ત થનાર કીર્તિ કે સંપત્તિ તો ક્ષણિક ! આવતા જન્મે એનાથી શો લાભ ? અરે ! આ જન્મમાં પણ એનાથી ક્ષણિક આનંદ જ ! એના મનના પ્રશ્નો એનાથી દૂર નથી થતા. જ્યારે અહીં અલ્પ પુરુષાર્થમાં શાશ્વત પ્રાપ્તિ. એક આની પુરુષાર્થથી સોળ આની શાશ્વત લાભ, પરંતુ સોળ આનીનો લાભ લેવા માટે એક આની પુરુષાર્થની અપેક્ષા તો રહે છે જ. પચાસ લાખની લૉટરી લાગે તે માટે પાંચ રૂપિયાની ટિકિટ તો લેવી જ પડે. સો દાણા પાકે એ માટે એક દાણો તો વાવવો જ પડે.

પાંચ રૂપિયાની ટિકિટ વગર લૉટરી ન લાગે, એક દાણો વાવ્યા વગર સો દાણા ન જ થાય. કદાચ આ લૉટરી ન પણ લાગે, એક દાણો ન પણ ઊગે, તો પાંચ રૂપિયાની ટિકિટ કે એક દાણો વ્યર્થ જાય; તેમ છતાં એ માટે લોકો પુરુષાર્થ કરે છે. જ્યારે અહીં તો જેટલું પણ કરીશું તે તો ક્યારેય પણ વ્યર્થ નહિ જાય, તેનું સો ટકા વળતર મળશે અને તે પણ અનંત ગણું...!!!

માટે હવે સ્વામિનારાયણીય સાધનાના સાત સિદ્ધાંતો જીવનમાં આત્મ-સાત્ કરીને આ જન્મે મહારાજ અને સ્વામીને, પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજને અતિશય રાજી કરી લઈએ. એમના માનસપુત્ર બનીને એમનાં અનંત ઋણમાંથી યત્કિંચિત ઋણ અદા કરીએ અને આપણા જીવનને સાર્થક કરીએ. જીવનમાં ધન્યતા અને કૃતાર્થતાનો અનુભવ કરીએ.

# સંદર્ભસૂચિ


૧. **कठोपनिषद् ( सानुवाद शाङ्करभाष्यसहित )**
आवृत्ति : वीसमी; सं. २०५०.
પ્રકાશક : ગીતા પ્રેસ, ગોરખપુર.

૨. **શ્રીહરિચરિત્રામૃતસાગર** (ભાગ : ૧-૫)
લેખક : સદ્. આધારાનંદ મુનિ.
સંપાદક : શાસ્ત્રી હરિપ્રકાશદાસ, શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસ.
આવૃત્તિ : દ્વિતીય; ૧૯૯૫.
પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ સાહિત્ય પ્રકાશન મંદિર, ગાંધીનગર.

૩. **શ્રીહરિચરિત્રામૃતસાગર** (પૂર : ૧-૨૮)
લેખક : સદ્. આધારાનંદ મુનિ.
હસ્તપ્રત : શિવશંકર ગોપાળભાઈ દવે, લુણાવાડા.

૪. **નિષ્કુળાનંદ કાવ્ય**
લેખક : સદ્. નિષ્કુળાનંદ મુનિ.
આવૃત્તિ : પ્રથમ; માર્ચ, ૧૯૯૧.
પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ, રાજકોટ.

**સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ દ્વારા પ્રકાશિત ગ્રંથો :**

૧. **વચનામૃત**
આવૃત્તિ : વીસમી; સપ્ટેમ્બર, ૨૦૦૩.

૨. **મૂળ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ શ્રીગુણાતીતાનંદ સ્વામીની વાતો**
આવૃત્તિ : ચતુર્થ (નાનું કદ) ; મે, ૨૦૦૨.

૩. **ભક્તચિંતામણિ** (ભાગ ૧-૫)
લેખક : આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ.
આવૃત્તિ : પ્રથમ(ગુજરાતી લિપિ); જુલાઈ, ૧૯૯૭.

૪. **બ્રહ્મસ્વરૂપ શ્રીપ્રાગજી ભક્ત**
સંપાદક : હર્ષદરાય ત્રિભુવનદાસ દવે.
આવૃત્તિ : સાતમી; જુલાઈ, ૨૦૦૨.

૫. **બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ** (ભાગ : ૧-૬)
લેખક : સાધુ ઈશ્વરચરણદાસ.
આવૃત્તિ : પ્રથમ; ૧૯૮૯ થી ૧૯૯૧.

૬. **યોગીવાણી**
આવૃત્તિ : પ્રથમ; જૂન, ૧૯૯૨.

૭. **સંજીવની**
આવૃત્તિ : પ્રથમ; જૂન, ૧૯૯૨.

૮. **વચનામૃત રહસ્ય ભાગ - ૪, ૫**
લેખક : સાધુ બ્રહ્મદર્શનદાસ
આવૃત્તિ : પ્રથમ; માર્ચ, ૨૦૦૫

૯. **અ.મૂ.સદ્. શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો** (ભાગ - ૨)
આવૃત્તિ : દ્વિતીય; સં. ૨૦૨૮.
પ્રકાશક : સાધુ કેશવજીવનદાસ, બોચાસણવાસી શ્રી અ.પુ.સંસ્થા, અક્ષરભવન, મુંબઈ.

૧૦. **વેદરસ**
આવૃત્તિ : તૃતીય; નવેમ્બર, ૧૯૭૮.
પ્રકાશક : બોચાસણવાસી શ્રી અ.પુ.સંસ્થા, શાહીબાગ, અમદાવાદ.